


# મહાન વિવાદ

## *બાઈબલ અભ્યાસ માર્ગદર્શિકા*

કૉપીરાઈટ (સી) ૨૦૦૩
મેરલીન બીરમાન અને પ્રકટીકરણ પ્રકાશન દ્વારા.
*સર્વહક વિશ્વ -વ્યાપી સ્વાધીન.*

**શરતો વિતરણની મંજુરી આપે છે**

આપણી પ્રતીતિ એ છે કે જો તમે પ્રત કરીને આ બીજા સાથે આપ -લે નહીં કરો તો તમે દેવને જવાબદાર રહેશો, માટે અમે તમને પ્રોત્સાહિત કરીએ છીએ કે તમે આપ -લે કરો અને તમને સંમતિ આપીએ છીએ કે નીચેની શરતો હેઠળ રોયલ્ટી ફ્રી કરો. આ અભ્યાસ માર્ગદર્શિકા કદાચ PDF રૂપે અથવા ઝેરોક્ષ કે મુદ્રિત રીતે સંગ્રહિત હશે. આ વેચાઈ શકે નહી, અથવા કોઈપણ રીતે બદલાયેલ હોય તો આ કૉપીરાઈટની દરેક અનુગામી નકલમાં સુચના હોવી જ જોઈએ.

www.Bible-Lessons.org
PublisherForGod@gmail.com

પ્રશ્નો અને સંપાદન મેરલીન બીરમાન દ્વારા
ચિત્રો -કૉપીરાઈટ (C) લાર્સ જસ્ટિનેન
કોમેન્ટ્રી એ મહાન વિવાદ (ઈ.જી.વ્હાઈટ દ્વારા લિખિત) માંથી સંક્ષિપ્ત અધ્યાયો છે.

*પ્રશ્નોના જવાબો માટે ગુજરાતી ઓવી બી એસ આઈ વર્ઝન®. માંથી શાસ્ત્રભાગો લેવામાં આવેલ છે. કૉપીરાઈટ© ૧૯૮૨ થોમસ નેલ્સન દ્વારા.પરવાનગી દ્વારા વપરાયેલ. સર્વહક સ્વાધીન.*

**આ માર્ગદર્શિકાની કોમેન્ટ્રી મહાન વિવાદ પુસ્તક માંથી લેવામાં આવેલ છે. વધારે સમજ મેળવવા માટે અમે તમને સંપૂર્ણ પુસ્તક મેળવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.**

## અનુક્રમણિકા

૧. દુષ્ટતાનું મૂળ
૨. માણસ અને શેતાન વચ્ચે દુશ્મનાવટ
૩. દુષ્ટ આત્માની સંસ્થા
૪. શેતાનના ફાંદાઓ
૫. પ્રથમ મહાન છેતરપિંડી
૬. શું મુએલા આપણી સાથે વાત કરી શકે?
૭. તોળાઈ રહેલો સંઘર્ષ
૮. નિયમશાસ્ત્ર એક સુરક્ષા કવચ
૯. અંતિમ ચેતવણી
૧૦. મુશ્કેલીનો સમય
૧૧. ઈશ્વરના લોકોનો છુટકારો
૧૨. પૃથ્વીનો વિનાશ
૧૩.વિવાદનો અંત
પરિશિષ્ટ
સભાન ધમકીની સ્વતંત્રતા

# પ્રસ્તાવના

આ પુસ્તક તમને પાપ અને તેના વિનાશ વિષે કહેવા પ્રકાશિત કરેલ નથી; આ હકીકત ઘણી સ્પષ્ટ છે. આ અસમાધાનકારક વિવાદમાં ફરજીયાત તરીકે સહભાગી ભલાઈ અને બુરાઈ વચ્ચે, જીવન અને મૃત્યુ વાછેના વિવાદમાં , શું તમે ક્યારેય પૂછ્યું:

*આ મહાન યુદ્ધની શરૂઆત કેવી રીતે થિયા?*
*ક્યાં સિદ્ધાંતો સામેલ છે?*
*તે કેટલો સમય ચાલશે?*
*તે કેવી રીતે સમાપ્ત થશે?*
*હું કેવી રીતે છેતરાઈ શકતો નથી?*
*કેવીરીતે મારા હૃદયમાં ચાલતું યુદ્ધ ભલાઈમાં વિજયવંત થાય?*
*શું આપણે મુએલાઓ સાથે વાતચીત કરી શકીએ?*
*મારા અસ્તિત્વનો હેતુ શું છે?*
*હું કેવી રીતે જાણું કે અંત નજીક છે?*
*શું ખરેખર ભવિષ્યમાં આશા છે કે દર્દમાંથી, દુઃખમાંથી, અન્યાયમાંથી અને મૃત્યુમાંથી છુટકારો થશે?*

હિંમત રાખો, ઈશ્વર, જેણે તમારામાં સારા અસ્તિત્વનો અને સત્યની ઈચ્છાની ઝંખનાનું સર્જન કર્યુ તેણે જીવન આપનારું જ્ઞાન પાછું લઇ લીધું નથી.
મહાન વિવાદ બાઈબલ માર્ગદર્શિકા દ્વારા તમને એક અતુલ્ય યાત્રા પર આમંત્રિત કર્યા છે. તમે જેમ ઉપરોક્ત પ્રશ્નોના ( તદુપરાંત બીજા ઘણા પ્રશ્નોના) જવાબો શોધશો, તેમ અંતિમ દિવસોની ગંભીર ઘટનાઓની સમજ પ્રાપ્ત કરશો જે તમને તમારા અનંત ભાગ્યના નિર્ધારણ માટેના નિર્ણય માટે સારી પેઠે તૈયાર કરશે.



## પાઠ ૧

## દુષ્ટતાનું મૂળ

**(૧) શા માટે ઈશ્વર પાપ માટે  જવાબદાર નથી?**

***કોઈનું પરીક્ષણ થયું હોય તો ઈશ્વરે મારું પરીક્ષણ કર્યું છે, એમ તેણે ન કહેવું, કેમ કે દુષ્ટતાથી ઈશ્વરનું પરીક્ષણ થતું નથી, અને તે કોઈને પરીક્ષણમાં નાખતા પણ નથી. (યાકૂબનો પત્ર ૧:૧૩)***

પાપ નું મૂળ સમજાવવું અને તેના અસ્તિત્વ માટે નું કારણ આપવું એ અશક્ય છે. તેમ છતાં  પાપ નું મૂળ અને પાપનો અંતિમ નિકાલ એ ઈશ્વર ના ભૂંડાઈ પ્રત્યે ના વ્યવહારમાં ન્યાય અને ઈશ્વર ની ઉદારતાને સંપૂર્ણ પ્રકટ કરે એ વાત કદાચ સમજી શકાય. ઈશ્વર પાપના પ્રવેશ માટે જવાબદાર ન હતા એ બાબત કરતા બીજી કોઈ બાબત શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે શીખવી નથી; ઈશ્વરીય કૃપાને કોઈ મનસ્વી રીતે પાછી ખેંચેલ નહોતી, ઈશ્વરીય વહીવટ માં કોઈ ઉણપ ન હતી, કે  બળવો ઉભો કરવા માટે કોઈ પ્રસંગ આપેલ હોય.

**(૨) બાઈબલ આધારિત પાપ ની વ્યાખ્યા શુ છે?**

***જે પાપ કરે છે, તે દરેક નિયમભંગ પણ કરે છે, અને પાપ એ જ નિયમભંગ છે. (૧લો યોહાન૩:૪)***

પાપ એ ઘૂસણખોર છે, તેની હાજરી માટે કોઈ કારણ આપી શકાય નહીં. તેનો બચાવ કરવા માટે બહાનું બતાવવું તે રહસ્યમય, બિનહિસાબી છે. બહાનું કાઢી શકાય કેમ કે તે મળી ગયું છે, અથવા તેના અસ્તિત્વ માટેનુ કારણ દેખાડી શકાય, તે પાપ થવાનું બંધ થઈજશે. આપણી પાપ ની એકમાત્ર વ્યાખ્યા કે જે ઈશ્વરના વચનોમાં અપાયેલ છે; "તે નિયમનું ઉલ્લંઘન છે;" યુદ્ધ પરના સિદ્ધાંત નું કાર્ય એ પ્રેમના મહાન નિયમ ની સાથે છે કે જે ઈશ્વરીય વહીવટ નો પાયો છે.

**(3) ક્યાં ચાર મૂળભૂત સિદ્ધાંતો છે કે જે ઈશ્વરીય વહીવટ ને દર્શાવે છે?**

***ન્યાયીપણું તથા ઈનસાફ તમારા રાજ્યાસનનો પાયો છે; તમારી હજૂરમાં કૃપા તથા સત્યતા હોય છે. (ગીતશાસ્ત્ર ૮૯:૧૪ )***

પ્રેમ નો નિયમ એ ઈશ્વરીય વહીવટ નો પાયો છે. તમામ સર્જાયેલ સૃષ્ટિનો આનંદ એ ન્યાયના મહાન સિધ્ધાંત પર આધારિત છે. ઈશ્વર તેની સર્જિત સૃષ્ટિ પાસેથી પ્રેમ-ભાવની સેવા ઈચ્છે છે કે જે તેના ચરિત્રની બુદ્ધિશાળી પ્રશંસા માંથી વહે છે. ઈશ્વર પરાણે (ફરજ પાડેલ) નિષ્ઠામાં આનંદ માણતો નથી, તે તમામ ને ઈચ્છાની સ્વતંત્રતા પુરી પાડે છે, કે જેથી તમામ તેને સ્વૈચ્છીક સેવા અર્પણ કરી શકે. પણ ત્યાં એક હતો કે જેણે આ સવાતંત્રતાને ભ્રષ્ટ કરવાનું પસંદ કર્યું.

**(૪) કોણે ઈશ્વરના નિયમનું ઉલ્લંઘન કર્યું અને પાપનો લેખક બન્યો?**

*રે તેજસ્વી તારા પ્રભાતના પુત્ર, તું ઊંચે આકાશમાંથી કેમ પડયો છે! બીજી પ્રજાઓને નીચે પાડનાર, તું કાપી નંખાઈને ભોંયભેગો કેમ થયો છે! (યશાયા૧૪:૧૨)*

પાપ નું મૂળ એ વ્યક્તિમાંથી આવ્યું કે જે ઈશ્વરની બાજુમાં જ હતો, ઈશ્વરથી માન પામેલો, જે સત્તામાં ઉપરી રહેતો, અને જે સ્વર્ગીય રહેવાસીઓ વચ્ચે મહિમા પામેલ.

**(૫.) ઈશ્વરે લુસિફરને ક્યાં રાજ્યમાં બનાવ્યો?**

*તારી ઉત્પત્તિના દિવસથી, તારામાં પુરાચાર માલૂમ પડ્યો ત્યાં સુધી, તારાં આચરણ સંપૂર્ણ હતાં.*
*(હઝકિયેલ ૨૮:૧૫ )*

તેના પતન પહેલા લુસિફર પ્રથમ કરુબોથી સુશોભિત, પવિત્ર અને અપરાજિત હતો.

**(૬) કઈ શારીરિક લાલસા લુસિફરે પસંદ કરી કે જે તેને સ્વ -ઉત્તેજનાની પાપમય ઈચ્છા તરફ દોરી ગઈ?**

***તારા સૌંદર્યને લીધે તારું મન ગર્વિષ્ઠ થયું, તારા વૈભવને લીધે તેં તારી બુદ્ધિ ભ્રષ્ટ કરી છે. મેં તને જમીનદોસ્ત કર્યો છે, રાજાઓ તને જુએ માટે મેં તેઓની આગળ તને ખડો કર્યો છે.***
*(હઝકીયેલ૨૮:૧૭)*

લુસિફર કદાચ ઈશ્વર ના પક્ષમાં રહ્યો હશે, દેવદૂતો દ્વારા પ્રેમ અને સન્માન પામેલો, બીજાઓને આશીર્વાદિત કરવા અને પોતાના બનાવનારને. . . . . .મહિમાવંત કરવા પોતાની ઉમદા સત્તાનો ઉપયોગ કરતો, ધીમે -ધીમે, તેના બનાવનારની સ્નેહ અને નિષ્ઠામાં ઈશ્વરને સર્વોચ્ચ રાખવાને બદલે, લુસિફર પોતાના આત્મગૌરવને. . . . . માણવા લાગ્યો, તેમની સેવાને જીતીને પોતાની જાતને સન્માન મળે એ લુસિફરનો પ્રયાસ હતો. અને અનંત પિતાએ પોતાના દીકરાને આપેલ સન્માનની લુસિફરે લાલચ રાખી. આ દેવદૂતના રાજકુમારે ઈસુ ખ્રિસ્તને જે

પરમાધિકાર રાખવાનો હતો તે સત્તાની મહત્વાકાંશા રાખી.

**(૭) ઈશ્વરના નિયમ ની વિરુદ્દ્ધ પાપના બળવાનું (બંડ) પરિણામ શુ છે?**

***કેમ કે પાપનું વેતન મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે. (રોમન ૬:૨૩)***

નિર્માતાના મહિમાને પ્રતિબિંબ કરવા અને સ્તુતિ દેખાડવા આખા સ્વર્ગમાં આનંદોત્સવ થયો હતો. અને જ્યારે ઈશ્વર આવી રીતે સન્માનિત થતા હતા ત્યારે તમામ શાંતિ અને આનંદ માં હતા. પણ એક મતભેદ હવે સ્વર્ગીય મેળ થયો. સ્વયમની ઉચ્ચ સ્થિતિસ્થાન અને સેવા, નિર્માતાની યોજનાની વિરુદ્દ્ધ, જેમાં ઈશ્વરની મહિમા પરમ હતી તે મનમાં હવે દુષ્ટતાનો પૂર્વાભાસ જાગ્યો. સ્વર્ગીય પરિષદોએ લુસિફર સાથે દલીલ કરી. ઈશ્વરના દીકરાએ તેની સમક્ષ મહાનતા, ભલાઈ અને ન્યાય અને નિર્માતાનો ન્યાય, તેના કરારનો પવિત્ર અને અપરિવર્તનીય સ્વભાવો પ્રસ્તુત કર્યા.

ઈશ્વરે પોતે સ્વર્ગનો હુકમ સ્થાપ્યો હતો; અને તેનું ઉલ્લંઘન કરતા લુસિફર તેના નિર્માતાનું અપમાન કરે અને પોતાની જાત ઉપર વિનાશ નોતરે. અનંત પ્રેમ અને કૃપામાં ચેતવણી અપાઈ, પણ કેવળ પ્રતિરોધની ભાવના જગાવી. લુસિફરે ઈશ્વરની ઈર્ષાને પ્રબળ થવા દીધી, અને તે વધુ દ્રઢ બન્યો.

**(૮) લુસિફરનો આત્મગૌરવ તેને કઈ ઈચ્છા તરફ દોરી ગયો?**

***તેં તારા હ્રદયમાં કહ્યું હતું, "હું આકાશો પર ચઢીશ, ને હું ઈશ્વરના તારાઓ કરતાં મારું રાજ્યાસન ઊંચું રાખીશ. હું***

*છેક ઉત્તરના છેડાના, સભાના પર્વત પર બેસીશ. હું મેઘો પર આરોહણ કરીશ, હું પોતાને પરાત્પર સમાન કરીશ. (યશાયા૧૪:૧૩ -૧૪)*

તેની પોતાની મહિમાના ઘમંડે તેને સર્વોપરી થવાની લાલસા જગાવી. સર્વોપરી થવાની હઠ લુસિફર પર જાગી તે નિર્માતા પ્રત્યે કોઈ કૃતજ્ઞતા ના લાવી અને ઈશ્વરની ભેટને પ્રશંશીય ન બનાવી. તે પોતાના તેજ અને ઉન્નતિમાં મહિમાવંત થયો, અને ઈશ્વરની સમાન થવાની મહત્વાકાંશા રાખી. તે સ્વર્ગીય યજમાન વડે પ્રિય અને આદરણીય થયો. તેના આદેશો પાળવામાં સ્વર્ગદૂતો આનંદ માણતા. અને તે તેઓની સર્વ ઉપર ડહાપણ અને મહીમાંથી વેષ્ટિત હતો. તેમ છતાં ઈશ્વરનો પુત્ર સાર્વભૌમ પર સ્વીકૃત હતો, સત્તા અને અધિકારમાં પિતા સાથે એક હતો. ઈશ્વરની આખી સભામાં ખ્રિસ્ત સહભાગી હતો, જ્યારે લુસિફરને એવી રીતે ઈશ્વરીય હેતુમાં સામેલ થવાની પરવાનગી નહોતી. "શા માટે" આ પ્રશ્ન શક્તિશાળી દેવદુતે કર્યો, "શું ખ્રિસ્ત પાસે સર્વોપરિતા હોવી જોઈએ? શા માટે તે લુસિફર કરતા આટલો આદરણીય છે?"

**(૯) લુસિફર ના છેતરવાના ષડયંત્રએ કેવી પ્રતિષ્ઠા કમાવી?**

*તમારો બાપ તો શેતાન છે. તમે તમારા બાપની દુર્વાસના પ્રમાણે ચાલો છો. તે આરંભથી જ મનુષ્યઘાતક હતો. તે સત્યને પક્ષે ઊભો રહ્યો નથી; કારણ, તેનામાં સત્ય છે જ નહિ. જૂઠું બોલવું તે તેને માટે સ્વાભાવિક છે, કારણ, તે જુઠ્ઠો છે અને જુઠ્ઠાનો બાપ છે.(યોહાન૮:૪૪)*

ઈશ્વરની ઉપસ્થિતમાંથી તત્કાળ પોતાનું સ્થાન છોડી દીધું, લુસિફરે દેવદૂતોમાં અસંતોષ ની આત્મા જગાવી. રહસ્યમયી ગુપ્તતામાં કામ કરવું, ઈશ્વર માટેના

આદરની હેઠળ પોતાનો ખરો હેતુ સંતાડવો, જે કાયદો સ્વર્ગીય લોકોમાં રાજ કરતો તેના વિશે એ કહીને અસંતોષ ઉભો કરવાનો પ્રયાસ કર્યો કે તે(કાયદો) બિનજરૂરી નિયંત્રણ લાદે છે. દૂતોના સ્વભાવ પવિત્ર હોવાના કારણે તેણે તેઓને વિનંતી કરી કે તેઓએ પોતાની ઈચ્છાઓનું પાલન કરવું જોઈએ. ઈશ્વરે ખ્રિસ્તને સર્વોપરી સત્તા આપીને તેની સાથે અન્યાય કર્યો છે એવું દર્શાવીને તેણે પોતાના માટે સહાનુભૂતિ બનાવવાનું શોધ્યું. તેણે દાવો કર્યો કે મહા સત્તા અને માન ની ઈચ્છા રાખવામાં તેની કોઈ સ્વ-અતિશયોક્તિનો હેતુ નહોતો, પરંતુ સ્વર્ગના રહેવાસીઓ માટે સ્વતંત્રતાના રક્ષણ ની શોધ કરી રહ્યો હતો.જેથી આ અર્થ દ્વારા તેઓ અસ્તિત્વની એક ઉચ્ચ -સ્થિતિ પ્રાપ્ત કરી શકે.

**(૧૦) લુસિફર સાથે વ્યવહાર કરવામાં ઈશ્વરે કેવા ચરિત્રના લક્ષણો દર્શાવ્યા કે જે તે આપણી સાથે વ્યવહાર કરવામાં પણ દર્શાવે છે?**

***અથવા ઈશ્વરનો ઉપકાર તને પસ્તાવો કરવા તરફ પ્રેરે છે, એથી અજ્ઞાન રહીને શું તેમના ઉપકારની, સહનશીલતાની તથા વિપુલધૈર્યની સંપત્તિને તું તુચ્છ ગણે છે? (રોમનર:૪)***

ઈશ્વર તેની મહાન કૃપામાં લાંબા સમય સુધી લુસિફર સાથે રહ્યા, તેણે જ્યારે અસંતોષ ની આત્માને દર્શાવી ત્યારે તે તત્કાળ જ નીચે નહોતો નંખાયો, તદુપરાંત વફાદાર દૂતોની વિરુદ્ધ જુઠ્ઠા દાવા ચલાવવાની શરૂઆત કરી ત્યારે પણ નહીં. આત્મસમર્પણ અને પસ્તાવાની સ્થિતિમાં વારંવાર તેને માફી બક્ષવામાં આવતી. તેની ભૂલ પ્રત્યે સભાન કરાવવા ઈશ્વરે અનંત પ્રેમ અને ડહાપણના પ્રયત્નો કર્યા.

અસંતોસનો આત્મા પહેલા ક્યારેય સ્વર્ગમાં જાણવામાં આવ્યો નહોતો. લુસિફર પોતે જોઈ ના શક્યો કે તે પોતે ખેંચાઈ રહ્યો હતો. તે તેની લાગણીઓનો ખરો સ્વભાવ જાણતો નહોતો. પણ તેના અસંતોષનું કોઈ કારણ

નહોતું, લુસિફર પોતે ખોટો હતો તે વિશે તેને ખાતરી થઈ, કે ઈશ્વરીય દાવાઓ ન્યાયી હતા, તેને આ બાબત તમામ સ્વર્ગ સામે સ્વીકારવું જોઈએ. જો તેણે એવું કર્યું હોત તો કદાચ તે પોતાની જાતને અને બીજા દેવદૂતોને પણ બચાવી શક્યો હોત.આ સમયે તેણે તેની દેવ પ્રત્યેની સંપૂર્ણ નિષ્ઠાનો ત્યાગ નહોતો કર્યો.

તેમ છતાં તે વેષ્ઠીત કરૂબ તરીકેની તેની પદવીને ભૂલી ગયો હતો, છતાં જો તેણે ઈશ્વર તરફ પાછા ફરવાની ઈચ્છા રાખી હોત, સર્જનહારના ડહાપણ ને જાણીને, અને ઈશ્વરની મહાન યોજનામાં નિમણૂક જગ્યા પર રહીને સંતોષ રાખ્યો હોત, તો તે તેના હોદ્દા પર પાછો નિમણૂક પામ્યો હોત. પણ અભિમાને તેને આધીન થવા ન દીધો. તે સતત પોતાની કાર્યપ્રણાલી સામે બચાવ કરતો રહ્યો. તેણે એવું પકડી રાખ્યું કે તેને પસ્તાવો કરવાની જરૂર જ નથી, અને પોતાની જાતને સંપૂર્ણ સ્વાધીન થયો, મહાન વિવાદમાં, તેના સર્જનહારની વિરુદ્ધ.

**(૧૧) તેના બળવા સમયે કેટલા દૂતોને શેતાને છેતરવાનું આયોજન કર્યું?**

***તેનાં પૂંછડાએ આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને તેઓને પૃથ્વી પર નાખ્યા. અને જે સ્ત્રીને પ્રસવ થવાનો હતો, તેને જ્યારે પ્રસવ થાય ત્યારે તેના બાળકને ખાઈ જવા માટે તે [અજગર] તેની આગળ ઊભો રહ્યો હતો. (પ્રકટિકરણ ૧૨:૪)***

જે તેના હુકમની નીચે હતા તેવા દૂતોની સહાનુભૂતિ માટે,પ્રણેતા ની તમામ શક્તિ હવે છેતરપીંડી(કપટ)માં વળી ગઈ. ખ્રિસ્તે પણ તેને તે સચ્ચાઈ વિશે ચેતવણી આપી હતી તેના વિશ્વાસઘાત માળખાથી ભ્રષ્ટ સેવા કરવી. જેઓનો પ્રેમાળ વિશ્વાસ તેને તેઓની એકદમ નજીક બાંધે તેઓને તે એવું પ્રસ્તુત કરતો કે તે ખૂબજ ખોટી રીતે ન્યાય

કરાયો, તેનો હોદ્દો સન્માનીય નહોતો, અને તેની સ્વતંત્રતા ખુબજ સંક્ષિપ્ત કરાઈ.

ખ્રિસ્તના વચનોને ખોટી રીતે પ્રસ્તુત કર્યાથી તેણે ખોટો અને વાકછળ અર્થ પસાર કર્યો. સ્વર્ગવાસીઓ સામે ઈશ્વરપુત્રનું અપમાન કરવા તેના પર તહોમત મૂક્યું, પોતાની અને વફાદાર દૂતોની વચ્ચે ખોટો વિવાદ ઉભો કરવાનું પણ તેણે શોધ્યું. તેઓ દરેક કે જેઓને તે અધોગતિ તરફ કે પોતાના પક્ષમાં ના લાવી શકે, સ્વર્ગીય લોકોના હિતો પ્રત્યે ઉદાસીનતાનો આરોપ મુકતો. તે જે કાર્ય કરતો તે એ હતું કે જેઓ ઈશ્વર પ્રત્યે વફાદાર રહ્યા હતા તેઓની વિરુદ્ધ તહોમત મૂકવું. અને ઈશ્વર તેના પ્રત્યે અન્યાયી રહ્યા તેને પણ ટકાવવું.સર્જનહારના શબ્દો અને કાર્યોને ખોટી રીતે પ્રસ્તુત કરવાનો આશરો લીધો.

તેની નીતિ હતી કે દૂતોને ઈશ્વરના હેતુંના વિષય આશ્ચર્યમાં મુકવા. જે કંઈપણ સરળ હતું તેને તેણે રહસ્યમાં ડૂબાવી દીધું. અને ભ્રષ્ટતાની કલાકારી વડે તેણે યહોવાના સ્પષ્ટ કથન પર શંકા ઉભી કરી. ઈશ્વરીય વહીવટ સાથેના નજીકના જોડાણ સાથે તેનો મહાન ઉચ્ચ -હોદ્દો. તેની મહાન રજૂઆતોને વધુ બળ આપ્યું, અને ઈશ્વરીય સતાની વિરુદ્ધ બળવો કરવામાં તેની સાથે એકથવા ઘણાને તેણે પ્રેરિત કર્યા.

**(૧૨) શા માટે ઈશ્વરે તેમના અનંત જ્ઞાનમાં પણ શેતાનને તેનું ખરું ચરિત્ર પ્રગટ કરવા દીધું?**

***પ્રામાણિકપણાથી ચાલનાર મક્કમ પગલે ચાલે છે; પણ અવળે રસ્તે ચાલનાર તો જણાઈ આવશે.***

***(નિતિવચન ૧૦:૯)***

ઈશ્વર, તેના ડહાપણમાં, જ્યાં સુધી અસંતોષ નો આત્મા સક્રિય બળવામાં બદલાયો નહિ ત્યાં સુધી શેતાનને તેનું કાર્ય આગળ ધપાવવા દીધું. તેની યોજનાઓનો વિકાસ થાય એ જરૂરી હતું, કે જેથી તેનો ખરો સ્વભાવ અને

મનોવૃત્તિ હરેકના જોવામાં આવે.

લુસિફર, એક અભિષિક્ત કરૂબ તરીકે ખુબજ ઉન્નતિ પામ્યો હતો; તે સ્વર્ગીય લોકો દ્વારા ખુબજ પ્રેમ પામ્યો હતો, અને તેઓના પરનો તેનો પ્રભાવ મજબૂત હતો. ઈશ્વરના વહીવટે ફક્ત સ્વર્ગીય વારસાનો જ સમાવેશ નહોતો કર્યો, પણ સંપૂર્ણ જગત કે જેનું તેણે સર્જન કર્યું હતું; અને શેતાને વિચાર્યું કે જો તે આ બળવામાં સ્વર્ગના દૂતો ને સાથે લઈ શકે, તો તે બીજી દુનિયાને પણ સાથે લઈ શકશે.

તેણે કલાત્મક રીતે પોતાના પ્રશ્નોને રજૂ કર્યા, તેના હેતુને બચાવવા તેણે સત્યાભાસ અને પ્રપંચ ને કાર્યમાં લીધું. કપટ માટેની તેની સત્તા ખુબજ મહાન હતી, અને પોતાની જાતને જુઠ્ઠાણા ના છુપાવેશમાં રાખીને તેણે લાભ મેળવ્યો. અને પ્રામાણિક દૂતો પણ તેના આ ચારિત્ર ને પારખી ન શક્યા અથવા તેનું કાર્ય ક્યાં દોરી જતું હતું તે સમજી ન શક્યા.

**(૧૩) શા માટે ઈશ્વરે શેતાનના બળવાના પ્રારંભ વખતે જ તેનો નાશ ન કર્યો?**

***સર્વશક્તિમાનનો પાર તો આપણે પામી શકતા નથી; તે મહા પરાક્રમી છે; તે ઈનસાફને ઊંધો વાળશે નહિ. (અયુબ ૩૭:૨૩)***

તે સ્વર્ગમાં લાંબો સમય નહિ રહે એવું નક્કી કરાયા હોવા છતાં, અનંત જ્ઞાને તેનો નાશ ન કર્યો. ઈશ્વરને પ્રેમની સેવા જ સ્વીકાર્ય હોવાના લીધે, તેના સર્જનની નિષ્ઠા એ ન્યાય અને પરોપકારની પ્રતીતિ પર હોવી જોઈએ. સ્વર્ગનો અને બીજી દુનિયાનો વારસો, પ્રકૃતિને ઓળખવા તૈયાર ન હોય, અથવા પાપનું પરિણામ, શેતાનના વિનાશ માં ઈશ્વરની દયા અને ન્યાય ને જોઈ

શકેત નહિ. જો તેનું અસ્તિત્વ તરત જ ખતમ થઈ ગયું હોત તો તેઓ ઈશ્વરની સેવા પ્રેમને બદલે ભયથી કરતા હોત. છેતરનારનો પ્રભાવ સંપૂર્ણપણે ખતમ ના થયો હોત તથા બળવાખોરનો આત્મા પણ સંપૂર્ણ નાબૂદ ના થયો હોત.

દુષ્ટને પરિપક્વતા સુધી આવવું જ જોઈએ. સમગ્ર બ્રહ્માંડની અનંત યુગ સુધીની ભલાઈ માટે શેતાને તેના સિદ્ધાંતોને વધુ વિકસાવવા જ જોઈએ. કે જેથી ઈશ્વરીય વહીવટ ની વિરુદ્ધના તેના દાવાઓ અજવાળામાં સમગ્ર સર્જન જોઈ શકે. કે જેથી ઈશ્વરની દયા અને ન્યાય તથા તેના નિયમની સ્થિરતા તમામ પ્રશ્નોની સામે હમેશા ટકી શકે.

શેતાનનો બળવો બ્રહ્માંડમાં આવનાર યુગ માટે એક પાઠ બનવાનો હતો, પ્રકૃતિ અને પાપ ના ભયંકર પરિણામને માટે એક શાશ્વત સાક્ષી હતી. શેતાનના નિયમોનું થતું કાર્ય, માણસો અને દૂતો બન્ને પર પ્રભાવ પાડતું હતું, ઈશ્વરીય અધિકારને એક બાજુ મુકવાનું ફળ શુ હોય તે બતાવશે. ઈશ્વરના વહીવટના અસ્તિત્વ અને તેના નિયમની સાથે તેને બનાવેલ સર્જનની ભલાઈ બંધાયેલ છે તેવી જુબાની આપશે. આવી રીતે બળવાનો ભયંકર અખતરાનો ઈતિહાસ તમામ બુદ્ધિમતાને કાયમી સુરક્ષાકવચમાં રાખવાનો, તથા તેઓને ઉલ્લંઘનની પ્રકૃતિથી છેતરાતા અટકાવવાનો, તથા તેઓને પાપ કરતા અટકાવવા અને તેની સજાની પીડાથી બચાવવાનો હતો.

**(૧૪) શેતાનનો બળવો કઈ આપત્તિજનક ઘટના તરફ લઈ ગયો?**

***પછી આકાશમાં લડાઈ જાગી. મીખાએલ તથા તેના દૂતો અજગરની સાથે લડયા, અને અજગર તથા તેના દૂતો પણ લડ્યા. તોપણ તેઓ તેમને જીત્યા નહિ, ને તેઓને આકાશમાં ફરી સ્થાન મળ્યું નહિ. તે મોટા અજગરને***

*બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યો, અને તેની સાથે તેના દૂતોને પણ નાખી દેવામાં આવ્યા. (પ્રકટીકરણ ૧૨:૭ -૯)*

સ્વર્ગમાં વિવાદની ખુબજ નજીક તેની જાતની ન્યાયી ઠરાવવા એક મોટી હડતાળ ચાલુ રખાઈ. જયારે એવું જાહેર કરાયું કે તે તેના તમામ સહાનુભૂતિ આપનારા સાથે આનંદના ઘરમાંથી હાંકી કઢાશે, ત્યારે બળવાખોરે હિંમત ભેર સર્જનહારના નિયમનો તિરસ્કાર કર્યો. તેણે તેનો દાવો પુનરાવર્તિત કર્યો કે દૂતોને કોઈ જ અંકુશની જરૂર નથી, પરંતુ તેઓએ પોતાની ઈચ્છાને અનુસરવી જોઈએ, કે જે તેઓને સારી રીતે દોરશે. તેઓની સ્વતંત્રતાના નિયંત્રણ બાબતે તેણે ઈશ્વરીય કાયદાની નિંદા કરી, કાયદાને નાબૂદ કરી નાખવું એ બાબતને રક્ષણ આપવું તે તેનો હેતુ હતો; જે આ સંયમથી મુક્ત કરે, સ્વર્ગના યજમાનો વધુ ઉન્નતિમાં પ્રવેશ કરી શકે, અસ્તિત્વનું ભવ્ય રાજ્ય.

**(૧૫) સ્વર્ગમાંથી હાંકી કાઢયા બાદ શેતાને તેનું રાજ્ય સ્થાપિત કરવાનું ક્યાં શોધ્યું?**

*તે મોટા અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યો, અને તેની સાથે તેના દૂતોને પણ નાખી દેવામાં આવ્યા. (પ્રકટિકરણ ૧૨:૯)*

જે આત્માએ સ્વર્ગમાં બળવો કરવા પ્રેરિત કર્યો એજ આત્મા હજુ પણ પૃથ્વી પર બળવાને ઉતેજીત કરે છે. શેતાને જે નીતિ દૂતો સાથે અપનાવી એ જ નીતિ માણસો

સાથે પણ અપનાવવાનું ચાલુ રાખ્યું. તેની આત્મા હવે આજ્ઞાભંગના  દિકરાઓમાં રાજ કરે છે. તેની જેમ તેઓ પણ નિયમના અંકુશને તોડી પાડવાનું શોધે છે, અને તેના નિયમોના ઉલ્લંઘન દ્વારા તે માણસોને પણ સ્વતંત્રતાનો વાયદો કરે છે. પાપનો ઠપકો હજુ પણ ઘૃણા અને પ્રતિકારની આત્માને ઉભી કરે છે. જ્યારે ઈશ્વરનો ચેતવણી નો સંદેશ અંત:કરણના ઘરમાં લવાય છે ત્યારે શેતાન મનુષ્યને તેઓની જાતનો ન્યાય કરવા અને તેઓની પાપી કાર્યપ્રણાલીમાં બીજાઓની સહાનુભૂતિ શોધવા તરફ દોરી જાય છે. તેઓની ભૂલો સુધારવાને બદલે તેઓ ઠપકો આપનારની વિરુદ્ધ આક્રોશને ઉતેજીત કરે છે, જાણે કે તે એકમાત્ર મુશ્કેલીનું કારણ હતો. ન્યાયી હાબેલના દિવસોથી લઈને આપણા સમય સુધી જે કોઈપણ પાપને દોષ દે તેઓની વિરુદ્ધ આવી આત્મા પ્રદર્શિત થતી આવી છે.

ઈશ્વરના ચરિત્રને ખોટી રીતે રજુઆત કરવાની પ્રથા જે તેણે સ્વર્ગમાં શરૂ કરી હતી એ જ પ્રથા, ગંભીર અને જુલમનું કારણ ઈશ્વરને માને છે, શેતાન માણસને પાપ કરવા પ્રેરિત કરે છે. અને તે આમ અત્યાર સુધી સફળ થયો, અને તેણે જાહેર કર્યું કે ઈશ્વરનું અન્યાયી અંકુશ માણસના પતન તરફ દોરી ગયું, તેથી તેઓ તેના બળવા તરફ દોરાયા.

**(૧૬)ઈશ્વરના ચારિત્ર્યનો ખરો સ્વભાવ શું છે?**

***અને યહોવા તેની આગળ થઈને ગયા, અને એવું જાહેર કર્યું, "યહોવા, યહોવા, દયાળુ તથા કૃપાળુ ઈશ્વર, મંદરોષી, અને અનુગ્રહ તથા સત્યથી ભરપૂર; હજારો પર કૃપા રાખનાર, અન્યાય તથા ઉલ્લંઘન તથા પાપની ક્ષમા કરનાર; પિતાના અન્યાયને લીધે છોકરાં પર અને છોકરાનાં છોકરાં પર, ત્રીજીચોથી પેઢી સુધી બદલો વાળનાર. (નિર્ગમન ૩૪:૬ -૭)***

**(૧૭)ઈશ્વરે તેનો મહાન પ્રેમ અને દયા કેવી રીતે રજૂ કર્યા?**

***કેમ કે ઈશ્વરે જગત પર એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ માટે કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે.***

***(યોહાન ૩:૧૬)***

શેતનાનો સ્વર્ગમાંથી દેશનિકાલ દ્વારા, ઈશ્વરે તેનો ન્યાય જાહેર કર્યો અને રાજ્યાસનનું સન્માન જાળવી રાખ્યું. પણ જ્યારે માણસે પતિત આત્માની છેતરામણી દ્વારા પાપ કર્યું, ત્યારે ઈશ્વરે આ પતિત જાતિ માટે પોતાના એકાકીજનીત દીકરાને મરવા મોકલીને પોતાના પ્રેમની સાબિતી આપી. પ્રાયશ્ચિતમાં ઈશ્વરનું ચરિત્ર પ્રગટ થાય છે. વધસ્તંભની શક્તિશાળી દલીલો પ્રગટ કરે છે કે પાપ ની કાર્યપ્રણાલી જે લુસિફરે પસંદ કરી હતી તે ઈશ્વરના વહીવટ ઉપર તહોમતપાત્ર બિલકુલ નથી.

**(૧૮)કેવી રીતે દુષ્ટ માણસે ઈસુની દુન્યવી સેવકાઈને નાશ કરવા શેતાનના દૂષિત ઉદ્દેશ્યને કાર્યમાં લાવ્યો?**

**તેઓએ ફરી બૂમ પાડી, “તેને વધસ્તંભે જડાવો.”**

**(માર્ક ૧૫:૧૩)**

શેતાન અને ખ્રિસ્ત વચ્ચેના સંઘર્ષમાં, તારણહારની દુન્યવી સેવકાઈ દરમ્યાન, મહાન છેતરનારનું ચારિત્ર છતું થયું. સ્વર્ગીય દૂતોનો સ્નેહ કોઈજ બાબતે શેતાનને જડમૂળથી ઉખાડી શક્યું નહિ, જેમ કે સંપૂર્ણ વફાદાર બ્રહ્માંડે વિશ્વના મુક્તિદાતા પર ક્રૂર યુદ્ધ કર્યું. તેની માંગણીનું સાહસી દુર્ભાષણ કે ખ્રિસ્તે તેનો આદરભાવ કરવો જોઈએ, તેની ઘમંડી હિમ્મત તેને પહાડની ટોચ પર અને મંદિરના બુરજ પર સહન કરવામાં, દુષ્ટ ઉદ્દેશ્ય એ તેને ખુબજ ઊંચી ઉચ્ચાઈએથી તેની જાતને નીચે પાડવા પ્રેરિત કરીને દગો દેખાડ્યો. દુર્ભાવનાપૂર્ણ દ્વેષ કે જેણે

તેનો અલગ -અલગ જગ્યાએ શિકાર કર્યો, યાજકો અને માણસોના હૃદયોને તેના(ખ્રિસ્તના) પ્રેમને તિરસ્કાર કરવા ઉતેજીત કર્યા.અને અંતમાં રુદન માટે, "તેને વધસ્તંભે જડો! તેને વધસ્તંભે જડો! -આ તમામે બ્રહ્માંડ ના આશ્ચર્ય અને ક્રોધને ઉતેજીત કર્યા.

હવે શેતાનનો આ અપરાધભાવ કોઈપણ બહાના વગર આગળ ઉભો રહ્યો, તેણે હત્યારા અને જુઠ્ઠા તરીકેનું પોતાનું ખરું ચરિત્ર પ્રકટ કર્યું. તે જોવામાં આવ્યું કે તે જ આત્માએ માણસોના દીકરાઓ પર રાજ કર્યું, કે જેઓ તેની સત્તાની નીચે હતા, જો તેને સ્વર્ગના વારસા પર અંકુશ રાખવાની પરવાનગી  મળી હોત તો તે પ્રકટ થયો હોત. તેણે દાવો કર્યો કે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન એ સ્વતંત્રતા અને પરમાનંદ લાવે છે, પણ તેનું પરિણામ બંધન અને અધોગતિ એવું જોવાયું.

**(૧૯) ઈશ્વરે તેના દીકરાનું બલિદાન કે જેનું ચરિત્ર બ્રહ્માંડની સામે પ્રકટ કરાયું તે દ્વારા શુ સંપૂર્ણ કર્યું?**

***પણ સર્વ ઈશ્વર તરફથી છે, જેમણે ખ્રિસ્તની મારફતે આપણું સમાધાન પોતાની સાથે કરાવ્યું, અને સમાધાન [પ્રગટ કરવા] ની સેવા અમને સોંપી. (૨કોરી. ૫:૧૮)***

ઈશ્વરે બળવાના સિદ્ધાંત પ્રત્યેની પોતાની ઘૃણા પ્રગટ કરી. સંપૂર્ણ સ્વર્ગે તેનો ન્યાય શેતાનના તિરસ્કાર અને માણસની મુકિત બન્નેમાં જાહેર થયેલો જોયો, લુસિફરે જાહેર કર્યું કે જો ઈશ્વરનો નિયમ અડગ અને તેનો દંડ છોડી ન શકે એવો હોય તો હરેક ઉલ્લંઘન કરનાર સર્જનહારના પક્ષથી વંચિત રહેવો જોઈએ.

તેણે દાવો કર્યો કે પાપમય દોડ વિમોચન(મુકિત) ની આગળ રખાઈ છે, અને તેટલા માટે તે તેનો યોગ્ય શિકાર હતો. પણ ખ્રિસ્ત નું મોત તે માણસ વતી એક દલીલ હતી કે જે ઉથલાવી શકાય નહીં. નિયમનો દંડ ખ્રિસ્ત કે જે

ઈશ્વરની સમકક્ષ હતો તેના પર આવ્યો, અને માણસ ઈશ્વરનું ન્યાયીપણું સ્વીકારવા સ્વતંત્ર હતો, અને પ્રાયશ્ચિત અને અપમાનના જીવન થી વિજયી થયો કારણકે ઈશ્વરનો પુત્ર શેતાન ની સત્તા પર વિજયી થયો હતો. આમ ઈશ્વર ન્યાયી છે અને ઈસુ ખ્રિસ્ત પર જેઓ વિશ્વાસ કરે તેઓના ન્યાયીકર્તા પણ છે.

**(૨૦)ખ્રિસ્તનું વિશિષ્ટ મિશન શુ હતું?**

***નિયમશાસ્ત્ર અથવા પ્રબોધકોની વાતોનો નાશ કરવાને હું આવ્યો છું, એમ ન ધારો. હું નાશ કરવા તો નહિ, પણ પૂર્ણ કરવા આવ્યો છું. (માથ્થી ૫:૧૭)***

ફક્ત મનુષ્યના ઉદ્ધારને માટે જ ખ્રિસ્ત પૃથ્વી પર આવ્યો અને સહન કર્યું ને મરણ પામ્યો એટલું જ નહીં. તે "કાયદાને વધારવા" અને "સન્માનીય બનાવવા" આવ્યો. એકલા આ જગતના રહેવાસીઓ જ તેને આદર કરે કેમ કે તેનો આદર થવો જોઈએ એવું નહિ; પણ બ્રહ્માડ ની તમામ દુનિયાને એ જણાવવાનું હતું કે ઈશ્વરનો નિયમ એ અપરિવર્તનીય છે.

જો તેના દાવાઓ બાજુમાં મુકાયા હોત તો ઈશ્વરના દીકરાને તેના ઉલ્લંઘનના પ્રાયશ્ચિત માટે પોતાનું જીવન સ્વાર્પણ કરવાની જરૂર જ ન હોત. ખ્રિસ્તનું મરણ તેની સ્થિરતા દર્શાવે છે. અનંત પ્રેમ પિતા અને પુત્રને અને જે બલિદાન કે જેને પ્રેરિત કરે છે, કે પાપીઓનો છુટકારો થાય છે, સંપૂર્ણ બ્રહ્માંડનેપ્રકટ કરે છે-પ્રાયશ્ચિતની આ યોજના કરતા બીજું કશું જ ઓછુ પર્યાપ્ત કરવા માટે નહોતું-કે ન્યાય અને દયા એ કાયદા અને ઈશ્વરના વહીવટના પાયાઓ છે.

**(૨૧) મહાન વિવાદની નજીક હરેક સર્જિત લોકોની કબૂલાત શુ હશે?**

***આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ નીચેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે. અને ઈશ્વર પિતાના મહિમાને***

*અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે. (ફિલિપ ૨:૧૦ -૧૧)*

ન્યાયના અંતિમ અમલમાં એવું જોવામાં આવશે કે પાપ માટે કોઈ જ કારણ અસ્તિત્વમાં નથીજ્યારે સમગ્ર . પૃથ્વીનો ન્યાયાધીશ શેતાનને પૂછશે કે,"શા માટે તે મારી વિરુદ્ધ બળવો કર્યો,અને મારા રાજ્યના વિષય બાબતે મને લૂંટયો?" અને દુષ્ટતાનો પ્રણેતા કોઈજ બહાનું રજૂ કરી શકશે નહીંહરેક મ્હોં બંધ કરાશે.,અને બળવાના તમામ યજમાનો અવાચક થઈ જશે.

**(૨૨) રુદને શેતાનના તોળાઈ રહેલા અંતિમ ફેસલા વિશે શું જાહેર કર્યું?**

***માટે ઈસુએ સરકો લીધા પછી કહ્યું, "સંપૂર્ણ થયું." અને માથું નમાવીને તેમણે પ્રાણ છોડયો.(યોહાન ૧૯:૩૦)***

કલવરીનો વધસ્તંભ, જ્યારે તે કાયદાને અચળ જાહેર કરે છે, બ્રહ્માંડને જાહેર કરે છે કે પાપનો મુસારો મરણ છે, તારણહરના અંતિમ રુદનમાં, "સંપૂર્ણ થયું" શેતાનનો મૃત્યુઘંટ વાગી ચુક્યો હતો. મહાન વિવાદ કે જે લાંબા વખત થી પ્રગતિમાં હતો છેલ્લે નક્કી થયો, અને દુષ્ટતાનું અંતિમ નિવારણ ચોક્કસ કરાયું. ઈશ્વરનો પુત્ર કબર પાસેથી પસાર થઈ ગયો, કે જેથી "મરણ દ્વારા તે જેની પાસે મરણની સત્તા છે તેનો વિનાશ કરી શકે, તે શેતાન છે."

**(૨૩) શેતાન તથા જેઓ ઘમંડ અને દુષ્ટતાને વળગી રહ્યા છે તેઓનું અંતિમ ભાગ્ય શુ છે?**

***કેમ કે, જુઓ, તે દિવસ આવે છે, તે ભઠ્ઠીની જેમ બળે છે. અને સર્વ ગર્વિષ્ઠો તથા સર્વ દુરાચારીઓ ખૂંપરારૂપ થશે. સૈન્યોના [ઈશ્વર] યહોવા કહે છે, "જે દિવસ આવે છે તે તેમને એવા બાળી નાખશે કે તે તેમનું મૂળ કે ડાળી રહેવા દેશે નહિ. (મલાખી ૪:૧)***

લુસિફરની આત્મગૌરવની ઈચ્છા તેને એ કહેવા તરફ દોરી ગઈ કે: "હું ઈશ્વરના તારા ઉપર મારુ સિંહાસન ઊંચું

કરીશ". હું સર્વોચ્ચ જેવો થઈશ. . . . "ઈશ્વર જાહેર કરે છે:" હું તને પૃથ્વી પર રાખ પર લાવી દઈશ,. . .અને તું હવે ક્યારેય નહિ રહેયશાય. ૧૪:૧૩,૧૪, હઝકીયેલ ૨૮:૧૮,૧૯

**(૨૪) મહાન વિવાદની નજીક, છુટકારો પામેલ અને દેખાતું બ્રહ્માંડ ક્યાં વાયદાનો દાવો કરશે?**

***યહોવાની વિરુદ્ધ તમે શું તરકટ કરો છો? તે સંપૂર્ણ અંત લાવશે, બીજી વાર વિપત્તિ ઊભી થશે નહિ. (નાહૂમ ૧:૯)***

પાપના પરિણામ અને પ્રકૃતિ સામે સમગ્ર બ્રહ્માંડ સાક્ષીરૂપ બની જશે. અને તેનો સંપૂર્ણ સંહાર , કે જેણે શરૂઆતમાં દૂતોને ભય પમાડયો હોત અને ઈશ્વરનું અનાદર કર્યું હોત, જે હવે તેના પ્રેમને સાબિત કરશે અને જેઓ તેની ઈચ્છા પ્રમાણે કરવામાં આનંદ માને છે અને જેઓના હૃદયમાં તેનો નિયમ છે તેવા બ્રહ્માંડના સજીવો સામે પોતાનું સન્માનને સ્થાપિત કરશે. દુષ્ટ ફરી ક્યારેય પ્રગટ થશે નહીં. ઈશ્વરનું વચન કહે છે: "દુઃખ બીજી વખત ઉભું થશે નહીં"

પરખાયેલી અને સાબિત થયેલી સૃષ્ટિ ફરી ક્યારેય નિષ્ઠામાં તેની તરફથી ફરી જશે નહિ કે જેનું ચરિત્ર ગૂઢ પ્રેમ અને અનંત જ્ઞાનથી તેઓની સમક્ષ પ્રગટ કરાયુ .

***હું સમજુ છું કેવી રીતે, જાતના અહંકાર વડે, લુસિફરના હૃદયમાં પાપ ની પ્રથમ કલ્પના કરવામાં આવી હતી. હું જાણું ચુ કે ઈશ્વર તે જ વખતે તેનો નાશ કરી શક્યા હોત પણ આમ કર્યું હોત તો તેના તમામ સર્જિત લોકો ભય બહાર પાલન કર્યું હોત.***

***વર્તુળહા અવ્યવસ્થિત :***

***મેં તે મુસીબતનો અનુભવ કર્યો કે જે ઈશ્વરના પ્રેમ આધારિત સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે. હું પ્રેમ જોંઉ છું, હું પ્રેમ, ન્યાય અને દયાને તેના આજ્ઞાપાલનન દ્વારા પ્રગટ થતું જોઉં છું .***

***વર્તુળહા અવ્યવસ્થિત :***

હું હવે સમજુ છું કે ઈશ્વરે ડહાપણમાં પાપને તેની ઘાતક કાર્યપ્રણાલી ચલાવવા દીધી કે જેથી સમગ્ર બ્રહ્માંડ તેની ભયંકર અસર ની સાક્ષી બની શકે અને શેતાનના ચરિત્રને જોઈ શકે.

વર્તુળ: હા અવ્યવસ્થિત

હું દાવો કરવા ઈચ્છું છું કે ઈશ્વરે તેના દીકરાના બલિદાન દ્વારા મહાન દયા પુરી પાડી છે. હું આનંદિત છું કે આ ભેટ દ્વારા કાયદાની આવશ્યકતાઓ પુરી પડાઈ છે. તેના ડહાપણમાં તે ન્યાયી ઠરે છે અને જે વિશ્વાસ કરે છે તેનો ન્યાયકર્તા બને છે.

વર્તુળ: હા અવ્યવસ્થિત



## પાઠ -૨
## માણસ અને શેતાન વચ્ચે દુશ્મનાવટ

**(૧) પડી ગયેલા માણસની આશા માટે ક્યુ મહાન વચન અપાયું હતું?**

***અને તારી ને સ્ત્રીની વચ્ચે, તથા તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ. તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે." (ઉત્પત્તિ ૩:૧૫)***

માણસની પડતી પછી શેતાન વિરુદ્ધ ઈશ્વરીય વાક્ય ઉચ્ચારાયું તે એક ભવિષ્યવાણી હતી, સમયની નજીક તમામ યુગ ને આલિંગન આપે છે અને મનુષ્યની હરેક જાતિ કે જે દુનિયામાં રહેવી જોઈએ તેને સંલગ્ન કરવા મહાન સંઘર્ષ ને પૂર્વનિર્ધારિત કરે છે .ઈશ્વર જાહેર કરે છે: "હું દુષ્મનાવટ નાખીશ" આ દુશ્મની પ્રાકૃતિક રીતે મનોરંજન પૂરું નથી પાડતી. જ્યારે મનુષ્યએ ઈશ્વરીય કાયદાનું ઉલ્લંઘન કર્યું, તેનો સ્વભાવ દુષ્ટ થઈ ગયો. અને તે શેતાનની સાથે સંવાદીતામાં હતો, ને મતભેદ માં નહોતો. પાપ ના પ્રણેતા અને પાપી માણસ વચ્ચે સ્વાભાવિક રીતે કોઈજ દુશમનાવટ નહોતી. બંને ધર્મત્યાગ વડે દુષ્ટ બન્યા.

ધર્માધિકારી ક્યારેય આરામ કરતો નથી, સિવાય કે તે બીજાઓને તેનું ઉદાહરણ અનુસરવા પ્રેરિત કરીને સહાનુભૂતિ અને ટેકો મેળવે છે. આ જ કારણથી પતિત દૂતો અને દુષ્ટ માણસો ભયાવહ સહવાસમાં બંધાયા. જો ઈશ્વરે વિશેષ રૂપે સમાધાન કર્યું ન હોત તો માણસ અને શેતાન સ્વર્ગ વિરુદ્ધ જોડાણમાં પ્રવેશયા હોત; અને શેતાન સામે દુશ્મનીને વળગી રહેવાને બદલે સમગ્ર માનવ કુટુંબ ઈશ્વર વિરુદ્ધ એક થઈ ગયું હોત.

**(૨) આદમ અને હવાને ઈશ્વરના ચોક્કસ આદેશ અને ચેતવણી શુ હતા?**

*પણ ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું તારે ખાવું નહિ; કેમ કે જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે જ મરશે." (ઉત્પત્તિ ૨:૧૭)*

**(3) શું અવગણના નું કાર્ય પૃથ્વી અને સમગ્ર માનવજાતની પતિત પ્રકૃતિનો વિનાશ લાવી?**

*અને તે વૃક્ષનું ફળ ખાવાને માટે સારું, ને જોવામાં સુંદર, ને જ્ઞાન આપવાને ઈચ્છવાજોગ એવું એ વૃક્ષ છે, તે જોઈને સ્ત્રીએ ફળ તોડીને ખાધું; અને તેની સાથે પોતાનો પતિ હતો તેને પણ આપ્યું, ને તેણે ખાધું. (ઉત્પત્તિ ૩:૬)*

**(૪) પરીક્ષણ શું છે?**

*મારા ભાઈઓ, જયારે તમને જાત જાતનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો, કેમ કે તમે જાણો છો કે તમારા વિશ્વાસની પરીક્ષા [માં પાર ઊતર્યા] થી ધીરજ ઉત્પન્ન થાય છે. (યાકૂબનો પત્ર ૧:૨ -૩)*

**(૫) તમામ પરિક્ષણોનો લેખક કોણ છે?**

*પછી શેતાન સર્વ પરીક્ષણ પૂરું કરીને કંઈક મુદત સુધી તેમની પાસેથી ગયો. (લૂક ૪:૧૩)*

શેતાને માણસને પાપ કરવા પરીક્ષણમાં પાડ્યો, જેમ તેણે દૂતોને બળવો કરવા માટે કારણ આપ્યું, કે જેથી તે સ્વર્ગ વિરુદ્ધના તેના યુદ્ધમાં આટલું સુરક્ષિત સહયોગ

હોય. ખ્રિસ્ત પ્રત્યેની ઘૃણા ના લીધે તેની અને પતિત દૂતો વચ્ચે કોઈ જ મતભેદ નહોતો; જ્યારે બીજી બધી બાબતોમાં તકરાર હતી, બ્રહ્માંડ ના રચયિતાના અધિકાર વિરુદ્ધ તેઓ નિશ્ચિતપણે એક હતા. પણ જયારે શેતાને સાંભળ્યું કે સ્ત્રી અને તેની વચ્ચે, અને તેના બીજ અને સ્ત્રીના બીજ વચ્ચે, દુશ્મનાવટ હોવી જ જોઈએ તેણે જાણ્યું કે મનુષ્ય પ્રકૃતિના અવગણવાના પ્રયત્નો વિક્ષેપિત થશે; કે અમુક રીતે માણસ તેની શક્તિનો પ્રતિકાર કરવા માટે સક્ષમ થવાનો હતો.

**(૬) કોની પ્રતિમામાં માણસનું સર્જન થયું અને જે શેતાન માટે મનુષ્યજાતનો વિનાશ કરવા પ્રેરણારૂપ હતું?**

***એમ ઈશ્વરે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્‍ન કર્યું, ઈશ્વરના સ્વરૂપ પ્રમાણે તેણે તેને ઉત્પન્‍ન કર્યું; તેણે તેઓને નરનારી ઉત્પન્‍ન કર્યાં. (ઉત્પત્તિ ૧:૨૭ )***

મનુષ્યજાતની વિરુદ્ધ શેતાનની દુશ્મનાવટ સળગી ચુકી છે કારણકે, તેઓ ખ્રિસ્ત દ્વારા દેવાના પ્રેમ અને દયાના ઉદ્દેશ છે. માણસના તારણ માટેની ઈશ્વરીય યોજનાને તે તોડી પાડવા ચાહે છે. તથા તેના હાથના કૃત્યોને બગાડીને તથા અપવિત્ર કરીને ઈશ્વરનું અપમાન કરે છે. તે સ્વર્ગમાં દુઃખ લાવે તથા પૃથ્વીને તારાજી અને અફસોસથી ભરે. અને તે આ તમામ દુષ્ટતાનું કારણ ઈશ્વરે માણસને બનાવ્યું તેનું પરિણામ છે તેને દર્શાવે.

**(૭)ઈશ્વરની શક્તિ વડે ક્યાં કિંમતી વાયદાઓનો આપણે દાવો કરી શકીએ અને પ્રાપ્ત કરી શકીએ?**

***તેનાથી તેમણે આપણને મૂલ્યવાન તથા અતિશય મોટાં વચનો આપ્યાં છે. જેથી તેઓ દ્વારા જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ. (૨પિતરનો ૧:૪)***

તે કૃપા છે કે, જે આત્મા શેતાનની વિરુદ્ધ માણસની દુશ્મનાવટ કરે તે આત્મામાં ખ્રિસ્ત રોપે. આ રૂપાંતરિત કૃપા અને નવીનીકરણના સામર્થ્ય વગર, માણસ હંમેશા શેતાનનો બંધક, અને એક ચાકર કે જે હંમેશા તેની આજ્ઞા પાળવા તૈયાર રહે તેવો જ રહેશે. પરંતુ આત્મામાં નવો સિદ્ધાંત જ્યાં આજ સુધી શાંતિ હતી ત્યાં સંઘર્ષ જ

જન્માવશે. જે સામર્થ્ય કે જે ખ્રિસ્ત આપે છે તે માણસને જુલમી અને વ્યાજખોરની સામે થવા સક્ષમ કરે છે. જે કોઈ પાપને પ્રેમ કરવાને બદલે તિરસ્કાર કરતો દેખાયો, જે કોઈ તે જુસ્સો કે જે ડુબાડે છે તેનો સામનો કરે અને જીતે છે, તે સંપૂર્ણ ઉપરના સિદ્ધાંતની કામગીરી દર્શાવે છે.

**(૮) તેઓએ તેને વધસ્તંભે જડ્યો એ બિંદુએ અપવિત્ર હ્રદયોમાં દુશ્મનાવટ  ખ્રિસ્તના જીવનના ક્યા ઈશ્વરી લક્ષણે જન્માવી?**

***તે પાપનું હરણ કરવાને પ્રગટ થયા, એ તમે જાણો છો. અને તેમનામાં પાપ નથી. (૧યોહાનનો પત્ર ૩:૫)***

વૈરભાવ જે ખ્રિસ્તના આત્મા અને શેતાનના આત્મા વચ્ચે છે, તે ઈસુના જગતના સ્વાગતમાં ખુબજ આશ્ચર્યજનક રીતે પ્રદર્શિત કરાયો. તે સાંસારિક સંપત્તિ, આડંબર, અથવા ભવ્યતા કે યહૂદીઓ તેને નકારવા માટે દોરી ગયા હતા, તે વગર પ્રકટ થયો એટલા માટે નહીં. પણ તેઓએ જોયું કે તેની પાસે જે સત્તા હતી તે બાહ્ય લાભોના અભાવ માટેના વળતર કરતા વધુ હતી. પણ ખ્રિસ્તની શુદ્ધતા અને પવિત્રતા, અપવિત્રતાની નફરતની વિરુદ્ધ આગળ આવી. સ્વ -ઈન્કાર અને પાપ વિનાની ભકિતવાળું તેનું જીવન અભિમાની અને વિષયાસક્ત લોકો માટે શાશ્વત ઠપકા સમાન હતું. ઈશ્વરના દીકરાની વિરુદ્ધ દુશ્મનાવટ જન્માવી તે આ હતું. શેતાન અને દુષ્ટ દૂતોએ દુષ્ટ માણસો સાથે જોડાણ કર્યું. ધર્મત્યાગની તમામ ઉર્જાઓએ સત્યના વિજેતા સામે કાવતરું ઘડ્યું.

**(૯) ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે આપણે જગત તરફથી કેવા વ્યવહારની અપેક્ષા રાખી શકીએ?**

***જેઓ ખ્રિસ્ત ઈસુમાં ભક્તિભાવથી ચાલવા ઈચ્છે છે, તેઓ સર્વ પર સતાવણી થશે જ. (૨તિમોથીને પત્ર ૩:૧૨)***

જે દુશ્મનાવટ તેઓના સ્વામી સામે પ્રકટ થઈ હતી તે જ દુશ્મનાવટ ખ્રિસ્તના અનુયાયીઓ સામે પ્રકટ થઈ. જે કોઈ પાપનું નફરતકારક ચરિત્ર જુએ છે, અને ઉપરી સમાર્થ્યમાં પરિક્ષણનો સામનો કરે છે, તે નિશ્ચે શેતાન અને

તેના વિષયોનો ક્રોધ જાગ્રત કરે છે. સત્યના ચોખ્ખા સિદ્ધાંતોની નફરત, અને તેના હિમાયતીઓનો ઠપકો તથા જુલમ, જ્યાં સુધી પાપ અને પાપીઓ રહેશે ત્યાં સુધી અસ્તિત્વમાં રહેશે. ખ્રિસ્તના અનુયાયીઓ અને શેતાનના સેવકો સુમેળ સાધી શકે નહીં. વધસ્તંભનું અપમાન બંધ થયું નથી.

**(૧૦)શેતાનની તાકાત ઉપર વિજયવંત થવા ક્યાં બે પગલાંને આપણે અનુસરવા જ જોઈએ?**

***માટે તમે ઈશ્વરને આધીન થાઓ; પણ શેતાનની સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે. (યાકૂબનો પત્ર ૪:૭)***

શેતાન તેના સેનાબળ ને આહવાન આપે છે અને તેની તમામ શકિત યુદ્ધમાં નાખે છે. એવું શા માટે છે કે વધુ પ્રતિકાર ની સાથે મળતો નથી? શા માટે ખ્રિસ્તના સૈનિકો આટલા ઊંઘમાં અને બેપરવા છે? કેમ કે તેઓને ખ્રિસ્ત સાથે ખુબજ નાનું અમથું જોડાણ જ છે; કેમ કે તેઓ પવિત્ર આત્માના ખૂબ જ નિરાધાર છે. જેમ તેઓના સ્વામીને તેમજ તેઓને પાપ નફરતકારક અને ધૃણાસ્પદ નથી. જેમ ખ્રિસ્તે પાપનો નિર્ણાયક અને નિર્ધારિત સામનો કર્યો તેમ તેઓ કરતા નથી. તેમને દુષ્ટની અધિકતા અને પાપના દ્વેષનો ખ્યાલ નથી. અંધકારના રાજકુમારની તાકાત અને ચરિત્ર બન્ને વિશે તેઓ આંધળા છે.

શેતાન અને તેના કાર્યો સામે થોડી દુશ્મની છે, કારણ કે તેની તાકાત અને દુષ્ટતા અને ખ્રિસ્ત અને તેની મંડળી વિરુદ્ધના યુદ્ધની વિશાળ હદ વિશે ખુબજ મોટી અજ્ઞાનતા છે. મોટી સંખ્યા/મોટી ભીડ ભ્રમિત થઈ છે. તેઓ જાણતા નથી કે તેઓનો શત્રુ ખૂબ જ શક્તિશાળી છે કે જે દુષ્ટ દૂતોના મનને કાબુમાં કરે છે, અને તે ખુબજ પરિપક્વ યોજના અને કુશળ ચળવળ દ્વારા તે ખ્રિસ્તને આત્માઓના ઉધ્ધારને રોકવા ચેતવણી આપે છે.

વ્યવસાયિક ખ્રિસ્તીઓની મધ્યે અને સુવાર્તાના સેવકોની મધ્યે પણ, શેતાનને ભાગ્યેજ સંદર્ભમાં સાંભળવામાં આવે છે, સિવાય કે કદાચ ઉપદેશમંચ પર

આકસ્મિક ઉલ્લેખ થાય. તેઓ તેની સતત પ્રવૃત્તિ અને સફળતાની સાબિતીની અવગણના કરે છે; તેની સૂક્ષ્મતાની ઘણી ચેતવણીઓને તેઓ નકારી કાઢે છે; તેઓ તેના અસ્તિત્વની અવગણના કરે છે.

**(૧૧) શેતાનનો શાશ્વત હેતુ શો છે?**

***તેઓમાં આ જગતના દેવે અવિશ્વાસીઓનાં મન આંધળાં કર્યાં છે, એ માટે કે ખ્રિસ્ત જે ઈશ્વરની પ્રતિમા છે, તેમના મહિમાની સુવાર્તાના પ્રકાશનો ઉદય [તેઓ પર] ન થાય. (૨કરિંથીઓને પત્ર ૪:૪)***

જ્યારે માણસ તેના ઉપકરણોથી અજ્ઞાન છે, આ જાગૃત શત્રુ હરેક ક્ષણે તેઓના માર્ગ પર છે. તે દરેક ઘરગથ્થુ વિભાગમાં, શહેરોની તમામ શેરીઓમાં, મંડળીઓમાં, રાષ્ટ્રીય પરિષદોમાં, ન્યાયના ન્યાયાલયમાં, પોતાની ઉપસ્થિતિની ઘૂસણખોરી કરે છે, વ્યાકુળ કરનાર, છેતરનાર, મોહક, બધી જગ્યાએ પુરુષ-સ્ત્રી અને બાળકોના શરીરનો અને આત્માનો વિનાશ કરે છે, પરિવારોને તોડે છે, નફરતની વાવણી કરે છે, હરીફાઈ, ઝઘડો, રાજદ્રોહ ખૂન. અને ખ્રિસ્તી જગત આ બાબતોને ધ્યાનમાં લેશે તેમ છતાં ઈશ્વરે તેઓની નિમણુંક કરી હતી અને તેઓનું અસ્તિત્વ હોવું જ જોઈએ.

જે અવરોધો ઈશ્વરના લોકોને જગતથી અલગ રાખે છે તે અવરોધોને તોડી પાડીને શેતાન ઈશ્વરના લોકોને સતત જીતવા મથી રહ્યો છે. જ્યારે પુરાતનકાળના ઇઝરાયેલીઓ એ વિદેશીઓ સાથે પ્રતિબંધિત સંગઠન બનાવવાનું સાહસ કર્યું ત્યારે તેઓ પાપમાં લલચાયા હતા. તેવી જ રીતે આધુનિક ઇઝરાયેલ ગેરમાર્ગે દોરાયો. જેઓ ખ્રિસ્તના દૃઢ અનુયાયીઓ નથી તેઓ શેતાનના સેવકો છે. અપવિત્ર હૃદયમાં પાપની પ્રીતિ અને બહાનું કાઢવાની અને વળગી રહેવાની પ્રકૃતિ છે. નવીનીકરણના હૃદયમાં પાપનો તિરસ્કાર છે અને તેની વિરુદ્ધ પ્રતિકાર નિર્ધારિત કર્યો છે.

જ્યારે ખ્રિસ્તીઓ અપવિત્ર અને અવિશ્વાસુ સમાજની પસંદગી કરે છે, તેઓ પોતાની જાતને પરીક્ષણ આગળ ખુલ્લી કરે છે. શેતાન દ્રશ્યમાંથી પોતાની જાતને સંતાડે છે અને ચોરીથી તેઓની આંખો પર ભ્રામક આવરણ દોરે છે. તેઓ જોઈ શકતા નથી કે આવી સંગત તેમને

નુકશાન પહોંચાડવાની ગણતરીથી જ હોય છે; અને જ્યારે તમામ સમયે દુનિયા માટે ચરિત્રમાં, શબ્દોમાં, અને કાર્યોમાં આત્મસાત કરે છે ને તેઓ વધુ ને વધુ આંધળા થતા જાય છે.

**(૧૨) વિશ્વની અનુરૂપતાથી આપણે માત્ર કઈ રીતે સુરક્ષિત રહીશું?**

***દુષ્ટના માર્ગમાં પ્રવેશ ન કર; અને ભૂંડા માણસોના રસ્તામાં ન ચાલ. (નીતિવચન ૪:૧૪)***

સાંસારિક રિવાજ ને અનુરૂપતા મંડળીને સંસાર તરફ ફેરવે છે; તે ક્યારેય સંસારને ખ્રિસ્ત તરફ ફેરવતું નથી. પાપ સાથેની ખ્યાતિ ઓછા પ્રતિકારક દેખાવવાનું અનિવાર્ય કારણ છે. જે કોઈ શેતાનના સેવક સાથે સહભાગી થવાનું પસંદ કરે છે તેઓ થોડા જ સમયમાં તેઓના સ્વામીનું ભય રાખતા બંધ થઈ જશે. જ્યારે ફરજની રીતમાં આપણે ખટલામાં લવાયા છીએ, જેમ દાનીએલ રાજ દરબારમાં હતો, આપણે ચોક્કસ છીએ કે ઈશ્વર આપણું રક્ષણ કરશે; પણ જો આપણે આપણી જાતને પરીક્ષણ નીચે રાખીશું તો વ્હેલા અથવા મોડા આપણે પડીશું જ.

**(૧૩) આપણી પ્રશંસા પર લક્ષ્ય ન રાખવું અને તેને ન અનુસરવું એમ આપણને કોણે ચેતવ્યા છે?**

***દુષ્ટ માણસોની અદેખાઈ ન કર, અને તેમની સાથે રહેવાની ઈચ્છા ન કર. (નીતિવચન ૨૪:૧)***

તેના અંકુશમાં રહીને ઓછામાં ઓછા શંકાસ્પદ જે છે તેના દ્વારા પરીક્ષક ક્યારેક મોટી સફળતાપૂર્વક કામ કરે છે. પ્રતિભાના અને શિક્ષણના માલિકો સન્માન અને વખાણ પામે છે, જેમ કે ઈશ્વરના ભયની ગેરહાજરી માટે આ ગુણવત્તાઓ પ્રાયશ્ચિત કરી શકે અથવા માણસોને તેની તરફેણમાં લાવે. પ્રતિભા અને સંસ્કૃતિ જે તેઓમાં માનવામાં આવે છે, તે ઈશ્વરની ભેટ છે; પણ જ્યારે આ ધર્મનિષ્ઠાની જગ્યા પુરી પાડવા બનાવાય છે, જ્યારે આત્માને ઈશ્વરની નજીક લાવવાને બદલે, તેઓ તેને દૂર દોરી જાય ત્યારે તેઓ શ્રાપ અને ફાંદારૂપ બને છે.

ઘણા સાથે અભિપ્રાય પ્રબળ થાય છે કે જેઓ શિષ્ટાચાર અને શુદ્ધિકરણ જેવા દેખાય છે, અમુક અર્થમાં ખ્રિસ્ત સાથે સંબંધિત કરવું જ જોઈએ. તેમાં ક્યાંય મહાન ભૂલ હતી જ નહીં. આ ગુણોએ હરેક ખ્રિસ્તીના ચરિત્ર પર કૃપા કરવી જ જોઈએ, કેમકે તેઓ સાચા ધર્મના પક્ષમાં એક શક્તિશાળી પ્રભાવ પાડે છે; પરંતુ તેઓએ ઈશ્વર સાથે પવિત્ર રેહવું જ જોઈએ અથવા તેઓ પણ દુષ્ટ માટે શક્તિ છે.

ઘણા બધા બુદ્ધિ અને સુખદ રિતભાતની સંસ્કૃતિના માણસો જેઓ અનૈતિક કાર્યો જે સામાન્ય રીતે માનવામાં આવે છે તેની આગળ નમી જતા નથી, જે શેતાનના હાથમાનું માત્ર સૌમ્ય વાજિંત્ર છે. તેના પ્રભાવનું કપટી અને ભ્રામક ચરિત્ર અને જેઓ અજ્ઞાન અને અસંસ્કૃત લોકો છે તેના કરતા ખ્રિસ્તના કારણે અધિક ભયંકર દુશ્મન થયા તેવું ઉદાહરણ તેને જણાવે છે.

**(૧૪) કોણ એકમાત્ર જ્ઞાનનો સ્ત્રોત અને આત્મિક શક્તિ છે?**

***ઈશ્વર આપણા આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે. (ગીતશાસ્ત્ર ૪૬:૧)***

નિષ્ઠાપૂર્વક પ્રાર્થના અને ઈશ્વર પરના આધાર દ્વારા, સુલેમાને એવુ જ્ઞાન પ્રાપ્ત કર્યું કે જેણે જગતની પ્રશંશા અને આશ્ચર્યને ઉતેજીત કર્યું. પણ જ્યારે તે તેના સ્ત્રોત તરફથી ફરી ગયો, અને પોતાની જાત ઉપર આધાર રાખીને આગળ વધ્યો, તે પરિક્ષણનો શિકાર બન્યો. ત્યારે અદ્ભૂત શક્તિઓ આ બુદ્ધિશાળીઓના રાજા ઉપર અર્પિત થઈ. વિરોધી આત્માઓનો એક વધુ અસરકારક એજન્ટ પ્રસ્તુત કર્યો.

**(૧૫) મહાન વિવાદ ને જીતવાના તેના પ્રયાસમાં શેતાને કઈ રણનીતિ અપનાવી?**

***સાવચેત થાઓ, જાગતા રહો; [કેમ કે] તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની જેમ કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે. (૧પિતરનો પત્ર ૫:૮)***

આદમના વખતથી લઈને આપણા વખત સુધી, આપણો મહાન શત્રુ જુલમ કરવા અને નાશ કરવા તેની

તાકાત વાપરતો આવ્યો છે. તે હાલ મંડળી વિરુદ્ધના તેના અંતિમ અભિયાન માટે તૈયારી કરી રહ્યો છે. જે કોઈ ખ્રિસ્તને અનુસરવાનું શોધે છે તેઓ આ અવિરત શત્રુ સાથે સંઘર્ષમાં લવાશે. જેટલી નજીકથી ખ્રિસ્તીઓ આ ઈશ્વરીય રીતનું અનુકરણ કરે છે તેટલી ચોકસાઈથી તે પોતાને શેતાનના હુમલાના ચિન્હરૂપ બનાવશે. જેટલા પણ સક્રિય રીતે ઈશ્વરના કાર્યમાં જોડાયેલા છે, તેઓ દરેક દુષ્ટની છેતરપિંડી નો પર્દાફાશ કરવાનું શોધી રહ્યા છે અને લોકોની સમક્ષ ખ્રિસ્તને પ્રકટ કરે છે, અને તેઓ પાઉલ ની સાક્ષીમાં સામેલ થઈ શકશે, કે જેમાં તે ઈશ્વરની સેવા મન ની નમ્રતાથી, ઘણાં આંસુઓ અને પરીક્ષણોમાં કરવી એ બાબત જણાવે છે.

**(૧૬) શેતાનના છળ -કપટથી આપણને કઈ બાબત બચાવશે?**

***શેતાનની કુયુક્તિઓની સામે તમે દૃઢ રહી શકો માટે ઈશ્વરનાં સર્વ હથિયારો સજો. (એફેસીઓને પત્ર ૬:૧૧)***

શેતાને ઈસુ પર ઉગ્ર અને સૌથી સૂક્ષ્મ પરિક્ષણથી આક્રમણ કર્યું, પણ હરેક સંઘર્ષમાં તે પાછો જ ફેંકાયો. તે લડાઈઓ આપણા વતી લડાઈ હતી; તે જીતે આપણા માટે વિજયને શક્ય બનાવ્યો. હરેક જેઓ સામર્થ્યને શોધે છે ખ્રિસ્ત તેઓને સામર્થ્ય આપશે. કોઈ પણ મનુષ્ય તેની પોતાની સંમતિ વગર શેતાનથી જીતી શકાય નહીં. પરીક્ષકની પાસે ઈચ્છાઓને અંકુશમાં લેવાની સત્તા નથી અથવા કોઈ આત્માને પરાણે પાપ કરવી શકે નહીં. તે તકલીફ આપી શકે પરંતુ દૂષિત કરી શકતો નથી. તે દુઃખ નું કારણ બની શકે પરંતુ અશુદ્ધ થવાનું નહિ. તે હકીકત કે જેને ખ્રિસ્તે જીતી છે, તેના અનુયાયીઓને પાપ અને શેતાનની સામેનું યુદ્ધ મનોયોગથી લડવાની હિંમતની સાથે પ્રેરણા આપતી હોવી જોઈએ.

(૧૭) આપણું જીવન કેવી રીતે અશુદ્ધિઓથી સ્વતંત્ર રહી શકે?

*જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુદ્ધ કરી શકે? તમારા વચન પ્રમાણે [તેને વિષે] સાવધ રહેવાથી. (ગીતશાસ્ત્ર ૧૧૯:૯)*

(૧૮) આપણે ઈશ્વર પાસેથી કેવા વાયદાઓનો દાવો કરી શકીએ?

*માણસ સહન ન કરી શકે એવું કંઈ પરીક્ષણ તમને થયું નથી. વળી ઈશ્વર વિશ્વાસુ છે, તે તમારી શક્તિ ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ. પણ તમે તે સહન કરી શકો, માટે પરીક્ષણ સાથે છૂટકાનો માર્ગ પણ રાખશે. (૧કરિંથીઓને પત્ર ૧૦:૧૩)*

*હું આભારી છું કે ઈશ્વરે તેના બાળકોના હ્રદયોમાં શેતાન પ્રત્યે દુશ્મનાવટ મુકવાનો વાયદો કર્યો છે.*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*

*હું આત્મિક જ્ઞાન અને ઈશ્વરના મહાન વચન માટે પ્રાર્થના કરું છું, અને તેની કૃપા દ્વારા, હું શેતાનની પ્રગતિઓ નો સામનો કરવા નિર્ધારિત કરાયો છું.*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*

*હું સહન કરી શકું તેનાથી વધુ પરીક્ષણ મારા પર ન આવે તેવા ઈશ્વરના વાયદાનો હું દાવો કરું છું અને છટકવાના માર્ગને પસંદ કરવાના ડહાપણ માટે હું પ્રાર્થના કરું છું.*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*

*મને ખ્યાલ છે કે જેઓ ખ્રિસ્ત માટે જીવે છે તેઓએ સતાવણીને સહન કરવી પડશે અને હું ખ્રિસ્ત પ્રત્યેના પ્રેમમાં તેને સહન કરવા તૈયાર છું.*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*



## પાઠ ૩
## દુષ્ટ આત્માની સંસ્થા

**(૧) મહાન વિવાદમાં શાસ્ત્ર કેવી રીતે શેતાનની શક્તિને ઓળખી શકે?**

***કેમ કે આપણું આ યુદ્ધ રક્ત તથા માંસની સામે નથી, પણ અધિપતિઓની સામે, અધિકારીઓની સામે, આ અંધકારરૂપી જગતના સત્તાધારીઓની સામે, આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક [લશ્કરો] ની સામે છે. (એફેસીઓને પત્ર ૬:૧૨)***

દ્રશ્ય જગતનો અદ્રશ્ય જગત સાથે સંબંધ, ઈશ્વરના દૂતોની સેવા, અને દુષ્ટ આત્માઓની એજેન્સી, સ્પષ્ટ રીતે શાસ્ત્રમાં ઉલ્લેખિત, અને માનવ ઈતિહાસ સાથે અવિભાજ્ય રીતે ગૂંથેલા છે. અને દુષ્ટ આત્માઓના અસ્તિત્વમાં અવિશ્વાસ કરવો એ વૃદ્ધિ પામતું વલણ છે, જ્યારે પવિત્ર દૂતો "જેઓ તારણના વારસદાર છે તેઓની સેવા કરે છે" (હિબ્રુ૧:૧૪) તેઓ ઘણા દ્વારા મરણની આત્માઓ હોવાનું માનવામાં આવે છે. શાસ્ત્ર ફક્ત સારા અને ખરાબ બન્ને દૂતોના અસ્તિત્વ વિશે જ શીખવતું

નથી, પરંતુ નિર્વિવાદીત સાબિતી પ્રસ્તુત કરે છે કે આ મરેલા માણસોની વિખરાયેલી આત્માઓ નથી.

**(૨) મહાન વિવાદના આરંભ પહેલા તમામ દૂતો ક્યાં રહેતા હતા?**

***મેં જોયું, તો રાજ્યાસન, તથા પ્રાણીઓ તથા વડીલોની આસપાસ મેં ઘણા દૂતોની વાણી સાંભળી. તેઓની ગણતરી લાખોલાખ અને હજારોહજાર હતી. (પ્રકટીકરણ ૫:૧૧)***

**(૩) પતિત દૂતોના સંદર્ભમાં શાસ્ત્રમાં ક્યુ નામ વપરાયેલું છે?**

***તું વિશ્વાસ કરે છે કે, ઈશ્વર એક છે; તો તું સારું કરે છે; દુષ્ટાત્માઓ પણ વિશ્વાસ કરે છે, અને કાંપે છે. (યાકૂબનો પત્ર ૨:૧૯)***

**(૪) આ પતિત જાતિ હાલ ક્યાં રહે છે?**

***તે મોટા અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યો, અને તેની સાથે તેના દૂતોને પણ નાખી દેવામાં આવ્યા. (પ્રકટીકરણ ૧૨:૯)***

**(૫) દૂતોની તુલનામાં માણસ ક્યાં સ્તર પર માણસ બનાવાયું હતું?**

***કેમ કે તમે તેને ઈશ્વર કરતાં થોડો જ ઊતરતો સૃજ્યો છે, અને તમે તેના પર ગૌરવ તથા માનનો મુગટ મૂકો છો. (ગીતશાસ્ત્ર ૮:૫)***

મનુષ્યની ઉત્પત્તિ પહેલા, દૂતો અસ્તિત્વમાં હતા; કેમ કે જ્યારે પૃથ્વીનો પાયો નંખાયો, “પ્રભાતનો તારો સાથે ગાયો, અને ઈશ્વરના તમામ દિકરાઓએ આનંદ માટે પોકાર કર્યો” અયુબ૩૮:૭. માણસના પતન પછી, દૂતોને

જીવનના વૃક્ષનું રક્ષણ કરવા મોકલાયા, મનુષ્ય મરી ગયો તે પહેલાં આ થયું હતું. પ્રાકૃતિક રીતે સ્વર્ગદૂતો માણસો કરતા ચડિયાતા છે, કેમ કે ગીતશાસ્ત્રકાર કહે છે કે માણસ "સ્વર્ગદૂતો કરતા થોડોજ ઉતરતો બનાવાયો છે."

**(૬) ઈશ્વરે સર્જેલ દેવદૂતોની સંખ્યા શાસ્ત્ર કેવી રીતે વર્ણવે છે?**

***મેં જોયું, તો રાજ્યાસન, તથા પ્રાણીઓ તથા વડીલોની આસપાસ મેં ઘણા દૂતોની વાણી સાંભળી. તેઓની ગણતરી લાખોલાખ અને હજારોહજાર હતી. (પ્રકટીકરણ ૫:૧૧)***

શાસ્ત્રમાં આપણને સ્વર્ગીય લોકોની સંખ્યા, અને સત્તા અને મહિમા, ઈશ્વરીય વહીવટ સાથેનો તેમનો સંબંધ અને તારણના કાર્ય સાથેના તેમના સંબંધ વિશે પણ જણાવવામાં આવેલ છે. "ઈશ્વરે સ્વર્ગમાં તેમનું સિંહાસન તૈયાર કર્યું છે, અને તેમનું રાજ્ય બધા પર શાસન ચલાવે છે." અને પ્રબોધક કહે છે, "મેં સિંહાસનની આસપાસ ઘણા સ્વર્ગદૂતોનો અવાજ સાંભળ્યો." રાજાઓના રાજાના હાજર ખંડમાં તેઓ રાહ જુએ છે -સ્વર્ગદૂતો, "તે સામર્થ્ય માં ચડિયાતું છે", તેના સેવકો તેને ખુશ કરે છે, "તેના શબ્દનો અવાજ સાંભળીને." ગી.શા૧૦૩:૧૯ - ૨૧;પ્રકટિકરણ ૫:૧૧. દસ હજાર ગુણ્યા દસ હજાર અને હજારો વખત, સ્વર્ગીય સંદેશાવાહકો પ્રબોધક દાનીયેલ દ્વારા જોવાયા. પ્રેરિત પાઉલ તેઓને જાહેર કરે છે, "અસંખ્ય ટુકડી." દાનીએલ ૭:૧૦;હિબ્રુ૧૨:૨૨.

**(૭) કેટલા સ્વર્ગદૂતોએ દુષ્ટતાના કાર્યને પસંદ કર્યું?**

***તેનાં પૂંછડાએ આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને તેઓને પૃથ્વી પર નાખ્યા. અને જે સ્ત્રીને પ્રસવ થવાનો હતો, તેને જ્યારે પ્રસવ થાય ત્યારે તેના બાળકને ખાઈ***

*જવા માટે તે [અજગર] તેની આગળ ઊભો રહ્યો હતો. (પ્રકટીકરણ ૧૨:૪)*

**(૮) સ્વર્ગદૂતોનો બાહ્ય દેખાવ કેવો છે?**

***એ પ્રાણીઓનો દેખાવ અગ્નિના બળતા અંગારા જેવો તથા મશાલોની જોત જેવો હતો. તે [ચળકાટ] તે પ્રાણીઓની વચ્ચે ચઢઊતર કરતો હતો. તે અગ્નિ ચળકતો હતો, ને તેમાંથી વીજળી નીકળતી હતી. વીજળીના ચમકારાના દેખાવની માફક તે પ્રાણીઓ આગળ દોડતાં તથા પાછાં આવતાં હતાં. (હઝકીયેલ ૧:૧૩ -૧૪)***

ઈશ્વરના સંદેશવાહકો તરીકે તેઓ આગળ વધે છે, જેમ કે "વીજળીના ચમકારાનો દેખાવ,". . . . તેઓનું આવું ચમકતું ગૌરવ, અને તેઓનું આટલુ ઝડપી ઉડ્ડયન. સ્વર્ગદૂત કે જે ઉદ્ધારકની કબર પાસે દેખાયો હતા, તેનો ચહેરો "વીજળી જેવો, અને તેના વસ્ત્રો હિમના જેવા શ્વેત" અને તેના ધાકથી ચોકીદારો ધ્રુજી ગયા "ને મરણતોલ થઈ ગયા." માથ્થી ૨૮:૩,૪.

**(૯) કઈ ઘટના આ લખાણમાં સામર્થને પ્રકટ કરે છે જે સામર્થ્ય ઈશ્વરના એક દૂતની પાસે હોય છે.**

***તે રાત્રે એમ થયું કે, યહોવામા દૂતે આવીને આશૂરીઓની છાવણીમાંના એક લાખ પંચાશી હજાર માણસોને મારી નાખ્યા. લોકો મોટી સવારે ઊઠ્યા ત્યારે, જુઓ, તે બધા મરણ પામ્યા હતા, ને તેમની લાશો ત્યાં પડી રહી હતી. (૨ રાજાઓ ૧૯:૩૫)***

સાન્હેરીબ, અભિમાની આશ્શૂરે, ઈશ્વરનો તિરસ્કાર અને નિંદા કરી, અને ઇઝરાયેલીઓને વિનાશની ધમકી આપી, "અને તે રાતે એવું થયું કે, ઈશ્વરનો દૂત બહાર ગયો, અને આશ્શૂરની છાવણીમાં હુમલો કર્યો, અને એક લાખ  પંચાશી હજાર." તેઓ "શૂરવીરના તમામ શક્તિશાળી પુરુષો, નેતાઓ, અને કપ્તાનો કાંપી નંખાયા," સાન્હેરીબના  સૈન્યમાંથી. "તેથી તે શરમના ચહેરા સાથે

પોતાના વતન પાછો આવ્યો." ૨રાજાઓ ૧૯:૩૫; ૨કાળવૃતાંત ૩૨:૨૧.

**(૧૦) માણસના પતન બાદ પતિત ન થયેલા દૂતોને ઈશ્વરે કેવી ભૂમિકા સોંપી?**

***શું તેઓ સર્વ સેવા કરનારાં આત્મા નથી, તેઓને તારણનો વારસો પામનારાઓની સેવા કરવા માટે બહાર મોકલી દેવામાં આવ્યા નથી.? (હિબ્રૂઓને પત્ર ૧:૧૪)***

ઈશ્વરના બાળકોને સારુ સ્વર્ગદૂતોને કૃપાના કાર્ય પર મોકલાયા. ઈબ્રાહિમને, આશીર્વાદના વાયદાઓથી; સદોમના દરવાજા આગળ, ન્યાયી લોત ને તેની ઉગ્ર કયામતથી છોડાવવા; એલિયાને, અરણ્યમાં ભૂખ અને થાકથી જ્યારે તે નષ્ટ થવા પર હતો; એલીસાને, તેના શત્રુ દ્વારા જ્યાં તેનું મુખ બંધ કરાયું હતું તે નગરની આસપાસ આગના રથો અને ઘોડાઓ; દાનીએલને, અજ્ઞાની રાજાના દરબારમાં ઈશ્વરીય જ્ઞાનને શોધતી વખતે, અથવા સિંહનો શિકાર થવા છોડી મુકાયો; પિતરને, હેરોદ ની અંધારકોટડીમાં મોત સુધીની સજા ભોગવી રહેલ; ફિલિપ્પીના કેદીઓને; સમુદ્રમાં વાવઝોડાની રાતે પાઉલ અને તેના સાથીઓ; કરનેલીયસનું મન ખોલવા સુવાર્તાને પ્રાપ્ત કરવા; પિતરને વિદેશીઓને સારું ઉદ્ધારના સંદેશાની સાથે વિદાય કરતા સમયે. -આવી રીતે પવિત્ર દૂતોએ દરેક યુગમાં ઈશ્વરના લોકોની સેવા કરી.

**(૧૧) વ્યક્તિગત રીતે દૂતો આપણી માટે શું કરે છે?**

***યહોવાના ભક્તોની આસપાસ તેમનો દૂત છાવણી કરે છે, અને તેમને છોડાવે છે. (ગીતશાસ્ત્ર ૩૪:૭)***

ખ્રિસ્તના દરેક અનુયાયીઓ માટે એક પાલક દૂત નિમાયેલ છે. આ સ્વર્ગીય નિરીક્ષકો ન્યાયીને દુષ્ટતાની શક્તિ થી બચાવે છે. શેતાને પોતે એ જાણ્યું જ્યારે તેણે કહ્યું, "શુ અયુબ કારણ વગર ઈશ્વરનો ભય રાખે છે? શું તું તેનું, તેના ઘરનું તથા તેના સર્વસવનું ચોગરદમ રક્ષણ કરતો નથી?" અયુબ૧:૯ -૧૦. માધ્યમ કે જેના થકી ઈશ્વર

તેના લોકોનું રક્ષણ કરે છે તેના વિશે ગીતશાસ્ત્રકાર કહે છે "યહોવાના ભક્તોની આસપાસ તેના દૂતો છાવણી કરે છે, અને તેમને છોડાવે છે."ગી.શા.૩૪:૭. ઉદ્ધારકે, જેઓ તેના પર ભરોસો રાખે છે તેના વિશે કહ્યું: "સાવધાન રહો કે આ નનાઓમાંના એકને તમે ન વખોડો, કેમ કે હું તમને કહું છું કે આકાશમાં તેઓના દૂત મારા આકાશમાના બાપનું મોં સદા જુએ છે." માથ્થી૧૮:૧૦. ઈશ્વરના દિકરાઓની સેવા કરવા ઈશ્વરના દૂતોની નિમણુંક થયેલ છે સર્વ સમયે તેઓ તેની ઉપસ્થિતિમાં પ્રવેશ કરે છે.

આમ ઈશ્વરના લોકોએ, અંધકારના રાજકુમારની ભ્રામક શક્તિ અને દુર્ભાવનાપૂર્ણ દ્વેષ ઉઘાડા કર્યા છે, અને દુષ્ટ શક્તિઓ સાથેના સંઘર્ષમાં, સ્વર્ગીય દૂતોના નિરંતર રક્ષણની ખાતરી અપાયેલ છે. જરૂરિયાત વગર આવી ખાતરી અપાયેલ નથી. જો ઈશ્વરે તેના બાળકોને કૃપા અને રક્ષણનો વાયદો મંજુર કરેલ હોય તો, તે એના લીધે છે કે ઘણી શકિતશાળી એજન્સીઓનો હજુ સામનો થવાનો છે -એજન્સીઓ અનેક, નિર્ધારિત, અને કંટાળાજનક, કે જેની દુષ્ટતા અને શકિત કોઈપણ સુરક્ષિતરીતે અજ્ઞાન અથવા અવ્યવસ્થિત હોઈ શકે નહીં

**(૧૨) પવિત્ર દૂતોને કઈ બાબતે દુષ્ટ બનાવ્યા?**

***કેમ કે જે દૂતોએ પાપ કર્યું તેઓને ઈશ્વરે છોડયા નહિ, પણ તેઓને નરકમાં નાખીને ન્યાયકરણ થતાં સુધી અંધકારના ખાડાઓમાં રાખ્યા. (૨પિતરનો પત્ર ૨:૪)***

દુષ્ટ આત્માઓ, શરૂઆતમાં પાપ રહિત બનાવાઈ હતી, પવિત્રદૂતો કે જે હાલ ઈશ્વરના સંદેશવાહકો છે તેઓની જેમ સ્વરૂપમાં, સત્તામાં અને મહિમામા એક સરખી હતી. પણ પાપ દ્વારા પતિત થઈ, માણસના વિનાશ અને ઈશ્વરનો અનાદર કરવા એક સંઘ થઈ. શેતાનના બળવામાં તેની સાથે સયુંકત થઈ, અને તેની સાથે જ સ્વર્ગમાંથી હાંકી કઢાઈ, તમામ અનુગામી યુગ દ્વારા,

ઈશ્વરીય અધિકાર ની વિરુદ્ધના તેના યુદ્ધમાં સહકાર આપ્યો છે. શાસ્ત્રમાં આપણને તેના સંઘ અને વહીવટ, તેઓના વિભિન્ન હુકમો, તેઓની બુદ્ધિમત્તા અને ચાલાકી અને માણસના આનંદ અને શાંતિની વિરુદ્ધની તેની દૂષિત યોજના વિશે જણાવવામાં આવેલ છે,

**(૧૩) મનુષ્યજાતને કાબુ કરવા અને છેતરવા શેતાન કઈ રીત અજમાવે છે?**

***કેમ કે તેઓ ચમત્કારો કરનારા દુષ્ટ આત્માઓ છે, જેઓ સર્વ શક્તિમાન ઈશ્વરના મહાન દિવસની લડાઈને માટે આખા જગતના રાજાઓને એકત્ર કરવા માટે તેઓની પાસે બહાર જાય છે. (પ્રકટીકરણ ૧૬:૧૪)***

જુના કરારનો ઈતિહાસ તેઓના અસ્તિત્વ અને એજન્સીનો પ્રાસંગિક ઉલ્લેખ રજૂ કરે છે. પણ તે એ સમયે હતું કે જ્યારે ખ્રિસ્ત પૃથ્વી પર હતા અને દુષ્ટ આત્માએ આશ્ચર્યજનક રીતે તેની શક્તિ પ્રગટ કરી હતી. માણસના ઉધ્ધાર માટેની ઘડેલ યોજનામાં પ્રવેશ કરીને ખ્રિસ્ત આવ્યો હતો. શેતાન જગતને કબ્જામાં લેવા પોતાનો અધિકાર વ્યક્ત કરવા નિર્ધારિત થયો.

**(૧૪) જ્યારે પાપી માણસ પરવાનગી આપે ત્યારે દુષ્ટની શક્તિઓ ક્યાં રહેશે?**

***અને સાંજ પડી ત્યારે તેઓ ઘણા ભૂતવળગેલાઓને તેમની પાસે લાવ્યા, ને તેમણે શબ્દથી તે આત્માઓને બહાર કાઢ્યા, ને બધાં માંદાંઓને સાજાં કર્યાં. (માથ્થી ૮:૧૬)***

એ હકીકત કે માણસોને દુષ્ટ આત્મા વળગ્યો છે, તેનો સ્પષ્ટ રીતે નવા કરારમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. એ વ્યક્તિઓ કે જે આનાથી પીડાતા હતા તેઓ કોઈ જ પ્રકારે કુદરતી કારણોથી ઉદ્દભવેલ રોગથી પીડાતા નહોતા. ખ્રિસ્ત જેનાથી વ્યવહાર કરતો હતો તેના વિશે તેને પોતે સંપૂર્ણ સમજ હતી. અને દુષ્ટ આત્માઓની એજેન્સી અને સીધી હાજરીને તે ઓળખી ગયો.

અને તેઓની સંખ્યા, શક્તિ, દ્વેષ, અને ખ્રિસ્તની કૃપા અને શકિત વિશે પણ આશ્ચર્યજનક ઉદાહરણ શાસ્ત્રમાં અપાયેલું છે, દશનગરમાં દુષ્ટ આત્માથી પીડિતનો

છુટકારો. તે ધૃણાસ્પદ માણસ, તમામ સંયમ છોડી દેતો, તડપતો, ફીણ કાઢતો, હિંસક, આ તમામ વાતાવરણને ચીસોથી ભરી દેતા, પોતાની જાતને નુકસાન પહોંચાડતો, અને જે કોઈ તેની પાસે જતો તેને જોખમમાં મૂકી દેતો. તેઓના લોહીથી ખરડાયેલા અને ખંડિત શરીરો અને વિચલિત મનોએ અંધકારના રાજકુમારનો ભવ્ય દેખાવ પ્રસ્તુત કર્યો.

**(૧૫) દશનગરના એ માણસમા કેટલી આત્માઓ વસેલી હતી?**

***અને ઈસુએ તેને પૂછ્યું, "તારું નામ શું?" અને તેણે તેમને ઉત્તર આપ્યો, "મારું નામ સેના છે; કેમ કે અમે ઘણા છીએ." (માર્ક ૫:૯)***

રોમન સૈન્યમાં એક ટુકડીમાં ત્રણ હજાર થી પાંચ હજાર સૈનિકોનો સમાવેશ થાય છે. શેતાનના યજમાનો પણ સંગતિમાં સજ્જ છે, અને એક જ સંગત કે જેમાં આ દુષ્ટો સામેલ હોય તેઓની સંખ્યા એક ટુકડી કરતા ઓછી ના હોય.

**(૧૬) કોના નામના સામર્થથી આ દુષ્ટ શક્તિઓ નાસી જાય છે?**

***તે સિત્તેર હરખાતા હરખાતા પાછા આવ્યા, અને તેઓએ કહ્યું, "પ્રભુ, તમારા નામથી દુષ્ટાત્માઓ પણ અમારે તાબે થયા છે." (લૂક ૧૦:૧૭)***

ઈસુની આજ્ઞાથી પીડિત વ્યક્તિમાંથી દુષ્ટ આત્મા નીકળી જાય છે, તેઓને છોડીને ઈસુના ચરણોમાં શાંતિથી બેસે, પરાજિત, બુદ્ધિશાળી, અને સૌમ્ય. . . . . . . તે નગરના લોકો શેતાનના બંધનો ઈસુના સામર્થ્યથી તૂટતાં અને છૂટતા જુએ તેવી ઈચ્છા પણ ઈસુની હતી. જો કે ઈસુએ પોતે જ વિદાય લીધી, તે માણસનો આશ્ચર્યજનક રીતે છૂટકો થયો, તેના આશ્રયદાતાની કૃપા જાહેર કરવા રખાયો.

**(૧૭) કયા સમજદારનું પસંદ કાર્ય પ્રગટ કરે છે કે દુષ્ટ આત્માનો કબ્જો પસંદગી દ્વારા જ થઈ શકે?**

***પણ એલિમાસ જાદુગર (કેમ કે તેના નામનો અર્થ એ જ છે), તે હાકેમને વિશ્વાસ કરતાં અટકાવવાની મતલબથી તેઓની સામો થયો. (પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૮)***

દુષ્ટ આત્મા વળગેલા હંમેશા ખુબજ પીડામાં હોવાનું રજૂ કરે છે; તેમ છતાં આ નિયમને અપવાદો હતા. અલૌકિક શકિત પ્રાપ્ત કરવાની ખાતર, કેટલાએકે શેતાની પ્રભાવને સ્વાગત કર્યું. આ બાબતને શેતાન સાથે કોઈ જ સંઘર્ષ નહોતો. ભવિષયકથન ની આત્મા વળગેલા આ વર્ગના હતા, -સિમોન જાદુગર, અલિમાસ જાદુગર અને કુંવારી છોકરી જેઓએ પાઉલ, સિલાસ અને ફિલિપનું અનુસરણ કર્યું.

**(૧૮) લુસિફર જે હાલ શેતાન તરીકે ઓળખાય છે તેના શારીરિક દેખાવ વિશે આ વચન કેવી રીતે વર્ણન કરે છે?**

***તારા સૌદર્યને લીધે તારું મન ગર્વિષ્ઠ થયું, તારા વૈભવને લીધે તેં તારી બુદ્દિધ ભ્રષ્ટ કરી છે. મેં તને જમીનદોસ્ત કર્યો છે, રાજાઓ તને જુએ માટે મેં તેઓની આગળ તને ખડો કર્યો છે. (હઝકિયેલ ૨૮:૧૭)***

તેના ઉપકરણોથી આપણે માહિતગાર થઈએ તે ડર સિવાય આ મહાન દુષ્ટને બીજો કોઈ જ ડર નથી. તેના ખરા ચરિત્ર અને હેતુઓને છાવરવા તે સારું છે. ઉપહાસ અથવા તિરસ્કારની મજબૂત લાગણીઓને ઉત્તેજીત કરનારના રૂપમાં પોતાને રજૂ કરનાર તરીકે પોતાની જાતને માની છે. તે પોતાને મૂર્ખાઈભર્યો, ધૃણાસ્પદ, કદરૂપો, અડધો પ્રાણી અડધો માણસ તરીકે રંગાયેલામાં ખુબજ આનંદિત છે. જેઓ પોતાની જાતને બુદ્દિધશાળી અને સારા જાણકાર તરીકે માને છે તેઓ દ્વારા તે પોતાનું નામ

શિકારી અને વિનોદી તરીકે ઉપયોગમાં લેવાય તેમાં આનંદ માને છે.

**(૧૯) બાઈબલ કયા કાર્યોને શીખવે છે કે જે કપટને રોકવા ડહાપણ આપે છે.**

***શેતાનની કુયુક્તિઓની સામે તમે દૃઢ રહી શકો માટે ઈશ્વરનાં સર્વ હથિયારો સજો. (એફેસીઓને પત્ર ૬:૧૧)***

***જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવી રીતે કામ કરનાર, અને ઈશ્વરને પસંદ પડે એવો સેવક થવાને પ્રયત્ન કર. (૨તિમોથીને પત્ર ૨:૧૫)***

તે એટલા માટે છે કે તેણે પોતાને સંતોષકારક કુશળતાથી ઢાંકયો છે કે પ્રશ્નો વ્યાપક રીતે પૂછવામાં આવે છે: “શું ખરેખર આવા લોકોનું અસ્તિત્વ છે?” તે તેના સફળતાની સાબિતી છે કે શાસ્ત્રની સ્પષ્ટ સાક્ષીઓને સિદ્ધાંતો જુઠ્ઠાણું આપી રહ્યા છે જે ધાર્મિક જગતમાં સામાન્ય રીતે સ્વીકારમાં આવે છે. અને જેઓ શેતાનના પ્રભાવ વિશે સજાગ નથી તેઓના મન શેતાન ખુબજ સહેલાઈથી કાબુ કરી શકે તે કારણથી તે છે, કે ઈશ્વરનું વચન આપણને તેના જીવલેણ કાર્યો વિશે ઘણાબધા ઉદાહરણો આપે છે, તથા તેની ગુપ્ત શક્તિઓને ઉઘાડી કરે છે, અને આમ તેના હુમલા વિરુદ્ધ આપણે સારુ રક્ષણ પૂરું પાડે છે.

**(૨૦)જ્યારે  દુષ્ટની શક્તિઓ દ્વારા આપણા પર હુમલો કરાય છે ત્યારે કયા રક્ષણનો મહાન વાયદાનો આપણે દાવો કરીએ છીએ?**

***હે યહોવા પર પ્રેમ કરનારાઓ, તમે દુષ્ટતાનો દ્વેષ કરો; તે પોતાના ભક્તોના આત્માઓનું રક્ષણ કરે છે; દુષ્ટોના હાથમાંથી તે તેઓને છોડાવે છે. (ગીતશાસ્ત્ર ૯૭:૧૦)***

શેતાન અને તેના યજમાનોની શક્તિ અને દ્વેષ આપણને ચેતવણી આપશે, કે આપણા ઉદ્ધારકની શ્રેષ્ઠ શક્તિમાં આપણે આશ્રય અને છુટકારો શોધીએ તે નહોતું. આપણે ચોર અને લૂંટારાઓથી આપણી સંપત્તિ અને

આપણા જીવનોનું રક્ષણ કરવા આપણા ઘરોને બોલ્ટ અને તાળાથી કાળજીપૂર્વક સુરક્ષિત કરીએ છીએ; પણ આપણે ભાગ્યે જ એ દૂતો વિશે વિચારીએ છીએ કે જે આપણામાં સતત પ્રવેશવા લાગ શોધી રહ્યા છે, અને જેની ઉપર આપણાં હુમલાઓ છે, આપણા સામર્થ્યમાં સંરક્ષણની કોઈ પદ્ધતિ નથી. જો પરવાનગી અપાય તો તેઓ આપણા મનને વિચલિત કરી શકે છે, આપણા શરીરમાં ગરબડ અને ત્રાસ આપી શકે છે, આપણી સંપત્તિ અને આપણા જીવનોને નાશ કરી શકે છે.

જેઓ ઈશ્વરીય દાવાઓની સામા થાય છે અને શેતાનના પરિક્ષણને ઉપજાવે છે તેઓની પરિસ્થિતિ જ્યાં સુધી ઈશ્વર તેઓને દુષ્ટ આત્માઓ ઉપર કાબુ ન આપે ત્યાં સુધી ભયજનક છે. પણ જેઓ ખ્રિસ્તને અનુસરે છે તેઓ તેના ચોકી -પહેરા હેઠળ છે. દૂતો કે જેઓ સામર્થમાં ચડિયાતા છે તેઓને સ્વર્ગમાંથી તેઓની રક્ષા કરવા મોકલાય છે. જે રક્ષણ ઈશ્વરે તેના લોકોની ખાતર સ્થિર રાખ્યું છે તેને દુષ્ટો તોડી શકતા નથી.

***હું શાસ્ત્રમાંથી સમજુ છું કે સારા અને ખરાબ વચ્ચેના વૈશ્વિક સંઘર્ષમાં હું પકડાયો છું. મને ખ્યાલ છે કે શેતાનની શક્તિઓ મૃત માણસોની આત્માઓ નથી પરંતુ તેઓ એ પતિત દૂતો છે કે જેઓ હું ઈશ્વરની કૃપાની ભેટનો દાવો કરું છું માટે મારા વિનાશની શોધ કરે છે.***

***વર્તુળ:*** ***હા*** ***અવ્યવસ્થિત***

***હું આભારી છું કે ઈશ્વર તેના અપતિત સંદેશાવાહકોને આ મહાન વિવાદમાં મારી જરૂરિયાતો અને રક્ષણ પૂરું પાડવા મોકલે છે.***

***વર્તુળ:*** ***હા*** ***અવ્યવસ્થિત***

***મને ખ્યાલ છે કે હું બુદ્ધિ, શક્તિ, અથવા શેતાનની અને તેના દુષ્ટ કાર્યકરોની ક્ષમતાઓ માટે બરોબરિયો નથી. હું ઈશ્વરનો આભાર માનું છું કે દુષ્ટની શક્તિઓમાંથી છુટકારો મેળવવા ખ્રિસ્તના નામમાં અલૌકિક શક્તિનો હું દાવો કરી શકું છું.***

***વર્તુળ:*** ***હા*** ***અવ્યવસ્થિત***

હું જાણું છું કે અંતના દિવસોમાં અંધકારની શક્તિઓ મને છેતરવા અદ્ભૂતો ચિહ્નો અને ચમત્કારોનો ઉપયોગ કરશે. ઈશ્વરના વચનના મારા અભ્યાસને દોરવણી આપવા હું પવિત્ર આત્મા માટે પ્રાર્થના કરું છું કે જેથી હું છેતરાવું નહિ.

વર્તુળ: હા અવ્યવસ્થિત



## પાઠ ૪
## શેતાનના ફાંદાઓ

**(૧) મહાન વિવાદમાં શેતાનનો એકમાત્ર ધ્યેય શો છે?**

***તેણે તેને ઊંડાણમાં નાખી દઈને તેને બંધ કર્યું, અને તે પર મુદ્રા કરી, જેથી હજાર વર્ષ પૂરાં થતાં સુધી તે ફરી લોકોને ભુલાવે નહિ. ત્યાર પછી થોડીવાર સુધી તેને છૂટો કરવો પડશે. (પ્રકટીકરણ ૨૦:૩)***

શેતાન અને ખ્રિસ્ત વચ્ચેનો મહાન વિવાદ અંદાજે છ હજાર વર્ષોથી આગળ લવાયો છે, જે હવે ટૂંક સમયમાં બંધ થવા પર છે; અને માણસના વતી ખ્રિસ્તનું જે કાર્ય છે તેને પરાજિત કરવા હરેક દુષ્ટ તેના પ્રયત્નો વધારે છે, અને આત્માઓને તેના ફાંદામાં ફસાવે છે. અને તારણહારની મધ્યસ્થતા ખતમ થાય ત્યાં સુધી લોકોને અંધકાર અને અભેદ્યતામાં પકડી રાખવા. અને ત્યાં પાપ માટે હવે બલિદાન નથી, તે જ હેતુ સાધવા તે મથે છે.

**(૨) શેતાનના કપટથી આપણું રક્ષણ કરવા કઈ બે ભાગની સૂચના આપણને અપાય છે?**

***માટે તમે ઈશ્વરને આધીન થાઓ; પણ શેતાનની સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે. (યાકૂબનો પત્ર ૪:૭)***

જ્યારે તેની શક્તિનો સામનો કરવા કોઈ ખાસ પ્રયત્ન ન કરાયો, જ્યારે મંડળીમાં અને જગતમાં ઉદાસીનતા જોર કરે છે, ત્યારે શેતાનને ફરક પડતો નથી; કેમ કે જેઓને તે તેની મરજી મુજબ બંધક બનાવી રહ્યો છે તેઓને ખોવામાં તેને કોઈજ જોખમ નથી. પણ જ્યારે અનંત બાબતો પર લક્ષ લગાડાય છે અને આત્માઓ પૂછે છે, "તારણ પામવા મારે શું કરવું જોઈએ?" ત્યારે તે મેદાનમાં આવી જાય છે, ખ્રિસ્તની શક્તિની વિરુદ્ધ તે પોતાની શક્તિઓને સરખાવવા શોધી રહે છે અને પવિત્ર આત્માના પ્રભાવને પ્રતિકાર કરે છે.

**(3) કઈ બાઈબલ આધારિત સલાહ આપણને શરીરની વાસનાઓ પર વિજય મેળવવા મદદરૂપ થાય છે?**

***પણ હું કહું છું કે, આત્માથી ચાલો, એટલે તમે દેહની વાસના તૃપ્ત કરશો નહિ. (ગલાતીઓને પત્ર ૫:૧૬)***

ફરીવાર, આધ્યાત્મિક અંધકાર કે જે લોકોને પરેશાન કરે છે તેના કારણે ઈશ્વરના સેવકો પાસે બોજ છે તે શેતાન જુએ છે. ઉદાસીનતા, બેદરકારી અને અહંકારના મંત્રને તોડી પાડવા ઈશ્વરીય કૃપા અને શક્તિ માટેની તેઓની આગ્રહની પ્રાથનાને શેતાન સાંભળે છે. ત્યારબાદ નવા ઉત્સાહથી તે પોતાની કળાઓ ચલાવે છે. તે માણસને ભોગ -વિલાસ અથવા આત્મસંતોષના બીજા પ્રકાર માટે પરીક્ષણમાં પાડે છે. અને આમ તેઓની સંવેદનાઓને જડ કરે છે કે જેથી તેઓને જે ખાસ બાબત શીખવાની જરૂર હોય તેને સાંભળવામાં નિષ્ફળ જાય.

**(૪) અનંતકાળની બાબતો તરફથી આપણા વિચારોને વિચલિત કરવા શેતાન ક્યાં ત્રણ મુખ્ય વળાંકોનો ઉપયોગ**

**કરે છે?**

***પણ આ કાળની ચિંતાઓ તથા દોલતનો આનંદ તથા બીજી વસ્તુઓનો લોભ તેઓમાં પ્રવેશ પામીને વાતને દાબી નાખે છે, ને તે નિષ્ફળ થાય છે. (માર્ક ૪:૧૯)***

શેતાન સારી પેઠે જાણે છે કે તે દરેક કે જેઓને તે પ્રાર્થના અને શાસ્ત્રની શોધની અવગણના તરફ દોરી શકે છે, તેઓને તે તેના હુમલા વડે જીતશે. તેથી મનને ભ્રમિત કરવા તે શક્ય તેટલા ઉપકરણોની શોધ કરે છે.

**(૫) જેઓ ખ્રિસ્તી હોવાનો દાવો કરે છે પરંતુ તેઓ ખ્રિસ્તી નથી તેવા લોકોનો શેતાન કેવી રીતે ઉપયોગ કરે છે?**

***હવે, ભાઈઓ, હું તમને વિનંતી કરું છું કે, જે બોધ તમને મળે છે તેથી વિરુદ્ધ જેઓ તમારામાં ભાગલા પાડે છે ને ઠોકરરૂપ થાય છે, તેઓને ધ્યાનમાં રાખીને તમે તેઓનાથી દૂર રહો. (રોમનોને પત્ર ૧૬:૧૭)***

ત્યાં ગૌરવ દર્શાવતો એક વર્ગ છે, જે સત્ય જાણવાનું અનુસરવાને બદલે, તેઓ તેને ચરિત્રની ભૂલ શોધવાનો અથવા જેઓની સાથે તેઓ સહમત નથી તેઓના વિશ્વાસની ત્રુટિ શોધવાનો પોતાનો ધર્મ બનાવે છે. આવા શેતાનના જમણા હાથના સહાયકો છે. ભાઈઓ પર આરોપ લગાવવાવાળા થોડા નથી, તેઓ સક્રિય હોય છે જ્યારે ઈશ્વર કાર્યમાં હોય અને તેના સેવકો તેને સાચો ભક્તિભાવ અર્પણ કરતા હોય. જેઓ સત્યને પ્રેમ કરે છે અને માને છે તેઓના શબ્દો અને કાર્યો પર તેઓ ખોટો રંગ લગાવશે. તેઓ ખ્રિસ્તના સૌથી ઉમદા, ઉત્સાહી અને સ્વયંને નકારનાર સેવકને છેતરાયેલ અથવા છેતરનાર તરીકે પ્રસ્તુત કરે છે. હરેક સાચા અને ઉમદા કાર્યને ખોટી રીતે રજૂ કરવું, આક્ષેપને ફેરવવો, અને બિનઅનુભવી મનોમાં શંકા ઉપજાવી એ તેઓના કામ છે. હરેક બુદ્ધિગમ્ય રીતમાં તેઓ જે પવિત્ર અને ન્યાયી છે તેને ખોટું અને ભ્રામક દર્શાવવાનું શોધે છે.

**(૬) શાસ્ત્ર આવા છેતરનારાઓને કેવી રીતે ઓળખી કાઢે છે?**

*તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો. શું લોકો કાંટાનાં ઝાડ પરથી દ્રાક્ષા, અથવા ઊંટકટા પરથી અંજીર તોડે છે? (માથ્થી ૭:૧૬)*

પરંતુ તેમના વિશે કોઈએ છેતરાવવાની જરૂર નથી. તેઓ કોના બાળકો છે તે ખુબજ સહેલાઈથી જોઈ શકાશે, જેઓના ઉદાહરણો તેઓ અનુસરે છે, જેઓનું કાર્ય તેઓ કરે છે. . . તેઓનું કાર્ય શેતાન જેવું જ છે. વિષયુક્ત નિંદા,"આપણા ભાઈઓ પર આરોપ લગાવનાર."

પ્રકટિકરણ ૧૨:૧૦

મહાન છેતરનાર પાસે ઘણા બધા કાર્યકરો છે કે જેઓ આત્માઓને ફસાવવા કોઈપણ અને દરેક ભૂલ ને પ્રસ્તુત કરવા તૈયાર છે-જેઓને તે બરબાદ કરી નાખશે તેઓની ક્ષમતા અને વિવિધ સ્વાદનો દાવો કરવા પાખંડીઓ તૈયાર છે. મંડળીઓમાં ઢોંગી અને અપ્રમાણિત તત્વો લાવવા તે તેની યોજના છે જે અવિશ્વાસ અને શંકાઓને પ્રોત્સાહન આપશે, અને જે કોઈ દેવના કાર્યની ઉન્નતિ થતી જોવા ઈચ્છે અને તેની સાથે આગળ વધવા ઈચ્છે તેઓને અટકાવવા. ઘણા કે જેઓને ઈશ્વરમાં સાચો વિશ્વાસ નથી અથવા તેના શબ્દમાં કેટલાંક સત્યના સિદ્ધાંતોને સ્વીકૃત કરે અને ખ્રિસ્તી તરીકે ઉત્તીર્ણ, અને આમ શાસ્ત્રીય સિદ્ધાંતો તરીકેની તેઓની ભૂલોને રજૂ કરવા તવો સક્ષમ છે.

**(૭) સત્યને સ્વીકારવાનું પરિણામ શુ છે?**

*અને તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે." (યોહાન ૮:૩૨)*

તે સ્થિતિ કે લોકો જે વિશ્વાસ કરે છે તેનું કોઈ જ પરિણામ નથી, તે શેતાનની એક સૌથી સફળ છેતરપિંડી છે. તે જાણે છે કે સત્ય, તેના પ્રેમમાં પ્રાપ્ત કરાયું, પ્રાપ્ત કરનારની આત્માઓને પવિત્ર કરે છે; તેથી તે ખોટા સિદ્ધાંતો, દંતકથાઓ, બીજી સુવાર્તા અવેજીમાં રાખે છે. પ્રારંભમાં ઈશ્વરના સેવકોએ જુઠ્ઠા શિક્ષકો સાથે દલીલ કરી, પાપી માણસોની જેમ નહિ, પણ જુઠ્ઠાણાના પ્રેરકો જેમ, જે આત્મા માટે જીવલેણ હતું. જેઓ ઈશ્વરના

લોકોને ઈશ્વરના વચનથી ફેરવતા તેઓનો એલિયા, યરમીયા, અને પાઉલે નિશ્ચિતપણે અને નિર્ભયપણે વિરોધ કર્યો હતો. તે ઉદારતા કે જે એક ખરા ધાર્મિક વિશ્વાસને બિનમહત્વપૂર્ણ માને છે, તે સત્યના ખરા રક્ષકો સાથે કોઈ જ તરફેણ મળી નહિ.

**(૮)જેઓ પોતાની માન્યતાઓ બંધબેસાડવા શાસ્ત્રને મચડી નાખે છે તેઓનું શું થશે?**

***તેના સર્વ પત્રોમાં પણ આ વાતો વિષે તેણે એમ જ કહ્યું છે. તે [પત્રો] માં કેટલીક વાતો સમજવાને અઘરી છે, અને જેમ બીજા લેખોનો તેમ એ વાતોનો પણ અજ્ઞાન તથા અસ્થિર માણસો પોતાના નાશને માટે મારીમચડીને અવળો અર્થ કરે છે. (૨પિતરનો પત્ર ૩:૧૬)***

શાસ્ત્રનું અસ્પષ્ટ અને કાલ્પનિક અર્થઘટન, અને ધાર્મિક વિશ્વાસ વિશેના ઘણા વિરોધાભાસી સિદ્ધાંતો, જે ખ્રિસ્તી જગતમાં મળ્યા, તે આપણા મહાન શત્રુના કૃત્યો છે કે જેના દ્વારા મન ગૂંચવાય જેથી તેઓ સત્યને જાણી શકે નહીં. વિખવાદ અને વિભાગ કે જે ખ્રિસ્તીધર્મની મંડળીઓમાં અસ્તિત્વ ધરાવે છે, તે પસંદિત સિદ્ધાંતને ટેકો આપવા શાસ્ત્રને મચોડવાના પ્રવર્તમાન રિવાજ ને લીધે મહાન કાર્યવાહીમાં છે. તેની ઈચ્છાનું જ્ઞાન મેળવવા ઈશ્વરનું વચન હૃદયની નમ્રતાથી અભ્યાસ કરવાને બદલે, ઘણા ફક્ત વિચિત્ર અથવા અસલ ને શોધવાના જ પ્રયત્નો કરી રહ્યા છે.

**(૯) જેઓ ઈશ્વરના વચનનો અર્થ બદલવાનું વિચારે તેઓને કઈ ચેતવણી અપાય છે?**

***આ પુસ્તકમાંનાં ભવિષ્યવચનો જે કોઈ સાંભળે છે તેને હું સોગન દઈને કહું છું, "જો કોઈ તેઓમાં વધારો કરશે તો તેના પર ઈશ્વર આ પુસ્તકમાં લખેલા અનર્થો વધારશે. વળી જો કોઈ આ ભવિષ્યવચનના પુસ્તકમાંથી કંઈ પણ કાઢી નાખશે, તો ઈશ્વર તેનો ભાગ જીવનના ઝાડમાંથી તથા પવિત્ર નગરમાંથી, એટલે આ પુસ્તકમાં જે જે લખેલું છે તેમાંથી, કાઢી નાખશે." (પ્રકટીકરણ ૨૨:૧૮ -૧૯)***

ભૂલભરેલા સિદ્ધાંતો અથવા બિનખ્રિસ્તી આચરણો ટકાવી રાખવા માટે, સંદર્ભથી અલગ કરાયેલા શસ્ત્રના ભાગને કેટલાક જપ્ત કરી લેશે. કદાચ તેઓનો મુદ્દો સાબિત કરવા પ્રમાણે એક વચનનું અડધું અવતરીને, જ્યારે બાકીનો ભાગ એકદમ વિરોધી અર્થ દર્શાવશે. સર્પની ચાલાકીથી, તેઓએ તેમની શારીરિક ઈચ્છાઓને પુરી કરવા અસંગત ઉચ્ચારણ પાછળ પ્રવેશ કરે છે. આમ ઘણાબધા ઈરાદાપૂર્વક ઈશ્વરના વચનનો અવળો અર્થ કરે છે. અન્ય, કે જેઓ પાસે સક્રિય કલ્પનાશક્તિ છે, તેઓ પવિત્ર લખાણના આંકડા અને ચિહ્નનોને જપ્ત કરે છે. તેઓની કલ્પના શકિતને સારું લગાડવા તેઓનું અર્થઘટન કરે છે, શાસ્ત્રની ગવાહી સંબંધી તેના પોતાના અનુવાદક જેમ, બાઈબલના ઉપદેશો તરીકે તેઓ તેમની અવ્યવસ્થા રજૂ કરે છે.

જ્યારે પણ શાસ્ત્રનો અભ્યાસ પ્રાર્થનાવાદી, નમ્ર, શીખવી શકે તેવો આત્મા કરવામાં આવે છે, ત્યારે સ્પષ્ટ અને સરળ તે જ પ્રમાણે અઘરા ફકરાઓ તેમના ખરા અર્થથી એકદમ બદલાઈ જશે.

**(૧૦) ઈશ્વરની ગવાહી સરળ મન માટે શું કરશે?**

***યહોવાનો નિયમ સંપૂર્ણ છે, તે આત્માને તાજો કરે છે; યહોવાની સાક્ષી વિશ્વાસપાત્ર છે, તે અબુદ્ધને બુદ્ધિમાન કરે છે. (ગીતશાસ્ત્ર ૧૯:૭)***

જેઓ તેમના સર્જનહારની ઈચ્છાથી માહિતગાર થવા ચાહતા હતા તેઓ માટે બાઈબલ એક માર્ગદર્શક બનવા રચાયું હતું. ઈશ્વરે માણસને ભવિષયકથનના ચોક્કસ વચનો આપ્યા છે; સ્વર્ગદૂતો અને ખ્રિસ્ત પોતે પણ દાનીએલ અને યોહાનને ટૂંક સમયમાં શુ થવાનું હતું તે જણાવવા આવ્યા હતા. આપણા ઉદ્ધાર વિશેની તે અગત્યની બાબતો રહસ્યમાં સામેલ નહોતી. સત્યના પ્રામાણિક શોધકને વ્યાકુળ કરવા અને ગેરમાર્ગે દોરવાની રીતે તે બાબતો પ્રગટ નહોતી કરાઈ. પ્રબોધક હબાક્કુક દ્વારા ઇશ્વરે કહ્યું: “દર્શન લખ અને તેને સરળ બનાવ.... કે જે કોઈ તે વાંચે તે ચલાવી શકે.” જે કોઈ પ્રાર્થનાવાદી હૃદય સાથે ઈશ્વરના વચનનો અભ્યાસ કરે તેઓને માટે તે સરળ છે. દરેક ખરેખર પ્રામાણિક આત્મા સત્યના પ્રકાશની

પાસે આવશે. "ન્યાયીઓને માટે અજવાળું વાવવામાં આવ્યું છે." (ગી.શા.૯૭:૧૧).

**(૧૧) આ જગતના જ્ઞાન ને ઈશ્વર કેવી રીતે જુએ છે?**

***કેમ કે આ જગતનું જ્ઞાન ઈશ્વરની આગળ મૂર્ખતારૂપ છે; કેમ કે લખેલું છે, "તે જ્ઞાનીઓને તેઓની પક્કાઈમાં સપડાવે છે;" (૧ કરિંથીઓને પત્ર ૩:૧૯)***

ઘણા લોકોને, વૈજ્ઞાનિક સંશોધન એક શ્રાપરૂપ બન્યું છે. વિજ્ઞાન અને કળાની શોધમાં રહેલ જગત પર પ્રકાશના પુર ને રેડાવવાની ઈશ્વરે પરવાનગી આપી છે; પણ મહાન દિમાગ પણ, જો ઈશ્વરના વચન પ્રમાણે તેઓના સંશોધનમાં નિર્દેશિત ન કરાય, તો પ્રકટિકરણ અને વિજ્ઞાનના સંબંધોના સંશોધનના પ્રયાસમાં આશ્ચર્યચકિત થઈ જાય છે.

**(૧૨) શાસ્ત્ર દુન્યવી વિજ્ઞાન ને કેવી રીતે નિહાળે છે?**

***હે તિમોથી, જે [સત્ય] તને સોંપવામાં આવ્યું છે તે સંભાળી રાખ, અને અધર્મી લવારાથી તથા જેને ભૂલથી જ્ઞાન કહેવામાં આવે છે તેના વાદવિવાદથી દૂર રહે. (૧તિમોથીને પત્ર ૬:૨૦)***

આત્મિક અને ભૌતિક બન્ને માટેનું માણસનું જ્ઞાન આંશિક અને અપૂર્ણ છે; તેથી ઘણાબધા તેઓના વિજ્ઞાનના મંતવ્યોનો શાસ્ત્રના વિધાનો સાથે સુમેળ સાધી શકતા નથી. ઘણાબધા, વૈજ્ઞાનિક તથ્યો તરીકે માત્ર સિદ્ધાંત અને અનુમાનને સ્વીકારે છે. અને તેઓ વિચારે છે કે ઈશ્વરનું વચન "જુઠા કહેવાતા વિજ્ઞાન" દ્વારા પરખાવવા માટે છે. ....સર્જનહાર અને તેનું કામ તેઓની સમજણની બહાર છે; અને તેઓ પ્રાકૃતિક નિયમ દ્વારા આ સમજાવી શકતા નથી તે કારણે બાઇબલ નો ઈતિહાસ અવિશ્વસનીય તરીકે માનવામાં આવે છે. જેઓ નવા અને જૂના કરારની વિગતોની વિશ્વસનીયતા પર શંકા કરે છે, તેઓ ઘણીવાર એક પગલું આગળ વધે છે અને ઈશ્વરના અસ્તિત્વ પર શંકા કરે છે અને પ્રકૃતિ માટે અનંતશક્તિ પર આરોપ લગાવે છે. તેઓના લંગરને જવા દઈને, બેઈમાનીના ખડકને હરાવવામાં તેઓ બાકી છે.

**(૧૩) શા માટે માણસ કદી પણ ઈશ્વરને સંપૂર્ણપણે સમજી શકશે નહીં?**

***આહા! ઈશ્વરની બુદ્ધિની તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે! તેમના ઠરાવો કેવા ગૂઢ, ને તેમના માર્ગો કેવા અગમ્ય છે! (રોમનોને પત્ર ૧૧:૩૩)***

આમ ઘણા વિશ્વાસથી દૂર જાય છે અને શેતાન દ્વારા લલચાય છે. માણસે તેના સર્જનહાર કરતા બુદ્ધિશાળી થવાનો પ્રયાસ કર્યો; જે અનંતયુગમાં પણ પ્રકટ નહિ થાય એવા રહસ્યોને સમજવા અને શોધવા માનવ ફિલસુફીનો પ્રયાસ કરાયો છે. જો માણસ ઈશ્વરે પોતાને અને પોતાના હેતુઓ જાણીતા કર્યા એ બાબત શોધ કરે અને સમજે, તો તેઓ યહોવાની મહિમા, ગૌરવ અને સામર્થના દ્રશ્યને પ્રાપ્ત કરશે કે જેથી તેઓને પોતાની લઘુતાનું ભાન થશે અને તેઓ અને તેઓના બાળકો માટે જે પ્રકટ કરાયું છે તેનાથી સંતોષ પામશે.

તે શેતાનના કપટની શ્રેષ્ઠ કૃતિ છે કે માણસોના મનો એ બાબત શોધતા રહે અને કલ્પના કરતા રહે કે ઈશ્વર ઓળખાય નહિ અને તેનો હેતુ એ છે કે આપણે તે સમજીએ નહિ. આમ તે એટલા માટે હતું કેમ કે લુસિફરે સ્વર્ગમાંનું પોતાનું સ્થાન ગુમાવ્યું હતું. ઈશ્વરના હેતુઓના રહસ્યો તેની આગળ ઉઘાડા કરાયા નહોતા તેના લીધે તે અસંતોષી બન્યો. ઉચ્ચ સ્થાનની નિમણુંક દરમ્યાનનું તેનું કાર્ય કે જે પ્રકટ કરાયું હતું તેની તેણે સંપૂર્ણ અવગણના કરી. અને દૂતો કે જેઓ તેના હુકમ હેઠળ હતા તેઓમાં પણ એ જ અસંતોષ ઉભો કરીને, તે તેઓના પતનનું કારણ બન્યો. અને હવે એ જ આત્માથી તે માણસોના મનોને ભ્રાંતિમાં લાવવાનું અને ઈશ્વરના સીધા આદેશની અવગણના કરવા તેઓને દોરવાનું શોધે છે.

**(૧૪) મજબૂત ભ્રાંતિની માન્યતાના સંકટમાં કોણ છે?**

***તેમ જેઓએ પોતાના તારણ અર્થે પ્રેમથી સત્યનો અંગીકાર કર્યો નહિ, અને જેઓનો વિનાશ થાય છે તેમને માટે દરેક જાતના પાપરૂપ કપટ સાથે તે [અધર્મી પુરુષ] પ્રગટ થશે. જેઓએ સત્ય પર વિશ્વાસ કર્યો નહિ, પણ અધર્મમાં આનંદ માન્યો, તે સર્વને દોષિત ઠરાવવાને માટે તેઓ***

*અસત્ય માને માટે ઈશ્વર તેઓને ભ્રમણામાં નાખે છે. (૨થેસ્સાલોનિકીઓને પત્ર ૨:૧૦ -૧૨)*

બાઈબલના સ્પષ્ટ અને કલમ કરેલ સત્યોને સ્વીકારવા જેઓ તૈયાર નથી તેઓ અંતઃકરણને શાંત કરતી દંતકથાઓને ખુશ કરવાનું નિરંતર શોધી રહ્યા છે. ઓછા આત્મિક, સ્વયંને નકારનાર, અને હાજર ઉપદેશોને અપમાનિત કરનાર, જેની સાથે તેઓ પ્રાપ્ત થાય છે તેની વધારે તરફેણ કરે. આ લોકો તેઓની શારીરિક ઈચ્છાઓની સેવા કરવા માટે તેઓની બૌદ્ધિક શક્તિઓને ઓછી કરે છે. ઈશ્વરીય માર્ગદર્શન માટેની આગ્રહપૂર્વક ની પ્રાર્થના અને આત્માના પશ્ચાતાપ સાથે શાસ્ત્રની શોધ કરવા માટે તેઓની પોતાની બુદ્ધિમાં ઘણા દંભી છે, ભ્રાંતિ માટે તેઓને કોઈજ ઢાલ નથી. હૃદયની ઈચ્છાઓ પૂરી પાડવા શેતાન તૈયાર છે, અને તે પોતાના કપટ ને દગાથી સત્યના સ્થાને રાખે છે...સુવિધા અને નીતિના અભ્યાસ માટે જેઓ ઈશ્વરના વચનની અવગણના કરે છે, કે કદાચ તેઓની દુનિયા સાથે ભિન્નતા ન હોય, તેઓને ધાર્મિક સત્ય માટે તિરસ્કરણીય પાખંડ પ્રાપ્ત કરવા છોડી મુકાશે. જેઓ ઈરાદાપૂર્વક સત્યનો અસ્વીકાર કરે છે તેઓ દ્વારા ભૂલનું દરેક કલ્પનાશીલ સ્વરૂપ સ્વીકારશે. કપટ ને જે ભય થી જુએ છે તે સહેલાઈથી બીજું પ્રાપ્ત કરશે.

મહાન છેતરનારની મોટાભાગની સફળ સંસ્થાઓ મધ્યે ભ્રાંતિપૂર્ણ ઉપદેશો અને આત્મિકતાના જુઠા ચમત્કારો છે. પ્રકાશના દૂતમાં વેશ ધારણ કરીને, જ્યાં ઓછામાં ઓછા શકમંદો હોય ત્યાં પોતાની જાળ ફેલાવે છે. જો લોકો આગ્રહપૂર્વકની પ્રાર્થના સાથે ઈશ્વરના પુસ્તકનો અભ્યાસ કરે કે જેથી તેઓ તે સમજી શકે, તો જુઠા ઉપદેશો પ્રાપ્ત કરવાને તેઓ અંધકારમાં રહેશે નહિ. પણ જ્યારે તેઓ સત્યનો ત્યાગ કરે છે ત્યારે જ તેઓ છેતરામણીનો શિકાર થાય છે.

**(૧૫) ટાળવા માટે આપણને શું સૂચના આપવામાં આવે છે?**

*અને એમ કરીને તમારા શીખવેલા સંપ્રદાય વડે તમે ઈશ્વરનું વચન રદ કરો છો, અને એવાં ઘણાં કામો તમે કરો છો." (માર્ક ૭:૧૩ )*

ભૂલભરેલા અસંખ્ય ઉપદેશો અને કાલ્પનિક વિચારો ખ્રિસ્તી ધર્મની મંડળીઓ મધ્યે પ્રાપ્ત થઈ રહ્યા છે. ઈશ્વરના વચન દ્વારા સ્થિર કરાયેલ સીમાચિહ્નોમાના એક ને દૂર કરવાના દુષ્ટ પરિણામનો અંદાજ લગાવવો એ અશક્ય છે. થોડા, જેઓ એ કરવાનું સાહસ કરે છે તેઓ એક જ સત્યના અસ્વીકાર સાથે અટકી જાય છે. બહુમતિ જ્યાં સુધી નાસ્તિક ના બની જાય ત્યાં સુધી સત્યના એક પછી એક સિદ્ધાંતને રદ્દ કરવાનું ચાલુ રાખે છે.

લોકપ્રિય ધર્મશાસ્ત્રની ભૂલો ઘણી આત્માઓને નાસ્તિકતા તરફ દોરી ગઈ છે, જે આત્માઓ કદાચ ધર્મશાસ્ત્રમાં આસ્તિક પણ હોત. જે ઉપદેશો તેની ન્યાય, કૃપા અને પરોપકારની ભાવનાનું ઉલ્લંઘન કરે છે તેને સ્વીકારવા તેના માટે અશક્ય છે; અને આ બાઈબલના ઉપદેશો તરીકે રજૂ થવાના કારણે, તે તેને ઈશ્વરના વચન તરીકે પ્રાપ્ત કરવાની મના કરે છે.

**(૧૬) લોકોની પરંપરાને ખૂબ માન આપીને પકડી રાખવામાં શુ ખતરો છે?**

***અને તેમણે તેઓને કહ્યું, "તમે તમારા સંપ્રદાય પાળવા માટે ઈશ્વરની આજ્ઞા ઠીક રદ કરો છો. (માર્ક ૭:૯)***

અને આ હેતુ છે કે જેને શેતાન પૂર્ણ કરવા ઈચ્છે છે. ઈશ્વર અને તેના વચનોમાં જે આત્મવિશ્વાસ છે તેનો વિનાશ કરવા સિવાય બીજું કશું તે ઈચ્છતો નથી. શંકાસ્પદોના મહાન સૈન્યના વડા ઉપર શેતાન બેસે છે, આત્માઓને તેના દરજ્જામાં ફસાવવા તે તેના અધિકતમ સામર્થથી કામ કરે છે. તે શંકા પ્રત્યે સજીલું બની રહ્યું છે. તેના લેખકનું જે કારણ હતું એ જ કારણથી સંદેહ આવે છે એ સંદેહ સાથે ઈશ્વરનું વચન જોવામાં આવે છે, તેઓનો એક મોટો વર્ગ છે -કારણ કે તે પાપ ને સાબિત અને દોષિત કરે છે. જેઓ તેની આવશ્યકતાઓનું પાલન કરવાની ઈચ્છા રાખતા નથી તેઓ તેના અધિકારને ઉથલાવવાનો પ્રયાસ કરે છે. માત્ર શાસ્ત્રમાંથી અથવા ઉપદેશમાંથી ભૂલો કાઢવા માટે જ તેઓ બાઈબલ વાંચે છે, અથવા પવિત્ર મેજ તરફથી રજૂ થતા તેના ઉપદેશોને સાંભળે છે.

ફરજની અવગણનામાં પોતાની જાતને બહાનું બનાવવા અથવા ન્યાય કરવા માટે જ અમુક નાસ્તિક

બન્યા નથી. અન્ય (લોકો) અહંકાર અને પ્રમોદમાંથી નાસ્તિક સિદ્ધાંતો અપનાવે છે. માન ને યોગ્ય કંઈપણ પરિપૂર્ણ કરીને પોતાને અલગ રાખવામાં પ્રેમ કરવું ઘણું સહેલ છે, જે પ્રયત્ન અને સ્વયંના અસ્વીકારને માંગી લે છે. તેઓ બાઈબલની ટીકા કરીને ઉપલી કક્ષાના જ્ઞાન ને સારુ પ્રતિષ્ઠાને સુરક્ષિત કરવાનો ઉદ્દેશ્ય રાખે છે. ઘણુંબધું છે કે જે ઈશ્વરીય જ્ઞાન દ્વારા મર્યાદિત મન અજ્ઞાન કરાયું, જે સમજવા માટે અશકત છે. અને આમ તેઓ ટીકા કરવાના પ્રસંગો શોધી કાઢે છે.

ઘણા લોકો કે જેઓને એવું લાગે છે કે અવિશ્વાસ, નાસ્તિકતા અને વ્યભિચારની બાબતોના પક્ષમાં ઉભું રહેવું એ સદગુણ છે. પણ સચ્ચાઈના દેખાવની નીચે એવું માલુમ પડે છે કે આવા લોકો આત્મવિશ્વાસ અને અહંકારથી પ્રેરિત છે. ઘણા લોકો શાસ્ત્રમાંથી એવી બાબતો શોધવામાં આનંદ માને છે કે જે બીજા લોકોના મનને મૂંઝવે. કેટલાક લોકો વિવાદના પ્રેમ માત્રમાંથી પહેલા ટીકા કરે છે અને ખોટી બાજુ પર તર્ક કરે છે. તેઓને એ ભાન થતું નથી કે તેઓ આવીરીતે પોતાની જાતને પારધીના ફાંદામાં ફસાવી રહ્યા છે. પરંતુ જાહેરમાં અવિશ્વાસ વ્યક્ત કર્યા પછી, તેઓને લાગે છે કે તેઓએ તેમનું પદ જાળવવું જોઈએ. અને આમ તેઓ પાપી સાથે એક થાય છે, અને પોતાના માટે સ્વર્ગના દરવાજા બંધ કરે છે.

## (૧૭) પવિત્ર આત્માની સહાય કોને મંજુર થશે?

***માટે જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો, તો આકાશમાંના પિતાની પાસેથી જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે?" (લૂક ૧૧:૧૩)***

ઈશ્વરે તેના વચનોમાં વચનોના ઈશ્વરીય ચરિત્રની પૂરતી સાબિતી આપી છે. મહાન સત્યો કે જે આપણા તારણની ચિંતા કરે છે, સ્પષ્ટ રીતે પ્રસ્તુત કરાયા છે. પવિત્ર આત્માની સહાય, કે જેઓ ઈમાનદારીથી શોધે તેમના માટે વાયદો છે, દરેક વ્યક્તિ આ સત્યો પોતાના માટે સમજે. ઈશ્વરે લોકોને એક મજબૂત પાયો કે જેના પર તેઓ તેમનો વિશ્વાસ રાખી શકે તે મંજુર કર્યો છે.

**(૧૮) આ વચનમાં કયો મહાન વાયદો આપણે દાવો કરી શકીએ?**

***માણસનો ભરોસો કરવા કરતાં યહોવા પર આધાર રાખવો સારો છે. (ગીતશાસ્ત્ર ૧૧૮:૮)***

હજુ સુધી લોકોના સીમિત મન અનંત ઈશ્વરના હેતુઓ અને યોજનાઓ સમજવા ઘણા અપૂરતા છે. આપણે ઈશ્વરની શોધ કરીને ક્યારેય તેને શોધી શકતા નથી. આપણે ક્યારેય આપણા અહંકારી હાથ વડે એ પડદો કે જેની પાછળ ઈશ્વર તેનું ગૌરવ સંતાડે છે તેને ઉચકવાનો પ્રયાસ કરવો ન જોઈએ...આપણે અત્યાર સુધી તેના આપણા પ્રત્યેના વર્તન અને હેતુઓ કે જે વડે તે વાસ્તવિક જણાય છે તેને સમજી શકીએ છીએ, અને આપણે તેના અનહદ પ્રેમ અને કૃપા કે જે અનંતશક્તિ સાથે એક છે તેને પારખી શકીએ. આપણા સ્વર્ગમાંના પિતા ન્યાયીપણામાં અને જ્ઞાનમાં સઘળાંને આદેશ આપે છે, અને આપણે અસંતોષી અને અવિશ્ર્વસનીય હોવા જોઈએ નહીં, પરંતુ આદરણીય શરણાગતિમાં નમવું જોઈએ. તે તેના મહત્તમ હેતુઓ કે જે જાણવા આપણા સારા માટે છે તે હેતુઓ આપણને પ્રકટ કરશે. તદુપરાંત તે હાથ કે જે સર્વશક્તિમાન છે અને તે હૃદય કે જે પ્રેમથી ભરપૂર છે તેઓનો વિશ્ર્વાસ કરવો જોઈએ.

**(૧૯) પાપ અને પાખંડ નું ભયંકર પરિણામ જે છે તેના વિશે આ શાસ્ત્ર શુ ચેતવણી આપે છે?**

***હે ભાઈઓ, તમે સાવધ રહો, રખેને તમારામાંના કોઈનું હૃદય અવિશ્ર્વાસના કારણથી ભૂંડું થાય, અને એમ તેમ તે જીવતા ઈશ્ર્વરથી દૂર જાય. પણ જ્યાં સુધી “આજ” કહેવાય છે, ત્યાં સુધી તમે દિનપ્રતિદિન એકબીજાને ઉત્તેજન આપો કે, પાપના કપટથી તમારામાંનો કોઈ કઠણ [હૃદયનો] ન થાય. (હિબ્રૂઓને પત્ર ૩:૧૨ -૧૩)***

જ્યારે ઈશ્ર્વરે વિશ્ર્વાસ માટેની પૂરતી સાબિતી આપી છે, તે કદી પણ અવિશ્ર્વાસ માટેના બહાનાઓને દૂર કરશે નહીં. એ તમામ લોકો કે જેઓ તેમની શંકાઓને ટીંગાડવા હુકને શોધે છે, તેઓને તે મળશે. અને જ્યાં સુધી હરેક વાંધાઓ દૂર ના કરાય ત્યાં સુધી જેઓ ઈશ્ર્વરના

વચનનું પાલન અને સ્વીકાર કરવાની મના કરે છે, અને શંકા માટે હવે કોઈ તક નથી, તેઓ ક્યારેય પ્રકાશમાં આવશે નહિ.

**(૨૦) દૈહિક મન તરફથી  કુદરતી પ્રતિભાવ શું છે?**

***અને ઈસુએ હાથ લાંબો કરીને તેને પકડી લીધો, ને તેને કહે છે, "અરે અલ્પવિશ્વાસી, તેં સંદેહ કેમ આણ્યો?" (માથ્થી ૧૪:૩૧)***

ઈશ્વર પ્રત્યેની શંકા તે અનવીનીકરણીય હૃદયનો કુદરતી બાહ્ય વિકાસ છે, જે તેની સાથે એક દુશ્મનાવટ છે. પરંતુ વિશ્વાસ એ પવિત્ર આત્મા દ્વારા પ્રેરિત છે અને તેને જેટલું પોષણ મળે છે તેમ તે ખીલે છે. નિશ્ચિત પ્રયાસ વગર કોઈ જ માણસ વિશ્વાસમાં મજબૂત બની શકતો નથી. અવિશ્વાસ જેટલો પ્રોત્સાહિત કરાય છે તે મજબૂત થાય છે; અને ઈશ્વરે તેઓના વિશ્વાસને જાળવી રાખવા જે સાબિતી આપી તેના પર રહેવાને બદલે જો માણસ, પ્રશ્ન પૂછવા અને જૂઠો આરોપ મુકવા પોતાની જાતને પરવાનગી આપશે, તેઓને માલુમ પડશે કે તેઓની શંકાઓ સતત નિશ્ચિત થતી રહે છે.

**(૨૧) જેઓ ઈશ્વર પર શંકા અને અવિશ્વાસ કરે છે તેઓ કયા બાઈબલ આધારિત સિદ્ધાંતને અનુસરશે?**

***ભૂલો નહિ; ઈશ્વરની મશ્કરી કરાય નહિ:કોઈ માણસ જે કંઈ વાવે તે જ તે લણશે. (ગલાતીઓને પત્ર ૬:૭)***

પણ જેઓ ઈશ્વરના વાયદાઓ વિશે શંકા કરે અને તેની કૃપાની ખાતરી પર અવિશ્વાસ કરે તેઓ તેનું અપમાન કરી રહ્યા છે; અને તેઓનો પ્રભાવ, બીજા લોકોને ખ્રિસ્તની પાસે લાવવાને બદલે તેઓને તેની પાસેથી પાછા હટાવવાનું વલણ ધરાવે છે. તેઓ અનુત્પાદક વૃક્ષો છે કે જે પોતાની અંધકારરૂપી ડાળીઓ દૂર અને પહોળી ફેલાવે છે, બીજા છોડવા પાસે તડકો પહોંચવા દેતા નથી, અને ઠંડકવાળી છાયામાં તેઓને નબળાઈથી ઝુકાવવાનું અને તેઓના નાશ નું કારણ બને છે. આ લોકોનું જીવનકાર્ય કદી પણ ન બંધ થતાં ગવાહ જેવું પ્રકટ થશે. તેઓ નાસ્તિકતા અને શંકા ના બીજ રોપે છે કે જે નિષ્ફળ પેદાશને ઉપજાવશે.

**(૨૨) સિદ્ધાંતની શંકામાંથી મુક્ત થવા પ્રથમ પગથિયું શુ છે?**

***જો કોઈ તેમની ઈચ્છા પૂરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે કે, એ ઈશ્વરથી છે કે હું પોતાથી બોલું છું. (યોહાન ૭:૧૭)***

જેઓ ખરેખર શંકામાંથી મુક્ત થવા ઈચ્છતા હોય તેઓ માટે માત્ર એક જ કાર્ય લક્ષ લગાડવા માટે છે. જે બાબત તેઓ સમજતા નથી તેને પ્રશ્ન કરવા અને આરોપ મૂકવાને બદલે, તેઓને એ પ્રકાશ પર ધ્યાન આપવા દો કે જે પહેલેથી જ તેમના પર પ્રકાશી રહ્યો છે,અને તેઓ મહાન પ્રકાશને પ્રાપ્ત કરશે. તે હરેક કાર્ય કે જે તેમની સમજણને માટે એકદમ સ્પષ્ટ બનાવાયું છે તે કાર્ય તેમને કરવા દો, અને તેઓ હાલ જે કારણે શંકામાં છે તે બાબતને સમજવા અને ખળવા તેઓને સક્ષમ કરાશે.

**(૨૩) મજબુત વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે કઈ બે કુંચીઓ આપણે સારું ઉપલબ્ધ છે?**

***એ પ્રમાણે [સંદેશો] સાંભળવાથી વિશ્વાસ [થાય છે] , તથા ખ્રિસ્તના વચનદ્વારા [સંદેશો] સાંભળવામાં આવે છે. (રોમનોને પત્ર ૧૦:૧૭)***

***અને તરત બાળકના પિતાએ ઘાંટો પાડતાં કહ્યું, "હું વિશ્વાસ કરું છું. મારા અવિશ્વાસ વિષે મને મદદ કરો." (માર્ક ૯:૨૪)***

**(૨૪) જેઓ માંગે છે તેઓને શો વાયદો કરાયો છે?**

***માગો, તો તમને મળશે, શોધો, તો તમને જડશે, ખટખટાઓ તો તમારે માટે ઉઘાડાશે. (માથ્થી ૭:૭)***

શેતાન સત્ય સાથે એકદમ મળતી આવતી બનાવટને રજૂ કરી શકે છે, કે જેથી જે છેતરાવવા તૈયાર હોય તેને તે છેતરે. અને સત્ય દ્વારા માંગણી કરાયેલ સ્વયંનો નકાર અને બલિદાનથી તેઓ છટકવા ઈચ્છે છે.પણ જે આત્મા કોઈપણ કિંમતે સત્યને જાણવાની ઈચ્છા રાખે છે તે આત્માને શેતાને તેની સત્તા હેઠળ રાખવું

અશક્ય છે. ખ્રિસ્ત સત્ય અને "પ્રકાશ છે કે જે, જે લોકો પૃથ્વીમાં આવે છે તેઓને પ્રકાશિત કરે છે." યોહાન૧:૯ સત્યનો આત્મા લોકોને સર્વ સત્યમાં દોરી જવા મોકલાયો છે.

**(૨૫) શા માટે ઈશ્વર આપણને પરીક્ષણ સહન કરવા પરવાનગી આપે છે?**

***પરંતુ મારી ચાલચલગત તે જાણે છે; મને તે પરખશે ત્યારે હું સોના જેવો નીકળીશ. (અયૂબ ૨૩:૧૦)***

**સંબંધિત ભાગ:** ૧પિતર૧:૭

ખ્રિસ્તના અનુયાયીઓ ષડયંત્ર કે જેને શેતાન અને તેના યજમાનો તેઓની વિરુદ્ધ રચે છે તે વિશે થોડું જાણે છે. પણ જે સ્વર્ગમાં બિરાજમાન છે તે તેની ગહન યોજનોને પરિપૂર્ણ કરવા આ તમામ ઉપકરણોને રદ્ કરે છે. પણ ઈશ્વર તેના લોકોને અગ્નિ પરીક્ષણ ને આધીન થવા પરવાનગી આપે છે, એટલા માટે નહીં કે તે તેઓના સંકટ અને વિપતિમાં આનંદ માને છે, પરંતુ એ કારણે કે આ પ્રક્રિયા તેઓના અંતિમ વિજય માટે અનિવાર્ય છે. તે સતત પોતાની મહીમા વડે તેઓનું પરિક્ષણથી રક્ષણ ન કરી શકે, પરંતુ સુનાવણીનો હેતુ તેઓને હરેક દુષ્ટની લાલચની સામા થવા તૈયાર કરવાનો છે.

**(૨૬) કોના તરફથી પરિક્ષણનો સામનો કરવાની શક્તિ આવે છે?**

***ત્યારે દૂતે મને કહ્યું, "ઝરુબ્બાબેલને યહોવાનું વચન એ છે કે, 'પરાક્રમથી નહિ, તેમ બળથી પણ નહિ, પણ મારા આત્માથી,' એવું સૈન્યોના [ઈશ્વર] યહોવા કહે છે. (ઝખાર્યા ૪:૬)***

જો તેઓ આધિનતા સાથે,પશ્ચાતાપી હ્રદય સાથે,પાપ સ્વીકારીને અને ત્યજી દઈને અને વિશ્વાસમાં તેના વાયદાઓનો દાવો કરે, તો દુષ્ટ માણસ કે શેતાન કોઈપણ ઈશ્વરના કાર્યને માટે અવરોધ બની શકે નહીં અથવા ઈશ્વરના લોકોથી તેની ઉપસ્થિતિ બંધ કરી શકે નહીં.હરેક પરીક્ષણ,હરેક વિરોધી પ્રભાવ,ઉઘાડુ કે ગુપ્ત હોય,તો પણ સફળતાપૂર્વક સામનો કરી શકાશે.

**(૨૭) શા માટે આપણે શેતાનની શક્તિઓથી ડરવાનું નથી?**

***જુઓ, મેં તમને સર્પો તથા વીંછીઓ પર પગ મૂકવાનો, તથા શત્રુના બધા પરાક્રમ પર અધિકાર આપ્યો છે. અને તમને કશાથી પણ ઈજા થશે નહિ. (લૂક ૧૦:૧૯)***

શેતાન સારી પેઠે વાકેફ છે કે દુષ્ટ લોકો જે ખ્રિસ્તમાં રહે છે તેઓ અંધકારના યજમાનો જેવા જ છે, અને જો તે ઉઘાડી રીતે પોતાને પ્રકટ કરશે તો તે મળ્યા બાદ વિરોધ કરાશે. તેથી તે વધસ્તંભના સૈનિકોને તેઓના મજબૂત કિલ્લાથી દૂર લઈ જવાનું શોધે છે, અને જ્યારે તે તેના સૈન્ય સાથે ઓચિંતા હુમલાની તૈયારી માં હોય છે, હરેક જે શેતાન ના મેદાનમાં સાહસ કરીને ઉતરતા હોય તેઓનો વિનાશ કરવા તે સજ્જ હોય છે. ફક્ત નમ્ર લોકો જે ઈશ્વર પર ભરોસો રાખે છે, અને તેની દરેક આજ્ઞાઓને પાળે છે, તેઓને જ સુરક્ષિત રખાશે.

**(૨૮)ઈસુએ આપણને પરીક્ષણમાં પડતા રોકવા કઈ બે જોગવાઈઓ આપી છે?**

***જાગતા રહો ને પ્રાર્થના કરો કે તમે પરીક્ષણમાં ન આવો! આત્મા તત્પર છે ખરો, પણ શરીર અબળ છે." (માથ્થી ૨૬:૪૧)***

**સંબંધિત ભાગ:** માર્ક૧૩:૩૩

કોઈજ માણસ પ્રાર્થના વગર એક દિવસ કે એક કલાક પણ સુરક્ષિત નથી. ખાસકરીને તેના વચનો સમજવા આપણે ઈશ્વરને આજીજી કરતા હોય. પરીક્ષણ કરનારનું છળકપટ અને એ ઉપાય કે જેના દ્વારા તેનો સફળતાપૂર્વક સામનો કરી શકાય, તે બાબતો અહીં જાહેર કરાઈ છે. શાસ્ત્રનું અવતરણ કરવામાં, વચનના ફકરાઓમાં પોતાનું અર્થઘટન મુકવામાં શેતાન નિષ્ણાંત છે, જેના દ્વારા તે આપણને ઠોકર ખવડાવવાની આશા રાખે છે. આપણે હૃદયની દિનતાથી શાસ્ત્ર વાંચવું જોઈએ, ઈશ્વર પરના આપણા ભરોસાની દૃષ્ટિ ગુમાવવી જોઈએ નહીં. જ્યારે આપણે શેતાનના ઉપકરણોની વિરુદ્ધ નિરંતર ચોકીદારી

કરતા હોઈએ, આપણે સતત વિશ્વાસ માં પ્રાથના કરવી જોઈએ કે, "અમને પરીક્ષણમાં ન લાવો."

*હું માનું છું કે શેતાનનો હેતુ જગતને છેતરવાનો છે અને તે મારો વિનાશ લાવવા તેની શક્તિમાં તમામ પધ્ધતિનો ઉપયોગ કરશે. હું આભારી છું તે વાયદા માટે કે હું જો હું નિષ્ઠાપૂર્વક ડહાપણ અને સત્યને શોધીશ તો હું તેને મેળવીશ અને તેના કપટમાં હું નહિ પડું.*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*

*હું સમજુ છું કે શેતાન તેના બન્ને દાવેદાર વિસવાસીઓ અને અવિશ્વાસીઓ કે જે મને ભટકાવી દેનાર સાધનો જેવા છે તેઓનો ઉપયોગ કરે છે.મારી પ્રાર્થના છે કે, "પ્રભુ, આ શૈતાનીક પ્રભાવોને ઓળખવા મને મહેરબાની કરીને ડહાપણ આપો"*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*

*હું પ્રાર્થના કરું છું ખ્રિસ્તની ચેતવણીને સતત અનુસરવાના નિશ્ચય માટે અને પ્રેમ અને પૈસાનું પરીક્ષણ કે જે મને તેની સાથેના સંબંધથી દૂર ખેંચી જાય છે તેમાં ન પડું.*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*

*હું આભારી છું એ વાયદા માટે કે ઈશ્વર દુષ્ટ ઉપર આપણને શક્તિ આપશે અને હું  સહન કરી શકું તેનાથી વિશેષ પરીક્ષણમાં મને પડવા ન દે. હું પ્રાર્થના કરું છું કે વિશ્વાસ અને તેની કૃપા વડે હું જીતી શકું છું અને તેના નામને મહિમા આપું.*

*વર્તુળ: હા અવ્યવસ્થિત*



## પાઠ ૫
## પ્રથમ મહાન છેતરપિંડી

શરૂઆતના માણસોના ઈતિહાસમા,શેતાને આપણા વંશને છેતરવાના તેના પ્રયત્નની શરૂઆત કરી દીધી. શેતાન કે જેણે સ્વર્ગમાં બળવાને ઉશ્કેર્યો હતો તેણે તેના ઈશ્વરીય વહીવટ સાથેના યુદ્ધ માં પૃથ્વીના લોકોને જોડવાની ઈચ્છા રાખી. આદમ અને હવા ઈશ્વરનો નિયમ પાળવામાં સંપૂર્ણપણે ખુશ થતા હતા. શેતાન કે જેણે સ્વર્ગમાં દાવો કરેલ  કે ઈશ્વરનો નિયમ તેના સર્જાયેલ લોકો માટે દમનકારી અને વિરોધી હતો તે દાવાની વિરુદ્ધ આ હકીકત નિરંતર સાક્ષીરૂપ હતી. અને તદુપરાંત, પાપરહિત યુગલ માટે તૈયાર કરાયેલ એ સુંદર ઘરને જોઈને શેતાનની અદેખાઈ ઉશ્કેરાઈ જતી હતી. તે તેમના પતનનું કારણ બનવા અડગ હતો, કે, ઈશ્વરથી તેઓને અલગ કરીને અને તેઓને તેની સત્તા હેઠળ લાવીને, તે પૃથ્વીનો કબ્જો મેળવી શકે. અને પરમ ઉચ્ચની વિરુદ્ધ અહીં તે તેનું રાજ્ય સ્થાપી શકે.

**(૧) શા માટે ઈશ્વરની ઈચ્છાને ત્વરિત અને અડગ આજ્ઞાપાલનન આવશ્યક છે?**

***શું તમે નથી જાણતા કે, જેની આજ્ઞા પાળવા માટે તમે પોતાને દાસ તરીકે સોંપો છો, એટલે જેની આજ્ઞા તમે***

*પાળો છો, તેના દાસ તમે છો; ગમે તો મોતને અર્થે પાપના, અથવા ન્યાયીપણાને અર્થે આજ્ઞાપાલનના? (રોમનોને પત્ર ૬:૧૬)*

જો શેતાને તેના ખરા ચરિત્રમાં તેનું સ્વરૂપ પ્રકટ કર્યું હોત, તે એ જ સમયે  પાછો હટાયો હોત, કેમ કે આદમ અને હવાને આ ભયંકર શત્રુ વિશે ચેતવાયા હતા; પણ તેણે અંધારામાં કામ કર્યું, તેના હેતુને સંતાડીને, કે જેથી તે તેના હેતુને ખુબજ અસરકારક રીતે પૂર્ણ કરી શકે. તેના માધ્યમ તરીકે સર્પને કામે રાખીને અને ત્યારબાદ એક મોહક પ્રાણી દેખાય છે, તેણે હવાને પોતાનું સંબોધન કર્યું, "શુ ઈશ્વરે તમને વાડીમાંના કોઈ વૃક્ષનું ફળ ખાવાની મના કરી છે?" ઉત્પત્તિ ૩:૧.

જો હવાએ પરિક્ષકની સાથે દલીલબાજીમા ઉતરવાનું ટાળ્યું હોત, તો તે સલામત હોત; પણ તેણીએ તેની સાથે વાતચીત કરવાનું સાહસ કર્યું અને તેણી તેના છળ -કપટ નો ભોગ બની. અને તે એ પ્રકારે છે કેટલાય લોકો હજુ પણ જીતે છે. તેઓએ ઈશ્વરની આવશ્યકતાઓ વિશે શંકા કરી અને દલીલ કરી. અને ઈશ્વરીય આજ્ઞાઓને પાળવાને બદલે તેઓ એ માનવ સિદ્ધાંતોને સ્વીકારે છે જે માત્ર શેતાનના ઉપકરણોના જ છે.

**(૨) આદમ અને હવાએ કઈ મહાન છેતરપિંડીને માનવાનું પસંદ કર્યું?**

*અને સર્પે સ્ત્રીને કહ્યું કે, "તમે નહિ જ મરશો" (ઉત્પત્તિ ૩:૪)*

"સ્ત્રીએ સર્પને કહ્યું, અમે વાડીમાના વૃક્ષના ફળ ખાઈ શકીએ; પણ વાડીની વચ્ચે જે વૃક્ષ છે તેનું ફળ અમે ખાઈ ન શકીએ, ઈશ્વરે કહ્યું છે, તમારે તેઓમાંથી ખાવું નહિ, કે અડકવું પણ નહીં, નહિ તો તમે મરશો જ મરશો. અને સર્પે સ્ત્રીને કહ્યું, તમે ખચિત નહિ જ મરશો, ઈશ્વરને ખબર છે કે જે દિવસે તમે તે ફળ ખાશો, તમારી આંખો ઉઘડી જશે, અને તમે ઈશ્વર જેવા ભલું ભૂંડું જાણનારા થશો. "વચનો ૨ -૫. તે જાહેર કરે છે કે તેઓ ઈશ્વર જેવા થઈ જશે, પહેલા કરતા મહાન બુદ્ધિ પ્રાપ્ત કરશે,

અસ્તિત્વની ઉચ્ચ સ્થિતિ ને સક્ષમ થઈ જશે. હવા પરીક્ષણમાં પડી; અને તેણીના પ્રભાવથી, આદમ પાપમાં પડ્યો. તેઓએ સર્પના વચનનોને સ્વીકાર્યા, અને ઈશ્વરે જે કઈ કહેલું તેની કોઈજ વાત લક્ષમાં ના લેવાઈ. તેઓએ તેમના સર્જનહારનો અવિશ્વાસ કર્યો, અને એવું ધારી લીધું કે ઈશ્વર તેઓની સ્વતંત્રતાને મર્યાદિત કરે છે અને ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને મહાન ડહાપણ અને ઉચ્ચ સ્થિતિસ્થાનને તેઓ પ્રાપ્ત કરશે.

**(૩) તેઓના ઉલ્લંઘનનું ત્વરિત પરિણામ શુ હતું?**

***પણ તમારા અપરાધો તમારી ને તમારા ઈશ્વરની વચમાં ભિન્નતા કરતા આવ્યા છે, અને તમારાં પાપોએ તેમનું મુખ તમારી તરફથી એવું ફેરવી નાખ્યું છે કે, તે સાંભળે નહિ. (યશાયા ૫૯:૨)***

***અને યહોવા ઈશ્વરે કહ્યું, "જુઓ, તે માણસ આપણામાંના એકના સરખો ભલુંભૂડું જાણનાર થયો છે; અને હવે રખેને તે હાથ લાંબો કરીને જીવનના વૃક્ષનું ફળ તોડીને ખાય ને સદા જીવતો રહે." માટે જે ભૂમિમાંથી તેને લીધો હતો તે ખેડવાને યહોવા ઈશ્વરે એદન વાડીમાંથી તેને કાઢી મૂક્યો (ઉત્પત્તિ ૩:૨૨ -૨૩)***

**(૪) પાપ શું છે?**

***જે પાપ કરે છે, તે દરેક નિયમભંગ પણ કરે છે; અને પાપ એ જ નિયમભંગ છે. (૧ યોહાન ૩:૪ )***

**(૫) પાપનું અંતિમ પરિણામ શુ છે?**

***કેમ કે પાપનું વેતન મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે. (રોમનોને પત્ર ૬:૨૩)***

પણ આદમે તેના પાપ બાદ, શુ કર્યું, શબ્દોનો અર્થ શોધવા માટે, "જે દિવસે તું ફળ ખાશે તે દિવસે તુ મરશે જ મરશે"? શેતાને તેમને જે વિશ્વાસ કરવા દોર્યા હતા, શું તેને તેનો અર્થ મળ્યો, કે તે અસ્તિત્વની ખૂબ ઉચ્ચ-સ્થિતિની શરૂઆતમા જ હતો. ત્યારબાદ ખરેખર ત્યાં એક

મોટી ભલાઈ હતી કે જેને ઉલ્લંઘન દ્વારા મેળવી શકાય. અને શેતાન જાતિઓનો લાભકર્તા હોવાનું સાબિત કરવામાં હતો. પણ આદમે ઈશ્વરીય વાક્યનો અર્થ મેળવવાનું શોધ્યું નહિ. ઈશ્વરે જાહેર કર્યું કે તેના પાપના દંડ બદલ માણસ જે ધૂળમાંથી લેવાયો હતો તેમાં જ તે પાછો મળી જશે, "અને તું ધૂળ છે, ને પાછો ધૂળમાં મળી જશે" વચન ૧૯. શેતાનના વચનો, "તમારી આંખો ઊઘડી જશે," એ ફક્ત આ બાબત ને સાબિત કરવા હતી: આદમ અને હવાએ ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું પછી, તેમની મુર્ખતાનું માપ કાઢવા તેમની આંખો ઉઘડી ગઈ; તેઓએ કપટ ને જાણ્યું, અને તેઓએ ઉલ્લંઘનનું કડવું ફળ ચાખ્યું.

એદનની મધ્યે જીવનનું વૃક્ષ વધ્યું, જેના ફળમાં જીવનને કાયમી રાખવાની શક્તિ હતી. જો આદમ ઈશ્વરને આજ્ઞાંકિત રહ્યો હોત તો તેને આ વૃક્ષમાં પ્રવેશ કરવાનો આનંદ સતત રહ્યો હોત અને હંમેશા જીવતો હોત. પણ જ્યારે તેણે પાપ કર્યું તે જ સમયે તેની જીવનના વૃક્ષમાંથી ભાગીદારી તૂટી ગઈ હતી, અને તે મૃત્યુને આધીન બન્યો. ઈશ્વરીય વચન, "અને તું ધૂળ છે, ને પાછો ધૂળમાં મળી જશે," જીવનની સંપૂર્ણ લુપ્તતાને નિર્દેશ કરે છે

**(૬) અનૈતિકતા ફરી શરૂ કરવાની માણસની એકમાત્ર આશા શુ છે?**

***પણ આપણા તારનાર ખ્રિસ્ત ઈસુના પ્રગટ થયાથી તે હમણાં પ્રસિદ્ધ થયેલી છે. તેમણે મરણને નાબૂદ કર્યું અને સુવાર્તાદ્વારા જીવન તથા અમરપણું પ્રગટ કર્યું છે. (૨ તિમોથીને પત્ર ૧:૧૦ )***

અમરત્વ, આજ્ઞાપાલનની સ્થિતિ પર માણસને એક વાયદો હતો, જે ઉલ્લંઘન દ્વારા જપ્ત કરવામાં આવ્યો. આદમનો જેની પર કબ્જો નહોતો તે તેની ભાવિ પેઢીને આપી શક્યો નહિ; અને પતિત જાતિ માટે કોઈ જ આશા કરી શકાતી નહોતી. ઈશ્વરે તેમના પુત્રના બલિદાન દ્વારા તેમની સંપત મા અમરત્વ લાવ્યા. . . . .અને ફક્ત ખ્રિસ્ત દ્વારા જ અમરત્વ પ્રાપ્ત કરી શકાય. ઈસુએ કહ્યું: "જે કોઈ પુત્ર પર વિશ્વાસ કરે છે તેને અનંતજીવન છે:

અને જે કોઈ પુત્ર પર વિશ્વાસ નથી કરતો તે જીવનને જોશે નહિ." "યોહાન ૩:૩૬. દરેક વ્યક્તિ આ અમૂલ્ય આશીર્વાદ મેળવશે જો તે શરતોનું પાલન કરશે તો. દરેક" જે સારી કરણીમાં ધીરજ સાતત્યથી મહિમા, માન અને અનંતજીવનને શોધશે, "તેઓને અનંત જીવન મેળવશે." રોમન ૨:૭.

**(૭) એક પાપીના આત્માને શુ થશે?**

***પણ ભલું ભૂંડું જાણવાના વૃક્ષનું તારે ખાવું નહિ; કેમ કે જે દિવસે તું ખાશે તે જ દિવસે તું મરશે જ મરશે." (ઉત્પત્તિ ૨:૧૭)***

જેણે આદમને આજ્ઞાભંગમાં જીવનનો વાયદો કર્યો તે મહાન છેતરનાર હતો, અને સર્પનું એદન વાડીમાં હવાને નિવેદન -, "તમે ખચિત નહિ જ મરશો -" તે પ્રથમ ભાષણ હતું જે આત્માના અમરત્વ વિશે કરાયું હતું. તેમ છતાં આ નિવેદન, શેતાનના અધિકાર પર સંપૂર્ણ માત્ર છે, તેનો ખ્રિસ્તી ધર્મના મંચ પરથી પડઘો પડ્યો છે અને જેમ આપણા પ્રથમ માતા -પિતાને સહેલાઈથી પ્રાપ્ત થયેલ એમ જ મોટાભાગની માણસજાતને પ્રાપ્ત થાય છે. ઈશ્વરીય વાક્ય, "જે જીવ પાપ કરે તે માર્યો જશે" (હઝકીયેલ ૧૮:૨૦), આપણે વિચિત્ર મોહ પર આશ્ચર્ય ફક્ત કરી શકીએ, જે માણસને ઈશ્વરના વચન વિશે ખુબજ અવિશ્વાસુ અને શેતાનના વચન વિશે ખુબજ વિશ્વાસપાત્ર બનાવે છે.

**(૮) કેવી રીતે ઈશ્વરે પાપ અને પાપીઓનું અનૈતિકરણ ટાળ્યું?**

***અને તે માણસને હાંકી કાઢીને જીવનનાં વૃક્ષની વાટને સાચવવા માટે યહોવાએ કરૂબો તથા ચોતરફ ફરનારી અગ્નિરૂપી તરવાર એદન વાડીની પૂર્વે બાજુએ મૂકી. (ઉત્પત્તિ ૩:૨૪)***

જો માણસને તેના પતન બાદ જીવનના વૃક્ષ તરફ સ્વતંત્ર પ્રવેશની પરવાનગી અપાઈ હોત, તે હંમેશા માટે જીવતો હોત, અને આમ પાપ અમર બન્યું હોત. પણ કરૂબો અને અગ્નિરૂપી તરવાર મુકાઈ, "જીવનના વૃક્ષના

માર્ગે" અને આદમના પરિવારના કોઈ પણ સભ્યને તે અવરોધને પાર કરવાની અને જીવન આપનાર ફળમાંથી ભાગ લેવાની પરવાનગી અપાઈ નહિ. તેથી ત્યાં અમર પાપી નથી.

**(૯) અંતિમ ન્યાય બાદ દુષ્ટના શરીર અને આત્માનું શુ થાય છે?**

***અને શરીરને જેઓ મારી નાખે છે, પણ આત્માને મારી નાખી શકતા નથી, તેઓથી બીહો નહિ; પણ એના કરતાં આત્મા તથા શરીર એ બન્નેનો નાશ નરકમાં જે કરી શકે છે તેનાથી બીહો. (માથ્થી ૧૦:૨૮)***

**(૧૦) જેઓએ તારણનો અસ્વીકાર કર્યો તેઓના વિનાશ વિશે ઈશ્વર શું અનુભવે છે?**

***તેમને કહે કે, પ્રભુ યહોવા કહે છે કે, મારા જીવના સમ કે દુષ્ટ માણસના મોતથી મને કંઈ આનંદ થતો નથી; પણ દુષ્ટ પોતાના દુરાચરણથી ફરે, અને જીવતો રહે એમાં મને આનંદ થાય છે; અરે તમે ફરો, તમારા દુષ્ટ માર્ગોથી ફરો. હે ઈઝરાયલના લોકો, તમે શા માટે મરવા ચાહો છો? (હઝકિયેલ ૩૩:૧૧)***

***વિલંબનો જેવો અર્થ કેટલાક લોકો કરે છે, તેમ પ્રભુ પોતાના વચન સંબંધી વિલંબ કરતા નથી, પણ કોઈનો નાશ ન થાય પણ બધાં પશ્ચાતાપ કરે, એવું ઈચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે. (૨ પિતરનો પત્ર ૩:૯)***

પણ પતન બાદ, માણસના પ્રાકૃતિક અમરત્વમાં વિશ્વાસ ઠસાવવા શેતાને તેના દૂતોને ખાસ પ્રયાસ માટે આમંત્રિત કર્યા. અને લોકોને આ ભૂલ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપીને, તેઓ પાપી લોકો અનંત પીડામાં રહે એ સમાપ્તિ પર તેઓને દોરી લાવવાના હતા. હવે અંધકારનો રાજકુમાર, તેના કાર્યકરો દ્વારા કાર્યરત, ઈશ્વરને વેર વાળનાર જુલમી તરીકે રજૂ કરે છે, અને જાહેર કરે છે જેઓ ઈશ્વરને ખુશ કરતા નથી તેઓને તે નરકમાં ડૂબાડે છે અને હંમેશા તેઓને તેનો ક્રોધ સહન કરવાનું કારણ બનાવે છે; અને જ્યારે તેઓ અસહ્ય વેદના સહન કરે છે

અને અનંત અગ્નિ -જ્વાળાઓમાં આળોટે છે, તેઓનો સર્જનહાર ઉપરથી તેમની તરફ સંતોષભરી દૃષ્ટિ થી જુએ છે.

આમ દુષ્ટ શેતાન પોતાના લક્ષણો (માનવજાતનો લાભકર્તા અને સર્જનહાર) થી વેષ્ઠીત થાય છે. ક્રૂરતા એ શેતાનિક છે. ઈશ્વર પ્રેમ છે; અને તેણે જે સર્જ્યું તે તમામ પ્રથમ મહાન બળવાખોર તરફથી પાપ લવાયું નહિ ત્યાં સુધી શુદ્ધ, પવિત્ર અને પ્રેમાળ હતું. શેતાન એ ખુદ શત્રુ છે કે જે માણસને પરીક્ષણમાં લાવે છે, અને ત્યારબાદ જો તે કરી શકે તો તેનો વિનાશ કરે છે; અને જ્યારે તેણે તેના શિકાર વિશે ખાતરી કરી લીધી હોય, ત્યારે તે તેણે કરેલા વિનાશ માં ખુશ થાય છે. જો પરવાનગી અપાય તો તે સમગ્ર જાતીને તેની જાળમાં વિંટોળી લે. જો ઈશ્વરીય શક્તિની મધ્યસ્થી ન હોત તો આદમનો કોઈ જ છોકરો કે છોકરી છટકી શકેત નહિ.

**(૧૧) કયા ચાર ગુણો ઈશ્વરના સાચા ચરિત્ર અને રાજ્યનું વર્ણન કરે છે?**

***'તારા સંતાનને હું સદા કાયમ રાખીશ, અને વંશપરંપરા હું તારું રાજ્યાસન સ્થિર રાખીશ.' (ગીતશાસ્ત્ર ૮૯:૪)***

તેઓના સર્જનહાર પરના તેઓના આત્મવિશ્વાસ ને ડગાવીને અને તેના નિયમનો ન્યાય અને તેના રાજ્યના ડહાપણ વિશે તેઓને શંકામાં નાખીને, શેતાન આજે માણસોને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરી રહ્યો છે, જેમ તેણે આપણા પ્રથમ માતાપિતાને કાબુમાં રાખ્યા. શેતાન અને તેના દૂતો તેઓની દુર્ભાવના અને બળવાને ઉચિત ઠરાવવા, ઈશ્વરને તેઓના કરતા પણ ખરાબ રીતે રજૂ કરે છે. મહાન છેતરનાર આપણા સ્વર્ગીય પિતા પર તેના ચરિત્રની ભયંકર ક્રૂરતા ખસેડવાનો પ્રયત્ન કરે છે, કે જેથી તે સ્વર્ગમાંથી થયેલ તેની હકાલપટ્ટી દ્વારા એક મહાન અન્યાયના રૂપે પ્રકટ થવા માટે તે સ્વયં તેનું કારણ થાય, કારણકે તે અન્યાયી રાજપાલને આધીન થાય નહિ. તે જગતની આગળ એ સ્વતંત્રતા પ્રસ્તુત કરે છે કે જેનો તેઓ તેની મંદ અસરમાં આનંદ માણી શકે, યહોવાના કડક હુકમો દ્વારા બંધન સાથે વિપરીત નંખાયા. આમ તે તેઓની

ઈશ્વર પ્રત્યેની નિષ્ઠામાંથી તેઓને પ્રલોભનમાં પાડવામાં સફળ થાય છે.

**(૧૨) જ્યારે ન્યાયી સજા આપવામાં આવી છે, તો દુષ્ટોનું શુ બાકી વધશે?**

***તમે દુષ્ટોને [તમારા] પગ નીચે ખૂંદશો; કેમ કે સૈન્યોના [ઈશ્વર] યહોવા કહે છે, "હું આ પ્રમાણે કરીશ તે દિવસે તેઓ તમારા પગનાં તળિયા નીચે રાખ સમાન થશે. (માલાખી ૪:૩)***

કેવી રીતે દરેક પ્રેમ અને દયાની લાગણી માટે પ્રતિકૂળ છે, અને આપણા અર્થમાં પણ ન્યાય, તે એ સિદ્ધાંત છે કે મૃત દુષ્ટો અનંત સળગતા નરકમાં આગ અને ગંધકમાં પીડાય છે. કે જેથી જગતના ટૂંકા જીવનના પાપ માટે તેઓને જ્યાં સુધી ઈશ્વર જીવિત છે ત્યાં સુધી ત્રાસ સહન કરવાનો છે. છતાં આ સિદ્ધાંત વ્યાપકપણે શીખવવામાં આવ્યો છે, અને ખ્રિસ્તી ધર્મના ઘણા પંથમાં અંકિત છે.

**(૧૩) શેતાન કેવી રીતે તેના અંતમાં આવે છે?**

***તારા પુષ્કળ અન્યાયથી, તારા વેપારમાં દગો કરીને, તેં તારાં શુદ્ધસ્થાનોને ભ્રષ્ટ કર્યાં છે. એ માટે મેં તારામાં અગ્નિ પ્રગટાવ્યો છે, તેણે તને ભસ્મ કર્યો છે, ને તારા સર્વ પ્રેક્ષકોની નજરમાં મેં પૃથ્વી પર તને ભસ્મ કરી નાખ્યો છે. (હઝકિયેલ ૨૮:૧૮)***

ઈશ્વરને શો લાભ થાય શુ આપણે સ્વીકારવું જોઈએ કે તે સ્થાયી ત્રાસમા સાક્ષીરૂપ બનવામાં આનંદ માને છે; અને તે રિબાતા લોકો કે જેઓને તે નરકમાં રાખે છે તેઓના નિસાસા, આક્રંદ અને શાપમાં તે ખુશ છે? શુ આ બિહામણા અવાજો અનંતપ્રેમ ના કાનમાં સંગીત બની શકે? તે વિનંતી કરાય છે કે દુષ્ટો પરની અંતહીન દુઃખની સજા તે પાપ જે એક દુષ્ટ તરીકે બ્રહ્માંડનો ક્રમ અને શાંતિનો વિનાશ કરે છે તેના પ્રત્યેની ઈશ્વરની નફરતને દેખાડે છે. અરે, ભયાનક નિંદા! જાણે કે ઈશ્વરની પાપ પ્રત્યેની ઘૃણા જ તેનું કારણ છે કે શા માટે કાયમી છે. કેમ કે આ ધર્મશાસ્ત્રીઓના ઉપદેશ પ્રમાણે, દયાની આશા

વગરનો સતત ત્રાસ ખરાબ પીડિતને ચીડવે છે, અને જેમ તેઓ શાપ અને નીંદામાં તેઓનો રોષ ઠાલવે છે, તેમ તેઓ હંમેશનો તેમના અપરાધનો ભાર વધારે છે.અનંતયુગમાં કાયમી નિરંતર વધતા આવા પાપ દ્વારા ઈશ્વરના મહિમામા ઉન્નતિ આવતી નથી.

અનંત ત્રાસના પાખંડ દ્વારા ઘડાયેલ દુષ્ટનો અંદાજ લગાવવો તે માનવ મનની શક્તિની બહાર છે. બાઈબલનો ધર્મ, પ્રેમ અને ભલાઈથી ભરપૂર, અને કરુણા માં પુષ્કળ, તે અંધશ્રદ્ધા દ્વારા અંધકારે ભરેલ છે અને આતંકથી સજ્જ છે. જ્યારે આપણે એ બાબત ધ્યાનમાં લઈએ કે કયા જુઠ્ઠા રંગોમાં શેતાને ઈશ્વરના ચરિત્રને રંગ્યુ છે, શુ આપણે નવાઈ પામી શકીએ કે આપણા દયાળુ સર્જનહાર ભય, ભયજનક અને નફ્રતકારક પણ છે? ઈશ્વરના આઘાતજનક મંતવ્યો કે જે મંચના ઉપદેશથી જગત સુધી ફેલાયેલા છે જેને હજારો, હા, લાખો અવિશ્વાસી અને નાસ્તિક બનાવ્યા છે

**(૧૪) આ વચનમાં શુ વર્ણન અપાયેલ છે જે જુઠ્ઠા સિદ્ધાંતોનું વર્ણન કરે છે?**

***ત્યાર પછી તેની પાછળ બીજો એક દૂત આવીને બોલ્યો, "પડયું રે, મોટું બાબિલોન શહેર પડયું કે, જેણે પોતાના વ્યભિચાર [ને લીધે રેડાયેલો] કોપરૂપી દ્રાક્ષારસ સર્વ દેશો [ના લોકો] ને પીવડાવ્યા છે." (પ્રકટીકરણ ૧૪:૮)***

અનંત ત્રાસનો સિદ્ધાંત તે જુઠ્ઠા ઉપદેશોમાનો એક છે જે બાબીલોનના તીરસ્કારના વાઈનની રચના કરે છે, જેમાંથી તેના તમામ રાષ્ટ્રોને પીવડાવે છે. કે ખ્રિસ્તના સેવકો આ પાખંડને સ્વીકારવું જોઈએ અને પવિત્ર મેજ પરથી જાહેર કરવું જોઈએ જે ખરેખર એક ગૂઢ બાબત છે.......જો આપણે ઈશ્વરના વચનની સાક્ષી તરફ્થી ફ્રી જઈએ અને જુઠ્ઠા ઉપદેશો સ્વીકારીએ કારણકે આપણા પિતાઓએ તેઓને શીખવ્યું, બબીલોન પર જાહેર થયેલા દોષ નીચે આપણે આવીએ છીએ; આપણે તેના તિરસ્કારનો દ્રાક્ષરસ પીએ છીએ.

**(૧૫) ઈશ્વર ન્યાયીઓને અને પાપીઓને શું આપશે?**

*જુઓ, હું થોડી વારમાં આવું છું. અને દરેક માણસને તેની કરણીઓ પ્રમાણે ભરી આપવાનો બદલો મારી પાસે છે. (પ્રકટીકરણ ૨૨:૧૨)*

એક મોટો વર્ગ કે જેને અનંત યાતનાનો સિદ્ધાંત બળવો કરે છે જે વિરુદ્ધ ભૂલમાં દોરી જાય છે. તેઓ જુએ છે કે શાસ્ત્ર ઈશ્વરને પ્રેમ અને દયાના વ્યક્તિત્વ તરીકે રજૂ કરે છે, અને તેઓ વિશ્વાસ નથી કરી શકતા કે તે તેના સર્જનને અનંત સળગતી નરકની આગમાં મોકલશે. પરંતુ એવું પકડી રાખે છે કે આત્મા પ્રાકૃતિક રીતે અમર છે, તેઓ કોઈજ વિકલ્પ જોતા નથી પરંતુ દરેક માણસ અંતમા બચાવશે એ વાત સાથે સમાપ્ત કરે છે. ઘણા લોકો બાઈબલની ધમકીઓને જેમ કે આજ્ઞાપાલન માણસને ભયભીત જ કરવા અને પાલન થવા નહિ, તેવી માત્ર ગોઠવણ કરેલ હોય એમ નિહાળે છે. આમ પાપી ઈશ્વરની આવશ્યકતાઓને અવગણીને સ્વાર્થી આનંદ માં રહી શકે. અમે તેમ છતાં અંતમાં તેનો પક્ષ મેળવશું એવી અપેક્ષા રાખે છે. એવો સિદ્ધાંત, ઈશ્વરની દયાને ધારી રહ્યો છે, પરંતુ તેના ન્યાયની અવગણના કરે છે, શારીરિક હૃદયને આનંદ પમાડે છે, દુષ્ટને તેઓની દુષ્ટતામાં ઉત્સાહિત કરે છે.

ઈશ્વરે તેના વચનમાં નિર્ણાયક પુરાવા આપ્યા છે કે તેના નિયમનું ઉલ્લંઘન કરનારને શિક્ષા કરશે. જેઓ પોતાની જાતની ખુશામત કરે છે કે તે પાપીઓનો ન્યાય કરવામાં ખુબજ દયાળુ છે, તેઓએ ફક્ત કલવરી વધસ્તંભ તરફ જ જોવાનું છે. ઈશ્વરના નિષ્કલંક દીકરાનું મૃત્યુ સાક્ષી પૂરે છે કે "પાપ નો મુસારો મરણ છે," કે નિયમની હરેક હિંસાને તેનો ન્યાયી બદલો મળે. પાપરહિત ખ્રિસ્ત કે જે માણસો માટે પાપ બન્યો. તેણે ઉલંઘનના અપરાધને અને તેના પિતાનું મુખ તેનાથી સંતાડાયું, જ્યાં સુધી તેનું હૃદય તૂટી ગયું અને તેનું જીવન કચડી નંખાયુ ત્યાં સુધી તેણે તે સહન કર્યું. પાપીઓનો છુટકારો થાય તે માટે આ તમામ બલિદાન અપાયા હતા. બીજા કોઈ જ રસ્તા દ્વારા માણસ પાપની સજાથી મુક્ત ન થઈ શકેત. અને દરેક આત્મા જે આવી કિંમતે પ્રદાન કરાયેલ પ્રાયશ્ચિતમાં ભાગીદાર થવાની મના કરે છે, તેને નિશ્ચે ઉલ્લંઘનની સજા અને અપરાધ સહન કરવા પડશે.

**(૧૬) તારણની નિશ્ચે મળે તે પહેલા કઈ જરૂરી આવશ્યકતાઓ પુરી થવી જોઈએ?**

***તેમણે મને કહ્યું, "હવે તેઓ પૂરી થઈ ગઈ છે. હું આલ્ફા તથા ઓમેગા, આદિ તથા અંત છું. હું તરસ્યાને જીવનના પાણીના ઝરામાંથી મફત આપીશ. જે જીતે છે તેને એ [સર્વ] નો વારસો મળશે, હું તેનો ઈશ્વર થઈશ, અને તે મારો પુત્ર થશે. (પ્રકટીકરણ ૨૧:૬ -૭)***

જેઓ તરસ્યા છે તેઓને જ આ વાયદો છે. બીજા કોઈ જ નહીં પરંતુ જીવનના પાણીની તેઓની જરૂરિયાત મહેસુસ કરે છે, અને બીજી બધી બાબત ખોવાના બદલામાં તેને શોધે છે, તેઓને તે પુરૂ પડાશે. તમામ બાબતોનો વારસો મેળવવા આપણે પાપનો સામનો કરવો જોઈએ અને તેનાથી દૂર રહેવું જોઈએ.

પ્રબોધક યશાયા દ્વારા ઈશ્વર જાહેર કરે છે: "ન્યાયીને ધન્ય છે, તેનું કલ્યાણ થશે," દુષ્ટને અફસોસ! તેનું અકલ્યાણ થશે; કેમ કે તે તેના હાથે કરેલા કૃત્યનું ફળ ભોગવશે. યશાયા૩:૧૦,૧૧. "જો પાપી માણસ સેંકડો વખત દુષ્કર્મ કર્યા છતાં," બુદ્ધિમાન માણસ કહે છે, "દીર્ઘાયુષ્ય ભોગવે, તોપણ હું જાણું છું કે નિશ્ચે જેઓ દેવનો ડર રાખે છે તથા તેની સમક્ષ બીહે છે તેમનું ભલું થશે જ: પણ દુષ્ટનું ભલું થશે નહીં." સભાશિક્ષક ૮:૧૨,૧૩. અને પાઉલ સાક્ષી પૂરે છે કે પાપી પોતાના સુધી સંગ્રહ કરે છે" તું તો તારા કઠણ તથા પશ્ચાતાપરહિત અંતઃકરણ પ્રમાણે તારે પોતાને સારુ કોપના તથા દેવના યથાર્થ ન્યાયના પ્રકટીકરણ ને દિવસે થનાર કોપનો સંગ્રહ કરે છે; તે દરેકને પોતપોતાની કરણી પ્રમાણે ફળ આપશે;" "ભૂંડું કરનાર દરેક માણસના ઉપર કોપ તથા ક્રોધ આવશે." રોમન ૨:૫,૬,૯.

**(૧૭) ઈશ્વર પાપ અને બળવા સાથે કઈ રીતે વર્તશે?**

***અને યહોવા તેની આગળ થઈને ગયા, અને એવું જાહેર કર્યું, "યહોવા, યહોવા, દયાળુ તથા કૃપાળુ ઈશ્વર, મંદરોષી, અને અનુગ્રહ તથા સત્યથી ભરપૂર; હજારો પર કૃપા***

*રાખનાર, અન્યાય તથા ઉલ્લંઘન તથા પાપની ક્ષમા કરનાર; પિતાના અન્યાયને લીધે છોકરાં પર અને છોકરાનાં છોકરાં પર, ત્રીજીચોથી પેઢી સુધી બદલો વાળનાર."*
*(નિર્ગમન ૩૪:૬ -૭)*

*જેઓ યહોવા પર પ્રેમ રાખે છે તે બધાનું તે રક્ષણ કરે છે; પણ સર્વ દુષ્ટોનો તે સંહાર કરશે.*
*(ગીતશાસ્ત્ર ૧૪૫:૨૦)*

ઈશ્વરે તેના ચરિત્ર અને પાપ સાથેના વર્તનના રીતની ઘોષણા માણસને આપી છે. ....ઈશ્વરીય વહીવટની સત્તા અને અધિકાર, બળવો બંધ કરવા કાર્યરત રહશે; તેમ છતાં ન્યાય પ્રતિનિધિની તમામ અભિવ્યક્તિઓ ઈશ્વરના દયાળુ, લાબું દુઃખ સહન કરનાર અને પરોપકારી ચરિત્ર સાથે સંપૂર્ણપણે સુસંગત થશે.

**(૧૮) ઈશ્વરની દરેક પાપીને શું અરજી છે?**

***યહોવા કહે છે, "આવો, આપણે વિવાદ કરીએ:તમારાં પાપ જો કે લાલ [વસ્ત્રના] જેવાં હોય, તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તોપણ તેઓ ઊન સરખાં થશે. (યશાયા ૧:૧૮)***

ઈશ્વર કોઈની ઈચ્છાને અથવા નિર્ણયને દબાણ કરતા નથી. ઈશ્વર ગુલામી આજ્ઞાપાલનમાં ખુશ થતા નથી. તે ઈચ્છે છે કે તેના હાથના લોકો તેને પ્રેમ કરે કારણકે તે પ્રેમને યોગ્ય છે. તે તેમને તેની આજ્ઞાનું પાલન કરાવશે કેમ કે તેઓને તેના ડહાપણની બુદ્દિશાળી પ્રશંશા, ન્યાય અને પરોપકાર છે. અને તમામ લોકો કે જેઓને આ ગુણોનો ન્યાયી વિચાર છે તેઓ તેને પ્રેમ કરશે કારણ કે તેઓ તેના ગુણોની પ્રશંશામાં તેની તરફ દોરાયા છે.

ભલાઈ, દયા અને પ્રેમના સિધ્ધાંતો આપણા તારણહાર દ્વારા શીખડાવાયા અને દાખલો અપાયો તે વસિયતની પ્રીતિલીપી અને ઈશ્વરનું ચરિત્ર છે. ખ્રિસ્તે જાહેર કર્યું કે તેમના પિતા તરફથી જે તેમણે મેળવ્યું તેના સિવાય તેમણે બીજું કશું જ શીખવ્યું નથી. ઈશ્વરીય વહીવટના સિધ્ધાંતોનો ખ્રિસ્તના ઉપદેશ સાથે સંપૂર્ણ સુમેળ છે.

"તારા શત્રુઓને પ્રેમ કરે" ઈશ્વર બ્રહ્માંડની ભલાઈ માટે અને જેઓના પર તેનો ન્યાય ચાલ્યો તેઓની ભલાઈ માટે દુષ્ટો પર ન્યાય ચલાવે છે. જો તે તેના રાજ્યના નિયમ પ્રમાણે અને તેના ચરિત્રને ન્યાય પ્રમાણે તે કરી શકે તો તે તેઓને આનંદિત કરશે. તેના પ્રેમના ચિહ્ન સાથે તે તેઓની આસપાસ વળગી રહે છે, તે તેઓને તેના નિયમનું જ્ઞાન અનુદાન કરે છે. તેની દયાના પ્રસ્તાવ સાથે તે તેમને અનુસરે છે; પણ તેઓએ તેના પ્રેમને ધિક્કાર કરે છે અને તેના નિયમને રદ બાતલ કરે છે, અને તેની દયાનો અસ્વીકાર કરે છે જ્યારે તેઓ સતત તેની ભેટ પ્રાપ્ત કરે છે; તેઓ આપનારનું અપમાન કરે છે; તેઓ ઈશ્વરને ધિક્કારે છે કારણકે ઈશ્વર તેઓના પાપને ધિક્કારે છે. ઈશ્વર તેઓની વિકૃતિને લાંબો વખત સહન કરે છે; પણ નિર્ણાયક સમય છેલ્લે આવશે, જ્યારે તેમનું ભાગ્ય નક્કી થશે. શું ત્યારે તે આ બળવાખોરોને પોતાની તરફ જકડશે? શું તે તેઓને તેની ઈચ્છા પ્રમાણે કરવા દબાણ કરશે?

**(૧૯) જ્યારે દુષ્ટો ઈશ્વરની ઉપસ્થિતિને મહેસુસ કરશે ત્યારે તેઓમાંથી કેવું રુદન નીકળશે?**

***તેઓ પહાડોને તથા ખડકોને કહે છે, "અમારા પર પડો, અને રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને સંતાડો. (પ્રકટીકરણ ૬:૧૬)***

જેઓએ શેતાનને તેમના નેતા તરીકે પસંદ કર્યો છે અને તેની શક્તિ દ્વારા નિયંત્રિત થાય છે તેઓ ઈશ્વરની ઉપસ્થિતિમાં પ્રવેશ પામવા તૈયાર નથી. અભિમાન, છેતરપિંડી, વ્યભિચાર, ક્રૂરતા તેઓના ચરિત્રમાં ગોઠવાયેલ છે. તેઓ કે જેઓએ જેમને પૃથ્વી પર ધિક્કાર્યા અને તિરસ્કાર કર્યો, તેઓની સાથે સ્વર્ગમાં સદા રહેવાને પ્રવેશ પામી શકશે? સત્ય ક્યારેય જુઠ્ઠા સાથે સંમત થશે નહીં; નમ્રતા આત્મ -સમ્માન અને અભિમાનને સંતોષ આપશે નહિ; ભ્રષ્ટને પવિત્રતા સ્વીકાર્ય નથી; સ્વાર્થીને સ્વાર્થરહિત પ્રેમ આકર્ષિત લાગતો નથી. જેઓ દુન્યવી અને સ્વાર્થી રુચીમાં સંપૂર્ણ શોષાય છે તેઓને સ્વર્ગના આંદોત્સવનો કયો સ્ત્રોત પ્રસ્તાવ કરે છે?

જેઓનું જીવન ઈશ્વરની વિરુદ્ધ બળવો કરવામાં

જો નિયમ બાંધતો નહોતો, તો શા માટે કોઈએ નિયમભંગથી ડરવું જોઈતું હતું? માલ -મિલકત લાંબો વખત સુરક્ષિત રહેશે નહીં. લોકો પોતાના પાડોશીની સંપત્તિને હિસ્સાથી પડાવી લેશે, અને મજબૂત માણસ સૌથી ધનિક થશે. જીવન પોતે માન પામશે નહિ. લગ્નની પ્રતિજ્ઞા પરિવારના રક્ષણને સારુ હવે પવિત્ર બંધ તરીકે રહેશે નહીં. જેની પાસે સત્તા છે, તે જો ઈચ્છે તો, તે હિંસાથી તેના પાડોશીની પત્નીને લેશે.

પાંચમી આજ્ઞા ચોથી આજ્ઞા વડે રદ્ કરાશે. બાળકો તેમના માતા -પિતાનો જીવ લેવામાં સંકોચ રાખશે નહિ જો આમ કરવામાં તેઓ તેમના ભ્રષ્ટ હૃદયની ઈચ્છા મેળવી શકતા હોય તો. આ સંસ્કારી દુનિયા લૂંટારા અને હત્યારા લોકોનું એક મોટું ટોળું બની જશે; અને શાંતિ, આરામ અને આનંદ પૃથ્વી પરથી નાબૂદ થશે.

**(૯) ઈશ્વરની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવા દ્વારા કયો આશીર્વાદ ગુમાવાય છે?**

***મારા દીકરા, મારું શિક્ષણ ભૂલી ન જા; તારા હૃદયે મારી આજ્ઞાઓને સંઘરી રાખવી; કેમ કે તે તને દીર્ઘાયુષ્ય, આવરદાનાં વર્ષો તથા શાંતિની વૃદ્દિધ આપશે; (નીતિવચનો ૩:૧ -૨)***

અગાઉથી એ સિદ્ધાંત કે લોકો ઈશ્વરની આજ્ઞાપાલનથી આવશ્યકતાઓમાં મુક્ત કરાય છે, તેણે નૈતિક જવાબદારીને નબળી બનાવી દીધી છે અને જગત પર અધર્મના પુરનો દરવાજો ખોલી નાખ્યો છે. અરાજકતા, ભોગવિલાસ અને ભ્રષ્ટાચાર, આપણા પર જબરજસ્ત ભરતીની જેમ આગળ વધી રહ્યા છે. પરિવારમાં શેતાન કાર્યરત છે. અને ખ્યાતરૂપ ખ્રિસ્તીઓના ઘરોમાં પણ તેની ધ્વજા ફરકે છે. ત્યાં ઈર્ષા, દુષ્ટતા, ઢોંગ, અસ્થિરતા, અનુકરણ, ઝઘડો, પવીત્ર વિશ્વાસનો વિશ્વાસઘાત, વાસના ભોગ છે. ધાર્મિક સિદ્ધાંતો અને ઉપદેશોની આખી રચનાએ સામાજિક જીવનનો પાયો અને માળખું બનાવવું જોઈએ. ત્રાસદાયક સમૂહ વિનાશમાં પડવા તૈયાર હોય એવું લાગે છે. . . .

**(૧૦) જેઓ લોકો પર રાજ ચલાવે છે તેઓને અરાજકતા કાબુમાં લે ત્યારે શું પરિણામ આવે છે?**

***એટલે યહોવાની વિરુદ્ધ અપરાધ કરવો, તેમનો નકાર કરવો, તથા પોતાના ઈશ્વર [ની આજ્ઞા] ને અનુસરવાથી પાછા હઠી જવું, જુલમની તથા બંડની વાત બોલવી, હૃદયમાં જૂઠી વાતનો વિચાર કરીને તેમનો ઉચ્ચાર કરવો [એ અમારાં પાપ છે]. (યશાયા ૫૯:૧૩)***

ન્યાયની અદાલત ભ્રષ્ટ છે. વિષયસુખના પ્રેમ અને કમાવવાની ઈચ્છાથી અધિકારીઓ કાર્યરત છે. નશાખોરીએ ઘણાની આંતરિક શક્તિને ઉત્સાહિત કરી છે, કે જેથી શેતાન તેમના પર મોટા ભાગનું નિયંત્રણ રાખી શકે. ન્યાયાધીશો વિકૃત, ભ્રષ્ટાચારી અને ભ્રમિત છે. જેઓ કાયદાના અધિકારીઓ છે તેઓ મધ્યે માદકતા અને આનંદપ્રમોદ, જુનૂન, ઈર્ષા, દરેક પ્રકારની અપ્રમાણિકતા, રજૂ થાય છે. "ન્યાય દૂર ઉભો છે, સત્ય શેરીમાં પડ્યું છે અને ન્યાયનીતિ પ્રવેશી શક્તિ નથી."

**(૧૧) જ્યારે ઈશ્વરના વચનમાંનો વિશ્વાસ ગુમાવાય છે ત્યારે શું પરિણામ આવે છે?**

***તેઓનું અંત:કરણ સ્થૂળ છે; પણ હું તમારા નિયમમાં આનંદ માનું છું (ગીતશાસ્ત્ર ૧૧૯:૭૦)***

દુષ્ટતા અને આત્મિક અંધકાર કે જે રોમની સર્વોચ્ચતા હેઠળ પ્રબળ થયું તે શાસ્ત્રના તેના દમનનું અનિવાર્ય પરિણામ હતું; પણ વ્યાપક વ્યભિચાર, ઈશ્વરના નિયમનો તિરસ્કાર, અને અનુવર્તી ભ્રષ્ટચારના કારણો ક્યાં શોધાય છે, સુવાર્તાના સંપૂર્ણ ઝગમગાટ હેઠળ ધાર્મિક સ્વતંત્રતાના એક યુગના પ્રકાશમાં?

હવે શાસ્ત્રને અટકાવીને શેતાન જગતને તેના નિયંત્રણ હેઠળ લાંબો સમય રાખી શકતો નથી, સરખા હેતુને પૂર્ણ કરવા તે બીજા અર્થનો સહારો લે છે. બાઈબલમાનાં વિશ્વાસને નાશ કરવા અને એવીજ રીતે બાઈબલનો નાશ કરવા તે તેના હેતુને સક્રિય કરે છે. એ માન્યતાનો પરિચય કરાવીને કે ઈશ્વરનો નિયમ બંધનકર્તા નથી, જાણે કે તેઓ તેના ઉપદેશથી સંપૂર્ણ અજાણ હોય તેમ નિયમભંગ કરવા તે લોકોને અસરકારક રીતે દોરે છે.

અને હાલ, જેમ અગાઉના યુગ માં હતું તેમ, તેની યોજના આગળ વધારવા તે મંડળીઓ મધ્યે કામ કરે છે. દિવસની ધાર્મિક સંસ્થાઓએ શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે દર્શાવેલ અપ્રિય સત્યોને સાંભળવાનું બંધ કર્યું છે. અને તેઓના મુકાબલામાં તેઓએ અર્થઘટન અપનાવ્યું છે અને પદવીઓ લીધી છે જેણે નાસ્તિકતાનું બીજ વાવ્યું છે અને પ્રસારિત કર્યું છે.

**(૧૨) ઈશ્વરના નિયમની સ્થિરતા વિશે કયો ઈશ્વરીય વાયદો અપાયો છે?**

***નિયમશાસ્ત્ર અથવા પ્રબોધકોની વાતોનો નાશ કરવાને હું આવ્યો છું, એમ ન ધારો. હું નાશ કરવા તો નહિ, પણ પૂર્ણ કરવા આવ્યો છું. (માથ્થી ૫:૧૭)***

**(૧૩) જેઓ ઈશ્વરને પ્રેમ કરે છે અને તેના અંતિમ દિવસના બાકી રહલા લોકો છે તેઓની અગ્રણી લાક્ષણિકતા શું હશે?**

***આમાં સંતોનું ધૈર્ય, એટલે જેઓ ઈશ્વરની આજ્ઞા પાળે છે તથા ઈસુ પર વિશ્વાસ રાખે છે તેઓનું ધૈર્ય [રહેલું] છે." (પ્રકટીકરણ ૧૪:૧૨)***

**(૧૪) બહુમતી દ્વારા નકરાયેલા તેમ છતાં, ઈશ્વરે આપણને કયો દિવસ સાબ્બાથ તરીકે પાળવાનું ફરમાવ્યું છે?**

***સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તું યાદ રાખ. છ દિવસ તું ઉદ્યોગ કર ને તારું બધું કામ કર; પણ સાતમો દિવસ તારા ઈશ્વર યહોવાનો સાબ્બાથ છે; તેમાં તું કંઈ કામ ન કર. તું કે તારો દીકરો કે તારી દીકરી કે તારો દાસ કે તારી દાસી કે તારાં ઢોર કે તારા ઘરમાંનો પરદેશી; કેમ કે છ દિવસમાં યહોવાએ આકાશ તથા પૃથ્વી, સમદ્ર તથા તેઓમાંના સર્વ ઉત્પન્ન કર્યાં, ને સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યા; એ માટે યહોવાએ સાબ્બાથ દિનને આશીર્વાદ આપીને તેને પવિત્ર ઠરાવ્યો. (નિર્ગમન ૨૦:૮ -૧૧)***

અને દાવા મુજબ ચોથી આજ્ઞાના માટે લોકો પર વિનંતી કરાય છે, અને તેવું જોવા મળ્યું કે સાતમા દિવસના સાબ્બાથના પાલન પર રોક લગાવાય છે; અને એ કાર્ય જે તેઓને કરવું ગમતું નથી તેનાથી છૂટવાના એકમાત્ર માર્ગરૂપે, ઘણા લોકપ્રિય શિક્ષકો જાહેર કરે છે કે ઈશ્વરનો નિયમ હવે બંધનકર્તા નથી. અને આમ તેઓ સાબ્બાથ અને નિયમ બન્નેને એકસાથે રદ્દ કરે છે.

જેમ કે સાબ્બાથના સુધારાનું કામ લંબાવાય છે, ચોથી આજ્ઞાના દાવાઓને ટાળવા ઈશ્વરીય નિયમનો તિરસ્કાર, સાર્વત્રિક સુખી બનશે. ધાર્મિક આગેવાનોના શિક્ષણોએ વ્યભિચારના, આધ્યાત્મિકતાના અને ઈશ્વરના પવિત્ર નિયમના તિરસ્કારના દ્વારો ખુલ્લા કર્યા છે; અને આ આગેવાનો પર ખ્રિસ્તી જગતમાં રહેલ દુષ્ટતાની ભયાનક જવાબદારી રહેલ છે.

**(૧૫) પશુ શક્તિ બદલવાનો પ્રયાસ કરશે, તે વિશે શાસ્ત્ર શુ આગાહી આપે છે?**

***તે પરાત્પરની વિરુદ્ધ [મોટી મોટી] વાતો બોલશે, ને પરાત્પરના પવિત્રોને કાયર કરશે. અને તે [ધાર્મિક ઉત્સવોના] દિવસોને તથા નિયમને ફેરવી નાખવાનો***

*વિચાર કરશે. તેઓ કાળ તથા કાળો તથા અડધા કાળ સુધી તેના હાથમાં આપવામાં આવશે. (દાનિયેલ ૭:૨૫)*

**(૧૬) કયા ગૂઢ અસત્ય વિશે આપણને ચેતવાયા છે જે સત્યનું સ્થાન લે છે?**

***સાવધાન રહો, રખેને ફિલસૂફીનો ખાલી આડંબર જે ખ્રિસ્ત પ્રમાણે નહિ, પણ માણસોના સંપ્રદાય પ્રમાણે ને જગતનાં તત્ત્વો પ્રમાણે છે, તેથી કોઈ તમને ફસાવે, (કલોસીઓને પત્ર ૨:૮)***

તેમ છતાં આ વર્ગે દાવો આગળ રાખ્યો છે કે ઝડથપી ફેલાતો ભ્રષ્ટાચાર એ “ખ્રિસ્તી સાબ્બાથ” ને અપવિત્ર કરવાનું કારણ છે, અને રવિવારના પાલનના અમલીકરણે સમાજની નૈતિકતામાં વૃદ્ધિ કરી છે. ખાસ કરીને અમેરિકામાં આ દાવો કરાયો છે, જ્યાં ખરા સાબ્બાથ (અઠવાડિયાનો સાતમો દિવસ = નિર્ગમન ૨૦:૮ -૧૧) ના શિક્ષણનો વ્યાપકપણે ઉપદેશ અપાય છે. અહીં આત્મસંયમનું કાર્ય, અગ્રણી અને નૈતિક મહત્વપૂર્ણ સુધારામાનું એક, જે મોટેભાગે રવિવારની ચળવળ સાથે સંલગ્ન છે. અને પાછળના મધ્યસ્થીઓ પોતાની જાતને સમાજના સૌથી વધુ રસ દાખવતા મજૂરો તરીકે રજૂ કરે છે; અને જેઓ તેમની સાથે એક થવાની મના કરે છે, તેઓ સુધારા અને સંયમ શત્રુઓ તરીકે નીંદિત થાય છે.

પણ હકીકત કે ભૂલ સ્થાપવાની ચળવળ તે એ કાર્ય જે પોતામાં સારું છે તેની સાથે જોડાય છે. આપણે કદાચ તંદુરસ્ત ખોરાકને તેની સાથે ભેળવીને ઝેર સંતાડી શકીએ, પરંતુ આપણે તેની પ્રકૃતિ બદલી શકીએ નહિ. તદ્દન ઊલટું, તે વધુ ખતરનાક સાબિત થાય છે, જેમ કે તે અજાણતાં લેવામાં આવે તેવી શક્યતા છે.

પ્રશંસનિયતા આપવા માત્ર પૂરતું સત્ય જૂઠ સાથે સંગત કરતા શેતાનના ઉપકરણમાંનું તે એક છે. રવિવારની ચળવળના આગેવાનો, સુધારાઓ કે જેની લોકોને જરૂર છે અને સિદ્ધાંતો કે જે બાઈબલની સાથે સુસંગત છે તે માટે હિમાયત કરી શકે; તેમ છતાં આ સાથે છે એ આવશ્યકતા કે જે ઈશ્વરના નિયમ વિરુદ્ધ છે, તેના સેવકો તેની સાથે

એક થઈ શકે નહીં. લોકોના ઉપદેશને માટે ઈશ્વરની આજ્ઞાઓને રદ્ કરવામાં તેમને કોઈ જ વાજબી ઠરાવી શકે નહીં.

**(૧૭) અપૂર્ણ આજ્ઞાપાલનનું અંતિમ પરિણામ શું છે?**

***ભક્તિભાવનું ડોળ દેખાડીને તેના સામર્થ્યનો સ્વીકાર નહિ કરનારા થશે આવા માણસોથી તું દૂર રહે. (૨તિમોથીને પત્ર ૩:૫)***

***લાઓદિકિયામાંની મંડળીના દૂતને લખ:જે આમીન છે, જે વિશ્ર્વાસુ તથા ખરા સાક્ષી છે, જે ઈશ્વરની સૃષ્ટિનું ઉદભવસ્થાન છે તે આ વાતો કહે છે: તારાં કામ હું જાણું છું, તું ટાઢો નથી, તેમ ઊનો પણ નથી, તું ટાઢો અથવા ઊનો થાય એમ હું ચાહું છું. પણ તું હૂંફાળો છે, એટલે ઊનો નથી તેમ ટાઢો પણ નથી, માટે હું તને મારા મોંમાંથી થૂંકી નાખીશ. (પ્રકટીકરણ ૩:૧૪ -૧૬)***

નામધારી ખ્રિસ્તીઓ અને અધર્મીઓ વચ્ચેના તફાવતની રેખા ભાગ્યે જ ઓળખી શકાય તેવી છે. મંડળીના સભ્યો તેને પ્રેમ કરે છે જેને જગત પ્રેમ કરે છે અને તેઓની સાથે જોડાવવા પણ તૈયાર છે. અને શેતાન તેઓને એક દેહમાં સંગઠિત કરવાનું નક્કી કરે છે અને આમ બધાને આધ્યાત્મિકતાના ક્રમમાં નાખીને તેના કારણોને મજબૂત બનાવે છે.

પાપના સમર્થકો, કે જેઓ સાચી મંડળીની ચોક્કસ નિશાની તરીકેના ચમત્કારોમાં બડાઈ મારે છે, તેઓ આશ્ચર્યજનક શક્તિ દ્વારા છેતરાશે; અને પ્રોટેસ્ટન્ટો, સત્યની ઢાલને દૂર કરીને, તેઓ પણ ભ્રમિત કરાશે. પાપના સમર્થકો, પ્રોટેસ્ટન્ટો અને દુનિયાદારી લોકો સત્તા વગરની ધાર્મિકતાના સ્વરૂપને એકસરખી રીતે સ્વીકારશે, અને તેઓ આ સંગઠનમાં જગતના રૂપાંતર માટેના એક ભવ્ય આંદોલનમાં અને લાંબા સમયથી અપેક્ષિત સહસ્ત્રકના પ્રવેશને જોશે.

**(૧૮) માનવજાતનું ઈશ્વરના નિયમના તિરસ્કારનું અંતિમ પરિણામ શું હશે?**

*પૃથ્વી શોક કરે છે ને સુકાઈ જાય છે, દુનિયા ચીમળાઈને સુકાઈ જાય છે, પૃથ્વીના ખાનદાન માણસો સુકાઈ જાય છે. વળી પૃથ્વી તેના રહેવાસીઓ [નાં પાપ] ને લીધે ભ્રષ્ટ થઈ છે; કેમ કે તેઓએ નિયમનું ઉલ્લંઘન કર્યું છે, વિધિનો અનાદર કર્યો છે, સનાતન કરાર તોડયો છે.*

*(યશાયા ૨૪:૪ -૫)*

શેતાન તત્વો દ્વારા કામ કરે છે, તૈયારી વિનાના આત્માઓની લણણી ની કાપણી કરવા માટે પણ. શેતાને પ્રકૃતિની પ્રયોગશાળાના રહસ્યનો અભ્યાસ કર્યો છે, અને જ્યાં સુધી ઈશ્વર પરવાનગી આપે ત્યાં સુધીના તત્વોને અંકુશમાં રાખવા તે તેની તમામ શક્તિઓનો ઉપયોગ કરે છે. જ્યારે અયુબને પીડા આપવા તે મહેનત કરતો હતો, કેટલી જલ્દીથી ઢોર -ઢાંક અને ચાકરો, ઘરો, બાળકોનો નાશ કરાયો, એક મુશ્કેલી પુરી થાય ત્યાં એક ક્ષણમાં બીજી ઉભી થાય. તે ઈશ્વર છે જે તેના સર્જનનું રક્ષણ કરે છે અને વિનાશકની શક્તિથી બચવા તેમને વાડમાં રાખે છે.

પણ ખ્રિસ્તી જગતે યહોવાના નિયમ પ્રત્યે તિરસ્કાર દેખાડ્યો છે; ઈશ્વરે જે કરવાનું જાહેર કર્યું તે તેં કરશે જ–તે પૃથ્વી પરથી પોતાનો આશીર્વાદ લઈ લેશે અને જેઓ તેના નિયમની વિરુદ્ધ બળવો કરે છે અને બીજાઓને એવું જ કરવા શિક્ષણ આપે અને દબાણ કરે તેઓ પાસેથી તેની રક્ષણ કાળજી દૂર કરશે. જેઓની ઈશ્વર કાળજી લેતા નથી તેમના પર શેતાનનો કાબુ છે. તેની પોતાની યોજનાઓ આગળ વધારવા તે કેટલાકના પક્ષમાં રહેશે અને સમૃદ્ધ કરશે. અને બીજાઓ પર તે વિપત્તિ લાવશે અને લોકોને એવું માનવામાં દોરી જશે કે તે ઈશ્વર છે જે તેમને વિપતિમાં નાખે છે.

જ્યારે માણસોના દીકરાઓ આગળ તે મહાન ચિકિત્સક કે જે તેમની બધી બીમારી મટાડી શકે તેવા રૂપમાં પ્રકટ થાય છે, જ્યાં સુધી વસ્તીવાળા શહેરો વિનાશ અને બરબાદ ન થાય ત્યાં સુધી તે બીમારી અને વિપત્તિઓ લાવશે. હાલમાં પણ તે કાર્યરત છે. અકસ્માતોમાં અને સમુદ્ર અને ધરતીની આફતોમાં, પ્રચંડ આગમાં, ભયંકર વાવાઝોડામાં, ભયાનક કરામાં, તોફાનમાં, પૂરમાં,

ચક્રવાતમાં, ભરતી મોજાં અને ભૂકંપમાં, દરેક જગ્યાએ અને હજારો સ્વરૂપમાં,

શેતાન તેની શક્તિનો ઉપયોગ કરે છે. તે પાકની કાપણીનો નાશ કરે છે અને દુષ્કાળ અને ત્રાસ પીછો કરે છે. તે વાયુમાં જીવલેણ કલંક નાખે છે, અને હજારો લોકો મહામારીમાં નાશ પામે છે. આ ઘટનાઓ વધુ ને વધુ, વારંવાર અને વિનાશકારી બનવાની છે. પશુ અને માણસ બન્ને પર વિનાશ આવશે. “પૃથ્વી શોક કરે છે ને સુકાઈ જાય છે” “ખાનદાન માણસો. . . . . સુકાઈ જાય છે. વળી પૃથ્વી તેના રહેવાસીઓનાં પાપને લીધે ભ્રષ્ટ થઈ છે; કેમ કે તેઓએ નિયમનું ઉલ્લંઘન કર્યું છે, વિધિનો અનાદર કર્યો છે, સનાતન કરાર તોડ્યો છે” (યશાયા ૨૪:૫)

**(૧૯) જ્યારે છેતરાયેલા લોકો શેતાનની યોજના પ્રમાણે કરે છે ત્યારે ભયંકર પરિણામ શું આવે છે?**

***તેઓ તમને સભાસ્થાનોમાંથી કાઢી મૂકશે. હા, એવો સમય આવે છે કે જે કોઈ તમને મારી નાખે તે ઈશ્વરની સેવા કરે છે, એમ તેને લાગશે. (યોહાન ૧૬:૨)***

અને ત્યારપછી મહાન છેતરનાર લોકોને એ સમજાવશે કે જેઓ ઈશ્વરના સેવકો છે તેઓ જ આ દુષ્ટતાનું કારણ છે. તે વર્ગ કે જેણે સ્વર્ગની નારાજગી ઉશ્કેરી છે, જેઓ ઈશ્વરના નિયમોનું પાલન કરે છે તેઓ પર બધી મુશ્કેલીઓ નાખશે, તે ઉલ્લંઘન કરનાર માટે કાયમી ઠપકો છે. તેવું જાહેર થશે કે રવિવારના સાબ્બાથ ના ઉલ્લંઘન દ્વારા લોકો ઈશ્વરનું અપમાન કરે છે; અને આ પાપ વિપત્તિ લાવ્યું છે જ્યાં સુધી રવિવારનું પાલન સખ્તપણે અમલમાં નહિ મુકાય ત્યાં સુધી આ વિપત્તિ બંધ નહિ થાય; અને જેઓ ચોથી આજ્ઞાનો દાવાઓ રજૂ કરે છે, આમ રવિવારના સન્માનનો વિનાશ કરી, તેઓ લોકોના સતાવનારા છે. ઈશ્વરીય તરફેણના પુનઃસ્થાપન અને લૌકિક સમૃદ્દિ ને ટાળે છે.

આમ જુનાને આરોપ લગાવ્યો ઈશ્વરના સેવક વિરુદ્દ જે પુનરાવર્તિત થશે અને સમાન સારી રીતે આધારો પર સ્થાપિત થશે: “અને તેવું થયું કે, જ્યારે આહાબે એલિયાને જોયો, અને આહાબે તેને કહ્યું કે, તું એ

જ વ્યક્તિ છે જે ઈઝરાયેલ માટે સમસ્યા ઉભી કરે છે? અને તેણે ઉત્તર આપ્યો, મેં ઈઝરાયેલ માટે સમસ્યા ઉભી નથી કરી; પણ તેં અને તારા પિતાના ઘરનાઓએ યહોવાની આજ્ઞાનો અનાદર કરીને બઆલની પૂજા કરી છે." ૧ રાજાઓ ૧૮:૧૭,૧૮. જેમ કે લોકોનો ક્રોધ ખોટા આરોપોથી ઉત્તેજિત થશે, તેઓ ઈશ્વરના રાજદૂતો તરફ એક માર્ગ અપનાવશે જેમ પતિત ઈઝરાયેલીઓએ એલિયા તરફ અપનાવેલ.

**(૨૦) છેતરપિંડીનો કયો શક્તિશાળી સ્રોત શેતાન અંતના દિવસોમાં તેના હેતુ માટે મોટાભાગના લોકોને છેતરવા ઉપયોગ કરશે?**

***કેમ કે તેઓ ચમત્કારો કરનારા દુષ્ટ આત્માઓ છે, જેઓ સર્વ શક્તિમાન ઈશ્વરના મહાન દિવસની લડાઈને માટે આખા જગતના રાજાઓને એકત્ર કરવા માટે તેઓની પાસે બહાર જાય છે. (પ્રકટીકરણ ૧૬:૧૪)***

***કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્દભુત કૃત્યો કરી બતાવશે કે, જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે. (માથ્થી ૨૪:૨૪)***

ચમત્કાર કરનાર શક્તિ આધ્યાત્મિકતા દ્વારા પ્રકટ થઈ છે, જેઓ માણસો કરતા ઈશ્વરનું પાલન કરવાનું પસંદ કરે છે તેઓની વિરુદ્ધ તે શક્તિનો પ્રભાવ અમલમાં મુકાશે. આત્માઓ તરફથી સંવાદ એ જાહેર કરશે કે ઈશ્વરે તેમને રવિવાર ને નામંજૂર કરવવાળાઓને તેઓની ભૂલ સમજાવવા મોકલ્યા છે,ખાતરીપૂર્વક કહે છે કે જગતનો નિયમ ઈશ્વરના નિયમ તરીકે પળાવવો જોઈએ.તેઓ દુનિયામાં રહેલ મહાન દુષ્ટતા માટે વિલાપ કરશે અને બીજું કે ધાર્મિક શિક્ષકોની ગવાહી નૈતિકતાના ભ્રષ્ટ રાજ્ય રવિવારના અપમાનનું કારણ છે.જેઓ તેઓની ગવાહી સ્વીકારવાની મનાઈ કરશે તેઓની વિરુદ્ધ મહાન ક્રોધ સળગી ઉઠશે.

ઈશ્વરના લોકો સાથેના આ નિર્ણાયક સંઘર્ષમાં શેતાનની નીતિ સ્વર્ગમાં જેમ મહાન વિવાદની શરૂઆતમાં તેણે કાર્યકર્તાઓને રાખી લીધેલા તેના જેવી જ છે.

ઈશ્વરીય વહીવટની સ્થિરતાને પ્રોત્સાહન આપવાના પ્રયત્નનું તેણે જણાવ્યું, જ્યારે ખાનગી રીતે તેના વિનાશને રક્ષણ કરવાના દરેક પ્રયત્નોમાં રહે છે.

**(૨૧) પ્રલોભન અને નિયંત્રણની તેમની પદ્ધતિઓનો ઉપયોગ, આ ઝઝૂમી રહેલા સંઘર્ષમાં શેતાનનો અંતર્ગત હેતુ શું છે?**

***સાવચેત થાઓ, જાગતા રહો; [કેમ કે] તમારો વૈરી શેતાન ગાજનાર સિંહની જેમ કોઈ મળે તેને ગળી જવાને શોધતો ફરે છે. (૧ પિતરનો પત્ર ૫:૮)***

ઈશ્વર ક્યારેય ઈચ્છા કે અંત: કરણ ને દબાણ કરતા નથી, પણ શેતાનનો સતત આશરો -જેઓને તે અન્યથા ફોસલાવી ના શકે તેઓનો કાબુ મેળવવા -જે ક્રૂરતા દ્વારા ફરજીયાત છે. ભયથી કે શક્તિથી તે અંતરાત્મા પર શાસન ચલાવવાની અને પોતાના માટે સેવાભાવના રક્ષિત કરવાની કોશિશ કરે છે. આને પૂર્ણ કરવા, તે ધાર્મિક અને બિનસાંપ્રદાયિક સત્તાઓ દ્વારા તે કામ કરે છે, ઈશ્વરના નિયમની અવગણના કરી માણસોના નિયમનું અમલીકરણ કરવામાં તેઓને લઈ જાય છે.

**(૨૨) ઈશ્વરના અંતિમ દિવસના બાકી રહેલા લોકો કે જેઓ શેતાન અને તેના અનુયાયીઓની ઘૃણા ઉતેજીત કરશે, તેઓની લાક્ષણિકતા શું હશે?**

***ત્યારે અજગર તે સ્ત્રી પર ગુસ્સે થયો, અને તેનાં બાકીનાં સંતાન, એટલે જેઓ ઈશ્વરની આજ્ઞા પાળે છે, અને ઈસુની સાક્ષીને વળગી રહે છે, તેઓની સાથે લડવાને તે ચાલી નીકળ્યો. અને તે સમુદ્રની રેતી પર ઊભો રહ્યો. (પ્રકટીકરણ ૧૨:૧૭)***

જેઓ બાઈબલ સાબ્બાથનું સન્માન કરે છે, તેઓની કાયદા અને વ્યવસ્થાના શત્રુ તરીકે નિંદા થશે, સમાજના નૈતિક સંયમને તોડી પાડીને, અરાજકતા અને ભ્રષ્ટાચારનું કારણ બને છે અને ઈશ્વરના ન્યાયને નીચે બોલાવે છે, તેઓનો પ્રામાણિક સંદેહ દુરાગ્રહ, જીદ, અને

સત્તાનો તિરસ્કાર તરીકે ઉચ્ચારાશે, તેઓ સરકાર તરફ અવ્યવસ્થાના તેઓ આરોપી હશે.

સેવકો જે ઈશ્વરીય કાયદાની ફરજને નામંજૂર કરે છે તેઓ મેજ પરથી નાગરિક અધિકારોને ઈશ્વરની ફરજ તરીકે પાલન થવા ઉપજના કાર્યને રજૂ કરે છે. ધરાકીય પરિષદોના હોલમાં અને ન્યાયની અદાલતમાં આજ્ઞા રાખવાવાળા ખોટી રીતે રજૂ કરાશે અને અપરાધી ઠરાવાશે. તેઓના શબ્દોને જૂઠો રંગ આપવામાં આવશે; ખરાબ બાંધકામ તેઓના હેતુઓ પર રખાશે.

**(૨૩) ઈશ્વરની આજ્ઞાઓ પાળનારને તેઓના અંતઃકરણને બગાડવા દબાણ કરવાના પ્રયાસમાં નાગરિક અધિકારીઓ દ્વારા ક્યાં પગલાં લેવાશે અને ધાર્મિક બહુમતી દ્વારા ટેકો અપાશે?**

***વળી જેને તે છાપ, એટલે શ્વાપદનું નામ, અથવા તેના નામની સંખ્યા હોય, તે વગર બીજા કોઈથી કંઈ વેચાયલેવાય નહિ, એવી પણ તે ફરજ પાડે છે. (પ્રકટીકરણ ૧૩:૧૭)***

જેમ પ્રોટેસ્ટન્ટ મંડળીઓ ઈશ્વરના વચનના બચાવમાં સ્પષ્ટ રીતે શાસ્ત્રીય વાદ -વિવાદને નકારે છે, તેમ તેઓ જેઓના વિશ્વાસને બાઈબલ દ્વારા ઉથલાવી શકતા નથી તેઓને મૌન કરવા ઉત્સુક રહેશે. તેઓએ હકીકત તરફ પોતાની આંખો આંધળી કરી હોવા છતાં, તેઓ એક કાર્યપ્રણાલીને અપનાવી રહ્યા છે જે, બાકીનું ખ્રિસ્તી જગત જે કરી રહ્યું છે તેને નિષ્ઠાપૂર્વક મના કરનારની સતાવણી કરવા તરફ દોરી જશે. અને પોપના સાબ્બાથના દાવાઓને સ્વીકારે છે.

મંડળી અને રાજ્યના ગણમાન્ય લોકો લાંચ લેવા, બધા વર્ગોને રવિવારનું પાલન કરવા મનાવવા અથવા મજબૂર કરવા એકઠા થશે. દમનકારી કાયદાઓ દ્વારા ઈશ્વરીય સત્તાનો અભાવ પૂરો પડાશે. રાજકારણી ભ્રષ્ટાચાર ન્યાયના પ્રેમ ને અને સત્ય માટેના આદરને નાશ કરી રહ્યું છે. અને મુક્ત અમેરિકામાં પણ, શાસકો અને ધારાસભ્યો લોકોની તરફેણ સુરક્ષિત કરવા રવિવારના પાલનના કાયદાને અમલી કરવા લોકપ્રિય માંગ ઉપજાવશે.

અંતઃકરણની સ્વતંત્રતા કે જેની કિંમત મોટું બલિદાન છે, તે હવે સન્માનિત કરાશે નહિ.

ટૂંક સમયમાં આવતા સંઘર્ષમાં આપણે પ્રોબધકના વચનોનો દાખલો લેશું: "ત્યારે અજગર તે સ્ત્રી પર ગુસ્સે થયો, અને તેનાં બાકીનાં સંતાન, એટલે જેઓ દેવની આજ્ઞા પાળે છે, અને ઈસુની સાક્ષીને વળગી રહે છે, તેઓની સાથે તે લડવાને તે ચાલી નીકળ્યો." (પ્રકટીકરણ ૧૨:૧૭) [માણસનો પ્રયાસ તે બદલવા માટે અને બાઈબલ સાબ્બાથના ઈતિહાસની વિગતવાર સમજૂતી માટે એપેન્ડિક્સ B,C,D જુઓ]

*હવે હું જાગૃત છું કે શાસ્ત્ર સ્પષ્ટ રીતે ઝઝૂમી  સંઘર્ષને વર્ણવે છે "જેમ કે ક્યારેય નહોતું" જેમ આપણે આ જગતના ઈતિહાસની નજીક પહોંચીએ તેમ તેની શરૂઆત થશે.*

*વર્તુળ:* *હા* *અનિશ્ચિત*

*હું સમજુ છું કે  પાપની આ કલ્પનાથી આ મહાન વિવાદમાં શેતાનના હુમલાનું કેન્દ્ર ઈશ્વરના અનંત પવિત્ર કાયદાઓ છે - -તેના વહીવટનો આધાર.*

*વર્તુળ:* *હા* *અનિશ્ચિત*

*પ્રકટીકરણ ૧૨:૧૭ પ્રકટ કરે છે કે શેતાનનો મુખ્ય હેતુ આ પવિત્ર સિધ્ધાંતોની અંતિમ નામંજૂરી ના હેતુ માટે ઈશ્વરના નિયમની બદનામી કરવી.*

*વર્તુળ:* *હા* *અનિશ્ચિત*

*હું જાણું છું કે શાસ્ત્ર પ્રકટ કરે છે કે શેતાન અને માણસો "સમય અને કાયદાને બદલવાનો" પ્રયાસ કરે છે તેમ છતાં ઈશ્વરની આજ્ઞાઓ પવિત્ર અને અનંત છે. દાનીએલ ૭:૨૫.*

વર્તુળ: હા અનિશ્ચિત

હું હવે જોવું છું કે બાઈબલ શીખવે છે ઈશ્વરની દરેક પવિત્ર આજ્ઞાઓના પાલનનું મહત્વ અને તેઓમાંના એકને પણ તોડવાનો અર્થ બધાને તોડવા - -યાકુબ2:10

વર્તુળ: હા અનિશ્ચિત

હું ઈશ્વરના બચેલા વફાદાર લોકોમાં રહેવાનું પસંદ કરું છું કે જેઓ તેની આજ્ઞાઓ પાળે છે અને ઈસુને વિશ્વાસુ રહે છે. પ્રકટીકરણ ૧૪:૧૨.

વર્તુળ: હા અનિશ્ચિત



## પાઠ ૮

## શાસ્ત્ર એક રક્ષા કવચ

### (૧) શેતાનની ભ્રાંતિમાં આપણું રક્ષા કવચ શું હશે?

*ઈસુએ ઉત્તર આપ્યો, "એમ લખેલું છે કે, માણસ એકલી રોટલીથી નહિ જીવશે." (લૂક ૪:૪)*

*શિક્ષણ તથા સાક્ષીની પાસે [જઈએ] !' જ્યારે તેમને માટે સૂર્યોદય ખચીત થવાનો નથી, ત્યારે તેઓ એ પ્રમાણે બોલશે. (યશાયા ૮:૨૦)*

ઈશ્વરના લોકો શાસ્ત્રને નિર્દેશિત કરાય છે જેમ કે જુઠા શિક્ષકોના પ્રભાવ વિરૂદ્ધ અને અંધકારની આત્માની ભ્રાંતિ સામે તેઓનું રક્ષા કવચ છે. શેતાન લોકોને બાઈબલનું જ્ઞાન મેળવવાથી રોકવા માટે દરેક શક્ય ઉપકરણ અપનાવે છે; કેમ કે તેના સ્પષ્ટ ઉચ્ચારણો તેનું કપટ છતું કરે છે. ઈશ્વરના કાર્યની દરેક જાગૃતિ એ દુષ્ટતાનો રાજકુમાર વધુ તીવ્ર પ્રવુતિ માટે ઉભો થાય છે; ખ્રિસ્ત અને તેના અનુયાયીઓ વિરુદ્ધ અંતિમ સંઘર્ષ માટે તે તેના ઘણા બધા પ્રયાસો આગળ મૂકી રહ્યો છે.

અંતિમ મહાન ભ્રાંતિ ટૂંકમાં આપણી સમક્ષ ખુલ્લી થવા પર છે. ખ્રિસ્ત વિરોધી આપણી નજર સમક્ષ તેના અદભુત કાર્યો પ્રદર્શિત કરવા પર છે. ખુબજ નજીક દંભી

એ સત્ય એકઠું કરશે કે પવિત્ર શાસ્ત્ર વગર તેઓ વચ્ચે ભેદ પારખવો અશક્ય હશે. તેઓની ગવાહી દ્વારા દરેક નિવેદન અને દરેક ચમત્કાર પરખાવા જોઈએ.

**(૨) લોકો કરતા ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવાનું સામર્થ કયા સ્રોતમાથી આવશે?**

***સર્વ કૃપાના ઈશ્વર જેમણે ખ્રિસ્તમાં તમને પોતાના સર્વકાળના મહિમાને માટે બોલાવ્યા છે, તે પોતે તમે થોડી વાર સહન કરો ત્યાર પછી, તમને પૂર્ણ, સ્થિર તથા બળવાન કરશે. (૧ પિતરનો પત્ર ૫:૧૦)***

જેઓ ઈશ્વરની તમામ આજ્ઞાઓનું પાલન કરવાનો પ્રયત્ન કરે છે તેઓનો વિરોધ થશે અને હાંસીપાત્ર બનશે. તેઓ ફક્ત ઈશ્વરમાં ઉભા રહી શકે છે. તેઓની સમક્ષ મુકદ્દમો સહન કરવા અનુસાર, તેઓએ શાસ્ત્રમાં પ્રકટ થયેલ ઈશ્વરની ઈચ્છાને સમજવી જોઈએ; તેના ચરિત્રનો, વહીવટનો, હેતુનો, અને તેઓની સાથેના તેના કાર્યનો સાચો ખ્યાલ માત્ર તેઓની પાસે છે તેના લીધે તેઓ તેને આદર આપી શકે છે. બીજા કોઈ જ નહિ પણ જેઓએ બાઈબલના સત્ય સાથે પોતાના મન દૃઢ કર્યા છે તેઓ અંતિમ મહાન સંઘર્ષમાં ટકી રહેશે.

દરેક આત્મા પાસે એક શોધ કસોટી આવશે: મારે લોકો કરતા ઈશ્વરનું આજ્ઞાપાલન કરવું જોઈએ? નિર્ણાયક ઘડી પાસે આવી છે. શું આપણા પગ ઈશ્વરના અડગ વચનોના ખડક પર મજબૂતાઈથી સ્થિર છે? શું આપણે ઈશ્વરની આજ્ઞાઓ અને ઈસુના વિશ્વાસના સંરક્ષણ માટે મક્કમ થવા તૈયાર છીએ?

**(૩) શા માટે ઈશ્વરે તેના વચનોમાં ભવિષ્યવાણી પ્રદાન કરી છે?**

***કેમ કે જેટલું અગાઉ લખવામાં આવ્યું હતું, તે આપણને શિખામણ [મળવા] ને માટે લખવામાં આવ્યું હતું કે, ધીરજથી તથા પવિત્ર શાસ્ત્રમાંના દિલાસાથી આપણે આશા રાખીએ. (રોમનોને પત્ર ૧૫:૪)***

***મર્મો યહોવા આપણા ઈશ્વરના છે. પણ પ્રગટ કરેલી વાતો સદા આપણી તથા આપણાં સંતાનોની છે કે, આપણે***

*આ નિયમનાં સર્વ વચનો પાળીએ. (પુનર્નિયમ ૨૯:૨૯)*

તેના ક્રુસારોહણ પહેલા તારણહારે તેના શિષ્યોને સમજાવ્યું કે તે મારી નંખાશે અને કબરમાંથી ફરી ઉભો થશે અને સ્વર્ગદૂતો તેના શબ્દોને મન અને હ્રદયોમાં આકર્ષિત કરવા ઉપસ્થિત થયા. પરંતુ શિષ્યો રોમન ઝુંસરીમાંથી દુન્યવી છૂટકો ઈચ્છી રહ્યા હતા. અને તેઓ એ વિચાર સહન ન કરી શક્યા કે ઈસુ કે જેનામાં તેઓની બધી આશા રહેલી હતી તેને અપમાનજનક મૃત્યુ સહન કરવું પડશે. જે વચનો તેઓએ યાદ રાખવાના હતા તે તેઓના મનમાંથી નાબૂદ થઈ ગયા; અને જ્યારે મુકદ્દમાનો સમય આવ્યો, તેઓ તૈયારી વગરના જોવા મળ્યા. ઈસુના મૃત્યુએ તેઓની આશાનો સંપૂર્ણ નાશ કર્યો જેમ કે તેણે તેઓને અગાઉથી ચેતવ્યા જ ન હોય. તેથી ભવિષ્યવાણીઓમાં ભવિષ્ય આપણી આગળ સ્પષ્ટ રીતે ખુલ્લું કરાય છે જેમ ખ્રિસ્તના વચનો દ્વારા શિષ્યો આગળ ખુલ્લું કરાયું હતું.

ઘટનાઓ અજમાયશ અને વિપતિના સમય માટે તૈયારીના કાર્ય સાથે જોડાયેલ છે, જે સ્પષ્ટ રીતે પ્રસ્તુત છે. પણ લોકો પાસે આ મહત્વના સત્યો માટે કોઈજ સમજણ નથી જાણે કે તે ક્યારેય તેઓની આગળ રજૂ જ ન થયા હોય. શેતાન તેઓની દરેક એ અસર જે તેમને તારણહાર વિશે બુદ્ધિમાન કરે છે તેને લઈ લેવા સતર્ક રહે છે. અને વિપત્તિનો સમય તેમને તૈયારી વગરનાં જોશે.

**(૪) કઈ અંતિમ ત્રણ દિવસની ચેતવણીઓ જે ઉદ્ધારના માર્ગને સારુ આપણને ઉઠાડતી બૂમ છે?**

*પછી મેં બીજા એક દૂતને અંતરિક્ષમાં ઊડતો જોયો. પૃથ્વી પર રહેનારાંઓમાં એટલે સર્વ રાજ્ય, જાતિ, ભાષા તથા પ્રજામાં પ્રગટ કરવાને, તેની પાસે સનાતન સુવાર્તા હતી. તે મોટે સ્વરે કહે છે, "ઈશ્વરથી બીહો ને તેમને મહિમા આપો, કેમ કે તેમના ન્યાયીકરણનો સમય આવ્યો છે. અને જેમણે આકાશ તથા પૃથ્વી તથા સમુદ્ર તથા પાણીના ઝરાઓને ઉત્પન્ન કર્યાં, તેમની આરાધના કરો." ત્યાર પછી તેની પાછળ બીજો એક દૂત આવીને બોલ્યો, "પડયું રે, મોટું બાબિલોન શહેર પડયું કે, જેણે પોતાના વ્યભિચાર [ને લીધે રેડાયેલો] કોપરૂપી દ્રાક્ષારસ સર્વ દેશો [ના લોકો] ને પીવડાવ્યા છે." પછી તેઓની પાછળ ત્રીજો દૂત*

*આવીને મોટે સ્વરે બોલ્યો, "શ્વાપદને તથા તેની મૂર્તિને જો કોઈ પૂજે, અને તેની છાપ પોતાના કપાળ પર અથવા પોતાના હાથ પર લે, તો તે પણ ઈશ્વરનો કોપરૂપી દ્રાક્ષારસ, જે તેમના ક્રોધના પ્યાલામાં નર્યો રેડેલો છે, તેમાંથી પીશે; અને પવિત્ર દૂતોની સમક્ષ તથા હલવાનની સમક્ષ અગ્નિથી તથા ગંધકથી તે રિબાશે. (પ્રકટીકરણ ૧૪:૬ -૧૦)*

જ્યારે ઈશ્વર લોકોને ચેતવણીઓ મોકલે છે ખુબજ મહત્વનું છે કે સ્વર્ગમાં ઉડતા પવિત્ર દૂતો દ્વારા જાહેર કરાય તે રીતે રજૂ થાય છે, તે ચાહે છે સંદેશ છૂપો રાખવા તાર્કિક શક્તિ દ્વારા લોકો સંપન્ન કરે. ભયાનક ચુકાદાઓ પશુની આરાધના અને તેની મૂર્તિ વિરુદ્ધ નીંદિત થાય છે (પ્રકટીકરણ ૧૪:૯-૧૧) ભવિષ્યવાણીઓના મહેનતુ અભ્યાસ તરફ બધાને દોરી જવું જોઈએ કે પશુનું ચિહ્નન શુ છે અને તેને પ્રાપ્ત કરવામાં કઈ રીતે તેઓ રોકી શકે. પણ લોકોની જનતાએ સત્ય સાંભળવાથી પોતાના કાન ફેરવી દીધા છે અને દંતકથાઓ તરફ ફેરવાયા છે.

**(૫) પાઉલે વાસનાનો સ્વભાવ કઈ રીતે વર્ણવ્યો છે જે મોટાભાગનાને સૈદ્ધાંતિક સત્યો તરફ દોરી જાય છે?**

*કેમ કે એવો વખત આવશે કે જે વખતે તેઓ શુદ્ધ ઉપદેશને સહન કરશે નહિ. પણ કાનમાં ખંજવાળ આવવાથી તેઓ પોતાને મનગમતા ઉપદેશકો પોતાને માટે ભેગા કરશે. તેઓ સત્ય તરફ આડા કાન કરશે અને કલ્પિત વાતો તરફ ફરશે. (૨ તિમોથીને પત્ર ૪:૩ -૪)*

તે સમય સંપૂર્ણ આવી ચુક્યો છે. લોકો બાઈબલ સત્યને ઈચ્છતા નથી, કારણકે તે પાપીઓની ઈચ્છાને અને દુનિયાને પ્રેમ કરતા હૃદયને દખલ દે છે; અને શેતાન કપટ પ્રદાન કરે છે જેને તેઓ પ્રેમ કરે છે.

**(૬) ખ્રિસ્તના સાચાં અનુયાયીઓ કેવી રીતે સૈદ્ધાંતિક સત્યને ઓળખી કાઢે છે?**

*'શિક્ષણ તથા સાક્ષીની પાસે [જઈએ]!' જ્યારે તેમને*

*માટે સૂર્યોદય ખચીત થવાનો નથી, ત્યારે તેઓ એ પ્રમાણે બોલશે. (યશાયા ૮:૨૦)*

પણ ઈશ્વરને પૃથ્વી પર બાઈબલની જાળવણી કરવાવાળા લોકો હશે, અને ફક્ત બાઈબલ જ, તમામ સિધ્ધાંતોનું ધોરણ અને તમામ સુધારાઓનો આધાર. શીખેલા લોકોનો અભિપ્રાય, વિજ્ઞાની કપાત, સનદી પરિષદોનો નિર્ણય અથવા મત, અસંખ્ય અને અસંગત પ્રમાણે મંડળીઓ છે કે જે તેઓ પ્રસ્તુત કરે છે, બહુમતી નો અવાજ -એક નહિ આ માના બધા પણ નહીં સાબિતી માટે અથવા કોઈપણ ધાર્મિક વિશ્વાસના મુદ્દા વિરુધ્ધ માનવામાં આવવા જોઈએ. કોઈ પણ સિદ્ધાંત કે બોધ સ્વીકારતા પહેલા, આપણે સ્પષ્ટ માંગ મુકવી જોઈએ કે "ઈશ્વર આમ કહે છે" તેના આધારમાં.

**(૭) લોકોના શિક્ષણ વિશે શું કરવું તે બાબતે આપણી જવાબદારી શું છે?**

***થેસ્સાલોનિકાના લોકો કરતાં તેઓ અધિક ગુણવાન હતા, કેમ કે તેઓ પૂરેપૂરા ઉમંગથી સુવાર્તાનો અંગીકાર કરીને, એ વાતો એમ જ છે કે નહિ, એ વિષે નિત્ય ધર્મશાસ્ત્રનું શોધન કરતા હતા. (પ્રેરિતોનાં કૃત્યો ૧૭:૧૧)***

શેતાન નિરંતર લોકોનું ઈશ્વરની જગ્યાએ તેના તરફ ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરી રહો છે. તેઓના માટેના કાર્યને શીખવા ધર્મશાસ્ત્રની શોધ કરવાને બદલે, તે લોકોનું ધ્યાન પોતાના માર્ગદર્શક તરીકે બિશપ તરફ, પાદરી તરફ, ધર્મશાસ્ત્રના અધ્યાપક તરફ, દોરી જાય છે. પછી, આ આગેવાનોના મન પર કાબુ મેળવીને, તે લોકોને તેની ઈચ્છા પ્રમાણે પ્રભાવિત કરી શકે છે.

**(૮) યહૂદી રાષ્ટ્રોએ શાસ્ત્રને સમજવા તેઓના આગેવાનો પર ભરોસો રાખ્યો ત્યારે શું પરિણામ આવ્યું હતું?**

***તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો; દુ:ખી પુરુષ ને દરદનો અનુભવી, ને જેને જોઈને આપણે મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો, ને આપણે***

*તેની કદર બૂજી નહિ. (યશાયા ૫૩:૩)*

જ્યારે ખ્રિસ્ત જીવનના વચન કહેવા આવ્યો, સામન્ય લોકોએ ખુશીથી તેને સાંભળ્યો; અને ઘણા લોકો, પાદરી અને શાસકોએ પણ, તેના પર ભરોસો કર્યો. પરંતુ પદરીઓના વડા અને રાષ્ટ્રને ચલાવનાર લોકો તેના શિક્ષણને દોષ લગાડતા અને નકાર કરતા માલુમ પડ્યા. તેઓ તેની વિરુદ્ધ દોષ મુકવાનો તમામ પ્રયત્ન કરવામાં વિસ્મિત થયા તેમ છતાં, તેના વચન સાંભળવામાં ઈશ્વરીય શક્તિ અને ડહાપણ ના પ્રભાવને મહેસુસ કરવા છતાં, તેઓએ પૂર્વગ્રહમાં પોતાને ઘેરી લીધા; તેના મસીહાપણા ના સ્પષ્ટ સાબિતીઓને તેઓએ નકારી કાઢી, રખેને તેઓ તેના શિષ્ય બનવાને દબાણ કરાવાય.

ઈસુના આ વિરોધીઓ એ વ્યક્તિઓ હતા કે જેમને લોકોએ બાળપણથી તે વડીલ બન્યા ત્યાં સુધી શીખવેલું, કે કોની સત્તા આગળ તેઓ આદરથી માથા ટેકવા ટેવાયેલા હતા. "તે કેવું છે." તેઓએ પૂછ્યું "અમારા શાસકો અને શીખેલા શાસ્ત્રીઓ ઈસુ પર વિશ્વાસ કરતા નથી?" તે આવા શિક્ષકોનો પ્રભાવ હતો કે જેઓએ યહૂદી રાષ્ટ્રને તેઓના તારણહારને તિરસ્કાર કરવા તરફ દોરી ગયા.જે આત્મા પાદરી અને શાસકો ને કાર્યરત કરે છે,

ઘણા લોકો કે જેઓ ધાર્મિકતાનો ઉચ્ચ વ્યવસાય કરે છે તેઓ દ્વારા તે આત્મા પ્રકટ કરાય છે. આ સમયના ખાસ સત્યો વિશેના શાસ્ત્રની ગવાહીને તપાસવાની તેઓ મના કરે છે. તેઓ પોતાની સંખ્યા, સંપત્તિન, અને ખ્યાતિ તરફ ધ્યાન દોરે છે, અને સત્યના થોડા, ગરીબ અને અલોક પ્રિય, અને એવો વિશ્વાસ રાખનારા કે જે વિશ્વાસ તેમને જગતથી અલગ રાખે છે તેવા મધ્યસ્થીઓને તિરસ્કારથી જુએ છે.

**(૯) છેતરપિંડીને રોકવા માટેનો એકમાત્ર સ્રોત શું છે?**

***જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવી રીતે કામ કરનાર, અને ઈશ્વરને પસંદ પડે એવો સેવક થવાને પ્રયત્ન કર. (૨ તિમોથીને પત્ર ૨:૧૫)***

ખ્રિસ્ત જાણતા હતા કે અધિકારની અનુચિત ધારણા ફરોશી અને શાસ્ત્રી દ્વારા તૃપ્ત કરાઈ, તે

યહુદીઓના વિક્ષેપથી બંધ થશે નહીં. અંતઃકરણ પર રાજ કરવા તેની પાસે માનવ સત્તાની ઉચ્ચપદવી ના કાર્યના ભવિષ્યવાણીનો દૃષ્ટિકોણ હતો, જે દરેક યુગમાં મંડળીઓને એક ભયંકર શ્રાપ રહ્યો છે. અને શાસ્ત્રીઓ અને ફરોશીઓનો તેનો ભયાનક તિરસ્કાર અને લોકોને આ આંધળા આગેવાનોને ન અનુસરવાની તેની ચેતવણી, જે ભવિષ્યની પેઢીને સલાહ તરીકે નોંધ પર રાખવામાં આવી હતી.

**(૧૦) શાસ્ત્ર પ્રમાણે આપણામાનું કોણ જુઠ્ઠા શિક્ષણની વાવણી કરશે?**

***[ઈઝરાયલી] લોકોમાં ખોટા પ્રબોધકો પણ ઊભા થયા હતા, તેમ તમારામાં પણ ખોટા ઉપદેશકો થશે. તેઓ નાશકારક પાંખડી મતો ગુપ્ત રીતે ફેલાવશે, અને જે પ્રભુએ તેઓનો ઉદ્ધાર કર્યો તેમનો પણ નકાર કરીને પોતાને માથે ઉતાવળે નાશ વહોરી લેશે. (૨પિતરનો પત્ર ૨:૧)***

જુઠા શિક્ષકો વિરુદ્ધ ચેતવણીઓથી બાઈબલ ભરપૂર હોવા છતાં, ઘણા લોકો પોતાનો આત્મા પાદરીઓ પાસે રાખવામાં પ્રતિબદ્ધ થવા તૈયાર છે. આજે હજારો ધર્મના અધ્યાપકો છે કે જે વિશ્ર્વાસના મુદ્દાઓને પકડી રાખે એ કરતા તેઓ તેમના ધાર્મિક આગેવાનો દ્વારા સૂચના મેળવતા હતા એ માટે તેઓ બીજું કોઈ જ કારણ આપી શકે નહીં. તેઓ ઉદ્ધારકના શિક્ષણની પાસે થઈને લગભગ ધ્યાન વગર પસાર થાય છે, અને સેવકોના શબ્દોની જગ્યાએ અસ્પષ્ટ આત્મવિશ્ર્વાસ મૂકે છે.

પણ સેવકો અચૂક છે? જો આપણે ઈશ્ર્વરના વચનમાંથી જાણીએ નહિ કે તેઓ પ્રકાશ વાહકો છે તો આપણે તેઓના માર્ગદર્શન ને સારુ કઈ રીતે આપણા આત્મા પર વિશ્ર્વાસ કરી શકીએ? નૈતિક હિંમતનો અભાવ, જગતના પરાજિત પાટા પરથી દૂર ખસવા, ઘણા લોકોએ શીખેલા લોકોના પગલામાં ચાલવા તરફ દોરી જશે; અને તેમની જાતને તપાસવા માટે તેમની અનિચ્છા દ્વારા તેઓ ભૂલની સાંકળમાં નિરાશાજનક રીતે જોડાઈ રહ્યા છે. તેઓ જુવે છે કે આ સમયનું સત્ય સ્પષ્ટ રીતે બાઈબલમાં દર્શાવેલ છે; અને તેઓ અનુભવે છે કે પવિત્ર આત્માની શક્તિ તેની ઘોષણામા હાજરી આપી રહી છે;

તેમ છતાં તેઓ પાદરીના વિરોધીઓને તેઓના પ્રકાશથી દૂર લઈ જવા પરવાનગી આપે છે. કારણ અને અંતઃકરણ માની ગયા હોવા છતાં, આ ભ્રમિત આત્માઓની સેવકથી અલગ વિચારવાની હિંમત નથી થતી; અને તેઓનો વ્યક્તિગત ન્યાય, તેઓની અનંત રુચિ, અવિશ્વાસને, અભિમાનને, એકબીજાના પૂર્વગ્રહને બલિદાન કરાય છે.

**(૧૧) ઉદ્ધારના સત્યોને શોધવાની જવાબદારી કોના પર રહે છે?**

***તેથી, મારા વહાલાઓ, જેમ તમે હંમેંશા આધીન રહેતા હતા તેમ, માત્ર મારી હાજરીમાં જ નહિ, પણ હવે વિશેષ કરીને મારી ગેરહાજરીમાં, ભય તથા કંપારીસહિત તમારું તારણ સાધી લેવાને યત્ન કરો. (ફિલિપીઓને પત્ર ૨:૧૨)***

સત્ય અને ઈશ્વરની મહિમા અવિભાજ્ય છે; તે આપણા માટે અશક્ય છે, બાઈબલ દ્વારા આપણી પહોંચ અંદર, ભૂલભરેલા મંતવ્યો દ્વારા ઈશ્વરને માન આપવું. ઘણા લોકો એવો દાવો કરે છે કોઈ શું વિચારે છે તેનાથી કઈ ફર્ક નથી પડતો, જો આ જીવન સત્ય હોય. પરંતુ જીવન વિશ્વાસ દ્વારા આકાર પામે છે. જો પ્રકાશ અને સત્ય આપણી પહોંચમાં છે, અને આપણે તેને જોવાના અને સાંભળવાના વિશેષાધિકારને સુધારવાની અવગણના કરીએ, આપણે વાસ્તવમાં તેને નામંજૂર કરીએ છીએ; આપણે પ્રકાશ કરતા અંધકારને પસંદ કરીએ છીએ.

**(૧૨) શાસ્ત્રની અજ્ઞાનતા શા માટે ખતરનાક છે?**

***એક એવો માર્ગ છે કે જે માણસને અદલ લાગે છે ખરો, પણ પરિણામે તે મોતનો જ માર્ગ છે. (નીતિવચનો ૧૬:૨૫)***

જ્યારે ઈશ્વરની ઈચ્છાને જાણવાની દરેક તક હોય, ત્યારે અજ્ઞાનતા એ ભૂલ અને પાપ માટે બહાનું નથી. એક માણસ મુસાફરી કરી રહ્યો છે અને એવી જગ્યાએ આવે છે કે જ્યાં ઘણા બધા રસ્તાઓ છે અને દરેક રસ્તાઓ ક્યાં જાય છે તે જણાવતું એક માર્ગદર્શક પાટીયું, અને તેને જે સાચો લાગે એ રસ્તો તે પકડે છે, તે હંમેશાં ખૂબ નિષ્ઠાવાન

હોઈ શકે, પણ તે દરેક શક્યતાઓમાં પોતાની જાતને ખોટા રસ્તે જ મેળવશે.

ઈશ્વરે આપણને તેના વચન આપ્યા છે જેથી આપણે તેના શિક્ષણથી માહિતગાર થઈએ અને આપણી જાત માટે જાણી શકીએ કે તેને આપણી શુ આવશ્યકતા છે. જ્યારે એક ધારાશાસ્ત્રી ઈસુ પાસે આવ્યો એ પૂછપરછ સાથે, "અનંતજીવનનો વારસો પામવા મારે શું કરવું જોઈએ?" ઉદ્ધારકે તેને વચનો સંદર્ભિત કર્યા, આ કહીને: "શાસ્ત્રમાં શુ લખ્યું છે? તું વાંચે છે?" અજ્ઞાનતા જુવાન કે વૃદ્ધને બહાનું આપશે નહિ. ઈશ્વરના વચનના નિયમભંગ બદલની શિક્ષાથી પણ તેમને છોડશે નહિ; કેમ કે ત્યાં તેઓના હાથમાં તે કાયદાની વિશ્વાસુ રજુઆત અને તેના સિધ્ધાંતો અને દાવાઓ છે.

સારો હેતુ રાખવો એ બસ નથી; લોકો જે સારુ સમજે અથવા સેવક તેને જે સાચું કહે તેને કરવું એ પણ પૂરતું નથી, તેના આત્માનું તારણ જોખમમાં છે, અને તેણે પોતાની જાત માટે શાસ્ત્રને શોધવું જોઈએ. તેની માન્યતા ગમે તેટલી મજબૂત હોય, તે ગમે તેટલો પણ આત્મવિશ્વાસુ હોય કે સેવક જાણે છે સત્ય શુ છે, આ તેનો પાયો નથી. તેની પાસે એક ચાર્ટ છે જે સ્વર્ગીય મુસાફરી પર દરેક માર્ગ નીશાનનો નિર્દેશ કરે છે, અને તેને બીજું કંઈજ અનુમાન લગાવવું જોઈએ નહીં.

**(૧૩) શાસ્ત્ર તેના પાનાઓને અભ્યાસ કરવા કેવી રીત નિર્દેશ કરે છે?**

***કેમ કે આજ્ઞા પર આજ્ઞા, આજ્ઞા પર આજ્ઞા; નિયમ પર નિયમ, નિયમ પર નિયમ; થોડું આમ, થોડું તેમ [એ પ્રમાણે તેઓ બોલે છે]. (યશાયા ૨૮:૧૦)***

શાસ્ત્રમાંથી શીખવું કે સત્ય શુ છે તે દરેક બુદ્દિધગમ્ય લોકોનું પ્રથમ અને સર્વોચ્ચ કાર્ય છે, અને પછી સત્યમાં ચાલવું અને બીજાઓને તેના ઉદાહરણો અનુસરવા પ્રોત્સાહિત કરવા. આપણે રોજે રોજ ખંતથી બાઈબલનો અભ્યાસ કરવો જોઈએ, દરેક વિચારને માપવો, અને શાસ્ત્રને શાસ્ત્ર સાથે તુલના કરવી. ઈશ્વરીય મદદ વડે આપણે પોતાના માટે આપણો મંતવ્ય બનાવવાનો છે જેમ

કે આપણે ઈશ્વર સમક્ષ આપણી જાત માટે જવાબ આપવાનો છે.

**(૧૪) ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરવાના પ્રયત્ન માટે જો આપણે બાઈબલ તપાસીએ તો કયો વાયદાનો દાવો આપણે કરી શકીએ?**

***જો કોઈ તેમની ઈચ્છા પૂરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે કે, એ ઈશ્વરથી છે કે હું પોતાથી બોલું છું. (યોહાન ૭:૧૭)***

બાઈબલમાં સત્યો ખુબજ સ્પષ્ટ રીતે પ્રકટ કરાયા છે, શીખેલા માણસો દ્વારા તેમાં શંકા અને અંધકાર ઉમેરવામાં આવ્યા છે, જેઓ, મહાન જ્ઞાનના ઢોંગ સાથે, શીખવે છે કે શાસ્ત્રમાં રહસ્યવાદી અને ગૂઢ આત્મિક અર્થ કાર્યરત ભાષામાં દેખીતા નથી, આ લોકો જુઠ્ઠા શિક્ષકો છે. આવા લોકોને માટે ઈસુએ જાહેર કર્યું હતું કે: "તમે ધર્મલેખો અને દેવનું પરાક્રમ જાણતા નથી." માર્ક ૧૨:૨૪.

બાઈબલની ભાષા તેના ખરા અર્થ અનુસાર સમજાવી જોઈએ, જ્યાં સુધી કોઈ પ્રતીક કે આકૃતિ કાર્યરત ન હોય. ખ્રિસ્તે વચન આપ્યું છે: "જો કોઈ તેની ઈચ્છા પૂરી કરવા ચાહે, તો આ બોધ વિષે તે સમજશે." યોહાન ૭:૧૭. જો લોકો બાઈબલને જે રીતે વાંચે છે તે રીતે તેને સમજે, જો કોઈ તેઓના મનને ગેરમાર્ગે દોરે અથવા મૂંઝવણમાં મૂકે તેવા, ખોટા શિક્ષકો ન હોય, તો એવું કાર્ય સંપન્ન થશે કે જે સ્વર્ગદૂતોને આનંદિત કરશે જે ખ્રિસ્તના પક્ષમાં હજારો ને હજારો ગણાને લાવશે કે જેઓ હાલ ભૂલમાં ભટકી રહ્યા છે.

**(૧૫) કયું પગથીયું ખ્રિસ્તના વાયદાનું પરિણામ ઉપજાવશે?**

***તમે મને હાંક મારશો, ને તમે જઈને મારી પ્રાર્થના કરશો, એટલે હું તમારું સાંભળીશ. તમે મને શોધશો, ને તમે તમારા ખરા હૃદયથી મને ઢૂંઢશો ત્યારે હું તમને મળીશ. (યર્મિયા ૨૯:૧૨-૧૩)***

આપણે શાસ્ત્રના અભ્યાસમાં આપણા મનની તમામ શક્તિને કાર્યરત કરવી જોઈએ, અને મગજમાં

ઉતારવા સમજવું જોઈએ, જ્યાં સુધી મનુષ્યો કરી શકે, ઈશ્વરની ઊંડી બાબતો; છતાં આપણે ભૂલવું જોઈએ નહીં કે બાળકના જેવી આધિનતા અને વિનમ્રતા એ જ શીખનારની સાચી ભાવના છે. શાસ્ત્રીય મુશ્કેલીઓ દાર્શનિક સમસ્યાઓ સાથે ઝઝૂમી રહેલી એક સરખી રીતે ક્યારે પણ હલ કરી શકાય નહીં.

આપણે બાઈબલના અભ્યાસમાં એવી રીતે જોડાવવું ન જોઈએ જે સ્વ-નિર્ભરતા દ્વારા વિજ્ઞાન ના અધિકારમાં પ્રવેશ પામે, પરંતુ ઈશ્વર પર પ્રાર્થના સાથે આધાર અને તેની ઈચ્છાને શીખવાની સ્વૈચ્છિક ઈચ્છા સાથે જોડાવવું જોઈએ. મહાન હું જે છું તેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવા આપણે નમ્ર અને શિખાઉ આત્મા સાથે આવવું જોઈએ. નહીંતર, દુષ્ટ દૂતો આપણા મનને એવા આંધળા કરશે અને આપણા હૃદય ને એવા કઠણ કરશે કે આપણે સત્યથી પ્રભાવિત થશું જ નહીં.

**(૧૬) કોને બાઈબલના ડહાપણનો વાયદો કરાયો છે?**

***તેથી જે યહૂદીઓએ તેમના પર વિશ્વાસ કર્યો હતો, તેઓને ઈસુએ કહ્યું, "જો તમે મારા વચનમાં રહો, તો ખરેખર તમે મારા શિષ્યો છો. અને તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે." (યોહાન ૮:૩૧-૩૨)***

***યહોવાનો નિયમ સંપૂર્ણ છે, તે આત્માને તાજો કરે છે; યહોવાની સાક્ષી વિશ્વાસપાત્ર છે, તે અબુદ્ધને બુદ્ધિમાન કરે છે. (ગીતશાસ્ત્ર ૧૯:૭)***

શાસ્ત્રના ઘણા બધા ભાગો કે જેણે લોકોને એક રહસ્ય ઉચ્ચાર્યું અથવા બિનમહત્વપૂર્ણ તરીકે પસાર થઈ જાય, જે ખ્રિસ્તની શાળામાં ભણેલો છે તેને તે દિલાસો અને સુચનોથી ભરપૂર છે. એક કારણ કે શા માટે ઘણા ધર્મશાસ્ત્રીઓને ઈશ્વરના વચન પ્રત્યે સ્પષ્ટ સમજ નથી, તેઓ એ સત્ય પ્રત્યે પોતાની આંખો બંધ કરી દે છે જે સત્યોનું તેઓ પાલન કરવા ઈચ્છતા નથી, જેમ કે બાઈબલ સત્યની સમજણ બુદ્ધિમતા પર આધાર રાખતી નથી, હેતુની એકલતા પ્રમાણેની શોધમાં લવાયું, ન્યાયીપણા પાછળની આતુર ઝંખના

## (૧૭) આત્મિક સત્યો કઈ રીતે સમજાય છે?

***સાંસારિક માનસ ઈશ્વરના આત્માની વાતોનો સ્વીકાર કરતું નથી, કેમ કે તે વાતો તેને મૂર્ખતા જેવી લાગે છે; અને તેઓ આધ્યાત્મિક રીતે સમજાય છે, માટે તે તેમને સમજી શકતું નથી. (૧ કરિંથીઓને પત્ર ૨:૧૪)***

બાઈબલ ક્યારે પણ પ્રાર્થના વગર વંચાવુ જોઈએ નહીં. પવિત્ર આત્મા એકલાજ આપણને સમજવા સહેલી એ બાબતોના મહત્વને મહેસુસ કરાવી શકે અથવા મચળેલા સત્યોની અધરી સમજથી દૂર રાખે છે. ઈશ્વરના વચન સમજવા હ્દયને તૈયાર કરવાનું કામ સ્વર્ગીય દૂતોનુ છે કે જેથી તેની સુંદરતાથી આકર્ષિત થઈએ, તેની ચેતવણીઓ દ્વારા સલાહ પામીએ, અથવા તેના વચનો વડે મજુબત અને તેજસ્વી થઈએ.

આપણે ગીતશાસ્ત્રકારની આજીજી આપણી કરવી જોઈએ: “તું મારી આંખો ઉઘાડ, કે જેથી હું તારા નિયમોની અદભુત  બાબતો જોઉં.” ગી.શા.૧૧૯:૧૮. પરીક્ષણ મોટેભાગે અનિવાર્ય દેખાય છે કેમ કે, પ્રાર્થના અને બાઈબલના અભ્યાસની અવગણના દ્વારા, પરીક્ષણમાં પડેલ સહેલાઈથી ઈશ્વરના વાયદાને યાદ કરી શકે નહીં અને શેતાન સામે શાસ્ત્રના હથિયારો વડે મુકાબલો કરી શકે નહીં. પરંતુ જેઓ ઈશ્વરીય બાબતોમાં શીખવાની ઈચ્છા રાખે છે દૂતો તેઓની આસપાસ રહે છે; અને મહાન જરૂરિયાતના સમયે જે સત્યની તેઓને જરૂર છે તે તેઓને યાદ આવશે. આમ “જ્યારે શત્રુ પુરની માફક ધસી આવે, ઈશ્વરની આત્મા તેની વિરુદ્ધ એક ધોરણ ઉભું કરે છે” યશાયા ૫૯:૧૯.

## (18) સંકટના સમયમાં અપને કેવીરીતે આત્મિક સત્યોને યાદ કરી શકીએ?

***પણ સંબોધક એટલે પવિત્ર આત્મા, જેને પિતા મારે નામે મોકલી આપશે, તે તમને બધું શીખવશે, અને મેં જે જે તમને કહ્યું તે બધું તે તમારા સ્મરણમાં લાવશે. (યોહાન ૧૪:૨૬)***

પરંતુ ખ્રિસ્તનું શિક્ષણ અગાઉથી મનમાં સંગ્રહિત થયેલું હોવું જોઈએ જેથી સંકટના સમયમાં ઈશ્વરના

આત્માને આપણે યાદ કરીએ. "તારું વચન મેં મારા હૃદયમાં સંગ્રહી રાખ્યું છે," દાઉદ કહે છે, "કે જેથી હું તારા વિરુદ્ધ પાપ ન કરું." ગી.શા.૧૧૯:૧૧.

**(૧૯) ઈશ્વરના વચન પ્રત્યે અવિશ્વાસ રાખવાનું દુ: ખદ પરિણામ શું છે?**

***ઈશ્વરનું જ્ઞાન [મનમાં] રાખવાનું તેઓને ગમ્યું નહિ, માટે જે ઉચિત નથી, એવાં કામ કરવાને માટે ઈશ્વરે તેઓને ભ્રષ્ટ બુદ્ધિને [સ્વાધીન] કર્યા. (રોમનોને પત્ર ૧:૨૮)***

***હે ભાઈઓ, તમે સાવધ રહો, રખેને તમારામાંના કોઈનું હૃદય અવિશ્વાસના કારણથી ભૂંડું થાય, અને એમ તેમ તે જીવતા ઈશ્વરથી દૂર જાય. (હિબ્રૂઓને પત્ર ૩:૧૨)***

એ તમામ લોકો કે જેઓ તેમની અનંત રુચિની કદર કરે છે, તેઓ નાસ્તિકતાના માર્ગ વિરુદ્ધ સતર્ક હોવા જોઈએ. સત્યના સ્તંભોને પર આક્રમણ થશે. કટાક્ષ અને હેતવાભાસ, આધુનિક વ્યભિચારના કપટી અને અનિષ્ટકારક ઉપદેશોની પાર પહોંચવાનું રાખવું તે અશક્ય છે. શેતાન તમામ વર્ગોને તેનું પરીક્ષણ પ્રદાન કરે છે. તે અભણ પર મજાક અને તિરસ્કૃત હાસ્ય વડે હુમલો કરે છે, જ્યારે તે વૈજ્ઞાનિક દલીલો અને તત્વજ્ઞાની તર્કોના અભ્યાસુ ભણેલ ને મળે, આ બાબત શાસ્ત્ર પ્રત્યે અવિશ્વાસ અને ઘૃણા પેદા કરવાની ગણતરીની સમાન છે.

અને ઓછા અનુભવના યુવાનો પણ, ખ્રિસ્તીધર્મ ના મૂળભૂત સિદ્ધાંતો વિશે શંકાઓ ઉભી કરવાનું ધારે છે. આ યુવા વ્યભિચાર જેટલો છીછરો છે તેટલોજ તેનો પ્રભાવ છે. ઘણા લોકો આમ તેઓના પિતાઓના વિશ્વાસની મજાક ઉડાવે છે અને કૃપાની આત્માને તુચ્છકારે છે.હિબ્રુ.૧૦:૨૯.

ઘણા જીવન કે જેઓએ ઈશ્વરને આદરયુકત બનવાનો અને જગતને સારુ એક આશીર્વાદિત બનવાનો વાયદો કર્યો, તેઓ વ્યભિચારની ગંદી ફૂંકથી ફૂંકાઈ ગયા છે. જે તમામ લોકો માનવીય તર્ક અને કલ્પનાના બડાઈ કરતા નિર્ણયો પર વિશ્વાસ રાખે છે કે તેઓ ઈશ્વરીય રહસ્યોને સમજાવી શકે અને ઈશ્વરના ડહાપણ દ્વારા સહાય

વિહોણા સત્ય સુધી પહોંચી શકે, તેઓ શેતાનના ફાંદામાં ફસાઈ જાય છે.

**(૨૦) જો આપણે ઈશ્વરના વચનને આપણી મજબૂતપકડ બનાવીએ તો આપણા મુકદ્દમા નું શુ પરિણામ આવશે?**

***અને તે ત્રીજા ભાગને હું અગ્નિમાં નાખીને રૂપું ગળાય છે તેમ તેમને ગાળીશ, ને જેમ સોનાને શુદ્ધ કરવામાં આવે છે તેમ તેમને શુદ્ધ કરીશ. તેઓ મારા નામની વિનંતી કરશે, ને હું તેમનું સાંભળીશ. હું કહીશ કે, તે મારા લોકો છે. અને તેઓ [માંનો દરેક] કહેશે, 'યહોવા મારા ઈશ્વર છે.' (ઝખાર્યા ૧૩:૯)***

***જે પુરુષ યહોવા પર ભરોસો રાખે છે, ને જેનો આધાર યહોવા છે તે આશીર્વાદિત છે. તે પાણીની પાસે રોપેલા વૃક્ષના જેવો થશે, જે નદીની પાસે પોતાનાં મૂળ ફેલાવે છે, ને ગરમીનો વખત આવશે ત્યારે તેને કંઈ ડર રહેશે નહિ, પણ તેનાં પાંદડાં લીલાં રહેશે. અને સુકવણાના વર્ષમાં તે ચિંતાતુર થશે નહિ, ને ફળ આપ્યા વિના રહેશે નહિ. (યર્મિયા ૧૭:૭-૮)***

જ્યારે કસોટીનો સમય આવશે, જેઓએ ઈશ્વરના વચનને તેમના જીવનનો નિયમ બનાવ્યા હશે, તેઓ પ્રકટ કરાશે. ઉનાળામાં લીલાછમ ઝાડો અને બીજા ઝાડો વચ્ચે કોઈ નોંધનીય તફાવત હોતો નથી; પણ જ્યારે શિયાળાનો વિસ્ફોટ થાય છે લીલાછમ ઝાડો એવા ને એવા જ રહે છે જ્યારે બીજા ઝાડો તેમના પર્ણો ગુમાવે છે. તેથી જુઠા હૃદયના અધ્યાપકો સાચા ખ્રિસ્તીઓમાંથી હાલ દેખાય નહિ આવે, પણ સમય આપણી ઉપર જ છે જ્યારે તફાવત દેખાય આવશે. વિરોધ ઉભો થવા દો, કટ્ટરતા અને અસહિષ્ણુતા ફરીથી વહેવા દો, સતાવનારા પ્રજ્વલિત થવા દો, અને અડધા હૃદયના અને ઢોંગી ડગમગી જશે અને વિશ્વાસ ઉપજાવશે; પણ સાચો ખ્રિસ્તી ખડકની

માફક સ્થિર ઉભો રહેશે, તેનો વિશ્વાસ મજબૂત છે, તેની આશા આબાદીના દિવસો કરતા ઉજ્જવળ છે.

મને ખાતરી થઈ છે કે પૃથ્વીના ઈતિહાસના અંતિમ દિવસોમાં ઈશ્વરના પવિત્ર વચન પ્રાપ્ત કરવાનું લોકોને ટાળવા શેતાન તેના દરેક શક્ય ઉપકરણોનો ઉપયોગ કરે છે

વર્તુળ: હા અનિશ્ચિત

હું સમજુ છું કે જેઓ ઈશ્વરની તમામ આજ્ઞાઓને પાળવાનો પ્રયત્ન કરે છે તેઓનો વિરોધ કરાશે અને હાંસીપાત્ર બનશે, ઈશ્વરના વચનમાંથી ચમકતાં સામર્થ દ્વારા જ તેઓ ઉભા રહી શકશે.

વર્તુળ: હા અનિશ્ચિત

મને ખાતરી થઈ છે કે તે દિવસ અહીં છે જ્યાં બહુમતી વાસનામાં દોરાય છે, બાઈબલ સત્ય ઈચ્છતા નથી કેમ કે તે તેઓના પાપી અને જગતને પ્રેમ કરતા હૃદયની ઈચ્છાઓને દખલ દે છે. અને શેતાનની છેતરામણી જેને તેઓ પ્રેમ કરે છે તેને ખુશીથી સ્વીકારે છે.

વર્તુળ: હા અનિશ્ચિત

હું ઈશ્વરના વચનમાં જોવું છું કે અંતના દિવસોમાં ઘણા બધા જુઠા શિક્ષકો હશે કે જેઓ જૂઠો ઉપદેશ ફેલાવતા હશે. હું ઈશ્વરનો આભારી છું કે તારણ પ્રત્યે આપણને જે સમજદાર બનાવે છે તેવી ભવિષ્યવાણીઓ તેમણે આપણને પુરી પાડી.

વર્તુળ: હા અનિશ્ચિત

આ મારો દૃઢ સંકલ્પ છે કે ઈશ્વરની સહાયથી હું દરરોજ ઈશ્વરના વચ્ચનો અભ્યાસ કરીશ અને તેના અર્થઘટન માટે બીજા કોઈ ઉપર આધાર રાખીશ નહિ.

વર્તુળ: હા અનિશ્ચિત

હું ઈશ્વરનો આભાર માનું છું આ કસોટીના સમયમાં તેના વચનની મજબૂતપકડ પુરી પાડવા બદલ અને તેની કૃપા દ્વારા જેઓ તેની આજ્ઞા પાળે છે તેઓ મધ્યે હું હોઈશ

અને તેના આગમનના દિવસે માથું ઊંચું કરીને ઉભો રહીશ.

વર્તુળ: હા અનિશ્ચિત



## પાઠ ૯

## અંતિમ ચેતવણી

**(૧) પ્રકટિકરણ ૧૪:૮ ના સ્વર્ગદૂત દ્વારા અંતિમ દિવસની ચેતવણીનો કયો સંદેશ જાહેર કરાશે?**

*ત્યાર પછી તેની પાછળ બીજો એક દૂત આવીને બોલ્યો, "પડયું રે, મોટું બાબિલોન શહેર પડયું કે, જેણે પોતાના વ્યભિચાર [ને લીધે રેડાયેલો] કોપરૂપી દ્રાક્ષારસ સર્વ દેશો [ના લોકો] ને પીવડાવ્યા છે." (પ્રકટીકરણ ૧૪:૮)*

*એ પછી મેં બીજા એક દૂતને આકાશમાંથી ઊતરતો જોયો, તેને મોટા અધિકાર [મળેલો] હતો. અને તેની પ્રભાથી પૃથ્વી પ્રકાશિત થઈ. તેણે મોટે સ્વરે કહ્યું, "પડયું રે, મોટું બાબિલોન પડયું, અને તે દુષ્ટાત્માઓનું નિવાસસ્થાન તથા દરેક મલિન આત્માનું રહેઠાણ, અને દરેક અશુદ્ધ તથા ધિક્કારપાત્ર પક્ષીનો વાસો થયું છે! (પ્રકટીકરણ ૧૮:૧-૨)*

**(૨) જ્યારે પ્રકટીકરણ18માં યોહાન દ્વારા આ ચેતવણી ફરીથી અપાઈ, ત્યારે ઈશ્વરના વફાદાર અનુયાયીઓને શું વિનંતી કરાઈ?**

*પછી આકાશમાંથી મેં બીજી એક વાણી બોલતી સાંભળી, "ઓ મારા લોકો, તમે તેનાં પાપના ભાગીદાર ન થાઓ, અને તેના પર આવનારા અનર્થોમાંનો કોઈ પણ તમારા પર ન આવે, માટે તેમાંથી નીકળી જાઓ. (પ્રકટીકરણ ૧૮:૪)*

આ વચન એક સમય તરફ ઈશારો કરે છે જ્યારે બાબીલોનના પતનની ઘોષણા, પ્રકટીકરણ ૧૪:૮ના બીજા સ્વર્ગદૂત દ્વારા કરાઈ જેનું હવે પુનરાવર્તન થવાનું છે. ભ્રષ્ટાચારના વધારાના ઉલ્લેખ સાથે જે વિવિધ સંસ્થાઓમાં પ્રવેશ પામી રહયો છે જેણે બાબીલોનની સ્થાપના કરી, ૧૮૪૪ ના ઉનાળામાં તે સંદેશ પ્રથમ અપાયો હતો. ધાર્મિક જગતની ભયંકર પરિસ્થિતિ અહીં વર્ણવેલ છે.

દરેક સત્યના તિરસ્કાર દ્વારા લોકોના મન કાળા થઈ જશે, તેઓના હ્રદય વધુ કઠણ થઈ જશે, જ્યાં સુધી તેઓ નાસ્તિકતાની સખ્તાઈમાં ફસાયેલા છે. આજ્ઞાભાંગની ચેતવણી જે ઈશ્વરે આપી છે તેમાં તેઓ બાઈબલનાં મુખ્ય ૧૦ બોધક ઉપદેશોમાંના કોઈ એક ઉપદેશને નિરંતર કચડી નાખશે, જ્યાં સુધી જેઓએ તેને પવિત્ર રીતે પકડી રાખ્યા તેઓની સતાવણી ન કરે ત્યાં સુધી. તેના લોકો અને તેના વચનો પર તિરસ્કાર રાખવામાં ખ્રિસ્ત શૂન્ય છે.

જેમ કે મંડળીઓ દ્વારા આધ્યાત્મિકતાનું શિક્ષણ સ્વીકારાય છે, જે સંયમ દૈહિક હ્રદય પર લાદવામાં આવેલ છે તે દૂર થાય છે, અને ધર્મનો વ્યવસાય અને દુષ્ટના મૂળને સંતાડવાનો ડગલો બની જાય છે. આત્મિક અભિવ્યક્તિ ની માન્યતા આત્માઓને મોહિત કરવાના અને શેતાનના ઉપદેશના દરવાજા ઉઘાડે છે, અને આમ મંડળીઓમાં દુષ્ટ દૂતોનો પ્રભાવ ભરાઈ જાય છે.

**(૩) બાબીલોનનું પાપ કયા સ્તર સુધી વધે છે?**

***કેમ કે તેનાં પાપ આકાશ સુધી પહોંચ્યાં છે, અને ઈશ્વરે તેનાં દુષ્કર્મોને યાદ કર્યા છે. (પ્રકટીકરણ ૧૮:૫)***

તેણે તેના પગલાને અપરાધથી ભર્યા, અને વિનાશ તેના ઉપર આવી પડવાનો છે. પરંતુ ઈશ્વરને હજુ પણ બાબીલોનમાં લોકો છે; અને તેના ન્યાયીચુકાદા પહેલા આ વિશ્વાસુ લોકો બહાર કઢાશે, કે જેથી તેઓ તેના પાપના ભાગીદાર ન થાય અને “તેની વિપતિઓને પ્રાપ્ત ન કરે” આથી ચળવળ નું પ્રતીક સ્વર્ગમાંથી દૂત  નીચે આવી રહ્યો

છે, પૃથ્વીને તેની મહિમાથી પ્રકાશિત કરે છે અને મજબૂત અવાજથી મોટેથી પોકારે છે, અને બાબીલોનના પાપને જાહેર કરે છે. તેના સંદેશના સંબંધમાં હાંક સંભળાય છે: “તેનામાથી બહાર આવો, મારા લોકો.” આ જાહેરાત ત્રીજા સ્વર્ગદૂતના સંદેશ સાથે એક થાય છે, પૃથ્વીના લોકોને અપાવવા માટે અંતિમ ચેતવણીની રચના થાય છે.

**(૪) ઈશ્વરના શેષ લોકો કે જેઓ તેના જુઠા ઉપદેશમાં સામેલ થવાની મના કરે છે, પશુ શક્તિની મૂર્તિ તેઓ પર કયો દંડ લાદશે?**

***વળી જેને તે છાપ, એટલે શ્વાપદનું નામ, અથવા તેના નામની સંખ્યા હોય, તે વગર બીજા કોઈથી કંઈ વેચાયલેવાય નહિ, એવી પણ તે ફરજ પાડે છે. (પ્રકટીકરણ ૧૩:૧૭)***

***અને એને એવું [સામર્થ્ય] આપવામાં આવ્યું કે તે શ્વાપદની મૂર્તિમાં પ્રાણ મૂકે, જેથી તે શ્વાપદની મૂર્તિ બોલે અને જેટલાં માણસો શ્વાપદની મૂર્તિની આરાધના ન કરે તેટલાંને, તે મારી નંખાવે. (પ્રકટીકરણ ૧૩:૧૫)***

મુદ્દો ભયાનક છે જેમાં દુનિયા લાવવાની છે. પૃથ્વીની શક્તિઓ, ઈશ્વરની આજ્ઞાઓ વિરુદ્ધ યુદ્ધ કરવા એકત્રિત થઈ છે, “તે તમામ નાના અને મોટા, અમીર અને ગરીબ, મુક્ત અને ગુલામ” ને જાહરેનામું પાડશે, જુઠા સાબ્બાથના પાલન દ્વારા મંડળીના રિવાજોને અનુરૂપ થશે. દરેક જેઓ પાલનની મના કરે, તેઓને નાગરિક દંડ મળશે, અને તે અંતિમ જાહેર થશે કે તેઓ મરણને યોગ્ય છે.

**(૫) જેઓએ શ્વાપદની આરાધના કરવાનું પસંદ કર્યું તેઓ માટે ઈશ્વર ત્રીજા દૂત દ્વારા કયો ચેતવણી સંદેશ જાહેર કરે છે?**

***પછી તેઓની પાછળ ત્રીજો દૂત આવીને મોટે સ્વરે બોલ્યો, “શ્વાપદને તથા તેની મૂર્તિને જો કોઈ પૂજે, અને તેની છાપ પોતાના કપાળ પર અથવા પોતાના હાથ પર***

*લે, તો તે પણ ઈશ્વરનો કોપરૂપી દ્રાક્ષારસ, જે તેમના ક્રોધના પ્યાલામાં નર્યો રેડેલો છે, તેમાંથી પીશે; અને પવિત્ર દૂતોની સમક્ષ તથા હલવાનની સમક્ષ અગ્નિથી તથા ગંધકથી તે રિબાશે. (પ્રકટીકરણ ૧૪:૯-૧૦)*

બીજી બાજુ, ઈશ્વરનો નિયમ સર્જનહારના આરામ ના દિવસને સૂચવે છે [નિર્ગમન ૨૦:૮-૧૧; હિબ્રુ ૪:૧-૧૧] આજ્ઞાપાલન માંગે છે અને જેઓ તેના ઉપદેશનું ઉલ્લંઘન કરે તેઓને ક્રોધની ધમકી આપે છે. મુદ્દા સાથે આમ સ્પષ્ટ રીતે તેની આગળ લવાયું, માનવી કાયદાને પાળવા જેઓ પણ ઈશ્વરના કાયદાને કચડી નાખશે, તેઓને શ્વાપદનું નિશાન મળશે; તેણે શક્તિ માટે નિષ્ઠાની નિશાની સ્વીકારી કે તેણે ઈશ્વરને બદલે તેનું પાલન કરવાનું પસંદ કર્યું.

જ્યાં સુધી સત્ય તેના મન અને અંતઃકરણના ઘરમાં ન લવાય ત્યાં સુધી કોઈપણ ઈશ્વરના ક્રોધને સહન કરવા ભોગ બન્યું નથી, તે નકારાયું છે. ઘણા લોકો છે કે જેઓને કદી પણ આ સમય માટે ખાસ સત્યો સાંભળવાની તક જ મળી નથી ચોથી આજ્ઞાની ફરજ તેનું સત્ય પ્રકાશમાં તેઓની આગળ કદી પણ રખાયું નથી. તે જે દરેક હૃદયને વાંચે છે અને દરેક હેતુનો પ્રયાસ કરે છે તે જેઓ વિવાદના મુદ્દા તરીકે છેતરાવવા સત્યના જ્ઞાનની ઈચ્છા રાખે તે માનાં કોઈને છોડશે નહિ. લોકો પર હુકમનામું આંધળીરીતે રખાશે નહિ. દરેક લોકોને તેઓનો નિર્ણય બુદ્દિમતાથી લેવા તેઓ પાસે પૂરતો પ્રકાશ છે.

**(૬) શાસ્ત્ર અનુસાર, ચોથી આજ્ઞાનું સાબ્બાથ શુ રજૂ કરે છે?**

*મારા સાબ્બાથોને પવિત્ર માનો. અને તેઓ મારી ને તમારી વચમાં ચિહ્નરૂપ થશે, જેથી તમે જાણશો કે હું યહોવા તમારો ઈશ્વર છું. (હઝકિયેલ ૨૦:૨૦)*

*તે ઉપરાંત મારી ને તેઓની વચમાં ચિહ્ન તરીકે મેં મારા સબ્બાથો પણ તેઓને આપ્યા, એ માટે કે તેઓ જાણે કે તેમને પવિત્ર કરનાર તે હું યહોવા છું. (હઝકિયેલ ૨૦:૧૨) માટે સદાના કરાર તરીકે પેઢી દરપેઢી વિશ્રામ લેવાને માટે ઈઝરાયલી લોકો વિશ્રામવાર પાળે. તે હમેશને માટે મારી તથા ઈઝરાયલી લોકોની વચ્ચે ચિહ્નરૂપ છે; કેમ કે*

*યહોવાએ છ દિવસમાં આકાશ તથા પૃથ્વી બનાવ્યાં, ને સાતમે દિવસે તેમણે કામ બંધ રાખીને વિસામો લીધો." (નિર્ગમન ૩૧:૧૬-૧૭)*

સાબ્બાથ વફાદારીની મહાન કસોટી હશે, તે ખાસ વિવાદિત સત્યનો મુદ્દો છે. જ્યારે અંતિમ કસોટી સહન કરવા માટે લોકો પર લવાશે, ત્યારે જેઓ ઈશ્વરની સેવા કરે છે અને જેઓ નથી કરતા તેઓ વચ્ચે તફાવતની રેખા દોરાશે. રાજ્યના કાયદાના પાલનમાં ખોટા સાબ્બાથ નું પાલન, ચોથી આજ્ઞાની વિપરીત છે. ઈશ્વરની વિરૂદ્ધની સત્તાને નિષ્ઠાનું ઘોષણાપત્ર થશે, ખરા સાબ્બાથનું પાલન, ઈશ્વરના નિયમના પાલનમાં, જે સર્જનહાર પ્રત્યેની વફાદારીનું સબૂત છે. જ્યારે એક વર્ગ, દુન્યવી સત્તાની આધિનતાની નિશાનીને સ્વીકારીને, શ્વાપદનું નિશાન મેળવે છે, અને બીજાઓ ઈશ્વરીય અધિકારને નિષ્ઠાના ટોકનને પસંદ કરીને, ઈશ્વરની મહોર પ્રાપ્ત કરે છે.

આ પહેલા જેઓએ ત્રીજા દૂતના સંદેશનું સત્ય પ્રસ્તુત કર્યું, ઘણીવાર તેઓ ફક્ત ભય ઉપજાવનારા તરીકે માનવામાં આવ્યા. તેઓની ધારણાઓ કે ધાર્મિક અસહિષ્ણુતા સંગઠિત રાજ્યોમાં અંકુશ મેળવશે, મંડળી અને રાજ્ય જેઓ ઈશ્વરની આજ્ઞાઓ પાળે તેઓની સતાવણી કરવા સંગઠિત થાય, આધારહીન અને વાહિયાત તરીકે ઉચ્ચારાયા. તે આત્મવિશ્વાસથી જાહેર કરાયું કે આ ભૂમિ તે જે છે તેના કરતાં બીજું કશુંજ બની શકશે નહીં- ધાર્મિક સ્વતંત્રતાના સંરક્ષક. પણ રવિવારના પાલનના અમલનો પ્રશ્ન વ્યાપકરીતે આંદોલિત થયો, ઘટના જે લાંબા સમયથી શંકાસ્પદ અને વિશ્વાસ ન મુકાયેલ તે નજીક આવતી દેખાય છે, અને ત્રીજો સંદેશ એક પ્રભાવ ઉભો કરશે જે પહેલા કદી પણ નહોતો.

**(૭) ઈશ્વર કોને "ઈઝરાએલના બાળકો" માને છે?**

*પણ ઈશ્વરની વાત જાણે કે વ્યર્થ ગઈ હોય એમ નથી. કેમ કે જેઓ ઈઝરાયલના [વંશજો] છે તેઓ સર્વ ઈઝરાયલી નથી. તેમ જ તેઓ ઈબ્રાહિમના વંશજો છે તેથી તેઓ સર્વ*

*[તેનાં] છોકરાં છે, એમ પણ નથી! પણ [લખેલું છે કે,] 'ઈસહાકથી તારો વંશ ગણાશે.' એટલે જેઓ દેહનાં છોકરાં છે, તેઓ ઈશ્વરનાં છોકરાં છે, એમ નહિ; પણ જેઓ વચનનાં છોકરાં છે, તેઓ જ વંશ ગણાય છે. (રોમનોને પત્ર ૯:૬-૮)*

*વળી, હોશિયામાં પણ તે એમ જ કહે છે, 'જે મારી પ્રજા નહોતી તેને હું મારી પ્રજા, અને જે વહાલી ન હતી તેને હું વહાલી કહીશ.' અને જે સ્થળે તેઓને એવું કહેવામાં આવ્યું હતું, 'તમે મારી પ્રજા નથી.' તે સ્થળે તેઓ જીવતા ઈશ્વરના દીકરા કહેવાશે. વળી, યશાયા ઈઝરાયલ સંબંધી પોકારીને કહે છે, "જો સમુદ્રની રેતીના જેટલી ઈઝરાયલની સંખ્યા હોય તોપણ તેનો શેષ જ તારણ પામશે. (રોમનોને પત્ર ૯:૨૫-૨૭)*

**(૮) અંતિમ દિવસોમાં કઈ વાસનાને શોધતી બહુમતી (લોકો) આત્મિક આગેવાની માટે ફરશે?**

*કેમ કે એવો વખત આવશે કે જે વખતે તેઓ શુદ્ધ ઉપદેશને સહન કરશે નહિ. પણ કાનમાં ખંજવાળ આવવાથી તેઓ પોતાને મનગમતા ઉપદેશકો પોતાને માટે ભેગા કરશે. તેઓ સત્ય તરફ આડા કાન કરશે અને કલ્પિત વાતો તરફ ફરશે. (૨ તિમોથીને પત્ર ૪:૩-૪)*

**(૯) કેવી રીતે અંતિમ સમયનો ઈશ્વરનો સંદેશ પહોંચાવો જોઈએ?**

*તું સુવાર્તા પ્રગટ કર. અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગે તત્પર રહે સંપૂર્ણ સહનશીલતાથી ઉપદેશ કરીને ઠપકો આપ ધમકાવ તથા ઉત્તેજન આપ. (૨ તિમોથીને પત્ર ૪:૨)*

દરેક પેઢીમાં ઈશ્વરે તેના સેવકોને પાપને ધમકાવવા મોકલ્યા છે, દુનિયા અને મંડળી બન્નેમાં. પરંતુ લોકો ઈચ્છે છે કે સરળ બાબતો તેમને બોલાય, અને શુદ્ધ, અનલંકૃત સત્ય સ્વીકાર્ય નથી. ઘણા સુધારકો, તેઓના કાર્ય પર પ્રવેશ કરવામાં, ચર્ચ અને રાષ્ટ્રના પાપો પર હુમલો કરવામાં

મહાન ડહાપણ ઉપયોગ કરતા જણાયા. તેઓએ શુદ્ધ ખ્રિસ્તી જીવનના ઉદાહરણ દ્વારા તેઓએ આશા વ્યક્ત કરી, લોકોને બાઈબલના સિદ્ધાંત તરફ પાછા દોરી ગયા.

પરંતુ ઈશ્વરનો આત્મા જેમ એલિયા પર આવ્યો તેમ તેઓ પર આવ્યો, દુષ્ટ રાજા અને ધર્મનિષ્ઠ લોકોના પાપને ધમકાવવા માટે તેને લઈ જતો; તેઓ બાઈબલની સ્પષ્ટ વાતો પ્રચાર કરતા બંધ ન થયા-ઉપદેશ કે જે તેઓ રજૂ કરવામાં અનિચ્છા અનુભવતા હતા. તેઓ ઉત્સાહથી પ્રેરિત હતા સત્ય અને ખતરો કે જે આત્માઓને ધમકી આપતા તેને તેઓ જાહેર કરતા. વચન કે જે ઈશ્વરે તેમને આપ્યું, તેઓએ ઉચ્ચાર્યું, પરિણામના ભય વગર, અને લોકોને ચેતવણી સાંભળવાની ફરજ પડાઈ.

**(૧૦) જગતને પ્રકટીકરણ ૧૪ના ત્રણ દૂતોના સંદેશા પહોંચાડવા ઈશ્વર કોનો ઉપયોગ કરશે?**

*જે આજ્ઞાઓ હું તમને આપું છું તે જો તમે પાળો તો તમે મારા મિત્ર છો. હવેથી હું તમને દાસ કહેતો નથી; કેમ કે પોતાનો શેઠ જે કરે છે તે દાસ જાણતો નથી. પણ મેં તમને મિત્ર કહ્યા છે; કેમ કે જે વાતો મેં મારા પિતા પાસેથી સાંભળી હતી તે બધી મેં તમને જણાવી છે. તમે મને પસંદ કર્યો નથી, પણ મેં તમને પસંદ કર્યા છે, ને તમને નીમ્યા છે કે, તમે જઈને ફળ આપો, અને તમારાં ફળ કાયમ રહે, જેથી તમે મારે નામે જે કંઈ પિતાની પાસે માગો તે તમને તે આપે. (યોહાન ૧૫:૧૪-૧૬)*

*જ્યારે હું દુષ્ટને કહું કે, તું નક્કી માર્યો જશે, ત્યારે જો તું તેને ન ચેતવે, ને દુષ્ટનો જીવ બચાવવા માટે, તેને તેના કુમાર્ગથી [ફરવાને] ચેતવણી ન આપે, તો તે દુષ્ટ માણસ તો તેની દુષ્ટતામાં મરશે; પણ તેના રક્તનો જવાબ હું તારી પાસેથી માગીશ. પરંતુ દુષ્ટને તું ચેતાવે તે છતાં તે પોતાની દુષ્ટતાથી તથા પોતાના કુમાર્ગથી પાછો ન હઠે, તો તે પોતાની દુષ્ટતામાં માર્યો જશે; પણ તેં તો તારા આત્માને બચાવ્યો છે." (હઝકિયેલ ૩:૧૮-૧૯)*

*કેમ કે અમે જે જે જોયું તથા સાંભળ્યું, તે કહ્યા વિના અમારાથી રહેવાય એમ નથી." (પ્રેરિતોનાં કૃત્યો ૪:૨૦)*

આમ ત્રીજા દૂતનો સંદેશ જાહેર થશે.તેને મહાન શક્તિમાં અપાવવાનો જેમ સમય આવે છે, ઈશ્વર નમ્ર સાધનો દ્વારા કામ કરશે,જેઓ તેની સેવામાં પોતાને પવિત્ર કરે તેઓના મનને દોરે છે. મજૂરો સાહિત્યિક સંસ્થાઓની ટ્રેનિંગ કરતા તેના આત્માની એકતા દ્વારા લાયકાત ધરાવતા બને છે. પ્રાર્થના અને વિશ્વાસના લોકો પવિત્ર ઉત્સાહ સાથે ઈશ્વરે તેમને આપેલા વચનો જાહેર કરતા આગળ વધવા મર્યાદિત કરાશે.

**(૧૧) જ્યારે બાબીલોનના જુઠા સિદ્ધાંતો પ્રગટ થાય છે, ત્યારે જેઓ ખ્રિસ્તના ખરા સિદ્ધાંતો ને ગંભીરતાપૂર્વક અનુસરવાનું શોધે છે તેઓ કયા વાયદાનો દાવો કરી શકે છે?**

*તેથી જે યહૂદીઓએ તેમના પર વિશ્વાસ કર્યો હતો, તેઓને ઈસુએ કહ્યું, "જો તમે મારા વચનમાં રહો, તો ખરેખર તમે મારા શિષ્યો છો. અને તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે." (યોહાન ૮:૩૧-૩૨)*

બાબીલોનનું પાપ ઉઘાડું કરવામાં આવશે. મુલકી સત્તા દ્વારા મંડળીના પાલનના અમલનું ભયાનક પરિણામ, આધ્યાત્મિકતાની અંતર્ગત, પોપના સંબંધની શક્તિની છુપી પરંતુ ઝડપી પ્રગતિ-બધા બેનકાબ થશે. આ ગંભીર ચેતવણીઓ દ્વારા લોકો હલી જશે. હજારો ઉપર હજારો લોકો સાંભળશે કે જેઓ આવા વચનો પહેલા ક્યારેય સાંભળ્યા જ નહોતા. આશ્ચર્યમાં તેઓ ગવાહી સાંભળે છે કે બાબીલોન મંડળી છે, તેના પાપ અને ભૂલના કારણે પડેલું, કેમ કે સ્વર્ગમાંથી તેને મોકલાયેલા સત્યનો તેનો તિરસ્કાર.

જેમ લોકો તેઓના પૂર્વેના શિક્ષકો પાસે આતુર પૂછપરછ માટે જાય છે, આવી વાતો છે? સેવકો દંતકથા રજૂ કરે છે, ભવિષ્યવાણી કોમળ બાબત છે, તેઓનો ડર શાંત કરવા અને જાગૃત અંતઃકરણ ને શાંત કરવા. પણ જ્યારથી ઘણા લોકો માત્ર માણસોના અધિકારથી સંતૃપ્ત થવા મના કરે છે અને સ્પષ્ટ માંગ કરે છે "ઈશ્વર આમ કહે

છે” લૌકિક સેવકાઈ, જુના સમયના ફરોશીઓ, તેઓની સત્તા પર પ્રશ્ન પુછાય છે એટલે તેઓ ગુસ્સાથી ભરાય જાય છે, જેઓ તેને જાહેર કરે તેમની નિંદા કરવા અને સતાવણી કરવા તેઓ શેતાનના સંદેશ તરીકે તિરસ્કાર કરશે અને પાપને પ્રેમ કરનાર લોકોને જગાડશે.

**(૧૨) જેઓ બાબીલોનના જુઠા ઉપદેશો ઉપર ઈશ્વરની આજ્ઞાઓ પાળવાનું પસંદ કરે છે તેઓની વિરુદ્ધ આ વચનમાં કઈ ભવિષ્યવાણી પુરી થશે?**

***ત્યારે અજગર તે સ્ત્રી પર ગુસ્સે થયો, અને તેનાં બાકીનાં સંતાન, એટલે જેઓ ઈશ્વરની આજ્ઞા પાળે છે, અને ઈસુની સાક્ષીને વળગી રહે છે, તેઓની સાથે લડવાને તે ચાલી નીકળ્યો. અને તે સમુદ્રની રેતી પર ઊભો રહ્યો. (પ્રકટીકરણ ૧૨:૧૭)***

***પણ પોતાના વિષે સાવધાન રહો, કેમ કે તેઓ તમને ન્યાયસભાઓને સોંપશે, અને સભાસ્થાનોમાં તમે કોરડાના માર ખાશો. અને તમે મારે લીધે હાકેમો તથા રાજાઓની આગળ, તેઓને માટે સાક્ષી થવા માટે, ઊભા કરાશો. અને પહેલાં સર્વ દેશોમાં સુવાર્તા પ્રગટ થવી જોઈએ. અને જ્યારે તેઓ તમને લઈ જઈને પરસ્વાધીન કરશે, ત્યારે શું બોલીએ તે વિષે અગાઉથી ચિંતા ન કરો; પણ તે સમયે તમને જે આપવામાં આવશે તે બોલો; કેમ કે બોલનાર તે તમે નહિ, પણ પવિત્ર આત્મા છે. (માર્ક ૧૩:૯-૧૧)***

અને જેમ કે વિવાદ નવા ક્ષેત્રોમાં ફેલાય છે અને લોકોને ઈશ્વરના દબાયેલા નિયમ માં બોલાવાય છે. શેતાન ઉશ્કેરાયેલો છે. શક્તિ સંદેશામાં જોડાય છે જેઓ તેનો વિરોધ કરે છે તેઓને ક્રોધિત કરશે.પાદરીઓ પ્રકાશને બંધ કરવા માટે ઉત્તમ મનુષ્ય પ્રયત્ન આગળ મુકશે રખેને તે પ્રકાશ તેઓના ટોળા પર પ્રકાશિત થાય. તેઓના આદેશના દરેક માધ્યમ દ્વારા આ મહત્વના પ્રશ્નના સંવાદ ને દબાવવાનો તેઓ પ્રયત્ન કરશે. મુલકી સત્તાના મજબૂત હાથને મંડળી વિનંતી કરે છે, અને આ કાર્યમાં, પાપના સમર્થકો અને પ્રોટેસ્ટન્ટો સંગઠિત થાય છે.

જેમ રવિવરના અમલીકરણની ચળવળ વધુ

હિંમતભેર અને નિશ્ચિત થતી જાય છે, આજ્ઞાપાલન કરનારની વિરુદ્ધ કાયદો પ્રબળ થાય છે. દંડ અને બંદીખાનાની તેઓને ધમકી અપાશે, અને કેટલાક લોકોને પ્રભાવિત પદવીઓની અને બીજા પારિતોષિકો અને ફાયદાઓની તક અપાશે, તેઓનો વિશ્વાસ ત્યાગ કરાવવાની પ્રેરણા માટે. પણ તેઓનો અડગ જવાબ એ છે "ઈશ્વરના વચનમાંથી અમારી ભૂલો અમને દેખાડો"- આવી જ અરજી સરખી પરિસ્થિતિમાં લુધર દ્વારા કરાઈ હતી. જેઓ ન્યાયાલય સમક્ષ હાજર થાય છે, તેઓ સત્યનું મજબૂત સમર્થન બનાવે છે, અને કેટલાક જેઓ તેમને સાંભળે છે તેઓ ઈશ્વરની આજ્ઞાઓ પાળવામાં પોતાનું સ્થાન લેવા દોરાય છે. આમ હજારો લોકો જેઓ આ સત્ય વિષે કશું જાણતા જ નથી તેઓ આગળ પ્રકાશ લવાય છે.

**(૧૩) અમુક લોકોએ સત્ય પાળવાનું પસંદ કર્યું તેથી પરિવારના સભ્યો વચ્ચે પણ શું થશે?**

***અને ભાઈ ભાઈને તથા પિતા છોકરાને મરણદંડને માટે પરસ્વાધીન કરશે, અને છોકરાં પોતાના માતાપિતાની સામે ઊઠશે, ને તેઓને મારી નંખાવશે. (માર્ક ૧૩:૧૨)***

ઈશ્વરના વચનને વિવેકપૂર્ણ આજ્ઞાકારી, તેઓ સાથે બળવાખોર તરીકે વર્તશે. શેતાન દ્વારા આંધળા, વિશ્વાસ કરતા બાળકો પર તેઓના માતાપિતા કઠોરતા અને તીવ્રતાનો પ્રયોગ કરશે; નોકરાણીઓના શેઠો તેઓના આજ્ઞા પાળતા ચાકરો પર જુલમ કરશે. સ્નેહ દૂર થશે; બાળકોનો વારસો છીનવી લેવાશે અને તેઓને ઘર બહાર કાઢી મુકાશે. પાઉલ ના વચનો રીતસર પુરા થશે: "જેઓ ખ્રિસ્ત ઈસુમાં ભક્તિભાવથી ચાલવા ઈચ્છે છે, તેઓ સઘળા પર સતાવણી થશે જ." ૨ તિમોથી ૩:૧૨. જેમ કે સત્યના રક્ષકો રવિવાર-સાબ્બાથને માન આપવાની મના કરે છે, તેઓમાનો અમુકને બંદીખાનામાં દબાણ કરાશે, અમુક લોકોનો દેશનિકાલ થશે, અમુક લોકો ગુલામ તરીકે રખાશે. માનવ બુદ્ધિને આ બધું હાલ અશક્ય જેવું લાગશે, પણ જેવો ઈશ્વરનો સંયમનો આત્મા લોકો પાસેથી લઇ લેવામાં આવશે, અને તેઓ શેતાનના

કબજામાં આવશે, કે જે ઈશ્વરીય ઉપદેશને ધિક્કારે છે, ત્યાં વિચિત્ર વિકાસ થશે. જ્યારે ઈશ્વરનો ભય અને પ્રેમ દૂર થાય છે ત્યાતે હૃદય ખુબજ ક્રૂર થઈ શકે છે.

**(૧૪) સત્યના મહાન શત્રુ બનવાથી આપણને દૂર રાખવા, આપણા સત્યના જ્ઞાન સાથે શુ હોવું જોઈએ?**

***જે કહે છે, "હું તેમને ઓળખું છું, " પણ તેમની આજ્ઞા પાળતો નથી, તે જૂઠો છે, અને તેનામાં સત્ય નથી. પણ જે કોઈ તેમનું વચન પાળે છે, તેનામાં ઈશ્વર પરનો પ્રેમ ખરેખર સંપૂર્ણ થયો છે. એથી આપણે જાણીએ છીએ કે આપણે, તેમનામાં છીએ. (૧ યોહાનનો પત્ર ૨:૪-૫)***

જેમ જેમ તોફાન આવે છે, એક મોટો વર્ગ કે જેણે ત્રીજા દૂતના સંદેશમાં વિશ્વાસનો દાવો કર્યો, પરંતુ સત્યને આજ્ઞાપાલનથી તેઓ શુદ્ધ ન થયા, તેઓની પદવીઓ છોડે છે ને વિરોધીઓના ક્રમમાં જોડાય છે. જગતની સાથે સંગઠિત થઈને અને તેના આત્મામાં ભાગીદાર થઈને, તેઓ સમાન પ્રકાશના મુદ્દામાં જોવા આવ્યા છે; અને જ્યારે કસોટી આવે છે, તેઓ પ્રખ્યાત પક્ષને પસંદ કરવા તૈયાર થાય છે.

પ્રતિભા અને આનંદદાયક સરનામાંના માણસો, કે જેઓ એકવાર સત્યમાં આનંદિત હતા, તેઓ આત્માઓને છેતરવા અને ગેરમાર્ગે દોરવા પોતાની શક્તિનો ઉપયોગ કરે છે. તેઓ તેમના પહેલાના ભાઈઓને ખુબજ કડવા શત્રુ બને છે. જ્યારે સાબ્બાથ પાલન કરવાવાળા તેઓના વિશ્વાસનો જવાબ આપવા અદાલત સમક્ષ લવાય છે, આ અપમાનિતો, તેઓને ખોટી રીતે રજૂ કરવા અને દોષ મુકવા, શેતાનના સૌથી કાર્યક્ષમ કાર્યકરો છે, અને ખોટા અહેવાલો અને આક્ષેપો દ્વારા શાસકોને તેઓની વિરુદ્ધ ઉશ્કેરે છે.

**(૧૫) પિતર અને યોહાનની જેમ, સત્યને પ્રકટ કરતી વખતે જેઓ સતાવણી સહન કરે છે તેઓનો નિર્ણય શું હશે?**

*પણ પિતર તથા યોહાને ઉત્તર આપ્યો, "ઈશ્વરના કરતાં તમારું સાંભળવું ઈશ્વરની નજરમાં યોગ્ય છે કે નહિ, એ તમે જ નક્કી કરો. કેમ કે અમે જે જે જોયું તથા સાંભળ્યું, તે કહ્યા વિના અમારાથી રહેવાય એમ નથી."*
*(પ્રેરિતોનાં કૃત્યો ૪:૧૯-૨૦)*

આ સતાવણીના સમયમાં ઈશ્વરના સેવકનો વિશ્વાસ અજમાવાશે. તેઓએ વિશ્વાસપૂર્વક ચેતવણી આપી છે, ફક્ત ઈશ્વર અને તેના વચનો તરફ ધ્યાન આપવું. ઈશ્વરનો આત્મા તેઓના હૃદયો પર હલનચલન કરી રહ્યો છે, તે તેમને બોલવાની ફરજ પાડે છે. પવિત્ર ઉત્સાહથી ઉતેજીત, અને તેઓ પર મજબૂત ઈશ્વરીય આવેગ. જે વચન ઈશ્વરે તેમને આપ્યું તેને લોકો આગળ બોલતા શું પરિણામ આવશે તેની ઠંડી ગણતરી વગર તેઓ તેમના ફરજના બજાવવા લાગ્યા.

તેઓએ તેમના અસ્થાયી હિતોને જોયા નહિ, પોતાની આબરૂ કે જીવન બચાવવાનો પણ પ્રયત્ન કર્યો નહિ. છતાં જ્યારે વિરોધનું તોફાન અને નિંદાનો તેમના પર ફિટકાર થાય છે, કેટલાંક, અંતરાત્માથી ભરાઈને, પોકાર કરવા તૈયાર હશે: "જો આપણને આપણા શબ્દોનું પરિણામ ખબર હોત, તો આપણે આપણી શાંતિ પકડી રાખી હોત." તેઓની આસપાસ મુશ્કેલીથીની વાડ બંધાય જાય છે. શેતાન તેમને ભયંકર પરિક્ષણથી હુમલો કરે છે. જે કામ તેઓએ હાથમાં લીધું હતું જે હવે પરિપૂર્ણ કરવા તેઓની સક્ષમતા બહાર લાગે છે. તેઓને વિનાશની ધમકી અપાય છે. જે ઉત્સાહ તેમને પ્રફુલ્લિત કરતો હતો તે જતો રહ્યો છે; તેમ છતાં તેઓ પાછા ફરી શકતા નથી. પછી, તેમની સંપૂર્ણ લાચારીની લાગણી અનુભવે છે, તેઓ સામર્થ માટે સર્વશક્તિમાન તરફ ભાગે છે. તેઓ યાદ કરે છે કે જે શબ્દો તેઓ બોલ્યા તે તેઓના ન હતા, પરંતુ તેના હતા જેણે તેમને ચેતવણી આપવા હુકમ આપ્યો હતો. ઈશ્વરે તેઓના હ્રદયમાં સત્ય મૂક્યું છે, અને તેઓ તેને બોલ્યા વગર રહી શકે જ નહીં.

**(૧૬) આ સંકટના સમયમાં આપણે કોના તરફથી સામર્થ પ્રાપ્ત કરી શકીએ?**

*તેં શું નથી જાણ્યું? તેં શું નથી સાંભળ્યું? યહોવા તે સનાતન ઈશ્વર છે, પૃથ્વીના દિગંત સુધી ઉત્પન્ન કરનાર તે છે; તે નિર્ગત તથા નથી, ને થાકતા પણ નથી; તેમની સમજણ અતર્ક્ય છે. નબળાને તે બળ આપે છે; અને કમજોરને તે પુષ્કળ જોર આપે છે. છોકરા તો નિર્ગત થશે, ને થાકી જશે, અને જુવાનો ઠોકર ખાશે જ; પણ યહોવાની રાહ જોનાર નવું સામર્થ્ય પામશે; તેઓ ગરૂડની જેમ પાંખો પ્રસારશે; તેઓ દોડશે; ને થાકશે નહિ; તેઓ આગળ ચાલશે, ને નિર્ગત થશે નહિ." (યશાયા ૪૦:૨૮-૩૧)*

જેમ જેમ વિરોધનો તકરાર ઉચ્ચ સપાટીએ પહોંચે છે, ઈશ્વરના સેવકો ફરીવાર હેરાન થશે; કેમ કે તેઓને એવું લાગશે કે તેઓ સંકટ લાવ્યા છે. પરંતુ ઈશ્વરનું વચન અને તેઓનો અંતરાત્મા તેઓને ખાતરી આપશે કે તેઓનું કાર્ય સાચું છે; અને તેમ છતાં મુકદ્દમાં ચાલતા રહે છે, તેઓ તેમને સહન કરવા સામર્થ પ્રાપ્ત કરે છે. સ્પર્ધા નજીક અને તીવ્ર થતી જાય છે પરંતુ તેઓનો વિશ્વાસ અને હિંમત તાત્કાલિક વધે છે. તેઓની ગવાહી એ છે: "અમે ઈશ્વરના વચન સાથે ચેડાં કરવાની અને તેના પવિત્ર નિયમોનું વિભાજન કરવાની હિંમત કરીશું નહિ; એક ભાગને જરૂરી અને બીજા ભાગને બિનજરૂરી કહે છે, જગતનો પક્ષ મેળવવા માટે. જે ઈશ્વરની આપણે સેવા કરીએ છીએ તે આપણને છોડાવવા સક્ષમ છે. ખ્રિસ્તએ જગતની શકિતને જીતી છે; અને શું આપણે આ જીતાયેલા જગતથી બીહવું જોઈએ?

**(૧૭) જ્યારે આપણે આરક્ષણ વગર ખ્રિસ્તની સેવા કરીએ છીએ, ત્યારે કયા વ્યવહારની અપેક્ષા રાખી શકાય?**

*ત્યારે તેઓ તમને વિપત્તિમાં નાખશે, ને તમને મારી નાખશે, ને મારા નામને લીધે સર્વ પ્રજાઓ તમારો દ્વેષ કરશે. (માથ્થી ૨૪:૯)*

સતાવણી તેના વિભિન્ન સ્વરૂપોમા તે એક સિદ્ધાંતની વૃદ્ધિ છે, શેતાન જ્યાં સુધી અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી તે સિદ્ધાંત પણ અસ્તિત્વમાં રહેશે અને ખ્રિસ્તીધર્મમાં અત્યાવશ્યક શક્તિ છે. પોતાનીજાતની સામે

અંધકારના યજમાનોના વિરોધને સૂચિબદ્ધ કર્યા વગર કોઈપણ વ્યક્તિ ઈશ્વરની સેવા કરી શકતો નથી. દુષ્ટ દૂતો તેને હુમલો કરશે, ચેતવશે કે તેનો પ્રભાવ તેઓના હાથમાંથી શિકાર છીનવી રહ્યા છે. દુષ્ટ લોકો, તેના ઉદાહરણ દ્વારા ધમકાવાશે, પરીક્ષણની લાલચ આપીને તેને ઈશ્વરથી અલગ કરવાનું શોધવામાં તેઓ તેની સાથે સંગઠિત થશે. જ્યારે આ સફળ થતું નથી, ત્યારે અંતઃકરણને દબાણ કરવા આકર્ષક શક્તિ કાર્યરત થાય છે.

**(૧૮) આ સંકટના વખતમાં પણ, દુન્યવી શાસકોને કોણ છેવટે કાબુમાં કરે છે?**

***પાણીના પ્રવાહ જેવું રાજાનું મન યહોવાના હાથમાં છે, તે જ્યાં ચાહે ત્યાં તેને વાળે છે. (નીતિવચનો ૨૧:૧)***

***દરેક માણસે મુખ્ય અધિકારીઓને આધીન રહેવું; કેમ કે ઈશ્વરના તરફથી ન હોય એવો કોઈ અધિકાર નથી. જે [અધિકારીઓ] છે તેઓ ઈશ્વરથી નિમાયેલા છે. (રોમનોને પત્ર ૧૩:૧)***

પરંતુ જ્યાં સુધી ઈસુ ઉચ્ચ પવિત્રસ્થાનમાં લોકોના મધ્યસ્થી રહે છે ત્યારે લોકોને અને શાસકોને પવિત્ર આત્માનું સંયમી પ્રભાવ મહેસુસ થાય છે. તે હજુ પણ જગતના કાયદાને અમુક હદ સુધી કાબુમાં કરે છે. જો તે આ નિયમો માટે ન હોત, તો જગતની પરિસ્થિતિ હાલ કરતા પણ વધારે ખરાબ હોત.

જ્યારે ઘણામાંના આપણા શાસકો શેતાનના સક્રિય કાર્યકરો છે,ત્યારે ઈશ્વરને પણ રાષ્ટ્રના શાસકોમાં પોતાના કાર્યકરો છે. શત્રુ તેના સેવકો પર હલનચલન કરે છે એ પગલાં સૂચવવા માટે જે મોટા પ્રમાણમાં ઈશ્વરના કાર્યને અવરોધે છે; પણ રાજ્યના લોકો કે જેઓ ઈશ્વરનું ભય રાખે છે તે આવા પ્રસ્તાવોનો વિરોધ જવાબ વગરની દલીલ સાથે કરવા પવિત્ર દૂતો દ્વારા પ્રભાવિત થાય છે. આમ થોડા લોકો દુષ્ટના શક્તિશાળી ઝટકાને પકડી રાખશે. સત્યના શત્રુઓનો વિરોધ નિયંત્રિત કરાશે કે જેથી ત્રીજા દૂતનો સંદેશ તેનું કાર્ય કરે. જ્યારે અંતિમ ચેતવણી અપાશે, ત્યારે જેઓ દ્વારા ઈશ્વર કામ કરી રહ્યા નથી તેવા આગેવાન લોકોનું ધ્યાન તે ચેતવણીની તરફ જશે, અને

તેઓમાંના કેટલાક તે સ્વીકારશે અને સંકટના સમયમાં ઈશ્વરના લોકો સાથે ઉભા રહેશે .

**(૧૯) તેના અંતિમ દિવસના ચેતવણી સંદેશને સ્વીકારવા લોકોના હ્રદયને પરિવર્તિત કરવા ઈશ્વર કોને મોકલશે?**

***ત્યાર પછી એવું થશે કે, હું સર્વ મનુષ્યો પર મારો આત્મા રેડી દઈશ; અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે, તમારા જુવાનોને સંદર્શનો થશે (યોએલ ૨:૨૮)***

પેન્તીકુસ્તના દિવસના કાર્યના જેવું જ કાર્ય હશે. સુવાર્તાની શરૂઆત વખતે પવિત્ર આત્માના વહેણમાં કિંમતી બીજનો ઉછેર કરવા જેમ “પહેલો વરસાદ” અપાયો હતો, તેમજ “પાછલો વરસાદ” ફસલની કાપણી વખતે અપાશે. “આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ, યહોવાનું જ્ઞાન પ્રાપ્ત કરવાને ખંતથી મહેનત કરીએ; તેની પધરામણી પ્રાતઃકાળની પેઠે ખાતરીપૂર્વક છે; તે વરસાદની પેઠે, પૃથ્વીને સિંચનાર પાછલા વરસાદની પેઠે, આપણી પાસે આવશે.” હોશીયા ૬:૩. “એ માટે, હે સિયોનના પુત્રો, આનંદ કરો, ને તમારા દેવ યહોવામાં હરખાઓ; કેમ કે તે તમને આગલો વરસાદ જોઈએ તેટલો આપે છે, ને તે તમારે સારુ વરસાદ, એટલે આગલો તથા પાછલો વરસાદ, પહેલાંની માફક વરસાવે છે.” યોએલ ૨:૨૩.

તેના ઉદઘાટનને ચિહ્નિત કર્યું તે કરતા ઈશ્વરની શક્તિની ઓછા અભવ્યક્તિ સાથે સુવાર્તાનું મહાન કામ બંધ થવાનું નથી. ભવિષ્યવાણી કે જે સુવાર્તાની શરૂઆતમાં પહેલા વરસાદના વરસવાથી પૂર્ણ થઈ તે ફરીવાર તેના બંધ થવા પર પાછલાં વરસાદ તરીકે પૂર્ણ થશે. અહીં “તાજગીનો સમય”  કે જેને પ્રેરિત પિતર આગળ જુએ છે જ્યારે તે કહે છે: “માટે તમે પસ્તાવો કરો, ને ફરો, જેથી તમારાં પાપ ભૂંસી નાખવામાં આવે; અને એમ પ્રભુની હજૂરમાંથી તાજગીના સમયો આવે.” પ્રે.કૃ.૩:૧૯.

**(૨૦) જ્યારે ઈશ્વર તરફથી ચિહ્નો અને ચમત્કારો તેની ચેવણીના સંદેશને અસરકારક કરવા જાય છે,ત્યારે ઈશ્વરના**

**આત્માની શક્તિને તોડી પાડવા અને લોકોને છેતરવા શેતાન પણ તેના કાર્યકરો દ્વારા શુ કરશે?**

***અને તે મોટા ચમત્કારો કરે છે, એટલે સુધી કે તે માણસોની નજર આગળ આકાશમાંથી પૃથ્વી પર અગ્નિ પણ વરસાવે છે. (પ્રકટીકરણ ૧૩:૧૩)***

ઈશ્વરના સેવકો, તેઓના તેઓના પ્રકાશિત ચહેરા સાથે, અને પવિત્ર અભિષેકથી ઝળહળતા,ઠેકાણે ઠેકાણે સ્વર્ગના સંદેશાને જાહેર કરવા ઉતાવળ કરશે.હજારો અવાજ દ્વારા, તમામ પૃથ્વીમાં, ચેતવણી અપાશે.

ચમત્કારો થશે, બીમારો સાજા કરાશે, અને ચિહ્નો અને ચમત્કારો વિશ્વાસીઓને અનુસરશે. [પ્રે.કૃ ૨:૧૯]. શેતાન પણ ચમત્કારો કરીને કાર્ય કરી શકે છે, અને લોકોની નજરમાં આકાશમાંથી અગ્નિ પણ ઉતારી શકે છે. આમ પૃથ્વી પરના લોકો તેઓના સ્થાને લવાશે.

**(૨૧) જ્યારે ઈશ્વરનો આત્મા અંતિમ ચેતવણીના સંદેશ માટે હૃદયોને અપરાધી ઠરાવશે ત્યારે શું પરિણામ આવશે?**

***ઈશ્વર કહે છે કે, પાછલા દિવસોમાં એમ થશે કે, હું સર્વ માણસો પર મારો આત્મા રેડી દઈશ અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા જુવાનોને સંદર્શનો થશે, અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે. વળી તે સમયે હું મારા દાસો પર તથા મારી દાસીઓ પર મારો આત્મા રેડી દઈશ, અને તેઓ પ્રબોધ કરશે. વળી હું ઉપર આકાશમાં અદભુત કામ, તથા નીચે પૃથ્વી પર ચમત્કારો દેખાડીશ. લોહી તથા અગ્નિ તથા ધુમાડાના ગોટેગોટા [દેખાડીશ]. પ્રભુનો તે મહાન તથા પ્રસિદ્ધ દિવસ આવ્યા અગાઉ સૂર્ય અંધકારરૂપ, અને ચંદ્ર લોહીરૂપ થઈ જશે. [તે સમયે] એમ થશે કે જે કોઈ પ્રભુને નામે પ્રાર્થના કરશે તે તારણ પામશે. (પ્રેરિતોનાં કૃત્યો ૨:૧૭-૨૧)***

સંદેશ જેમ ઈશ્વરનો આત્મા દોરી જાય તે પ્રમાણે દલીલ દ્વારા દોરી જવાતો નથી. દલીલ રજૂ થઈ ચૂકી છે. બીજ વવાય ગયું છે, અને હવે તે વૃદ્દિધ પામશે અને ફળ આપશે, સેવકો દ્વારા પ્રકાશનો વહેંચાયેલા છે જેની અસર

ચાલુ થઈ ચૂકી છે, તેમ છતાં ઘણાલોકો કે જેઓના મન પ્રભાવિત થયા હતા તેઓ સંપૂર્ણ સત્ય સમજવા અથવા આજ્ઞાપાલન ઉપજાવવા અટકાવવામાં આવી રહ્યા છે. હવે પ્રકાશના કિરણો બધી બાજુ ફેલાય છે, સત્ય તેના સ્પષ્ટપણામાં દેખાય રહ્યું છે, અને ઈશ્વરના પ્રામાણિક છોકરાઓ જે બંધનોએ તેમને જકડી રાખ્યા હતા તેને તોડે છે. તેમને રોકી રાખવા પારિવારિક જોડાણ, મંડળીના સંબંધો, શક્તિહીન છે. બીજી બધી બાબતો કરતા સત્ય વધારે કિંમતી છે. એજન્સીઓ સત્યની વિરુદ્ધ એકત્રિત થઈ જવા છતાં, ઈશ્વરના પક્ષમાં અસંખ્ય લોકો ઉભા છે.

***છેતરામણી ની વિરુદ્ધ તૈયાર રહેવા પ્રકટીકરણ14ના ચેતવણી સંદેશો અમને આપવા બદલ હું ઈશ્વરનો આભારી છું.***

***વર્તુળ: હા અવ્યવસ્થિત***

***મને માર્ગદર્શન આપવા અને સત્ય પ્રત્યેની મારી સ્વીકૃતિને રોકે તેવો પૂર્વકલ્પીત વિચાર મારામાંથી દૂર કરવા હું પવિત્ર આત્મા માટે પ્રાર્થના કરું છું.***

***વર્તુળ: હા અવ્યવસ્થિત***

***આ ચેતવણી સંદેશાઓ પ્રકટ કરે છે કે આ મહાન વિવાદ એ ઈશ્વર પ્રત્યેની વફાદારી વિશે છે. તેની આજ્ઞાઓ અનુસરવા હું શક્તિ અને હિંમત માટે પ્રાર્થના કરું છું, ભલે કંઈપણ આવે.***

***વર્તુળ: હા અવ્યવસ્થિત***

***હવે જ્યારે હું આ સત્યો શીખી રહ્યો છું મને ખાતરી થાય છે કે તે મારી જવાબદારી છે કે બીજા લોકો સાથે આ જીવન આપનાર સંદેશ વહેંચવો જોઈએ.***

***વર્તુળ: હા અવ્યવસ્થિત***

---

---



## પાઠ ૧૦

## સંકટનો સમય

**(૧) સ્વર્ગીય સ્થાનમાંથી ખ્રિસ્ત દ્વારા કઈ ઘોષણા માનવજાતના અજમાયશના અંત પર મહોર લગાવશે?**

***જે અન્યાયી છે, તે હજુ અન્યાય કર્યા કરે! અને જે મલિન છે, તે હજુ મલિન થતો જાય! જે ન્યાયી છે, તે હજુ ન્યાયી કૃત્યો કર્યા કરે! અને જે પવિત્ર છે, તે હજુ પવિત્ર થતો જાય. (પ્રકટીકરણ ૨૨:૧૧)***

જ્યારે ત્રીજા દૂતનો સંદેશ બંધ થાય છે [પ્રકટીકરણ ૧૪:૯,૧૦], પૃથ્વી પરના લોકો માટે હવે કૃપા આજીજી કરશે નહીં. ઈશ્વરના લોકોએ તેઓનું કાર્ય પૂર્ણ કરી દીધું છે. તેઓએ “પાછલો વરસાદ”, “ઈશ્વરની ઉપસ્થિતિમાંથી તાજગી” પ્રાપ્ત કર્યા છે, અને તેઓ કસોટીનો સમય જે તેઓની આગળ છે તેને માટે તૈયાર છે. સ્વર્ગદૂતો સ્વર્ગ તરફ જવા ઉતાવળા છે. એક સ્વર્ગદૂત પૃથ્વીમાંથી પાછો ફરે છે ને જાહેર કરે છે કે તેનું કાર્ય પૂરું થયું છે; જગત પર અંતિમ કસોટી આવી પડે છે, અને એ તમામ જેઓએ ઈશ્વરીય આજ્ઞાઓને પોતાની જાતે પ્રામાણિક સાબિત કરી છે [પ્રકટીકરણ ૧૪:૧૨] “તેઓએ જીવતા ઈશ્વરની મહોર પ્રાપ્ત કરી છે.”

પછી ઈસુએ ઉપર પવિત્રસ્થાનમાં પોતાની મધ્યસ્થી બંધ કરી. તે પોતાનો હાથ ઊંચો કરે છે અને મોટે અવાજે કહે છે, “તે થઈ ગયું છે” અને જ્યારે તે ગૌરવપૂર્ણ

જાહેરાત કરે છે ત્યારે તમામ દૂત યજમાનો પોતાના મુગટ ઉતારે છે: "જે અન્યાયી છે, તે હજુ અન્યાય કર્યા કરે; અને જે મલિન છે, તે હજુ મલિન થતો જાય; જે ન્યાયી છે, તે હજુ ન્યાયી કૃત્યો કર્યા કરે; અને જે પવિત્ર છે, તે હજુ પવિત્ર થતો જાય." [પ્રકટીકરણ ૨૨:૧૧] દરેક બાબત જીવન અને મૃત્યુ માટે નક્કી થઈ ચૂકી છે. ખ્રિસ્તે તેના લોકો માટે પ્રમાર્જન કર્યું છે અને તેઓના પાપ ભૂંસી નાખ્યા છે. તેના ધોરણોની સંખ્યા બનેલી છે: "રાજ્ય અને શાસન અને આખા સ્વર્ગ નીચે રાજ્યની મહાનતા" તે ઉદ્ધારના વારસદારોને આપવાનું છે, અને ઈસુએ રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ તરીકે રાજ કરવાનું છે. [પ્રકટીકરણ ૧૭:૧૪].

**(૨) અજમાયશનું બંધ થવું અને પ્રથમ પુનરુત્થાન વચ્ચે કઈ આપત્તિજનક ઘટના થશે?**

***તે સમયે મહાન સરદાર મિખાયેલ, જે તારા લોકોના પક્ષમાં ઊભો રહે છે, તે ખડો થશે; અને એવા સંકટનો સમય આવશે કે [પહેલવહેલી] પ્રજા ઉત્પન્ન થઈ ત્યારથી એ સમય સુધીમાં એવો કદી આવ્યો નહોતો. એ સમયે તારા લોકોમાંના જેઓ [નાં નામ] પુસ્તકમાં નોંધાયેલાં માલૂમ પડશે તે દરેકનો બચાવ થશે. (દાનિયેલ ૧૨:૧)***

જ્યારે તે પવિત્રસ્થાન છોડે છે, અંધકાર પૃથ્વીના રહેવાસીઓને ઢાંકે છે. તે ભયજનક સમયમાં ન્યાયીલોકોએ મધ્યસ્થી વગર ઈશ્વરની દૃષ્ટિમાં જીવવું જ જોઈએ. નિયંત્રણ કે જે દુષ્ટ લોકો પર છે તે દૂર થાય છે, અને શેતાન પાસે અંતિમ અભેદ્યનું સંપૂર્ણ અંકુશ છે. ઈશ્વરના લાંબા દુઃખનો અંત આવ્યો છે. જગતે તેની કૃપાનો તિરસ્કાર કર્યો, તેના પ્રેમને ધિક્કાર્યો, અને તેના નિયમને કચડી નાખ્યો. દુષ્ટોએ તેઓના નજરકેદની સીમા ઓળંગી છે; ઈશ્વરના આત્માનો સતત વિરોધ, જે છેલ્લે પાછો ખેંચી લેવાયો છે. ઈશ્વરીય કૃપાથી અવિરત, દુષ્ટ પાસેથી કોઈ જ સંરક્ષણ નથી. ત્યારબાદ શેતાન પૃથ્વીના રહેવાસીઓને એક મહાન વિપતિમાં નાખશે.

**(૩) કઈ ઈશ્વરીય એજન્સીએ હાલ કલહનો ભયંકર વાયુ પકડી રાખ્યો છે જ્યાં સુધી ઈશ્વરના લોકો પર મહોર ન લાગે?**

***ત્યાર પછી મેં ચાર દૂતને પૃથ્વીના ચાર ખૂણા પર ઊભા રહેલા જોયા. પૃથ્વી પર, સમુદ્ર પર અથવા કોઈ ઝાડ પર પવન ન વાય, તેટલા માટે તેઓએ પૃથ્વીના ચાર વાયુને અટકાવી રાખ્યા. (પ્રકટીકરણ ૭:૧)***

જેમ કે ઈશ્વરના દૂતો માનવ ઉત્સાહનો તીવ્ર વાયુ તપાસવાનું બંધ કરે છે, ઝઘડાના તમામ તત્વો બંધમુક્ત થવા દેશે, આખું જગત તે મહાન વિનાશ માં સામેલ હશે જે જુના યરૂશાલેમ ઉપર આવી પડ્યો હતો તેના કરતાં પણ ભયંકર.

એક એકલા દુતે મિસરના તમામ પ્રથમ જન્મીતોનો સંહાર કર્યો, અને દેશને વિલાપ થી ભરપૂર કર્યો. જ્યારે દાઉદ લોકોની ગણતરી કરીને, ઈશ્વર સામે નારાજ થયો, એક દૂત તે ભયંકર વિનાશનું કારણ બન્યો જેના દ્વારા તેને પાપની સજા મળી. એ જ વિનાશક શક્તિ પવિત્ર દૂતો દ્વારા વપરાય છે જ્યારે ઈશ્વર આજ્ઞા કરે છે, દુષ્ટ દૂતો દ્વારા પણ વપરાશે જ્યારે ઈશ્વર પરવાનગી આપે. શક્તિઓ તૈયાર છે, સર્વત્ર તારાજી ફેલાવવા, માત્ર ઈશ્વરીય પરવાનગીની રાહ જુએ છે.

**(૪) ઈશ્વરના લોકોની કઈ બે લાક્ષણિકતાઓ દુષ્ટોના હૃદયમાં અતિશય ક્રોધ અને સતાવણીને સળગાવશે?**

***આમાં સંતોનું ધૈર્ય, એટલે જેઓ ઈશ્વરની આજ્ઞા પાળે છે તથા ઈસુ પર વિશ્વાસ રાખે છે તેઓનું ધૈર્ય [રહેલું] છે." (પ્રકટીકરણ ૧૪:૧૨)***

જેઓ ઈશ્વરની આજ્ઞાનું સન્માન કરે છે તેઓ પર પૃથ્વી ઉપર ન્યાય લાવવાનો આરોપ મુકાયો છે, તેઓને લોકો મધ્યે પ્રકૃતિની ભયાનક આંચકી, ઝઘડો અને રક્તપાત જેઓ પૃથ્વીને દુઃખથી ભરે છે તે માટેનું કારણ માનવામાં આવશે. અંતિમ ચેતવણીમાં શક્તિ ઉપસ્થિત થાય છે જેના લીધે દુષ્ટો ક્રોધિત થયા; અને શેતાન ઘૃણા અને સતાવણીની આત્માને હજી વધારે તીવ્ર કરવામાં ઉત્સાહિત થશે.

**(૫) સ્વ-જાહેર આત્મિક બહુમતિ કઈ સમાન આત્મિક અવસ્થા અંતિમ દિવસોમાં પ્રાપ્ત કરશે, ખ્રિસ્તના દિવસમાં એમજ?**

***'આ લોકો પોતાના હોઠોથી મને માન આપે છે, પણ તેઓનાં મન મારાથી વેગળાં જ રહે છે. અને તેઓ મારી વ્યર્થ ભક્તિ કરે છે, કેમ કે પોતાના મત તરીકે તેઓ માણસોની આજ્ઞાઓ શીખવે છે.' (માથ્થી ૧૫:૮-૯)***

ઈશ્વરની ઉપસ્થિતિ અંતે યહૂદી રાષ્ટ્રોમાંથી પછી લઈ લેવાઈ, લોકોએ અને પાદરીઓએ તે જાણ્યું નહિ. તેમ છતાં શેતાનના કબજા હેઠળ ખુબજ ભયાનક અને જીવલેણ જુસ્સામાં ડૂબી ગયા, અને તેઓ હજુ પણ પોતાને ઈશ્વરના પસંદ કરાયેલા તરીકે માને છે. મંદિરમાં સેવાકાર્ય ચાલુ છે; તેની પ્રદુષિત વેદી પર બલિદાનો અર્પણ કરાવાતા હતા, અને જેઓ ઈશ્વરના પુત્રના રક્તના અપરાધી હતા અને તેના સેવકો અને પ્રેરિતોને મારી નાખવાનું શોધતા તેઓ પર રોજ ઈશ્વરીય આશીર્વાદનું આહવાન અપાતું.

તેથી જ્યારે પવિત્રસ્થાનનો અટલ નિર્ણય ઉચ્ચારાયો છે અને જગતનું ભાગ્ય નિશ્ચિત થઈ ગયું છે, પૃથ્વી પરના રહેવાસીઓને તેની જાણ થશે નહીં. જે લોકો પાસેથી અંતે ઈશ્વરનો આત્મા લઈ લેવાશે, તે લોકો દ્વારા ધર્મના સ્વરૂપો ચાલુ રખાશે; અને શેતાનિક ઉત્સાહ કે જેની દ્વારા દુષ્ટતાનો રાજકુમાર તેઓને તેની જીવલેણ યોજનાઓ પૂર્ણ કરવા પ્રોત્સાહિત કરશે, તે ઈશ્વર માટે આભાસી ઉત્સાહ ઉતપન્ન કરશે.

**(૬) તે તો ઈશ્વર માટેની સેવા છે એમ સમજીને દુષ્ટ માણસ શું કરવાનો પ્રયાસ કરશે?**

***તેઓ તમને સભાસ્થાનોમાંથી કાઢી મૂકશે. હા, એવો સમય આવે છે કે જે કોઈ તમને મારી નાખે તે ઈશ્વરની સેવા કરે છે, એમ તેને લાગશે. (યોહાન ૧૬:૨)***

***અને એને એવું [સામર્થ્ય] આપવામાં આવ્યું કે તે શ્વાપદની મૂર્તિમાં પ્રાણ મૂકે, જેથી તે શ્વાપદની મૂર્તિ બોલે અને***

*જેટલાં માણસો શ્વાપદની મૂર્તિની આરાધના ન કરે તેટલાંને, તે મારી નંખાવે. (પ્રકટીકરણ ૧૩:૧૫)*

જેમ કે સમગ્ર ખ્રિસ્તી જગતમાં સાબ્બાથ વાદ-વિવાદનો ખાસ મુદ્દો બની ગયો છે, અને રવિવારના પાલનને અમલમાં મૂકવા ધાર્મિક અને બિનસાંપ્રદાયિક અધિકારીઓ ભેગા થયા છે. અને લોકપ્રિય માંગ ઉભી કરવા નાની લઘુમતીનો દૃઢ ઈન્કાર, તેઓને સાર્વત્રિક અમલનો હેતુ બનાવશે.

તેવી વિનંતી કરાશે કે થોડાલોકો જેઓ મંડળીની સંસ્થાના વિરોધમાં ઉભા છે અને રાજ્યનો નિયમ સહન કરાવવો જોઈએ નહીં; અને આખા રાજ્યને મૂંઝવણ અને અરાજકતામાં ફેંકાવું એ કરતા સહન કરવું તેમના માટે સારુ છે. સમાન દલીલ અઢારસો વર્ષ પહેલા ખ્રિસ્ત વિરુદ્ધ "લોકોના શાસકો" દ્વારા કરાઈ હતી, "તે આપણા માટે ઉચિત છે" કપટી કાઈફાસે કહ્યું, "એક માણસે લોકોને સારુ મરવું જોઈએ, કે જેથી આખો દેશ નાશ ન પામે." યોહાન ૧૧:૫૦.

આ દલીલ નિર્ણાયક દેખાશે; જેઓ આજ્ઞાના સાબ્બાથને પવિત્ર પાળે તેઓની વિરુદ્ધ અંતિમ જાહેરનામું બહાર પડાશે [નિર્ગમન ૨૦:૮-૧૧] સખત સજા પાત્ર તરીકે નિંદા કરાશે અને લોકોને સ્વતંત્રતા આપે છે, એક ચોક્કસ સમય પછી, તેઓને મારી નાખવા માટે. રોમનપણું જૂની દુનિયામાં અને અપમાનિત પ્રોટેસ્ટન્ટપણું નવી દુનિયામાં, જેઓ તમામ ઈશ્વરીય ઉપદેશનું સન્માન કરે છે તેઓ પ્રત્યે સમાન કાર્ય આગળ ધપાવાશે

**(૭) ઈશ્વરના લોકોની વિરુદ્ધ આ અંતિમ દિવસની મોટે કત્લેઆમ કઈ ઘટના સાથે સરખામણી કરાય છે?**

***હાય હાય! તે દિવસ એવો ભારે છે કે તેના જેવો બીજો કોઈ નથી. તે તો યાકૂબના સંકટનો વખત છે; તોપણ તે તેમાંથી બચશે." (યર્મિયા ૩૦:૭)***

અને ત્યારબાદ ઈશ્વરના લોકો યાકુબના સમય વખતે પ્રબોધકે વર્ણવેલ દુઃખ અને તકલીફના દૃશ્યોમાં કૂદી પડશે. "ઈશ્વર આમ કહે છે: અમે ધ્રુજારી અને ભયનો અવાજ સાંભળ્યો અને શાંતિનો નહિ. . . . . બધા ચહેરા

ફિક્કા પડી ગયા છે. અફસોસ! કેમ કે તે દિવસ મહાન છે, તેના જેવું બીજું કશું જ નથી; તે યાકુબની મુશ્કેલીનો પણ સમય છે; પણ તે તેમાંથી બચી જશે." યર્મિયા ૩૦:૫-૭.

યાકુબની વેદનાની રાત, જ્યારે તે એસાવના હાથમાંથી છૂટવાની પ્રાર્થનામાં લાગેલો હતો. (ઉત્પત્તિ ૩૨:૨૪-૩૦), સંકટના સમયમાં ઈશ્વરના લોકોનો અનુભવ રજૂ કરે છે. . . . .

**(૮) અજગર કોણ છે?**

***તે મોટા અજગરને બહાર નાખી દેવામાં આવ્યો, એટલે તે જૂનો સર્પ જે દુષ્ટાત્મા તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભમાવે છે, તેને પૃથ્વી પર નાખી દેવામાં આવ્યો, અને તેની સાથે તેના દૂતોને પણ નાખી દેવામાં આવ્યા. (પ્રકટીકરણ ૧૨:૯)***

**(૯) જેઓ ઈશ્વરની આજ્ઞાઓને વફાદાર છે તેઓ પ્રત્યે અજગરની પ્રતિક્રિયા શું છે?**

***ત્યારે અજગર તે સ્ત્રી પર ગુસ્સે થયો, અને તેનાં બાકીનાં સંતાન, એટલે જેઓ ઈશ્વરની આજ્ઞા પાળે છે, અને ઈસુની સાક્ષીને વળગી રહે છે, તેઓની સાથે લડવાને તે ચાલી નીકળ્યો. અને તે સમુદ્રની રેતી પર ઊભો રહ્યો. (પ્રકટીકરણ ૧૨:૧૭)***

જેમ શેતાને એસાવને યાકુબ તરફ પ્રયાણ કરવા પ્રભાવિત કર્યો, તેમ જ તે સંકટના સમયમાં ઈશ્વરના લોકોનો નાશ કરવા દુષ્ટોને ભડકાવે છે. તે જગતને તેના ધોરણ પ્રમાણે ગણે છે; પરંતુ નાની ટુકડી જે ઈશ્વરની આજ્ઞાઓ પાળે છે, તેઓ તેની સર્વોપરિતાનો સામનો કરી રહ્યા છે. જો તે તેઓના પર કલંક લગાવી શક્યો હોત, તો તેની વિજય-યાત્રા પૂર્ણ થઈ ગઈ હોત. તે જુએ છે કે પવિત્ર દૂતો તેઓની રખેવાળી કરી રહ્યા છે, અને તે અનુમાન લગાવે છે કે તેઓના પાપ માફ થઈ ચૂક્યા છે; પણ તે જાણતો નથી કે તેઓના મુકદ્દમો ઉચ્ચ પવિત્રસ્થાનમાં નક્કી થઈ ચૂક્યા છે. તેણે તેઓને જે પાપ કરવા પરીક્ષણમાં

પાડ્યા તે પાપ વિશેનું તેની પાસે સચોટ જ્ઞાન છે. અને તે ઈશ્વર સમક્ષ અતિશયોક્તિ પ્રકાશમાં આ રજૂ કરે છે, આ લોકો તેની જેમ જ ઈશ્વરના પક્ષથી બાકાત રહે તેને લાયક જ છે એવું તે પ્રસ્તુત કરે છે. તે જાહેર કરે છે કે ઈશ્વર અન્યાય કરી શકે નહીં તેઓના પાપ માફી કરે ને તેમછતાં તેને અને તેના દૂતોનો વિનાશ કરે. તે તેમને પોતાનો શિકાર માને છે, અને માંગણી કરે છે કે તેઓ તેના હાથમાં સોંપવામાં આવે જેથી તે તેઓનો વિનાશ કરે.

**(૧૦) ખ્રિસ્તી ચરિત્રનું કયું મહત્વનું પાસું આ ખતરનાક સમયમાં પરખાશે?**

***જેથી તમારા વિશ્વાસની પરીક્ષા જે અગ્નિથી પરખાયેલા નાશવંત સોના કરતાં બહુ મૂલ્યવાન છે તે ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાને સમયે સ્તુતિ, માન તથા મહિમા યોગ્ય થાય: (૧ પિતરનો પત્ર ૧:૭)***

***કેમ કે તમે જાણો છો કે તમારા વિશ્વાસની પરીક્ષા [માં પાર ઊતર્યા] થી ધીરજ ઉત્પન્ન થાય છે. (યાકૂબનો પત્ર ૧:૩)***

જ્યારે શેતાન ઈશ્વરના લોકો પર તેઓના પાપને લીધે આરોપ મૂકે છે, ઈશ્વર તેને સંપૂર્ણ પ્રયાસ કરવા પરવાનગી આપે છે. તેઓનો ઈશ્વરમાં આત્મવિશ્વાસ, તેઓનો વિશ્વાસ અને દૃઢતા, ગંભીરતાથી પરખાશે. જેમ તેઓ ભૂતકાળની સમીક્ષા કરે છે, તેમની આશા ડૂબી જાય છે; કેમ કે તેમના સમગ્ર જીવનમાં તેઓ થોડું સારું જોઈ શકે છે. તેઓ તેમની નબળાઈ અને અયોગ્યતા વિશે સંપૂર્ણ સભાન છે. શેતાન તેમને તેઓના મુકદ્દમો આશાવિહોણા છે તેમના અપરાધના ધબ્બા ફરી કદી ધોવાશે નહિ તેવા વિચાર દ્વારા ભયભીત કરવાનો પ્રયત્ન કરે છે. તે તેમના વિશ્વાસને નાશ કરવા જેથી તેઓ તેના પરીક્ષણમાં પડે અને તેઓ ઈશ્વર પ્રત્યેની નિષ્ઠામાંથી ફરે તે માટે આવી આશા રાખે છે.

**(૧૧) ઈશ્વરે તેના સંતાનોને કયો વાયદો આપ્યો છે કે જેના વડે વિશ્વાસ દૃઢ થાય છે?**

***તેં મારા ધૈર્યનું વચન પાળ્યું છે, તેટલા જ માટે પૃથ્વી પર રહેનારાઓની કસોટી કરવા માટે કસોટીનો જે સમય***

***આખા સંસાર પર આવનાર છે, તેનાથી હું પણ તને બચાવીશ. (પ્રકટીકરણ ૩:૧૦)***

***અને મારા નામને માટે સહુ તમારો દ્વેષ કરશે, તોપણ જે કોઈ અંત સુધી ટકશે તે તારણ પામશે. (માથ્થી ૧૦:૨૨)***

જો કે ઈશ્વરના લોકો શત્રુઓ દ્વારા ઘેરાયેલા હશે જે શત્રુઓ વિનાશના આરે વાંકા વળેલા છે, તેમ છતાં જે વેદના તેઓ સહન કરી રહ્યા છે તે સત્યને માટે સતાવણીની ધાક નથી; તેઓને એ વાતનો ડર છે કે દરેક પાપનો પસ્તાવો થતો નથી, અને તેઓમાં અમુક ભૂલો હોવાના કારણે તેઓ ઉદ્ધારકની પરીપૂર્ણતાને સમજવામાં નિષ્ફળ થશે: "પૃથ્વી પર રહેનારાઓની કસોટી કરવા સારુ કસોટીનો જે સમય આખા સંસાર પર આવનાર છે, તેનાથી હું તને બચાવીશ." પ્રકટીકરણ ૩:૧૦. જો તેઓ પાસે ક્ષમાની ખાતરી હોત તો તેઓ યાતના અથવા મૃત્યુમાં ડૂબ્યા ન હોત; પણ જો તેઓ અયોગ્ય સાબિત થાય અને તેઓની પોતાની ચરિત્રની ખામીના લીધે તેઓના જીવન ગુમાવે, તો પછી ઈશ્વરના પવિત્ર નામની નિંદા કરવામાં આવશે.

તેઓ ઈશ્વર સમક્ષ પોતાના આત્માને દુ:ખી કરે છે, તેઓના ઘણા પાપોના ભૂતકાળના પશ્ચાતાપને નિર્દેશ કરીને અને તારણહારના વાયદાને રજૂ કરીને: "તેણે મારો આશરો લેવો, તેણે મારી સાથે સમાધાન કરવું; હા, તેણે મારી સાથે સમાધાન કરવું." યશાયા ૨૭:૫. તેઓનો વિશ્વાસ નિષ્ફળ થયો નથી કેમ કે તેઓની પ્રાર્થનાનો ઉત્તર તરત જ અપાયો નથી. આતુર ચિંતા, આતંક અને તકલીફ, સહન કરતા હોવ છતાં, તેઓએ તેમની મધ્યસ્થી બંધ કરી નહિ. જેમ યાકુબે દૂતને પકડી રાખ્યો તેમ તેઓ ઈશ્વરની શક્તિને પકડી રાખે છે; અને તેમના આત્માની ભાષા આ છે: "જ્યાં સુધી તમે મને આશીર્વાદિત નહિ કરો હું તમને જવા દઈશ નહિ."

**(૧૨) જેઓ સતત તેના નિયમને અવગણે છે અને કબૂલ ન કરેલ પાપ સાથે રહે છે, ઈશ્વર તેઓની પ્રાર્થનાઓને કેવી રીતે નિહાળશે?**

***જે માણસ નિયમનું શ્રવણ કરતાં પોતાનો કાન અવળો ફેરવી નાખે છે, તેની પ્રાર્થના પણ કંટાળારૂપ છે. (નીતિવચનો ૨૮:૯)***

***એ માટે જે અનાદર કરે છે તે તો માણસનો નહિ, પણ તમને પોતાનો પવિત્ર આત્મા આપનાર ઈશ્વરનો અનાદર કરે છે. (૧ થેસ્સાલોનિકીઓને પત્ર ૪:૮)***

જો યાકુબે દગાથી જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્ત કરવાના પાપ નું પાછલું પ્રાયશ્ચિત ન કર્યું હોત તો, ઈશ્વરે તેની પ્રાર્થના સાંભળી ન હોત અને દયાથી તેનું જીવન સાચવ્યું ન હોત. તેથી, સંકટના સમયે, જ્યારે ભય અને કષ્ટથી પીડાતા હતા ત્યારે જો ઈશ્વરના લોકોએ તેઓની આગળ દ્રશ્યમાન તેમના પાપ કબૂલ કર્યા ન હોત, તો તેઓ કચડી નંખાયા હોત; નિરાશાએ તેમનો વિશ્વાસ ચીરી નાખ્યો હોત, અને તેઓ ઈશ્વર પાસે છુટકારાની આજીજી કરી ન શકેત. પણ જ્યારે તેઓ પાસે તેઓના અયોગ્યતાની ઊંડી સમજ છે, તેઓએ ખોટી કોઈ બાબત પ્રકટ કરવા માટે છુપાવી નથી. તેઓના પાપો પહેલેથી જ ચુકાદા માટે રખાયા છે, અને મટાડી પણ નંખાયા છે, અને તેઓ તેમને સ્મરણમાં લાવી શકશે નહીં.

**(૧૩) જેઓ નાની બાબતોમાં પણ વિશ્વાસુ છે ઈશ્વર તેઓને કેવી રીતે બદલો આપશે?**

***ત્યારે તેના પ્રભુએ તેને કહ્યું, 'શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે; હું તને ઘણા પર ઠરાવીશ. તું તારા પ્રભુના આનંદમાં પેસ.' (માથ્થી ૨૫:૨૧)***

શેતાન ઘણાલોકો ને એવી માન્યતા તરફ દોરી જાય છે કે ઈશ્વર જીવનની નાની બાબતોમાં અવિશ્વાસુ બાબતને ધ્યાનમાં લેતા નથી; પણ ઈશ્વર યાકુબ સાથેના તેના વ્યવહારમાં દેખાડે છે કે તેઓ કોઈપણ પ્રકારની

દુષ્ટતાને પરવાનગી આપતા નથી અથવા સહન કરી લેતા નથી. એ તમામ લોકો કે જેઓ પોતાના પાપોને સંતાડવાનો કે બહાનું આપવાનો પ્રયાસ કરે છે અને તેઓને સ્વર્ગના પુસ્તકમાં અક્ષમ્ય અને કબૂલાત વગરના રહેવા દે છે, તેવા લોકો શેતાન દ્વારા જીતાશે. જેટલો ઉત્તમ તેઓનો વ્યવસાય અને જેટલી ઉત્તમ સન્માનીય પદવી કે જેને તેઓ પકડી રાખે છે, ઈશ્વરની દૃષ્ટિમાં તેટલી જ દુઃખ દાયક તેઓની કાર્યપ્રણાલી છે અને તેટલો જ ચોક્કસ વિજય તેઓના મહાન શત્રુનો છે. ઈશ્વરના દિવસ માટેની તૈયારીમાં જેઓ ઢીલ કરે છે, તેઓ સંકટના સમયમાં કે અનુગામી સમયમાં તે પ્રાપ્ત કરી શકશે નહીં. આવા લોકોનો મુકદ્દમો નિરાશાજનક છે.

**(૧૪) સાચા પશ્ચાત્તાપનું ફળ શું છે?**

***હું મારા અન્યાય કબૂલ કરું છું; હું મારા પાપને લીધે શોક કરું છું. (ગીતશાસ્ત્ર ૩૮:૧૮)***

***ત્યારે તમને તમારાં દુરાચરણ તથા તમારાં અશુભ કૃત્યો યાદ આવશે; અને તમારાં દુષ્કર્મોને લીધે તથા તમારાં ધિક્કારપાત્ર કૃત્યોને લીધે તમે તમારા પોતાના મનમાં પોતાને ધિક્કારશો. (હઝકિયેલ ૩૬:૩૧)***

આ કબૂલાત એ જ પ્રકારની છે જે એસાવ અને યહૂદાની હતી. જેઓ તેવી કબૂલાત કરે છે, ઉલ્લંઘનનું પરિણામ વિલાપ, પરંતુ તેના અપરાધનું નહિ. તેઓને કોઈ જ પશ્ચાતાપ થતો નથી, દુષ્ટતા પ્રત્યે કોઈજ ઘૃણા નહિ. તેઓ સજાના ડરને લીધે તેમના પાપ કબૂલ કરે છે; પરંતુ જુના કરારના ફારુન જેમ,તેઓ સ્વર્ગના તેમના વિદ્રોહ તરફ પાછા ફરે કે જેથી ચુકાદાઓ દૂર કરાય.

**(૧૫) જો આપણે સાચા પશ્ચાતાપ સહિત ઈશ્વર તરફ પાછા ફરીએ, તો પીડાની આગનું શું પરિણામ આવશે?**

***જેથી તમારા વિશ્વાસની પરીક્ષા જે અગ્નિથી પરખાયેલા નાશવંત સોના કરતાં બહુ મૂલ્યવાન છે તે ઈસુ ખ્રિસ્તના પ્રગટ થવાને સમયે સ્તુતિ, માન તથા મહિમા યોગ્ય થાય: (૧ પિતરનો પત્ર ૧:૭)***

યાકુબનો ઈતિહાસ પણ એક ખાતરી છે કે જેઓ પાપમાં છેતરાયા, લલચાયા, અને દગો કર્યો તેઓને નહિ, પણ જેઓ સાચા પશ્ચાતાપ સહિત તેની પાસે પાછા આવ્યા ઈશ્વર તેમનો ત્યાગ કરશે નહીં. જ્યારે શેતાન આ વર્ગનો નાશ કરવાનું શોધે છે, ત્યારે ઈશ્વર સંકટના સમયે તેઓને દિલાસો આપવા અને રક્ષણ કરવા તેમના દૂતને મોકલે છે. શેતાનના હુમલાઓ ઉગ્ર અને સંકલ્પબદ્ધ છે, તેની ભ્રાંતિ ભયંકર છે; પરંતુ ઈશ્વરની દૃષ્ટિ તેના લોકો પર છે, અને તેમના કાન તેઓના પોકારને સાંભળે છે. તેઓનું દુઃખ ખુબજ મોટું છે, ભઠ્ઠીની જ્યોત તેઓને ભસ્મ કરવા ઉપર છે; પરંતુ નિર્મળ કરનાર તેઓને ભઠ્ઠીમાં નિર્મળ થયેલા સોના જેમ કાઢી લાવશે. ઈશ્વરનો તેમના બાળકો પ્રત્યેનો પ્રેમ તેઓની ચળકતી સમૃદ્ધિના દિવસોમાં જેટલો મજબૂત અને કોમળ હોય છે તેટલો જ તેઓના ગંભીર પરીક્ષણ વખતે પણ હોય છે; પરંતુ તેઓને સળગતી અગ્નિની ભઠ્ઠીમાં મુકાવવું તે આવશ્યક છે; તેઓનું દુનિયાદારીપણુ ભસ્મ થવું જ જોઈએ, કે જેથી ખ્રિસ્તની પ્રતિમા સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય.

**(૧૬) કેવા પ્રકારની પ્રાર્થનાઓ ઘણું બધું કરી શકે છે?**

***તમે નીરોગી થાઓ માટે તમારાં પાપ એકબીજાની આગળ કબૂલ કરો, અને એકબીજાને માટે પ્રાર્થના કરો. ન્યાયી માણસની પ્રાર્થના પરિણામે બહુ સાર્થક થાય છે. (યાકૂબનો પત્ર ૫:૧૬)***

આપણી સમક્ષ સંકટ અને પીડાની ઋતુમાં એક એવા વિશ્વાસની જરૂર પડશે કે જે થાક, વિલંબ, અને ભૂખને સહન કરી શકે–એક વિશ્વાસ કે જે ગંભીરતાથી પ્રયાસ કરાય તો પણ નિસ્તેજ થાય નહિ. તે સમય માટે તૈયાર રહેવા અજમાયશ નો સમયગાળો સર્વને મંજુર થયેલ છે. યાકુબ પ્રબળ થયો કેમ કે તે સચવાયેલો અને કૃતનિશ્ચય હતો. તેનો વિજય હઠીલી પ્રાર્થનાની શક્તિનું સબૂત છે. એ તમામ જેઓ ઈશ્વરના વાયદાને પકડી રાખશે, જેમ તેણે પકડી રાખ્યું, અને જેમ તે સચવાયેલો અને સંકલ્પશીલ હતો, તેવા બને, જેમ તે સફળ થયો તેમ તેઓ પણ થશે.

જેઓ સ્વયંનો નકાર કરવામાં, ઈશ્વરની સમક્ષ વિલાપ કરવામાં, તેના આશીર્વાદ માટે લાંબી અને આગ્રહી પ્રાથના કરવામાં રાજી નથી, તેઓ તે પ્રાપ્ત કરશે નહીં. ઈશ્વર સાથે કુસ્તી-કેટલા ઓછા લોકો જાણે છે કે તે શું છે! કેટલા ઓછા લોકોની આત્મા ઈચ્છાની તીવ્રતા સાથે ક્યારેય ઈશ્વરની પાછળ દોરાઈ હતી જ્યાં સુધી દરેક શક્તિ ખેંચાણમાં ન આવી.

**(૧૭)હાલના અને આવનાર સંકટ સમયના સાચા ખ્રિસ્તીઓની જીવનરેખા શું છે?**

***કેમ કે તેમાં ઈશ્વરનું ન્યાયીપણું પ્રગટ થયેલું છે, તે [ન્યાયીપણું] વિશ્વાસથી છે, અને વિશ્વાસને અર્થે છે. જેમ લખેલું છે તેમ, 'ન્યાયી વિશ્વાસથી જીવશે.' (રોમનોને પત્ર ૧:૧૭)***

***તો નિયમથી ઈશ્વરની આગળ કોઈ પણ માણસ ન્યાયી ઠરતું નથી એ ખુલ્લું છે. કેમકે, "ન્યાયી વિશ્વાસથી જીવશે." (ગલાતીઓને પત્ર ૩:૧૧)***

જેઓ થોડા નાના વિશ્વાસનો ઉપયોગ કરે છે, તેઓ અંતરાત્માને મજબૂર કરતી ભ્રાંતિ અને હુકનામાની શેતાનિક શક્તિ નીચે પડવાના ભયંકર ખતરામાં છે. અને જો તેઓ કસોટી સહન કરે તો પણ, તેઓ સંકટ સમયમાં તકલીફ અને દુ:ખમાં ડૂબી જશે, કેમ કે તેઓએ ક્યારેય ઈશ્વર પર ભરોસો રાખવાની ટેવ જ પાડી નથી. તેઓએ વિશ્વાસના પાઠને અવગણ્યો છે, નિરાશાના ભયંકર દબાણમાં તેઓને શીખવા ફરજ પડાશે.

**(૧૮) આપણા વિશ્વાસની જીવનરેખાને જાળવવાની ચાવી શું છે?**

***નિત્ય પ્રાર્થના કરો. (૧ થેસ્સાલોનિકીઓને પત્ર ૫:૧૭)***

આપણે તેના વાયદાને સાબિત કરીને ઈશ્વર સાથે પરિચિત થવું જોઈએ. દૂતો નિષ્ઠાવાન અને સ્વૈચ્છિક પ્રાર્થનાઓની નોંધ રાખે છે. આપણે ઈશ્વર સાથેના સહવાસ ને અવગણવા કરતા સ્વાર્થી પ્રસન્નતા ને દૂર કરવી જોઈએ. તેમની સંમતિ વગરની સંપત્તિ, સન્માન,

સ્વસ્થતા અને મિત્રતા કરતા તેમની સંમતિ સાથેની સૌથી મોટી ગરીબાઈ, સૌથી મોટો આત્મત્યાગ, વધુ સારા છે. આપણે પ્રાર્થના માટે સમય ફાળવવો જ જોઈએ. જો આપણે આપણા મનને સાંસારિક અભિલાષામાં તલ્લીન થવા દઈએ, તો ઈશ્વર આપણામાંથી સોનાની, ઘરોની, અને ફળદ્રુપ જમીનોની મૂર્તિઓ હટાવીને આપણને સમય આપશે.

**(૧૯) શા  માટે આપણે આપણી આત્મિક જીવનરેખા જાળવવા સારુ આપણા પરિવાર, મિત્રો અને ધાર્મિક આગેવાનો પર આધાર રાખી શકતા નથી?**

***તેથી, મારા વહાલાઓ, જેમ તમે હંમેંશા આધીન રહેતા હતા તેમ, માત્ર મારી હાજરીમાં જ નહિ, પણ હવે વિશેષ કરીને મારી ગેરહાજરીમાં, ભય તથા કંપારીસહિત તમારું તારણ સાધી લેવાને યત્ન કરો. (ફિલિપીઓને પત્ર ૨:૧૨)***

"સંકટનો સમય" એવો પહેલા ક્યારેય નહોતો,જે ટૂંક સમયમાં આપણા પર આવી પડવાનો છે; અને આપણને એક અનુભવની જરૂર પડશે જે હાલમાં આપણી પાસે નથી અને જેને પ્રાપ્ત કરવા ઘણા લોકો ખુબજ અવિવેકી છે.ઘણીવાર એવુ થાય છે કે વાસ્તવિકતામાં મુશ્કેલી હોય તેની કરતા વધુ મુશ્કેલી અપેક્ષામાં હોય છે; પરંતુ આપણી સમક્ષ રહેલ સંકટ માટે તે સત્ય નથી. સૌથી આબેહૂબ પ્રસ્તુતિ અગ્નિપરીક્ષાની વિશાળતા સુધી પહોંચી શકે નહીં. સુનાવણીના તે સમયમાં, દરેક આત્માએ પોતાને સારુ ઈશ્વર સમક્ષ ઉભું રહેવું પડશે. "તો પ્રભુ યહોવા પોતાના જીવના સોગન ખાઈને કહે છે કે, જો કે નૂહ, દાનિયેલ તથા અયૂબ તેમાં હોય તોપણ તેઓ પોતાના પુત્રોને કે પોતાની પુત્રીઓને ઉગારી શકશે નહિ. તેઓ પોતાની નેકીથી ફક્ત પોતાના જ જીવ બચાવશે." હઝકિયેલ ૧૪:૨૦

**(૨૦) જો આપણે આપણી નિર્બળતાને ઈશ્વરના સામર્થ સાથે જોડીએ, તો આપણને કેવા પ્રકારનો સ્વભાવ પ્રાપ્ત થવાની શક્યતા છે?**

*તેનાથી તેમણે આપણને મૂલ્યવાન તથા અતિશય મોટાં વચનો આપ્યાં છે. જેથી તેઓ દ્વારા જગતમાંની જે દુર્વાસનાથી દુષ્ટતા થાય છે, તેથી છૂટીને ઈશ્વરી સ્વભાવના ભાગીદાર તમે થાઓ. (૨ પિતરનો પત્ર ૧:૪)*

તે આ જીવનમાં છે કે ખ્રિસ્તના પ્રાયશ્ચિત રક્તમાં વિશ્વાસ દ્વારા, આપણે પાપને આપણાથી અલગ કરવાનું છે. આપણા કિંમતી તારણહાર આપણી જાતને તેમની સાથે જોડવા, આપણી નિર્બળતાને તેમના સામર્થ સાથે એક કરવા, આપણી અજ્ઞાનતાને તેમના જ્ઞાન સાથે એક કરવા, આપણી અયોગ્યતાને તેમના ગુણો સાથે એક કરવા, આપણને નોતરે છે. ઈશ્વરનું ડહાપણ એક શાળા છે કે જેમાં આપણે ઈસુની વિનમ્રતા અને વિનયશીલતા શીખવાના છે. ઈશ્વર હંમેશા આપણી સમક્ષ બિરાજમાન છે, જેમ આપણે ચાહીએ એમ નહિ, તે આપણને સરળ અને આનંદ આપે તેવું લાગે છે, પણ જીવનના સાચા ઉદ્દેશો. આપણા ચરિત્રને ઈશ્વરીય પ્રતિકૃતિ સાથે સુસંગત બનાવવાના કાર્યમાં સ્વર્ગ જે એજન્સીની નિમણુંક કરે તે એન્જસીઓ સાથે સહકાર આપવા તે આપણી સાથે રહે છે. આ કાર્યને કોઈ ઉપેક્ષા કે મોકૂફ કરી શકશે નહીં પરંતુ સૌથી ખતરનાક સંકટમાં તેઓના આત્માને.

**(૨૧) લોકોને છેતરવા શેતાન અને તેના દુષ્ટ કાર્યકરો કઈ ત્રણ વ્યૂહરચનાઓ અપનાવશે?**

*શેતાનના કરાવ્યા પ્રમાણે સર્વ પ્રકારનાં ખોટાં પરાક્રમો, ચિહ્નો તથા ચમત્કારો સાથે,*
*(૨ થેસ્સાલોનિકીઓને પત્ર ૨:૯)*

અલૌકિક ચરિત્રની ભયંકર દૃષ્ટિ, જલ્દીથી સ્વર્ગમાં પ્રકટ થશે, ચમત્કાર કરનાર શેતાનની શક્તિના પ્રતીકમાં. શેતાનનો આત્મા જગતના રાજાઓની આગળ અને આખી પૃથ્વીની આગળ જશે, તેઓને છેતરપિંડીમાં બાંધવા, અને સ્વર્ગના વહીવટ વિરુદ્ધ અંતિમ દિવસના સંઘર્ષમાં શેતાન સાથે સંગઠિત કરવા તેઓને પ્રેરે છે. એજન્સીઓ, શાસકો અને ધોરણો દ્વારા એકસરખા છેતરાશે. લોકો ઉભા થશે અને પોતે ખ્રિસ્ત હોવાનો ઢોંગ કરશે,અને જે જગતના

ઉદ્ધરકનું નામ અને આરાધના છે તેનો તેઓ દાવો કરશે. તેઓ સાજાપણાના અદ્ભૂત ચમત્કારો કરશે, અને શાસ્ત્રની ગવાહીનું ખંડન કરીને તેઓ સ્વર્ગમાંથી મળેલ પ્રકટીકરણનો દાવો કરશે.

**(૨૨) છેતરામણીનું સર્વોચ્ચ કાર્ય શું હશે?**

***કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્ભુત કૃત્યો કરી બતાવશે કે, જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે. (માથ્થી ૨૪:૨૪)***

છેતરામણીના મહાન નાટકમાં સર્વોચ્ચ કાર્ય તરીકે, શેતાન પોતાને ખ્રિસ્ત માનશે, તારણહારના આગમનની રાહ જોવી મંડળીએ લાંબા સમય પહેલા જણાવેલું કારણકે તેઓની આશા સમાપ્ત થઈ ચૂકી હતી. હવે મહાન છેતરનાર એવું દૃશ્યમાન કરશે કે ખ્રિસ્ત આવી ચુક્યો છે. જગતના અલગ અલગ ભાગોમાં, શેતાન લોકોની આગળ ચમકતા તેજના જાજરમાન અસ્તિત્વ તરીકે પ્રકટ થશે, યોહાન દ્વારા પ્રકટીકરણ ૧૧:૧૩-૧૫ ઈશ્વર પુત્રના વર્ણનને મળતું આવતું. મહિમા જે તેની આસપાસ છે તે અપ્રાપ્ય છે તે કંઈપણ દ્વારા જે નાશવંત આંખે હજુ સુધી જોયું છે. વિજયનો પોકાર વાયુ પર ગુંજી ઉઠે છે: "ખ્રિસ્ત આવ્યો છે! ખ્રિસ્ત આવ્યો છે!" લોકો તેની આરાધનામાં પોતાને નમાવે છે, જ્યારે તે પોતાના હાથ ઊંચા કરે છે અને તેઓને આશીર્વાદ આપે છે, જ્યારે ખ્રિસ્ત દુનિયામાં હતા અને તેમના શિષ્યોને આશીર્વાદ આપતા તેવી જ રીતે. તેનો અવાજ કોમળ અને પરાજિત, તેમ છતાં રાગથી ભરપૂર.

ખ્રિસ્ત જે બોલ્યા હતા તેવા જ દયાળુ સ્વર્ગીય સત્યોમાના કેટલાંક સત્ય તે નમ્ર, કરુણાભર્યા સ્વરમાં, રજૂ કરે છે; તે લોકોના રોગ મટાડે છે, અને પછી, તેના ખ્રિસ્તના ધારેલા ચરિત્રમાં, તેણે સાબ્બાથ ને રવિવારમાં બદલી નાખ્યો છે તેવો દાવો કરે છે, અને તમામ લોકોને આદેશ આપે છે કે જે દિવસને તેણે આશીર્વાદિત કર્યો તેને પવિત્ર પાળવો. તે જાહેર કરે છે કે જેઓ સાતમા દિવસને પવિત્ર પાળવાનું ચાલુ રાખવામાં દૃઢ છે, જે દૂતો પ્રકાશ

અને સત્ય સાથે તેઓની આગળ મોકલાયા તેઓને સાંભળવાની મના કરીને તેઓ તેના નામની નિંદા કરે છે. આ મજબૂત, લગભગ અભિભૂત કરતી ભ્રાંતિ છે. સિમોન જાદુગર દ્વારા છેતરાયેલા સમરૂનીઓ જેમ, લોકો, નાનાથી લઈને મોટા સુધી, આ મેલીવિદ્યાની તરફ કાન ધરે છે, એ કહીને: "આ તો ઈશ્વરની મહાન શક્તિ છે." પ્રે.કૃ.૮:૧૦.

**(૨૩) ઈશ્વરના લોકોને છેતરાવાથી કઈ બાબત રોકશે?**

***'શિક્ષણ તથા સાક્ષીની પાસે [જઈએ] !' જ્યારે તેમને માટે સૂર્યોદય ખચીત થવાનો નથી, ત્યારે તેઓ એ પ્રમાણે બોલશે. (યશાયા ૮:૨૦)***

પરંતુ ઈશ્વરના લોકો ગેરમાર્ગે દોરાશે નહિ. આ જુઠ્ઠા શિક્ષકોનો ઉપદેશ શાસ્ત્ર પ્રમાણે નથી. શ્વાપદ અને તેની મૂર્તિની આરાધના કરનારાઓ પર તેનો આશીર્વાદ ઉચ્ચારાય છે; અને આ જ વર્ગના લોકો પર બાઈબલ જાહેર કરે છે કે ઈશ્વરનો ભયંકર ક્રોધ આવી પડશે.

**(૨૪) સાચો ખ્રિસ્ત કઈ રીતે પાછો આવશે?**

***અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે, ને ત્યારે પૃથ્વી પરનાં સર્વ કુળો શોક કરશે; અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમાસહિત તેઓ આકાશના મેઘ પર આવતો જોશે. અને રણશિંગડાના મોટા અવાજ સહિત તે પોતાના દૂતોને મોકલશે, ને તેઓ ચારે દિશામાંથી, આકાશના એક છેડાથી તે બીજા છેડા સુધી, તેના પસંદ કરેલાઓને એકત્ર કરશે. (માથ્થી ૨૪:૩૦-૩૧)***

શેતાનને ખ્રિસ્તના આગમનની નકલ કરવાની પરવાનગી અપાઈ નથી. ઉદ્ધારકે આ મુદ્દા પર તેના લોકોને છેતરપીંડી વિરુદ્ધ ચેતવ્યા છે, અને તેના બીજા આગમનની રીત અગાઉથી જ જણાવેલ છે. " કેમ કે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઉઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્ભૂત કૃત્યો કરી દેખાડશે કે, જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે. . . . જુઓ, મેં અગાઉથી

તમને કહ્યું છે. એ માટે જો તેઓ તમને કહે કે, જુઓ, તે રાનમાં છે, તો બહાર ન જતા; જુઓ, તે ઓરડીમાં છે, તો ન માનતા. કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે." માથ્થી ૨૪:૨૪-૨૭, ૩૧;૨૫:૩૧; પ્રકટીકરણ ૧:૭; ૧થેસ્લો. ૪:૧૬,૧૭. આ આગમનના, નકલની કોઈ જ શક્યતા નથી. તે સાર્વત્રિક જણાશે–આખા જગત દ્વારા સાક્ષી સાક્ષી પુરાશે.

**(૨૫) શા માટે મોટાભાગના લોકો છેતરાશે?**

***તેમ જેઓએ પોતાના તારણ અર્થે પ્રેમથી સત્યનો અંગીકાર કર્યો નહિ, અને જેઓનો વિનાશ થાય છે તેમને માટે દરેક જાતના પાપરૂપ કપટ સાથે તે [અધર્મી પુરુષ] પ્રગટ થશે. (૨ થેસ્સાલોનિકીઓને પત્ર ૨:૧૦)***

શક્તિશાળી ભ્રાંતિ જે લોકોને બંદીવાન બનાવે છે તેનાથી, ફક્ત જેઓ શાસ્ત્રના ખંતીલા વિદ્યાર્થીઓ છે અને જેઓએ સત્યનો પ્રેમ પ્રાપ્ત કર્યો છે, તેઓને જ રક્ષણ અપાશે. બાઈબલ ગવાહી દ્વારા તે છેતરનારને તેના વેશમાં શોધી કાઢશે.

**(૨૬) કયા ત્રણ ફાંદાથી દૂર રહેવા આપણને ચેતવણી અપાઈ છે?**

***કેમ કે જગતમાં જે સર્વ છે, એટલે દૈહિક વાસના તથા આંખોની લાલસા તથા જીવનનો અહંકાર તે પિતાથી નથી, પણ જગતથી છે. (૧ યોહાનનો પત્ર ૨:૧૬)***

તમામને સારુ કસોટીનો સમય આવશે. પરિક્ષણની ચાળણી દ્વારા સાચા ખ્રિસ્તીઓ પ્રકટ થશે. શુ ઈશ્વરના લોકો હાલ તેના વચનો પર દૃઢતાથી સ્થપાયેલા છે કે જેથી તેઓ તેમની સંવેદનાની સાબિતી ઉપજાવે નહિ? શું તેઓ આવી મુશ્કેલીઓમાં બાઈબલને વળગી રહશે, ફક્ત બાઈબલને જ? જો શક્ય હશે તો, શેતાન તેઓને તે દિવસે ઉભા રહેવાની તૈયારીને પ્રાપ્ત કરવામાં રોકશે. તે બાબતોને એવી રીતે ગોઠવશે કે જેથી તે તેમના રસ્તાઓ રોકી શકે, સાંસારિક ખજાનાથી તેમને લાલચાવશે, ભારે અને

કંટાળાજનક બોજ તેઓને ઉંચકાવશે. કે જેથી આ જીવનની સંભાળ દ્વારા તેઓના હ્રદય ભારે થઈ જાય. અને ન્યાયનો દિવસ તેઓ પર ચોરની પેઠે આવી પડે.

**(૨૭) આ મહાન સંકટના સમયમાં ઈશ્વરના ઘણા વિશ્વાસુ લોકો ક્યાં આશ્રય શોધશે?**

***ઉચ્ચસ્થાનમાં તે જ રહેશે; ખડકોના કિલ્લા તેનો આશ્રય થશે; તેની રોટલી તેને આપવામાં આવશે; તેને પાણી ખચીત મળશે. (યશાયા ૩૩:૧૬)***

ખ્રિસ્તીજગતના વિવિધ શાસકો દ્વારા આજ્ઞા પાળકો વિરુદ્ધ જાહેરનામું બહાર પાડ્યું હોવાને લીધે, તેઓ પાસેથી સરકારનું રક્ષણ પાછું ખેંચી લેવાશે, અને જેઓ તેમનો વિનાશ ઈચ્છે છે તેઓના હાથમાં સોંપાશે. લોકો શહેરો અને ગામોમાંથી ભાગી જશે અને નિર્જન અને એકાંત સ્થળોમાં રહીને, ટોળાઓમાં સાથે રહેશે. ઘણા લોકો પહાડોના ગઢમાં આશ્રય મેળવશે. પીડમોન્ટ ખીણના ખ્રિસ્તીઓ જેમ, તેઓ પૃથ્વીના ઉચ્ચસ્થાનોને પોતાના આશ્રયસ્થાનો તરીકે બનાવશે અને "ખડકો ની સહાય બદલ" ઈશ્વરનો આભાર માનશે.

**(૨૮) ઘણા લોકો તેઓના વિશ્વાસને લીધે જેલ ભોગવે છે, તેઓ કયા વાયદાનો દાવો કરી શકશે?**

***[પ્રભુ કહે છે] "શું સ્ત્રીઓ પોતાના પેટના દીકરા પર દયા ન કરે, એવી રીતે કે તે પોતાના ધાવણા બાળકને વીસરી જાય? હા, કદાચ તેઓ વીસરે, પરંતુ હું તને વીસરીશ નહિ. જો, મેં તને હથેલી પર કોતરી છે; તારા કોટ નિત્ય મારી સમક્ષ છે. (યશાયા ૪૯:૧૫-૧૬)***

***આથી ઈઝરાયલનો ઈશ્વર યહોવા કહે છે, તારું કુળ તથા તારા પિતાનું કુળ મારી સમક્ષ સદા ચાલશે, એમ મેં કહેલું તે ખરું; પણ હવે યહોવા કહે છે કે, એ મારાથી દૂર રહો; કેમ કે જેઓ મને માન આપે છે તેઓને હું માન આપીશ,***

*અને જેઓ મને તુચ્છ ગણે છે તેઓ હલકા ગણાશે. (૧ શમુએલ ૨:૩૦)*

પણ તમામ રાષ્ટ્રમાંના, તમામ વર્ગમાંના, ઊંચા અને નીચા, અમીર અને ગરીબ, કાળા અને ધોળા, ઘણાલોકો અન્યાયી અને ક્રૂર બંધનમાં નંખાશે. કંટાળાજનક દિવસો, ઝુંસરીના બંધનો, જેલના સળિયા પાછળ બંધ, મોત ની સજા, કેટલાકને દેખીતી રીતે ધૃણાસ્પદ અંધાર કોટડીમાં ભૂખમરાથી મરવા પુરી દેવાશે, ઈશ્વરના વ્હાલાઓ આ બધું પસાર કરે છે. કોઈ માનવીય કાન તેઓના વિલાપને સાંભળવા ખુલ્લો નથી, કોઈ માનવીય હાથ તેમને મદદ કરવા તૈયાર નથી.

શું ઈશ્વર આ કસોટીના સમયમાં તેમના લોકોને ભૂલી જશે? જળપ્રલય પહેલાના જગત પર ન્યાય આવ્યો ત્યારે શું તે નુહને ભૂલી ગયો હતો? જ્યારે સદોમનો નાશ કરવા આગ નીચે ઉતરી ત્યારે શું તે લોતને ભૂલી ગયો હતો? જ્યારે યુસુફ મિસરમાં મૂર્તિપૂજકોથી ઘેરાયેલો હતો ત્યારે શું તે તેને ભૂલી ગયો હતો? જ્યારે ઈઝેબેલે એલિયાને બઆલ પ્રબોધકની દેવી ની ધમકી આપી ત્યારે શું તે તેને ભૂલી ગયો હતો? યરમીયા જેલના નિરાશાજનક અને અંધકારથી ભરેલા ખાડા માં હતો ત્યારે શું તે તેને ભૂલી ગયો હતો? શું તે આગની ભઠ્ઠીમાં ત્રણ મૂલ્યવંતોને કે સિંહની ગુફામાં દાનીએલને ભૂલી ગયા હોત?

ભલે શત્રુએ તેઓને કેદખાનામાં હેરાન કર્યા હશે, તેમ છતાં કેદખાનની દિવાલો ખ્રિસ્ત અને તેઓના આત્મા વચ્ચેની વાતચીતને કાપી શકતી નથી. જે પોતાની દરેક નિર્બળતા જુએ છે, દરેક કસોટીથી પરિચિત છે, તે તમામ દુન્યવી શક્તિથી ઉપર છે; અને દૂતો સ્વર્ગમાંથી એકલવાયા કેદખાનામાં તેઓની પાસે પ્રકાશ અને શાંતિ લઈને આવશે. કેદખાનું એક રાજમહેલ જેવું બની જશે; વિશ્વાસમાં દૃઢ

તેમાં રહેશે, અને અંધકારમય દિવાલો સ્વર્ગીય પ્રકશથી પ્રકાશિત થશે, જેમ પાઉલ અને સિલાસ ફિલ્લીપીયાના કેદખાનામાં મધરાતે પ્રાર્થના કરતા અને સ્તોત્ર ગાતા હતા ત્યારે જે થયું તેમજ.

**(૨૯) આ વચન કેવી રીતે દુષ્ટો પર ન્યાયી ચુકાદા કરતા ઈશ્વરનું કાર્ય વર્ણવે છે?**

***કેમ કે જેમ પરાસીમ પર્વત પર થયું, ને જેમ ગિબ્યોનની ખીણમાં થયું તેમ યહોવા ઊઠશે, ને કોપાયમાન થશે; જેથી તે પોતાનું કામ, પોતાનું વિચિત્ર કામ કરે, અને પોતાનું કૃત્ય, પોતાનું અદભુત કૃત્ય સાધે. (યશાયા ૨૮:૨૧)***

જેઓ ઈશ્વરના લોકો પર દમન કરવાનો અને નાશ કરવાનો પ્રયત્ન કરે છે તેઓ પર ઈશ્વરનો ન્યાયી ચુકાદો આવી પડશે. દુષ્ટો પ્રત્યેની તેની લાંબી સહનશીલતા લોકોને અપરાધમાં ઉત્સાહિત કરે છે. તેમ છતાં તેઓ પરની શિક્ષા ચોક્કસ અને ભયંકર છે કેમ કે તે લાંબા સમયથી વિલંબિત છે. . . . આપણા દયાળુ ઈશ્વરને માટે શિક્ષા કરવી એ વિચિત્ર કાર્ય છે. "પ્રભુ યહોવા કહે છે કે, મારા જીવના સમ કે દુષ્ટ માણસના મોતથી મને કંઈ આનંદ થતો નથી." હઝકીયેલ ૩૩:૧૧.

"યહોવા, દયાળુ અને કૃપાળુ દેવ, મંદરોષી, અને અનુગ્રહ તથા સત્યથી ભરપૂર,. . . .ઉલ્લંઘન તથા પાપની ક્ષમા કરનાર." યહોવા કોપ કરવામાં ધીમો ને મહા પરાક્રમી છે, તે દોષીતને કોઈ પણ રીતે નિર્દોષ ગણનાર નથી." નિર્ગમન ૩૪:૬, ૭; નાહુમ ૧:૩.

ન્યાયીપણામા ખતરનાક બાબતો દ્વારા, તે તેના દબાયેલા-કચડાયેલા નિયમને સત્તાનું સમર્થન આપશે.ન્યાય અમલમાં લાવવા ઈશ્વરની અનિચ્છાથી અપરાધીનો ન્યાય કરાય,તેવી રાહ બદલાની તીવ્રતા જુએ છે. જે રાષ્ટ્રને તે લાંબા સમયથી સહન કરે છે, તેની દુષ્ટતા જ્યાં સુધી ઈશ્વરના ખાતામાં વધી ન જાય ત્યાં સુધી તે તેનો નાશ કરશે નહીં, તે અંતે દયા વગરનો ક્રોધનો પ્યાલો પી જશે.

**(૩૦) જેઓ અજ્ઞાભંગનું નિશાન ધરાવે છે તેઓને ન્યાયી ચુકાદાની કઈ સાત મહામારી સહન કરવી પડશે?**

*ત્યારે પહેલા દૂતે જઈને પોતાનું પ્યાલું પૃથ્વી પર રેડી દીધું. એટલે જે માણસો પર શ્વાપદની છાપ હતી, ને જેઓ તેની મૂર્તિને પૂજતાં હતાં, તેઓને ત્રાસદાયક તથા પીડાકારક ધારું થયું. (પ્રકટીકરણ ૧૬:૨)*

*પછી બીજાએ પોતાનું પ્યાલું સમુદ્ર પર રેડી દીધું; એટલે સમુદ્ર શબના લોહી જેવો થઈ ગયો, અને તેમાંનું દરેક સજીવ પ્રાણી મરણ પામ્યું. (પ્રકટીકરણ ૧૬:૩)*
*પછી ત્રીજાએ પોતાનું પ્યાલું નદીઓ પર તથા પાણીના ઝરાઓ પર રેડી દીધું. એટલે તેઓ લોહી થઈ ગયાં. (પ્રકટીકરણ ૧૬:૪)*

*પછી ચોથાએ પોતાનું પ્યાલું સૂર્ય પર રેડી દીધું. એટલે તેને અગ્નિથી માણસોને બાળી નાખવા [ની શક્તિ] આપવામાં આવી. (પ્રકટીકરણ ૧૬:૮)*
*પછી પાંચમાએ પોતાનું પ્યાલું શ્વાપદના રાજયાસન પર રેડી દીધું. એટલે તેના રાજયમાં અંધકાર વ્યાપી ગયો. અને તેઓએ વેદનાને લીધે પોતાની જીભો કરડી, (પ્રકટીકર્ણ ૧૬:૧૦)*

*પછી છઠ્ઠાએ પોતાનું પ્યાલું મોટી નદી પર, એટલે ફ્રાત પર રેડી દીધું. એટલે પૂર્વથી જે રાજાઓ આવનાર છે તેઓને માટે રસ્તો તૈયાર થાય, માટે તેનું પાણી સૂકાઈ ગયું. (પ્રકટીકરણ ૧૬:૧૨)*

*અને વીજળીઓ, વાણીઓ તથા ગર્જનાઓ થયાં. વળી મોટો ધરતીકંપ થયો, તે એવો ભયંકર તથા ભારે હતો કે માણસો પૃથ્વી પર ઉત્પન્ન થયા ત્યારથી એના જેવો કદી થયો નહોતો. (પ્રકટીકરણ ૧૬:૧૮)*

જ્યારે ખ્રિસ્ત તેના પવિત્રસ્થાનમાંથી મધ્યસ્થી બંધ કરે છે, ત્યારે જેઓ શ્વાપદની અને તેની મૂર્તિની આરાધના કરે છે અને તેનું નિશાન મેળવે છે તેઓ પર તેનો ભયંકર ક્રોધ સળગી ઉઠશે. (પ્રકટીકરણ14:9,10). જ્યારે ઈશ્વર ઈઝરાયેલને છોડાવવાના હતા ત્યારે મિસર પરની જે મહામારીઓ હતી, તેનાં જેવી જ મહામારીઓ ન્યાયી

ચુકાદા વખતે ઈશ્વરના લોકોના અંતિમ બચાવ પહેલા જ પૃથ્વી પર આવી પડશે.

. . . . આ ઉલ્લંઘન જેટલી જ ભયાનક,ઈશ્વરનો ન્યાય સંપૂર્ણ સિદ્ધ છે. ઈશ્વરનો સ્વર્ગદૂત જાહેર કરે છે: "હે પવિત્ર, તું જે છે ને હતો, તું ન્યાયી છે, કેમ કે તેં એવો અદલ ન્યાય કર્યો છે; કારણ કે તેઓએ તારા સંતોનું તથા પ્રબોધકોનું લોહી વ્હેવડાવ્યું, અને તેં તેઓને લોહી પીવાને આપ્યું છે". પ્રકટીકરણ ૧૬:૨-૬. ઈશ્વરના લોકોને મૃત્યુની સજા કરીને, જાણે તેઓએ પોતાના હાથે લોહી વ્હેવડાવ્યું હોય તેના જેમ તેઓ તેઓના રક્તના અપરાધી બન્યા છે. તેવી જ રીતે ખ્રિસ્તે તેના સમયના યહૂદીઓને હાબેલના સમયથી પવિત્ર લોકોના લોહી વ્હેવડાવામાં આવતા હતા તેના માટે તેઓને અપરાધી જાહેર કર્યા; કેમ કે તેઓ એ જ આત્મા ધરાવતા હતા, અને પ્રબોધકોના હત્યારાઓ સાથે તેઓ એવું જ કરવાનો પ્રયત્ન કરતા હતા.

આ મહામારીઓ સાર્વત્રિક નથી, કે પૃથ્વી પરના રહેવાસીઓ સમગ્રપણે નાશ પામે. તેમ છતાં તેઓ ભયાનક શાપ હશે કે જેને માણસો પ્રથમ વાર જાણશે. અજમાયશની પૂર્વે, માણસો પરના તમામ ચુકાદાઓ દયા સાથે મિશ્રિત થયા છે. ખ્રિસ્તનું કેફિયત કરતું રક્ત અપરાધનું સંપૂર્ણ માપ પ્રાપ્ત કરવાથી પાપીઓને બચાવ્યા છે; પરંતુ અંતિમ ચુકાદામાં, ક્રોધ દયા વગર સળગી ઉઠશે.

**(૩૧) જ્યારે દુષ્ટો ભૂખથી પીડાતા હશે ત્યારે વિશ્વાસુ લોકોને કઈ બાબત ટકાવી રાખશે?**

***જે ન્યાયને માર્ગે ચાલે છે ને સત્ય બોલે છે, જે જુલમની કમાઈને ધિક્કારે છે, જે લાંચને હાથમાં ન પકડતાં તરછોડી નાખે છે, જે ખૂન વિષે સાંભળવું ન પડે માટે પોતાના કાન બંધ કરી દે છે, અને જે ભૂંડું ન જોવા માટે પોતાની આંખ મીંચી દે છે [તે જ વાસો કરશે]. ઉચ્ચસ્થાનમાં તે જ રહેશે; ખડકોના કિલ્લા તેનો આશ્રય થશે; તેની રોટલી તેને આપવામાં આવશે; તેને પાણી ખચીત મળશે. (યશાયા ૩૩:૧૫-૧૬)***

ઈશ્વરના લોકો વેદનાથી મુક્ત થશે નહીં; પણ જ્યારે સતાવાયેલા અને પીડિત હોય, જ્યારે તેઓ તંગી સહન કરતા હોય અને ભૂખમરાથી પીડાતા હોય ત્યારે તેઓ નાશ નહિ પામે. જે ઈશ્વરે એલિયાની સંભાળ લીધી તે ઈશ્વર તેના આત્મ–સમર્પણ કરતા દીકરાઓમાના એકને પણ છોડી દેશે નહિ. જે તેઓના માથાના વાળની ગણતરી રાખે છે તે તેઓની સંભાળ રાખશે, અને દુકાળના સમયમાં તેઓ તૃપ્ત થશે. જ્યારે દુષ્ટો ભૂખમરાથી અને રોગચાળાથી મરી રહ્યા હોય ત્યારે સ્વર્ગદૂતો ન્યાયીઓને રક્ષણ આપશે અને તેઓની જરૂરિયાતો પૂરી પાડશે. જે "ન્યાયીપણે ચાલે છે" તેને આ વાયદો છે: "રોટલી તથા પાણી નિશ્ચે તેને અપાશે."

**(૩૨) જ્યારે તમામ આશા ખતમ થતી દેખાતી હોય, જેમ યાકુબને તેના સંકટ સમયમાં દેખાઈ, ત્યારે ન્યાયી લોકોના કાલાવાલા શું હશે?**

***અને તે પુરુષ બોલ્યો, "અરુણોદય થાય છે, માટે મને જવા દે." અને યાકોબે તેને કહ્યું, "મને આશીર્વાદ આપ, નહિ તો હું તને જવા દેવાનો નથી." (ઉત્પત્તિ ૩૨:૨૬)***

તેમ છતાં માનવ દૃષ્ટિને એવું જ દેખાશે કે ઈશ્વરના લોકો પણ લોહી સાથેની તેમની સાક્ષી પર મહોર લગાવી દેશે જેમ તેમની પહેલાના શહીદોએ કર્યું હતું તેમ. તેઓ પોતે ડરવા લાગે છે કે ઈશ્વરે તેમને તેમના શત્રુના હાથમાં પડવા છોડી દીધા છે. તે એક ભયાનક વેદનાનો સમય છે. રાત અને દહાડો તેઓ ઈશ્વર સમક્ષ છૂટકારને સારું વિલાપ કરે છે.

દુષ્ટ રાજી થાય છે અને એક મજાક ઉડાવતો અવાજ સંભળાય છે: "તમારો વિશ્વાસ હવે ક્યાં છે? જો તમે ખરેખર તેના લોકો છો તો શા માટે ઈશ્વર તમને અમારા હાથમાંથી છોડાવતો નથી?" પરંતુ રાહ જોનારાઓ યાદ કરે છે કે ઈસુ કલવરીના વધસ્તંભ પર મરી રહ્યા હતા અને મુખ્ય યાજકો અને શાસકો ઠઠ્ઠા કરતા કહે છે: "બીજાઓને તેણે બચાવ્યા; પણ પોતાને તે બચાવી નથી શકતો. એ તો ઈસ્રાએલનો રાજા છે; તે હમણાં વધસ્તંભ પરથી ઊતરી

આવે, એટલે અમે તેના પર વિશ્વાસ કરીશું." માથ્થી ૨૭:૪૨.

યાકુબની જેમ દરેક બધા લોકો ઈશ્વર સાથે દ્વંદ્વયુદ્ધ કરે છે. તેઓનો ચહેરો તેમનો આંતરિક સંઘર્ષ દેખાડે છે. દરેક ચહેરા પર ઝાંખપ દેખાય છે.તેમ છતાં તેઓ તેમની આતુર મધ્યસ્થી બંધ કરતા નથી.

**(૩૩) ઈશ્વરે તેમના વિશ્વાસુ લોકોનું રક્ષણ કરવા કોને પ્રતિનિધિત્વ આપ્યું છે?**

***તને તારા સર્વ માર્ગમાં સંભાળવાને માટે તે પોતાના દૂતોને આજ્ઞા આપશે; (ગીતશાસ્ત્ર ૯૧:૧૧)***

જો માણસ સ્વર્ગીય દૃષ્ટિથી જોઈ શકે તો, તેઓ દૂતોનું ટોળું જોઈ શકે કે જે શક્તિમાં સર્વશ્રેષ્ઠ, જેઓએ ખ્રિસ્તની ધીરજના વચનો પાળ્યા છે તેઓની રખેવાળી કરે છે. માયાળુ સહાનુભૂતિ સાથે, દૂતો તેઓની તકલીફના સાક્ષી થયા છે અને તેઓની પ્રાર્થના સાંભળી છે. તેઓને તેમના સંકટમાંથી બહાર કાઢવા સારુ દૂતો તેમના સેનપતિના શબ્દોની રાહ જોઈ રહ્યા છે. પણ તેઓએ હજુ થોડી ઘણી રાહ જોવી પડશે. ઈશ્વરના લોકોએ પ્યાલામાંથી પીવું જોઈએ અને બાપ્તિસ્મા લેવું જોઈએ. આટલો વિલંબ તેઓ માટે પીડાદાયક છે, જે તેમની અરજીઓને ઉત્તમ જવાબ છે. જેમ તેઓ વિશ્વાસપૂર્વક ઈશ્વરના કાર્યની વાટ જોવાનો પ્રયાસ કરે છે, તેમ તેઓ વિશ્વાસ, આશા અને ધીરજ તરફ દોરાય છે, જેનો ઉપયોગ બહુ ઓછો કરવામાં આવ્યો છે તેમના ધાર્મિક અનુભવ દરમિયાન. તેમ છતાં પસંદ કરાયેલાઓની ખાતર સંકટનો સમય ટૂંકો કરવામાં આવે છે. "તો દેવ પોતાના પસંદ કરેલા કે, જેઓ તેને રાતદહાડો વીનવે છે, તેઓને દાદ શું નહિ આપશે?. . . . હું તમને કહું છું કે તે જલ્દી તેઓને દાદ આપશે." લુક ૧૮:૭,૮. લોકો અપેક્ષા રાખે તે કરતા પણ જલ્દી અંત આવશે. ઘઉં એકઠા કરાશે અને ઈશ્વરના કોઠારને સારુ કોથળામાં ભરાશે. ભૂંસું બળતણની ભારી તરીકે બંધાશે આગમાં નાશ કરવા સારુ.

**(૩૪) પિતાના આદેશ પર, વાયદાની કઈ અદ્ભુત ભવિષ્યવાણી પુરી થશે?**

*તારી બાજુએ હજાર અને તારે જમણે હાથે દશહજાર [માણસો] પડશે, પણ તે તારી પાસે આવશે નહિ. (ગીતશાસ્ત્ર ૯૧:૭)*

સ્વર્ગીય પહેરેગીર, તેઓના વિશ્વાસને વફાદાર, સતત તેઓની પેહેરેગીરી કરે છે. એક જાહેરનામા એ સમય નિશ્ચિત કર્યો છે હોવા છતાં જ્યારે આજ્ઞાપાળકો કદાચ મારી નંખાય, તેઓના શત્રુઓ અમુક બાબતોમાં હુકમનામાની અપેક્ષા રાખશે, અને સમય નિર્દેશ કરાય તે પહેલાં, તેઓના જીવ લેવાની કોશિશ કરશે. પરંતુ દરેક વિશ્વાસુ આત્માની આસપાસ રહેલ શક્તિશાળી પહેરેગીરને કોઈ જ ઓળંગી શકશે નહીં. અમુકને તો તેઓની ઉડાન વખતે જ મારી નંખાય છે શહેરોમાં અને ગામોમાં; પરંતુ તરવાર તેઓની વિરુદ્ધ ઉઠી છે, એક તણખલા સમાન તોડી પડાય છે. સ્વર્ગદૂતો દ્વારા યુદ્ધ પુરુષોના સ્વરૂપમાં અન્યનો બચાવ કરવામાં આવે છે.

ઈશ્વરની આંખ, નીચે યુગ તરફ જોઈ રહી છે, જે સંકટકાળ તેના લોકો પર આવી પડવાનો હતો, જ્યારે પૃથ્વીની તાકાત તેઓના વિરુદ્ધ સજ્જ હતી, તેઓ પર તેની આંખ પહેલેથી જ સ્થિર હતી. દેશનિકાલ બંદીવાસ ની જેમ, તેઓ ભૂખમરાથી કે હિંસાથી મૃત્યુના ડર માં હશે. પણ જે પવિત્ર એ ઈઝરાયેલ સમક્ષ લાલ સાગરના બે ભાગ કરેલા, તે તેની સામર્થ પ્રકટ કરશે અને તેઓનો બંદીવાસ ફેરવી નાખશે. “સૈન્યોનો દેવ યહોવા કહે છે, તેઓ મારા થશે; જે દિવસે હું આ કરીશ, તે દિવસે તેઓ મારું ખાસ દ્રવ્ય થશે; અને જેમ કોઈ પિતા પોતાની સેવા કરનાર પોતાના પુત્ર પર દયા રાખે તેમ હું તેમના પર દયા રાખીશ.” માલાખી ૩:૧૭.

જો ખ્રિસ્તના સાક્ષીઓનું લોહી આ સમયે વ્હેવડાવાયું હોત, તે શહીદોના રક્ત જેવું ન હોત જે બીજ તરીકે રોપાઈને ઈશ્વર માટે ફસલ પેદા કરે. તેઓની વફાદારી બીજાઓને સત્ય વિશે સમજાવવા સાક્ષીરૂપ ન બની શકે; કેમ કે હઠીલા હ્રદયે દયાની લહેરને જ્યાં સુધી તેઓ પાછી ન ફરે ત્યાં સુધી પાછી હટાવી છે. જો ન્યાયી અત્યારે તેના શત્રુનો શિકાર થાય, તો તે અંધકારના

રાજકુમારનો વિજય ગણાય. ગીતશાસ્ત્રકાર કહે છે: "કેમ કે સંકટને સમયે તે પોતાના મંડવામાં મને ગુપ્ત રાખશે; પોતાના મંડપને આશ્રયે તે મને સંતાડશે." ગી.શા. ૨૭:૫.

ખ્રિસ્તે કહ્યું છે: "ચાલ મારી પ્રજા, તારી પોતાની ઓરડીમાં પેસ, ને પોતે માંહે રહીને બારણાં બંધ કર; કોપ બંધ પડે ત્યાં સુધી થોડી વાર સંતાઈ રહે. કેમ કે જુઓ, પૃથ્વી પરના રહેવાસીઓના અપરાધને માટે તેમને શાસન આપવા સારુ, યહોવા પોતાના સ્થાનમાંથી બહાર નીકળી આવે છે." યશાયા ૨૬:૨૦-૨૧. જેઓએ તેના આગમનની રાહ જોઈ છે અને જેઓના નામ જીવનના પુસ્તકમાં લખેલા છે તેઓનો છુટકારો મહિમાવંત હશે.

*હું મારા પુરા મનથી ઈશ્વરને પ્રેમ કરું છું. હું પ્રાર્થના કરું છું કે જ્યારે તે કહે છે કે, "જે ન્યાયી છે, તે ન્યાયી જ રહે" ત્યારે હું તેના પક્ષમાં ગણાવ.*

*વર્તુળ:* *હા* *અનિશ્ચિત*

*હવે મને ખાતરી થઈ ચુકી છે કે શેતાન, ગર્જનાર સિંહની પેઠે છે કોઈ મળે તેને તે ગળી જવાને શોધતો ફરે છે. હું ડહાપણ માટે પ્રાર્થના કરું છું કે જેથી આ જગતના ઈતિહાસની અંતિમ ક્ષણોમાં શેતાન જે છેતરપિંડી ને પ્રકટ કરશે તેને ટાળવા ઈશ્વરના વચનને સતત અભ્યાસ કરું અને સ્વીકારું.*

*વર્તુળ:* *હા* *અનિશ્ચિત*

*જેઓ તેના ઈશ્વરીય ઉપદેશોનું સન્માન કરે તેઓ પર જે મહાન "સંકટ નો સમય" આવશે તે વિશે અમને ચેતવવા બદલ હું ઈશ્વરનો આભારી છું.*

*વર્તુળ:* *હા* *અનિશ્ચિત*

*હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર મારા ચરિત્રને શુદ્ધ કરે અને મારા વિશ્વાસને મજબૂત કરે જેથી હું તેની કૃપા વડે, તેની મહિમા માટે જીતી શકું.*

*વર્તુળ:* *હા* *અનિશ્ચિત*

પ્રેમ અને વિશ્વાસમાં, હું વિશ્વાસપૂર્વક બધું ઈશ્વરના હાથમાં સોંપુ છું. હું પ્રાર્થના કરું છું કે જીવનના ચમત્કારીક સંરક્ષણ દ્વારા અથવા શહીદોના મૃત્યુમાં, તે તેના નામની મહિમાને ખાતર મારો ઉપયોગ કરે.

વર્તુળ: હા અનિશ્ચિત



## પાઠ ૧૧

## ઈશ્વરના લોકો છોડાયા

જેઓ ઈશ્વર ના નિયમનું સન્માન કરે તેઓ દ્વારા જ્યારે માનવીય કાયદાઓનું સંરક્ષણ પાછું ખેંચી લેવામાં આવે, ત્યારે તેઓના વિનાશને સારુ અલગ અલગ જગ્યાએ સમકાલિક ચળવળ થશે. જાહેરનામાનો નિમાણુંક સમય જ્યારે પાસે આવે છે, ત્યારે લોકો ધૃણાસ્પદ સંપ્રદાયને ઉખેડી ફેકવાનું કાવતરું ઘડશે.એક રાતે નિર્ણાયક હુમલો કરવાનું નક્કી થશે, જે અસમંતિ અને ધિક્કારના અવાજ ને મૌન કરશે.

**(૧) જેઓ વિશ્વાસુ બન્યા રહેશે તેઓ કયા વાયદાનો દાવો કરી શકશે?**

***તેં મારા ધૈર્યનું વચન પાળ્યું છે, તેટલા જ માટે પૃથ્વી પર રહેનારાઓની કસોટી કરવા માટે કસોટીનો જે સમય***

*આખા સંસાર પર આવનાર છે, તેનાથી હું પણ તને બચાવીશ. (પ્રકટીકરણ ૩:૧૦)*

ઈશ્વરના લોકો-કેટલાક બંદીખાનામાં, કેટલાક એકાંતમાં છુપાયેલા, જંગલો અને પર્વતોમાં નાસી ગયેલા-તેમ છતાં હજુ તેઓ ઈશ્વરીય સંરક્ષણની વિનંતી કરે છે, જ્યારે શસ્ત્ર લોકોના દરેક ચોથી ટુકડીમાં, દુષ્ટ દૂતોના યજમાનો દ્વારા તીવ્ર ઈચ્છા કરાય છે, જેઓ મૃત્યુના કાર્ય માટે તૈયારી કરી રહ્યા છે. તે હાલ અત્યંત ચરમસીમા ના સમય પર છે, કે ઈઝરાએલનો ઈશ્વર તેના પસંદ કરાયેલાઓના છૂટકારા માટે મદદે આવે છે. "પર્વની રાતે જેમ ગાનતાન થાય છે તેમ તમે ગાયન કરશો; અને યહોવાના પર્વત પર ઈસ્રાએલના ખડકની પાસે વાંસળી વગાડતા વગાડતા જનાર માણસની પેઠે તમે મનમાં આનંદ કરશો. યહોવા પોતાની વિજયી ગર્જના સંભળાવશે, ને ઉગ્ર કોપથી, બળતા અગ્નિની જ્વાળાથી, આંધીથી, મુશળધાર વરસાદથી તથા કરાથી તે પોતાના ભુજનું ઊતરી પડવું દેખાશે." યશાયા ૩૦:૨૯,૩૦.

વિજય, મજાક, અને અભિશાપના પોકાર સાથે, દુષ્ટોનું ટોળું તેમના શિકાર પર આવી પડવાનું છે. જ્યારે, જુઓ, ઘાટું અંધારું રાત્રીના અંધારા કરતા પણ વધુ, પૃથ્વી પર આવી પડે છે. ત્યારપછી ઈશ્વરના સિંહાસનથી મહિમા વડે ચળકતું એક મેઘધનુષ્ય, સ્વર્ગમાં ફેલાય છે અને દરેક પ્રાર્થના કરતા ટોળા પર ઘેરાયેલું લાગે છે. ક્રોધિત લોકોની અચાનક ધરપકડ કરાય છે. તેઓનું મજક કરતું રુદન બંધ થઈ જાય છે, તેમના ખૂની ક્રોધાવેશનો હેતુ ભૂલી ગયા છે, ભયાનક પૂર્વાભાસ સાથે ઈશ્વરના નિયમના નિશાન પર મીટ માંડીને જુએ છે અને તેની જોરદાર ચમકથી રક્ષિત રહેવાની ઈચ્છા રાખે છે

**(૨) વિશ્વાસુ લોકોના હોઠમાંથી આનંદના કેવા શબ્દો નીકળશે?**

***તે દિવસે એવું કહેવામાં આવશે, "જુઓ, આ આપણા ઈશ્વર છે; આપણે તેમની રાહ જોતા આવ્યા છીએ, તે આપણને તારશે; આ યહોવા છે; આપણે તેમની રાહ***

*જોતા આવ્યા છીએ, તેમણે કરેલા તારણથી આપણે હરખાઈને આનંદોત્સવ કરીશું." (યશાયા ૨૫:૯)*

ઈશ્વરના લોકોને સ્પષ્ટ અને મધુર અવાજ સંભળાય છે, એમ કહેતો, "ઉપર જુઓ" અને તેઓની આંખો સ્વર્ગ તરફ ઊંચી કરે છે તેઓ વાયદાનું ધનુષ જુએ છે. આકાશના ઢાંકતા કાળા ક્રોધિત વાદળો જે વિભાજીત થઈ ગયા છે, અને સ્તીફનની જેમ આકાશ પર એકધારું જુએ છે અને ઈશ્વરની મહિમાને અને સિંહાસન પર બિરાજમાન માણસના પુત્રને જુએ છે. તેના ઈશ્વરીય સ્વરૂપમાં તેઓ તેના અપમાનનું નિશાન સમજે છે; અને તેના હોઠોમાંથી તેઓ આ વિનંતી જે તેના પિતા અને સ્વર્ગદૂતો સમક્ષ કરાય છે તેને સાંભળે છે: "હે બાપ, હું એમ ચાહું છું કે, જ્યાં હું છું ત્યાં જેઓને તેં મને આપ્યાં છે તેઓ પણ મારી પાસે રહે." યોહાન ૧૭:૨૪.

ફરીવાર વિજયી અને સંગીતમય એક અવાજ સંભળાય છે, "તેઓ આવે છે! તેઓ આવે છે! પવિત્ર, હાનિરહિત અને અપરાજિત. તેઓએ મારા ધૈર્યનાં વચનો પાળ્યા છે; તેઓ સ્વર્ગદૂતો મધ્યે ચાલશે." જેઓએ તેમના વિશ્વાસને સંપૂર્ણ પકડી રાખ્યો છે તેઓના ફિક્કા અને ધ્રુજતા હોઠ વિજયનો પોકાર ઉચ્ચારે છે.

**(૩) ઈશ્વરના મુખમાંથી કેવા વચનો નીકળે છે?**

***પછી સાતમાએ પોતાનું પ્યાલું વાતાવરણમાં રેડી દીધું. એટલે 'સમાપ્ત થયું' એમ બોલતી મોટી વાણી મંદિરના રાજયાસનમાંથી થઈ. (પ્રકટીકરણ ૧૬:૧૭)***

તે મધ્યરાત્રીનો સમય છે કે ઈશ્વર તેના લોકોના છૂટકારા માટે તેનું સામર્થ પ્રકટ કરે છે. સૂર્ય તને સામર્થમાં ચળકતો દેખાય છે. ચિહ્નો અને ચમત્કારો તરતના ઉત્તરાધિકારમાં દેખાય છે. દુષ્ટો ભય અને આશ્ચર્ય સાથે આ દૃશ્ય જુએ છે, જ્યારે ન્યાયીઓ ગૌરવપૂર્ણ આનંદ સાથે જુએ છે જે તેમના છુટકારાનું પ્રતીક છે. પ્રકૃતિમાં સર્વસ્વ તેના કાર્ય બહાર ફેરવાઈ ગયું છે. ઝરણાઓ વહેતા બંધ થાય છે. કાળા, ભારે વાદળો એકબીજાની સાથે અથડાય છે. ક્રોધિત સ્વર્ગની મધ્યે  અવર્ણીય મહિમાની એક સ્પષ્ટ

જગ્યા છે, જ્યાંથી ઈશ્વરનો અવાજ પુષ્કળ વહેતા પાણી સમાન આવે છે, "તે થઈ ગયું છે."

**(૪) ઈશ્વરનો અવાજ કઈ મહાન ઘટનાનું કારણ બનશે?**

***અને વીજળીઓ, વાણીઓ તથા ગર્જનાઓ થયાં. વળી મોટો ધરતીકંપ થયો, તે એવો ભયંકર તથા ભારે હતો કે માણસો પૃથ્વી પર ઉત્પન્ન થયા ત્યારથી એના જેવો કદી થયો નહોતો. (પ્રકટીકરણ ૧૬:૧૮)***

તે અવાજ સ્વર્ગ અને પૃથ્વીને ધ્રૂજાવે છે...આકાશ ખુલ્લું અને બંધ થતું દેખાય છે. મહિમા સ્વરૂપ ઈશ્વરનું સિંહાસન ચળકતું દેખાય છે. બરું જેમ પવનમાં હલે છે તેમ પહાડો હલે છે, અને ચીંથરેહાલ ખડકો બધી બાજુ વેર વિખેર થઈ જાય છે. વાવઝોડા સમાન એક ગર્જના થાય છે. સમુદ્ર પ્રચંડ ક્રોધમાં પટકાઈ જાય છે. જેમ શેતાન વિનાશના કાર્યમાં કાર્યરત હોય છે તેના જેવી વાવઝોડાની ચીસો સંભળાય છે. સમુદ્રના મોજા જેમ સંપૂર્ણ જગત હિલોળા મારે છે અને ફુલાઈ જાય છે. તેની સપાટી તૂટી રહી છે. તેનો પાયો જાણે તૂટીને પડી રહ્યો છે. પર્વતોની શૃંખલાઓ ડૂબી રહી છે. વસાહતો વાળા ટાપુઓ અદૃશ્ય થાય છે. બંદરો કે જેઓ સદોમ જેવી દુષ્ટતાથી દુષ્ટ થઈ ગયા છે તેઓને ક્રોધિત પાણી ગળી જાય છે.

ઈશ્વરને મોટા બાબીલોનનું સ્મરણ થાઉં છે, "તે પોતાના સખત કોપના દ્રાક્ષારસનું પ્યાલું તેને આપે, અને આકાશમાંથી માણસો પર આશરે" એક એક મણના "મોટા કરા પડ્યા," જે તેઓના વિનાશનું કાર્ય કરે છે. વચનો ૧૯,૨૧. પૃથ્વીના ગૌરવપૂર્ણ શહેરો ધ્વંસ્ત થયા છે. રાજાશાહી મહેલો કે જેના પર પૃથ્વીના મહાન લોકોએ પોતાની મહિમા દેખાડવા પોતાની સંપત્તિ ઉડાડી હતી, જે મહેલો હાલ તેઓની નજર સમક્ષ વિનાશ ને સારુ ક્ષીણ થઈ રહ્યા છે. જેલની દીવાલો ભાડા પર છે, અને ઈશ્વરના લોકો કે જેઓ બંધનમાં રખાયા છે તેઓને આઝાદ કરાય છે.

**(૫) ખ્રિસ્તના બીજા આગમનના સાક્ષી કોણ થશે?**

*જુઓ તે વાદળાંસહિત આવે છે, દરેક આંખ, અને જેઓએ તેમને વીંધ્યા તેઓ પણ તેમને જોશે; અને પૃથ્વી પરની સર્વ જાતિઓ તેમને લીધે વિલાપ કરશે. હા, આમીન. (પ્રકટીકરણ ૧:૭)*

કબરો ખુલ્લી છે, અને તેઓમાંના ઘણા જેઓ પૃથ્વીની ધૂળમાં સુતા છે. . . . "કેટલાકને અનંત જીવન માટે ઉઠાડાય છે, અને કેટલાકને શરમ અને અનંત તિરસ્કાર માટે ઉઠાડાય છે." જે સર્વ લોકો ત્રીજા દૂતના સંદેશના વિશ્વાસને સારુ મૃત્યુ પામ્યા છે, તેઓ કબરોમાંથી મહિમાવંત બહાર આવે છે, જેઓએ તેનો નિયમ પાળ્યો છે તેઓની સાથે ઈશ્વરનો શાંતિનો કરાર સાંભળવા. "જેઓએ તેને વીંધ્યો તેઓ પણ" (પ્રકટીકરણ ૧:૭) જેઓએ ખ્રિસ્તની મૃત્યુ વેદનાની મજાક ઉડાવી અને તિરસ્કારપૂર્વક હસ્યાં, અને તેના સત્ય અને તેના લોકોના સૌથી હિંસક વિરોધીઓ, તેઓને તેની મહિમામાં તેને જોવા અને વફાદાર અને આજ્ઞાકારીઓ પરના સન્માન ને જોવા ઉઠાડાય છે.

**(૬) જ્યારે દુષ્ટોને ભાન થશે કે તેઓ તેના બીજા આગમનના સાક્ષી બનવાને જઈ રહ્યા છે, ત્યારે તેઓનો પ્રતિભાવ કેવો હશે?**

***તેઓ પહાડોને તથા ખડકોને કહે છે, "અમારા પર પડો, અને રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને સંતાડો. (પ્રકટીકરણ ૬:૧૬)***

ઘનઘોર વાદળું હજુ આકાશને ઢાંકે છે; તેમ છતાં સૂર્ય હવે અને પછી તૂટી જાય છે, યહોવાની બદલો લેતી આંખ જેવો દેખાય છે. ભયંકર વીજળી સ્વર્ગમાંથી છલાંગ લગાવે છે અને અગ્નિરૂપી ચાદરમાં પૃથ્વીને ઘેરી લે છે. ગર્જના, અવાજો, રહસ્યમય અને ભયાનકની ખતરનાક કિકિયારી, દુષ્ટોનો અંતિમ ફેંસલો જાહેર કરે છે. બોલાયેલા વચનો તમામ લોકો દ્વારા સમજાતા નથી; પરંતુ તેઓ જુઠા શિક્ષકો દ્વારા સ્પષ્ટ રીતે સમજે છે.

જેઓ થોડીવાર પહેલા ઈશ્વરની આજ્ઞાપાળનાર લોકો પ્રત્યે અવિચારી, બડાઈખોર, વિદ્રોહી, અને ખુબજ પ્રમોદીત હતા, જેઓ હવે બેબાકળા બનીને દબાયેલા, અને ભયમાં ધ્રુજી રહ્યા છે. તેઓનું આક્રંદ તત્વોના અવાજ ઉપર છે. દુષ્ટો ખ્રિસ્તના દેવને ઓળખે છે અને તેના સામર્થ સામે ધ્રૂજે છે જ્યારે લોકો દયા માટે વિનંતી કરી રહ્યા છે અને પામર આતંકમાં બિચારા થઈ રહ્યા છે.

**(૭) ન્યાયીઓ પાસેથી કેવુ વિજયી પ્રત્યુતર ગીત સંભળાશે?**

***ઈશ્વર આપણા આશ્રય તથા આપણું સામર્થ્ય છે, સંકટને સમયે તે હાજરાહજૂર મદદગાર છે. માટે જો પૃથ્વી ઊથલપાથલ થાય, જો પર્વતો સમુદ્રમાં ડૂબી જાય, જો તેનું પાણી ગર્જના કરે તથા વલોવાય, જો તેના ઊછળવાથી પર્વતો કાંપી ઊઠે, તોપણ આપણે બીએ નહિ. (ગીતશાસ્ત્ર ૪૬:૧-૩)***

વાદળોમાં ફાટ હોવા છતાં ત્યાં એક તારો પ્રકાશે છે જેની તેજસ્વીતા અંધકારની તુલનામાં ચાર ગણી છે. તે વિશ્વાસુ લોકોને આશા અને આનંદ કહે છે, પરંતુ ઈશ્વરના નિયમોનું આજ્ઞાભંગ કરનારાઓને તીવ્રતા અને ક્રોધ જણાવે છે. જેઓએ ખ્રિસ્ત માટે સંપૂર્ણ બલિદાન કર્યું તેઓ આજે સુરક્ષિત અને ઈશ્વરના મંડવામાં સંતાડેલા છે. તેઓ પરખાયેલા છે અને જગતના દેખતા અને સત્યને ધિક્કારનારના દેખતા તેઓ તેમની વફાદારી જે તેમને સારુ મૃત્યુ પામ્યો તેની આગળ પ્રકટ કરે છે. જેઓએ મૃત્યુના મુખમાં પણ પોતાની વફાદારી પકડી રાખી તેઓમાં એક અજાયબ બદલાવ આવ્યો છે. તેઓ અચાનક જ દુષ્ટલોકોની અંધારી અને ભયાનક જોહુકમીમાંથી બહાર કાઢી લવાયા. તેઓના ચહેરાઓ, હાલમાં જ, નિસ્તેજ, ચિંતાતુર, કરમાયેલા, જે હવે આશ્ચર્ય, વિશ્વાસ અને પ્રેમની સાથે પ્રકાશિત છે. તેઓના અવાજ વિજયવંત ગીતમાં ઉભા થાય છે.

**(૮) સ્વર્ગમાં શું જાહેર થશે?**

*આકાશો તેમનું ન્યાયીપણું પ્રગટ કરશે, કેમ કે ઈશ્વર પોતે ન્યાયાધીશ છે. (સેલાહ) (ગીતશાસ્ત્ર ૫૦:૬)*

જ્યારે આ પવિત્ર વિશ્વાસના શબ્દો ઈશ્વર પાસે ઉપર જાય છે, વાદળો છૂટા પડે છે અને તારાવાળું સ્વર્ગ દેખાય છે જે બીજી બાજુ કાળું અને ક્રોધિત આકાશના વિરોધાભાસમાં અવર્ણીય મહિમાવંત છે. આકાશી શહેરની મહિમા અધખૂલા દરવાજાથી વહે છે. પછી ત્યાં આકાશની વિરુદ્ધ પથ્થરના બે કોષ્ટકો ગડી વાળેલો હાથ દેખાય છે. પ્રબોધક કહે છે: “સ્વર્ગ તેનું ન્યાયીપણું દેખાડે છે; કેમ કે ઈશ્વર પોતે ન્યાયકર્તા છે.” . . . .તે પવિત્ર નિયમ, ઈશ્વરનું ન્યાયીપણું જીવનના માર્ગદર્શક તરીકે, જે ગાજવીજ અને અગ્નિજ્વાળા વચ્ચે સિનાઈ ઉપરથી ઘોષિત કરાયા હતા, જે હવે લોકોને ન્યાયચુકાદા ના નિયમ તરીકે પ્રકટ કરાય છે.

હાથ કોષ્ટકો ખોલે છે, અને ત્યાં દશ આજ્ઞાના ઉપદેશો જોવા મળે છે, અગ્નિ કલમથી પરખાયેલા. વચનો એકદમ સ્પષ્ટ છે કે સર્વ તેને વાંચી શકે. સ્મરણ ઉભું થાય છે, અંધકાર અંધશ્રદ્ધા અને પાખંડ દરેક મન પરથી અધીરાઈ ગયા છે, અને સંક્ષિપ્ત, વ્યાપક અને અધિકૃત, ઈશ્વરના દશ વચનો, પૃથ્વીના તમામ રહેવસીઓની નજર આગળ રજૂ કરાય છે.

**(૯) ઈશ્વરની આજ્ઞાઓ વિશેનું કયું સત્ય દુષ્ટોના હ્રદયમાં આતંક મચાવશે?**

*તમારું વચન અથથી તે ઈતિ સુધી સત્ય છે; તમારાં સર્વ ન્યાયવચનો સદાકાળ [ટકનારાં છે]. શીન (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૬૦)*

જેઓએ ઈશ્વરની પવિત્ર આવશ્યકતાઓને કચડી નાખી છે તેઓના ભય અને નિરાશાનું વર્ણન કરવું એ અશક્ય છે. ઈશ્વરે તેઓને તેનો નિયમ આપ્યો છે; તેઓએ તેની સાથે તેમના ચરિત્રની તુલના કરી હશે અને તેઓની ખામી સમજ્યા હશે કે જ્યાં હજુ પણ પ્રાયશ્ચિત અને સુધારાની તક હોય; પરંતુ જગતની તરફેણ મેળવવાના હેતુસર, તેઓએ તેનો ઉપદેશ પડતો મૂકીને બીજાને પણ અપરાધ કરતા શીખવ્યું. તેઓ ઈશ્વરના લોકોને સાબ્બાથ

ભ્રષ્ટ કરવા ફરજ પડવાનો પ્રયાસ કર્યો છે. જે નિયમને તેઓએ તિરસ્કાર કર્યો હતો તે નિયમ દ્વારા હાલ તેઓ દોષિત ઠરાવાય છે. ભયાનક સ્પષ્ટતા સાથે તેઓ જુએ છે કે તેઓ બહાના વગરના છે. તેઓ જેની આરાધના અને સેવા કરે તેને તેઓએ પસંદ કર્યો. "ત્યારે તમે ફરશો અને સદાચારીની તથા દુરાચારીની વચ્ચેનો, ઈશ્વરની સેવા કરનારની તથા તેની સેવા નહિ કરનારની વચ્ચેનો, ભેદ સમજશો." માલાખી ૩:૧૮.

**(૧૦) સત્યનું જ્ઞાન પ્રાપ્ત થયા બાદ, આ જ્ઞાન ખોવાયેલા લોકો સાથે ન વહેંચવાનું પરિણામ શું હોય છે?**

***જ્યારે હું દુષ્ટને કહું કે, તું નક્કી માર્યો જશે, ત્યારે જો તું તેને ન ચેતવે, ને દુષ્ટનો જીવ બચાવવા માટે, તેને તેના કુમાર્ગથી [ફરવાને] ચેતવણી ન આપે, તો તે દુષ્ટ માણસ તો તેની દુષ્ટતામાં મરશે; પણ તેના રક્તનો જવાબ હું તારી પાસેથી માગીશ. પરંતુ દુષ્ટને તું ચેતાવે તે છતાં તે પોતાની દુષ્ટતાથી તથા પોતાના કુમાર્ગથી પાછો ન હઠે, તો તે પોતાની દુષ્ટતામાં માર્યો જશે; પણ તેં તો તારા આત્માને બચાવ્યો છે." (હઝકિયેલ ૩:૧૮-૧૯)***

ઈશ્વરના નિયમના શત્રુઓ, મંત્રી થી લઈને છેક નીચે સુધીના, તેઓ પાસે સત્ય અને ફરજનો નવો ખ્યાલ છે. બહુ મોડેથી તેઓ જુએ છે કે ચોથી આજ્ઞાનો સાબ્બાથ એ જીવિત ઈશ્વરની મહોર છે [જુઓ એપેન્ડિક્સ B, C, D ]. બહુ મોડેથી તેઓ તેઓના નકલી સાબ્બાથનો ખરો સ્વભાવ અને રેતાળ પાયો કે જેના પર તેઓએ ઈમારત બાંધી છે તેઓને જુએ છે. તેઓને માલુમ થાય છે કે તેઓ ઈશ્વર સાથે ઝઘડી રહ્યા છે. ધાર્મિક શિક્ષકો લોકોને સ્વર્ગના દરવાજા તરફ દોરી રહ્યા છે તેવો ખોટો દાવો કરીને તેઓ લોકોને સત્યાનાશ તરફ દોરી ગયા છે. અંતિમ હિસાબના દિવસ સુધી તે જાણવામાં નહિ આવે કે પવિત્ર કાર્યાલયમાં લોકોને કેટલી મોટી જવાબદારી છે અને તેઓના અવિશ્વાસુપણાનું કેટલું ભયાનક પરિણામ છે.

ફક્ત અનંત કાળમાં જ આપણે ખોવાયેલા એક આત્માનો અંદાજ લગાવી શકીએ. ભયાનક નાશ હશે એ લોકો જેમને ઈશ્વર કહેશે: દૂર જા, તું ભૂંડા ચાકર.

**(૧૧) તેના આગમન પર ખ્રિસ્ત ક્યાં દેખાશે?**

***ઈસુ તેને કહે છે, "તેં પોતે જ કહ્યું; પરંતુ હું તમને કહું છું કે, હવે પછી માણસના દીકરાને પરાક્રમના જમણા હાથ પર બેઠેલો તથા આકાશના મેઘો પર આવતો તમે જોશો." (માથ્થી ૨૬:૬૪)***

થોડીવારમાં ત્યાં ઉત્તરમાં નાનકડું કાળું વાદળું દેખાશે, માણસના હાથના અડધા ભાગ જેટલું. તે એજ વાદળું છે જે ખ્રિસ્તની આસપાસ છે, જે અંધારામાં ઢંકાવવાને અંતરમાં હોય એવું લાગે છે. ઈશ્વરના લોકો જાણે છે કે આ માણસના દીકરાની નિશાની બનવાનું છે. ગૌરવપૂર્ણ શાંતિમાં તેઓએ તેના પર મીટ માંડી છે કેમ કે તે પૃથ્વીની નજીક આવે છે, જ્યાં સુધી તે એક મોટું સફેદ વાદળ ના બને ત્યાં સુધી વધુ પ્રકાશિત અને મહિમાવંત થતું જાય છે, તેના પાયાની મહિમા જાણે કે ભસ્મ કરનાર અગ્નિ, અને તેની ઉપર કરારનું મેઘધનુષ.

યેશુ એક શક્તિશાળી વિજેતા તરીકે આગળ સવારી કરે છે. શરમ અને શાપ નો કડવો પ્યાલો પીવા માટે હવે "દુઃખનો માણસ" નહિ, સ્વર્ગ અને પૃથ્વીના વિજેતા, મુએલા અને જીવતાનો ન્યાય કરવા તે આવે છે. "વિશ્વાસુ અને સાચો" "ન્યાયીપણામાં તે ન્યાય કરે છે અને યુદ્ધ કરે છે" અને "જે સૈન્ય સ્વર્ગમાં હતું તે તેને અનુસરે છે" (પ્રકટીકરણ ૧૯:૧૧,૧૪) આકાશી મધુર ગીત સાથે, પવિત્ર દૂતો, એક વિશાળ અગણિત ટોળું, તેની સાથે તેના માર્ગમાં જોડાયા. આકાશ જાણે દીપ્તિમાન સ્વરૂપથી ભરાઈ ગયું હોય–"દશ હજારના દશ હજાર ગણા, અને હજારોના હજારો."

**(૧૨) પ્રબોધક હબાક્કુક ખ્રિસ્તના બીજા અગામનનું વર્ણન કઈ રીતે કરે છે?**

***ઈશ્વર તેમાનથી [આવે છે] , પવિત્ર [ઈશ્વર] પારાન પર્વતથી આવે છે. (સેલાહ) તેમનો પ્રકાશ આકાશોમાં***

*વ્યાપી રહે છે, ને પૃથ્વી તેમની સ્તુતિથી ભરપૂર થઈ છે. તેમનો પ્રકાશ સૂર્યના જેવો છે. તેમની બાજુએથી કિરણો [ફૂટે] છે; અને તેમનુમ સામર્થ્ય ગુપ્ત રહેલું છે. (હબાકુક ૩:૩-૪)*

કોઈ માનવીય કલમ દ્રશ્યને ચીતરી ન શકે; કોઈ માનવીય મન તેના ગૌરવની કલ્પના કરવા પર્યાપ્ત નથી. કોઈ સિંહાસનનો મુગુટ હાલ તે પવિત્ર મસ્તકને ક્ષતિગ્રસ્ત કરતો નથી; પણ એક મહિમાનો રાજમુગટ તેના પવિત્ર લલાટે બિરાજે છે. તેનો ચહેરો બપોરના સૂર્યના પ્રકાશિત ચમકથી ચમકે છે. "તેના ઝભ્ભા ઓર અને તેની ઝાંઘ પર આ નામ લખેલું હતું, રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ." પ્રકટીકરણ ૧૯:૧૬.

**(૧૩) પ્રબોધક પ્રબોધક યર્મીયા આ મહાન ઘટના પ્રત્યેની માનવીય પ્રતિક્રિયાનું વર્ણન કઈ રીતે કરે છે?**

***હવે તમે પૂછી જુઓ કે શું પુરુષને પ્રસવવેદના થાય? પ્રસુતાની જેમ દરેક પુરુષને પોતાના હાથથી કમર દાબતાં મેં જોયો છે, એનું કારણ શું હશે? વળી સર્વનાં મુખ ફિક્કાં કેમ પડી ગયાં છે? હાય હાય! તે દિવસ એવો ભારે છે કે તેના જેવો બીજો કોઈ નથી. તે તો યાકૂબના સંકટનો વખત છે; તોપણ તે તેમાંથી બચશે." (યર્મિયા ૩૦:૬-૭)***

તેની ઉપસ્થિતિમાં "તમામ ચહેરા ફિક્કા પડી ગયા છે;" ઈશ્વરની દયાની અવગણના કરનાર પર અનંત નિરાશાનો ભય આવી પડે છે. "હૃદય પીગળે છે અને ધૂંટણો એકસાથે વળે છે,. . . . .અને તેઓના મોઢા કાળા પડી ગયા છે." યર્મીયા ૩૦:૬;નાહુમ ૨:૧૦. ન્યાયી ધ્રુજારી સાથે રડે છે: "કોણ ઉભા રહેવાને સક્ષમ હશે?" દૂતોનું ગીત ચૂપ થઈ ગયું, અને ત્યાં એક ભયાનક શાંતિ નો સમયગાળો છે. પછી ઈસુનો અવાજ સંભળાય છે, એમ કહેતો: "મારી કૃપા તારે વાસ્તે બસ છે." ન્યાયીઓના ચહેરાઓ ઉપર ઉઠે છે, અને દરેક હૃદય આનંદથી ભરાઈ જાય છે. અને દૂતો એક ઉચ્ચ સૂર વગાડે છે અને જેમ તેઓ પૃથ્વીની નજીક આવે છે તેઓ ફરીથી ગાય છે.

**(૧૪) તેમનું ક્રૂસારોહણ પૂર્ણ થશે તે જવાબદારી શામેલ કરીને ખ્રિસ્ત દ્વારા અપાયેલી ભવિષ્યવાણી શું છે?**

***ઈસુ તેને કહે છે, "તેં પોતે જ કહ્યું; પરંતુ હું તમને કહું છું કે, હવે પછી માણસના દીકરાને પરાક્રમના જમણા હાથ પર બેઠેલો તથા આકાશના મેઘો પર આવતો તમે જોશો." (માથ્થી ૨૬:૬૪)***

જેઓએ ખ્રિસ્તને તેના અપમાનમાં તેની મજાક કરી તેઓ ત્યાં છે. રોમાંચક શક્તિથી તેઓના મનમાં આવે છે, પીડા સહન કરનારના શબ્દો, જ્યારે, મુખ્ય યાજક દ્વારા સમ ખાઈને કહેવાયું, તેણે ગૌરવપૂર્ણ રીતે જાહેર કર્યું: "હવે પછી તમે માણસના દીકરાને સામર્થના જમણા હાથે બિરાજમાન અને વાદળામાં આવતો જોશો." હવે તેઓએ તેને તેની મહિમામાં જોયો, અને હજુ તેમને તેણે સામર્થના જમણા હાથે બિરાજમાન હજુ જોવાનો છે.

જેઓએ તેના માણસના દીકરા તરીકેના દાવાની હંસી ઉડાવી હતું તે હાલ મૂંગા છે. ત્યાં ઘમંડી હેરોદ છે જેણે તેના રાજાશાહી શીર્ષક પર તેની મજાક ઉડાવી હતી અને તેણે મજાક કરતા સૈનિકોને તેને રાજાનો મુગટ પહેરાવવાનો હુકમ કર્યો. ત્યાં એ લોકો પણ છે જેઓએ તેમના પાપી હાથ વડે તેના પર જાંબુડીયો ઝભ્ભો પહેરાવ્યો હતો, તેના પવિત્ર મસ્તક પર કાંટાનો મુગટ પહેરાવ્યો હતો, અને તેના શાંત હાથોમાં રાજદંડ મુકવાની નકલ કરીને, તેની આગળ નિંદાત્મક ઉપહાસથી નમ્યા હતા. જે લોકોએ જીવનના રાજકુમારને મુક્કી મારી અને તેના પર થૂંક્યા, જેઓ હવે તેની વેધક દૃષ્ટિ તરફથી ફરી રહ્યા છે અને તેની ઉપસ્થિતિની અતિપ્રબળ માહિમાથી છટકી જવાની કોશિશ કરે છે. જેઓએ તેના હાથ અને પગમાં ખીલા માર્યા, જે સૈનિકે તેની કૂંખ વીંધી, તેઓ આ નિશાનોને ભય અને પસ્તાવાથી જુએ છે.

જેઓએ સત્યની અવગણના કરી તેઓના જીવનોમાં એવી ક્ષણો આવે છે કે તેઓનું અંતઃકરણ જાગે છે, જ્યારે સ્મૃતિઓ ઢોંગીના જીવનના ત્રાસની ઘટનાઓને પ્રસ્તુત કરે છે અને આત્મા વ્યર્થ દુઃખથી ત્રાસ પામે છે. પરંતુ પસ્તાવાના દિવસની સરખામણીએ આ શું છે, જ્યારે "સત્યાનાશ તરીકે ભય આવે છે," જ્યારે "વિનાશ

વંટોળીયા સમાન આવે છે!" નીતિવચન ૧:૨૭. જેઓએ ખ્રિસ્ત અને તેના વિશ્વાસુ લોકોનો નાશ કર્યો હશે, હવે તેઓ એ મહિમાની સાક્ષી થાય છે જે તેમની ઉપર છે. તેઓના ભય વચ્ચે તેઓ મોટે સાદે સંતોના અવાજો સાંભળે છે: "જુઓ, આ આપણો ઈશ્વર છે; આપણે તેની વાટ જોઈ, અને તે આપણને બચાવશે." યશાયા ૨૫:૯.

**(૧૫) જ્યારે ખ્રિસ્ત ન્યાયીલોકોને મૃત્યુમાંથી જીવનમાં બોલાવે છે ત્યારે કયો પોકાર સ્વર્ગને ભરી દેશે?**

***"અરે મરણ તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં?" (૧ કરિંથીઓને પત્ર ૧૫:૫૫)***

પૃથ્વીના ભ્રમણ વચ્ચે, એક વીજળીનો ચમકારો, અને વીજળીના કડાકાની ગર્જના, ઈશ્વરના પુત્રનો અવાજ ઊંઘેલા સંતોને આગળ બોલાવે છે. તે ન્યાયીઓની કબર પર જુએ છે, પછી સ્વર્ગ તરફ તેનો હાથ ઉઠાવે છે, તે પોકારે છે: "જાગો, જાગો, જાગો, તમે માટીમાં સુતેલાઓ અને ઉભા થાઓ!" પૃથ્વીની લંબાઈ, પહોળાઈ સર્વત્ર મુએલાઓ તે અવાજ સાંભળશે. અને આખી પૃથ્વી દરેક રાષ્ટ્રના, વંશના, જુભના અને લોકોના મોટા સૈન્યના પગના અવાજ થી ગુંજી ઉઠશે. મુએલાના બંદીઘરમાંથી તેઓ આવે છે, અવિનાશી મહિમાથી વેષ્ઠીત, પોકારે છે: "અરે મરણ, તારો ડંખ ક્યાં? અરે કબર, તારો જય ક્યાં?" અને જીવતા ન્યાયીઓ અને ઉઠેલા સંતો તેઓના જીતના આનંદિત પોકાર ના અવાજને એક કરે છે.

**(૧૬) ન્યાયીઓમાં કયો બદલાવ આવશે?**

***પણ છેલ્લું રણશિંગડું વાગતાં જ, એક ક્ષણમાં, આંખના પલકારામાં, આપણ સર્વનું રૂપાંતર થઈ જશે. કેમ કે રણશિગડું વાગશે, અને મૂએલાં અવિનાશી [થઈને] ઊઠશે, અને આપણું રૂપાંતર થશે. કેમ કે આ વિનાશીને અવિનાશીપણું ધારણ કરવું પડશે, અને આ મર્ત્યને અમરપણું ધારણ કરવું પડશે. (કરિંથીઓને પહેલો પત્ર ૧૫:૫૨-૫૩)***

તેઓ જેવા આકાર સાથે કબરમાં ગયા હતા તેવા જ આકાર સાથે તેઓની કબરોમાંથી બહાર આવે છે. આદમ, જે ઉઠેલા લોકોના ટોળા મધ્યે ઉભો છે, તે ગૌરવપૂર્ણ ઉંચાઈ અને જાજરમાન સ્વરૂપમાં છે, ઉચ્ચસ્થિતિએ પણ ઈશ્વર પુત્ર કરતા થોડા નીચા દરજ્જે. તે આગલી પેઢીના લોકોની ભિન્નતા સાથે એક ચિહ્નન રજૂ કરે છે; તેમાં જાતિની મહાન અધોગતિ દેખાડાય છે. પણ તમામ લોકો તાજગી અને અનંત જુવાનીના ઉત્સાહ સાથે ઉઠાડાય છે.

શરૂઆતમાં, માણસ ઈશ્વરના જેવો જ બનાવાયો હતો, ફક્ત ચરિત્રમાં જ નહીં, પરંતુ સ્વરૂપમાં અને લક્ષણમાં પણ. પાપે ઈશ્વરીય પ્રતિમામાં ખામી સર્જી અને લગભગ નાબૂદ કરી; પરંતુ ખ્રિસ્ત જે ખોવાયેલું હતું તેને શોધવા આવ્યો. તે આપણા ભ્રષ્ટ શરીરોને બદલી નાખશે અને તેના મહિમાવંત શરીર જેવો આકાર આપશે. મરણાધીન ભ્રષ્ટ સ્વરૂપ, ખૂબસૂરતી વિનાનું, એકવાર પાપથી પ્રદુષિત થયેલું, જે સંપૂર્ણ, સુંદર અને અવિનાશી બને છે. તમામ ખામીઓ અને વિકૃતિઓ કબરમાં છોડાય છે. ખોવાયેલ એદનવાડીમાં જીવનના વૃક્ષ માટે પુનઃસ્થાપિત કરાય છે. ઉદ્ધાર પામેલા “વધશે” (માલાખી ૪:૨) તેની પ્રાધાન્ય મહિમામાં જાતિના સંપૂર્ણ આકાર સુધી.

પાપના લાંબા સમયથી રહેલા લીસોટા દૂર થઈ જશે. અને ખ્રિસ્તના દરેક વિશ્વાસુ “આપણા દેવની સુંદરતામાં” દેખાશે. મન, આત્મા અને શરીરમાં તેઓના ઈશ્વરની સંપૂર્ણ પ્રતિમા પ્રતિબિંબિત થાય છે. અરે, અજાયબ વિમોચન! જેના વિશે લાંબા સમયથી વાતચીત, જેના માટે લાંબી આશા રખાઈ, આતુર અપેક્ષા સાથે ચિંતન કર્યું, પણ ક્યારેય સંપૂર્ણ સમજાયું નહીં.

**(૧૭) પસંદ કરાયેલા આ પરિવર્તન બાદ તરતજ ક્યાં જશે?**

***પછી આપણામાંનાં જેઓ જીવતાં રહેનારા છીએ, તેઓ ગગનમાં પ્રભુને મળવા માટે તેઓની સાથે વાદળોમાં તણાઈ જઈશું. અને અમે સદા પ્રભુની સાથે રહીશું.***

*(૧ થેસ્સાલોનિકીઓને પત્ર ૭:૧૭)*

જીવતા ન્યાયીઓ બદલાઈ ગયા છે “એક ક્ષણમાં, આંખના પલકારામાં.” ઈશ્વરના અવાજ પર તેઓ મહિમાવંત થયા; હવે તેઓ અવિનાશી થયા છે અને ઉઠેલા સંતો સાથે તેઓના ઈશ્વરને મળવા આકાશમાં નજરે પડ્યા છે. દૂતો “ચારે દિશાથી સ્વર્ગના એક છેડેથી બીજા છેડા સુધી તમામ પસંદ કરેલાઓને એકઠા કરે છે.” નાના બાળકો દૂતો દ્વારા તેમની માતાઓ પાસે લઈ જવાય છે. મોત દ્વારા એકબીજાથી જુદા થયેલા મિત્રો સંગઠિત થાય છે, ફરી કદી જુદા પડશે નહિ, આનંદના ગાયન સાથે ઈશ્વરના શહરે તરફ સાથેમળીને પ્રયાણ કરે છે.

**(૧૮) ખ્રિસ્ત આપણો ન્યાયી જજ તેના છોડાયેલા દરેક ને માટે શું બક્ષિસ રાખી મુકશે?**

***જ્યારે મુખ્ય ઘેટાંપાળક પ્રગટ થશે ત્યારે મહિમાનો કદી પણ કરમાઈ ન જનાર મુગટ તમને મળશે. (૧ પિતરનો પત્ર ૫:૪)***

ઈશ્વરના શહેરમાં પ્રવેશતાં પહેલા, ઉદ્ધારક તેના અનુયાયીઓ પર વિજયનું પ્રતીક અર્પણ કરે છે, અને તેઓનાં શાહી રાજ્યનું અધિકાર-ચિહ્નન તેઓને આપે છે. ચળકતા હોદ્દાઓ પવિત્ર વર્ગ સ્વરૂપે તેઓના રાજા આગળ લવાય છે જેનું સ્વરૂપ મહા ગૌરવમાં ઉભું થાય છે તેના સંતો અને દૂતોની ઉપર, જેનો ચહેરો સંપૂર્ણ માયાળુ પ્રેમથી તેઓના પર પ્રકાશે છે. સર્વત્ર છુટકારો પામલ લોકોના અગણિત યજમાનો , દરેક નજર તેના પર છે, દરેક આંખ તેની મહિમા જુએ છે “તેની મુખમુદ્રા કોઈ પણ મનુષ્ય કરતા અને તેનું સ્વરૂપ માણસોના દિકરાઓ કરતા ઉલ્લાસિત હતું.”

જીતેલા લોકોના મસ્તક પર, ઈસુ પોતે પોતાના જમણા હાથથી તેઓ પર મહિમાનો મુગટ મૂકે છે. દરેક માટે એક મુગટ છે, તે પહેરીને તેનું પોતાનું “નવું નામ” ધારણ કરે છે (પ્રકટીકરણ ૨:૧૭), અને શિલાલેખ, “ઈશ્વરને પવિત્ર.” દરેક હાથમાં વિજેતાની હથેળી અને ઝળહળતી વીણા રખાય છે. પછી, જેવોજ આદેશ આપતો દૂત સુર વગાડે છે, દરેક હાથ કલાત્મક સ્પર્શથી

વગાડે છે, ધનાઢ્ય મધુર પોકાર દ્વારા મીઠું સંગીત ઉત્પન્ન થાય છે. અવર્ણીય અત્યાનંદ  દરેક હ્રદયને રોમાંચીત કરે છે, અને દરેક અવાજ મહાન સ્તુતિમાં ઉઠે છે: "જેણે આપણા પર પ્રેમ રાખ્યો, અને પોતાના રક્ત વડે આપણને આપણાં પાપથી મુક્ત કર્યા, અને દેવ એટલે પોતાના પિતાને સારુ આપણને યાજકોનું રાજ્ય બનાવ્યું; તેને મહિમા તથા અધિકાર સદાસર્વકાળ સુધી હોજો." પ્રકટીકરણ ૧:૫,૬.

**(૧૯) ખ્રિસ્ત તેના છોડાયેલા લોકોને કેવું ઉલ્લાસી આમંત્રણ આપશે?**

***ત્યારે રાજા પોતાની જમણી તરફનાઓને કહેશે, 'મારા પિતાના આશીર્વાદિતો આવો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે માટે તૈયાર કરેલું છે તેનો વારસો લો; (માથ્થી ૨૫:૩૪)***

ખંડણીની જગ્યા આગળ પવિત્ર શહેર છે. ઈસુ મોતીવાળો દરવાજો ઉઘાડે છે, અને જે રાષ્ટ્રોએ સત્ય પકડી રાખ્યું હતું તેઓ તેમાં પ્રવેશે છે. ત્યાં તેઓ ઈશ્વરનું સ્વર્ગ જુએ છે, તેની નિર્દોષતા વખતનું આદમનું ઘર. ત્યારપછી તે અવાજ, વિનાશી કાનમાં આવેલ સંગીતના કરતાં પણ ધનિક, એમ કહેતા સંભળાય છે: "આવો, આ મારા પિતાના આશીર્વાદિત, તમારે સારુ જગતના નિર્માણ વખતે તૈયાર કરેલ રાજ્યનો વારસો પામો."

હવે ઉદ્ધારકની તેના શિષ્યો માટેની પ્રાર્થના પરિપૂર્ણ થાય છે: "જેઓને તે મને આપ્યા છે, હું જ્યાં છું ત્યાં તેઓ પણ રહેશે." "પોતાના ગૌરવની સમક્ષ તમને પરમાનંદસહિત નિર્દોષ રજૂ કરવા, સમર્થ છે" (યહુદાનો પત્ર ૧:૨૪), ખ્રિસ્ત તેના પિતા સમક્ષ તેના રક્તની ખરીદી રજૂ કરે છે, જાહેર કરીને: "હું અહીંયા છું અને જે બાળકો તે મને આપ્યા છે." "જેઓ તે મને આપ્યા છે મેં તેઓને સાંભળ્યા છે." અરે, ઉદ્ધારક પ્રેમની અજાયબી! જ્યારે અસીમ પિતા ખંડણી આપીને છોડાયેલા તરફ જુએ છે તે સમયનો અત્યાનંદ તેની પ્રતિમા દેખાડશે. પાપનો

વિખવાદ નાબૂદ કરાયો, તેના કરમાવતા કીટકો દૂર કરાયા, અને ફરીવાર માણસ તેના પવિત્ર ઈશ્વર સાથે સંગતમાં આવી ગયો!

અવર્ણીય પ્રેમ સાથે, ઈસુ ફરીવાર તેના વિશ્વાસુ લોકોનું તેઓના ઈશ્વરના આનંદમાં સ્વાગત કરે છે. ઉદ્ધારકને એ જોઈને આનંદ થાય છે કે તેની પીડા અને અપમાન દ્વારા બચાવાયેલા આત્મા મહિમાના રાજ્યમાં છે. અને જ્યારે તેઓ જુએ છે કે તેઓની પ્રાર્થના, મહેનત અને પ્રેમાળ બલિદાન દ્વારા, જીતાયેલા આશીર્વાદિત લોકો મધ્યે તેઓ છે, ત્યારે તેના છોડાયેલા લોકો તેના આનંદમાં ભાગીદાર થશે. જ્યારે તેઓ મહાન ચળકતા સિંહાસનની આસપાસ એકત્ર થાય છે, ત્યારે અવર્ણીય આનંદથી તેઓના હૃદય ભરાઈ જાય છે, જ્યારે તેઓ ખ્રિસ્તના માટે જીતેલાઓને જુએ છે અને એકે બીજાને મેળવ્યો છે અને બીજાએ ઘણા બધાને જુએ છે, ત્યારે બધા આશ્રયસ્થાનના આરામમાં લવાય છે, અને ત્યાં ઈસુના ચરણોમાં તેઓના મુગટ મૂકે છે અને અનંતકાળના અનંતચક્ર માં તેઓ તેની સ્તુતિ કરે છે.

**(૨૦) કયો વર્ગ તેમના ઉદ્ધારકને સારુ સ્તુતિનું અનોખું ગીત ગાવાનો વિશેષાધિકાર પ્રાપ્ત કરશે?**

***તેઓ રાજયાસનની આગળ અને ચાર પ્રાણીઓની તથા વડીલોની આગળ જાણે કે નવું કીર્તન ગાય છે. પૃથ્વી પરથી જે એક લાખ ચુમ્માળીસ હજારને ખરીદવામાં આવ્યા હતા, તેઓ વગર બીજું કોઈ એ કીર્તન શીખી શક્યું નહિ. (પ્રકટીકરણ ૧૪:૩)***

સ્ફટિક સમુદ્ર ઉપર સિંહાસનની સમક્ષ, તે કાચનો સમુદ્ર જાણે કે આગમાં ભળી ગયો હોય, —ઈશ્વરની મહિમા સાથે તે ખૂબ તેજસ્વી છે, —તેઓ ટુકડી એકત્ર કરે છે જેઓએ "શ્વાપદ પર તેની મૂર્તિ પર તેના નિશાન પર અને તેના નામના અંક પર વિજય મેળવ્યો છે." સિયોન પર્વત પર હલવાન સાથે, "ઈશ્વરની વીણા સાથે રાખીને" તેઓ ઉભા છે, તેઓની મધ્યે એક લાખ ચુમ્માલીસ હજાર તારણ પામેલા લોકો હતા; અને ત્યાં "વીણા વગાડનારનો વીણા વગાડતો" એ અવાજ જાણે

પુષ્કળ પાણી જેવો અને ભયાનક વીજળીના કડાકાની ગર્જના જેવો છે. અને તેઓ સિંહાસનની આગળ "એક નવું ગીત" ગાય છે, એક ગીત કે જેને કોઈ માણસ શીખી ન શકે જે એક લાખ  ચુમ્માલીસ હજારને બચાવે છે. તે મુસાનું અને હલવાનનું ગીત છે— છૂટકારાનું ગીત. બીજું કોઈજ નહિ પણ એક લાખ  ચુમ્માલીસ હજાર લોકો જ એ ગીત શીખી શકે છે; કેમ કે તે તેઓના અનુભવનું ગીત છે—એક એવો અનુભવ કે જે બીજા કોઈ સમુદાયને ક્યારેય થયો નહિ હોય." આ એ લોકો છે જેઓ હલવાન જ્યાં જાય ત્યાં તેની પાછળ પાછળ જાય છે. "તેઓને દેવને સારુ તથા હલવાનને સારુ પ્રથમફળ થવાને માણસોમાંથી ખરીદવામાં આવ્યા હતા." પ્રકટીકરણ ૧૫:૨,૩ ૧૪:૧-૫.

**(૨૧) આ સમુદાય છુટકારો પામેલા લોકોમાંથી શું ભેદ પાડે છે?**

***પછી તે વડીલોમાંના એકે મને પૂછ્યું, "જેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા છે તેઓ કોણ છે, અને કયાંથી આવ્યા છે?" તેને મેં કહ્યું, "મારા મુરબ્બી, તમે જાણો છો." તેણે મને કહ્યં, "જેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા તેઓ એ છે. તેઓએ પોતાનાં વસ્ત્ર ધોયાં, અને હલવાનના રક્તમાં ઊજળાં કર્યાં. (પ્રકટીકરણ ૭:૧૩-૧૪)***

***સ્ત્રીઓ [ના સંસર્ગ] થી જેઓ અપવિત્ર થયા નથી તેઓ એ છે, કેમ કે તેઓ કુંવારા છે. અને હલવાન જયાં જાય છે ત્યાં તેની પાછળ જે ચાલનારા છે તેઓ એ છે. તેઓને ઈશ્વરને માટે તથા હલવાનને માટે પ્રથમફળ થવાને માણસોમાંથી ખરીદવામાં આવ્યા હતા. (પ્રકટીકરણ ૧૪:૪)***

"આ એ લોકો છે કે જેઓ ભારે દુ:ખમાંથી બહાર આવ્યા હતા;" જ્યારથી રાજ્ય હતું ત્યારથી આવો ક્યારેય સંકટનો સમય નહોતો એવો સંકટનો સમય તેઓએ પસાર કર્યો; તેઓએ યાકુબના સંકટ સમયની વેદના સહન કરી છે; તેઓ ઈશ્વરના અંતિમ ન્યાયીચુકાદા સુધી એક મધ્યસ્થી

વગર ઉભા રહ્યા છે. પણ તેઓને છોડાવાયા છે, કેમ કે તેઓએ "તેમના ઝભ્ભા ધોયા છે, અને તેઓને હલવાનના લોહીમાં શ્વેત કરાયા છે." "તેઓના મુખમાં કંઈ કપટ મળ્યું નથી: કેમ કે તેઓ ઈશ્વર સમક્ષ દોષ વગરના છે." "માટે તેઓ દેવના રાજ્યાસનની આગળ છે, અને તેના મંદિરમાં રાતદહાડો તેની સેવા કરે છે; અને રાજ્યાસન પર જે બેઠેલો છે તે તેમના પર મંડપરૂપે રહેશે."

તેઓએ પૃથ્વી પર દુકાળ અને મહામારી અને લોકોને તાપથી શેકી નાખતા સૂરજને જોયા છે, તેઓએ પોતે પીડા, ભૂખ અને તરસ સહન કર્યા છે. "તેઓને ફરી ભૂખ લાગશે નહિ, અને ફરી તરસ પણ લાગશે નહિ; અને સૂર્યની ઝાળ અથવા કોઈ પ્રકારનો તાપ તેઓના ઉપર પડશે નહિ; કેમ કે રાજ્યાસનની મધ્યે જે હલવાન છે, તે તેઓનો પાળક થશે, અને જીવનના પાણીના ઝરાઓ પાસે તેઓને દોરી લઈ જશે; અને દેવ તેઓની આંખોમાંથી પ્રત્યેક આંસુ લોહી નાખશે." પ્રકટીકરણ ૭:૧૪-૧૭.

**(૨૨) આ વચનમાં દર્શાવેલ કયો સિદ્ધાંત છુટકારો પામેલાઓને તેઓની સાક્ષી આખી પૃથ્વીમાં વહેંચવાને સારુ પ્રોત્સાહિત કરશે?**

***જ્યારે તેઓની પાસે વાળી આપવાનું કંઈ નહોતું, ત્યારે તેણે બન્નેને માફ કર્યું. તો તેના પર તેઓમાંનો કોણ વિશેષ પ્રેમ રાખશે?" સિમોને ઉત્તર આપ્યો, "મને લાગે છે કે જેને તેણે વિશેષ માફ કર્યું તે." તેમણે કહ્યું, "તેં વાજબી નિર્ણય કર્યો." (લૂક ૭:૪૨-૪૩)***

તમામ યુગોમાં તારણહારના પસંદ કરાયેલાઓ કસોટીની નિશાળમાં શિક્ષણ પામ્યા છે અને શિસ્તબદ્ધ થયા છે. તેઓ પૃથ્વીમાં સાંકડા રસ્તે ચાલ્યા; તેઓ દુઃખની ભઠ્ઠીમાં શુદ્ધ થયા હતા. ઈસુની ખાતર તેઓએ વિરોધ, ઘૃણા અને નિંદા સહન કરી. સંઘર્ષના ઘા દરમ્યાન પણ તેઓએ તેને અનુસર્યો; તેઓએ સ્વ-ત્યાગ સહન કર્યો અને કડવી નિરાશાઓને અનુભવી. તેઓના પોતાના પીડાદાયક અનુભવ દ્વારા તેઓ દુષ્ટનું પાપ, તેની શક્તિ, તેનો

અપરાધ, તેનો અફસોસ શીખ્યા; અને તેઓ તેના પર ધૃણાથી જુએ છે. એક સંવેદનાના ઈલાજ માટે અનંત બલિદાન કરાયું, જે તેઓને પોતાની દૃષ્ટિમાં નમ્ર કરે છે અને તેઓના હૃદય ને કૃતજ્ઞતા અને સ્તુતિથી ભરે છે જેઓ કદી પદચ્યુત નથી થયા તેઓ તેની કદર કરી શકે નહીં. તેઓ વધુ પ્રેમ કરે છે કેમ કે તેઓ ઘણીવાર માફ કરાયા છે. ખ્રિસ્તની વેદનાના સહભાગી થયા બાદ, તેઓ તેની મહિમાના સહભાગી થવા યોગ્ય બને છે.

**(૨૩) ન્યાયીઓ પાસેથી કયો ઠપકો દૂર કરાશે?**

***પ્રભુએ સદાને માટે મરણ રદ કર્યું છે; અને પ્રભુ યહોવા સર્વનાં મુખ પરથી આંસુ લૂછી નાખશે; અને આખી પૃથ્વી પરથી તે પોતાના લોકોનું મહેણું દૂર કરશે:કેમ કે યહોવાનું વચન એવું છે. (યશાયા ૨૫:૮)***

ઈશ્વરનો વારસો ઘરની મેડીમાંથી, ઝૂંપડીમાંથી, અંધાર કોટડીમાંથી, ફાંસીના માંચડેથી, પર્વતોમાંથી, રાનમાંથી, પૃથ્વીની ગુફાઓમાંથી, સમુદ્રના કોતરમાંથી આવ્યો છે, પૃથ્વી પર તેઓ "નિરાધાર, દુઃખી, પીડિત" હતા. લાખો લોકો અપકીર્તિ સાથે કબરમાં જતા રહ્યા કેમ કે તેઓએ અડગ રીતે શેતાનના કપટી દાવાઓ ઉપજાવવાની મના કરી. માનવીય ન્યાયપંચ દ્વારા તેઓ અત્યંત અપ્રિય ગુનેગારો તરીકે ન્યાયનિર્ણીત થયા. પણ હાલ "ઈશ્વર પોતે ન્યાયાધીશ છે." ગી.શા.૫૦:૬. હવે પૃથ્વીના નિર્ણયો ઊલટા થયા છે. "તે પોતાનાં લોકોનું મહેણું દૂર કરશે." યશાયા ૨૫:૮. "તેઓ તેમને પવિત્ર લોક,

યહોવાના ઉદ્ધાર પામેલા લોક કહેશે." "રાખને બદલે મુગટ, શોકને બદલે હર્ષનું તેલ, ખિન્ન આત્માને બદલે સ્તુતિરૂપ વસ્ત્ર આપવા સારુ તેણે નિમાણંક કરી છે." યશાયા ૬૨:૧૨; ૬૧:૩. તેઓ હવે કમજોર, દુઃખી, વિખરાયેલાં, અને પીડિત નથી. દુન્યવી રાજાએ ક્યારેય માથે પહેરેલા મુગટ કરતા પણ મહિમાવંત રાજામુગટ તેઓએ પહેર્યા છે. દુઃખના અને આંસુના દિવસો હવે હમેંશાને માટે ખતમ થઈ ગયા છે. મહિમાના રાજાએ દરેક

ચહેરા પરથી આંસુ લૂછી નાખ્યા છે; શોકનું દરેક કારણ દૂર કરાયું છે.

ખજૂરીની ડાળીઓના હલનચલન વચ્ચે તેઓએ સ્તુતિનું નિર્મળ, મધુર અને નિરૂપદ્રવી ગીત ગાયું; જ્યાં સુધી એ ગીત સ્વર્ગના ખજાના સુધી ન પહોંચે ત્યાં સુધી દરેક મોટે સાદે પોકારે છે: "અમારો દેવ, જે રાજ્યાસન પર બેઠેલો છે, તેને તથા હલવાનને તારણને માટે ધન્યવાદ હોજો." અને સ્વર્ગના તમામ લોકોએ ઈશ્વરની આરાધના કરીને કહ્યું કે: "આમીન; અમારા દેવને ધન્યવાદ તથા મહિમા તથા જ્ઞાન તથા આભારસ્તુતિ તથા માન તથા પરાક્રમ તથા સામર્થ્ય સદાસર્વકાળ હો." પ્રકટીકરણ ૭:૧૦,૧૨.

**(૨૪) બાઈબલ કેવી રીતે ઉદ્ધારની યોજના વર્ણવે છે?**

***બેશક સતધર્મનો મર્મ મોટો છે. તે મનુષ્યસ્વરૂપમાં પ્રગટ થયા, આત્મામાં ન્યાયી ઠરાવાયા, દૂતોના જોવામાં આવ્યા, તેમની વાત વિદેશીઓમાં પ્રગટ થઈ, તેમના પર જગતમાં વિશ્વાસ કરવામાં આવ્યો, અને તેમને મહિમામાં ઉપર લેવામાં આવ્યા. (૧ તિમોથીને પત્ર ૩:૧૬)***

આ જીવનમાં આપણે ઉદ્ધારના વિષયને સમજવાનું માત્ર શરૂ કરી શકીએ છીએ. આપણી મર્યાદિત સમજથી આપણે કદાચ શરમ અને મહિમા, મૃત્યુ અને જીવન, ન્યાય અને દયાને જે વધસ્તંભ પર મળ્યા ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ શકીએ; તેમ છતાં આપણી માનસિક શક્તિને ખૂબ લંબાવીને પણ આપણે તેના મહત્વને સમજવામાં નિષ્ફળ જઈએ છીએ.

ઉદ્ધારના પ્રેમની લંબાઈ અને પહોળાઈ, ઉંચાઈ અને ઊંડાઈ અસ્પષ્ટપણે સમજાય છે. ઉદ્ધારની યોજના સંપૂર્ણપણે સમજાશે નહિ, ખંડણી આપીને છોડાયેલાઓ પણ જેમ તેઓને જોવાયા તેમ જુએ અને જેમ તેઓને જણાયા તેમ જાણે તો પણ સમજાય નહિ; પણ અનંતયુગથી નવું સત્ય સતત આશ્ચર્ય અને ઉલ્લાસિત મનને પ્રગટ થશે. જોકે પૃથ્વીના શોક, પીડા અને પરીક્ષણ ખતમ થઈ ગયા અને કારણો દૂર થયા હોવા છતાં,

ઈશ્વરના લોકોને તેઓના ઉદ્‌ધારની કિંમતનું ભિન્ન, બુદ્‌ધિશાળી જ્ઞાન સદાય રહેશે.

**(૨૫) ઉદ્‌ધાર પામેલાઓના ભૂતકાળ, ભવિષ્ય અને વર્તમાનના વિદ્યા અને ગીત શું છે?**

***તમે સર્વ સંતોની સાથે [ખ્રિસ્તના પ્રેમની] પહોળાઈ, લંબાઈ, ઊંચાઈ, તથા ઊંડાઈ કેટલી છે તે સમજી શકો, અને ખ્રિસ્તનો પ્રેમ જે માણસની સમજશક્તિની બહાર છે, તે તમે સમજી શકો કે, તમે ઈશ્વરની સર્વ સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થાઓ. (એફેસીઓને પત્ર ૩:૧૮-૧૯)***

ખ્રિસ્તનો વધસ્તંભ ઉદ્‌ધાર પામેલાઓની અનંતકાળની વિદ્યા અને ગીત છે. ખ્રિસ્તના મહિમામાં તેઓ ખ્રિસ્તને વધસ્તંભે જડેલો જુએ છે. તે ક્યારેય ભુલાશે નહિ કે જેની શક્તિએ અંતરીક્ષની વિશાળ જગ્યામાં સંખ્યાબંધ દુનિયાઓને ધરી રાખી, ઈશ્વરનો પ્રિય, સ્વર્ગનું ગૌરવ, જેની સ્તુતિ કરવામાં કરૂબ અને ઝળહળતો સીરાફ આનંદ માને છે-પતિત માણસને ઉભા કરવામાં પોતાને નમ્ર કરે છે; કે અપરાધ અને પાપની શરમ અને તેના પિતાનું મુખ તેના સંતાડાયું અને જ્યાં સુધી ખોવાયેલી દુનિયાના શાપે તેનું દિલ તોડી ન નાખ્યું અને કલવરીના વધસ્તંભ પર તેનું જીવન ન કચડી નંખાયું ત્યાં સુધી તેણે એ બધું સહન કર્યું. આખી દુનિયાનો બનાવનાર, તમામ નિયતિના મધ્યસ્થે તેની મહિમા બાજુએ મૂકી અને માણસને પ્રેમ કરવામાં પોતે અપમાનિત થયો જે બાબત સમગ્ર દુનિયાના આશ્ચર્ય અને ભક્તિને સદાય ઉત્તેજિત કરશે. ઉદ્‌ધાર પામેલાઓના રાષ્ટ્રો જ્યારે તેમના ઉદ્‌ધારક તરફ જુએ છે અને પિતાનો અનંત મહિમા તેના ચહેરા પર ચમકતા જુએ છે; જ્યારે તેઓ તેના સિંહાસનને જુએ છે જે હંમેશા ને હંમેશાથી છે અને જ્યારે તેઓ જાણે છે કે તેના રાજ્યનો ક્યારેય અંત આવશે નહિ, ત્યારે તેઓ ઉલ્લાસિત ગીત ગાતા આગળ આવે છે: “યોગ્ય, યોગ્ય છે એ હલવાન જે વીંધાયો, અને તેના કિંમતી રક્ત વડે આપણને ઈશ્વર પાસે છોડાવ્યા!”

વધસ્તંભનું રહસ્ય બીજા તમામ રહસ્યોને ખુલ્લા કરે છે. કલવરીથી વહેતા એ પ્રકાશમાં ઈશ્વરના લક્ષણો કે

જેણે આપણ ને આદરયુક્ત ભય અને ધાકથી ભર્યા હતા, જે સુંદર અને આકર્ષિત દેખાય છે. દયા, મૃદુતા અને વાલી પ્રેમ જે પવિત્રતા, ન્યાય અને સામર્થ્યથી મિશ્રિત થયેલા દેખાય છે. જ્યારે આપણે તેના સિંહાસનનું ગૌરવ ઉચ્ચ અને ઊંચું ઉઠેલું જોઈએ, ત્યારે આપણે તેની કૃપાળુ અભિવ્યક્તિઓમાં તેનું ચરિત્ર જોઈએ છીએ અને જેમ પહેલા કદી નહિ તે રીતે મનથી તે પ્રિય શીર્ષક "આપણા પિતા" નું મહત્વ સમજીએ છીએ.

તે જોવા મળશે કે જે જ્ઞાનમાં અસીમ છે તે તેના પુત્રના બલિદાન સિવાય બીજી કોઈ યોજના આપણા ઉદ્ધારને સારુ ઘડી ન શક્યો. આ બલિદાનનો બદલો ખંડણી દ્વારા પવિત્ર, ખુશ અને અવિનાશી લોકોથી પૃથ્વીને વસાવવાનો આનંદ છે. અંધકારની સત્તા સાથે ઉદ્ધારકના સંઘર્ષનું પરિણામ ઉદ્ધાર પામેલાને આનંદ, અને અનંતકાળમાં સર્વત્ર ઈશ્વરનો છલકાતો મહિમા છે. અને આત્માની આવી કિંમત છે કે પિતા ચૂકવેલ કિંમતથી સંતુષ્ટ છે; અને ખ્રિસ્ત પોતે પણ, તેના બલિદાનનું ફળ જોઈને સંતુષ્ટ થાય છે.

***હું તે મહાન દિવસની તરફ જોઈ રહ્યો છું જ્યારે આ પૃથ્વીની દુષ્ટતાથી અને ભયાનક સમય જે આપણી આગળ છે તેનાથી પોતાના લોકોને છોડાવવા ખ્રિસ્ત સ્વર્ગના વાદળોમાં આવે છે.***

***વર્તુળ: હા અનિશ્ચિત***

***ખ્રિસ્તના ઉલ્લાસી આમંત્રણને સ્વીકારવા સારુ હું મહાન અપેક્ષા સાથે આગળ જોઉં છું, " આવો, ઓ મારા પિતાના આશીર્વાદિતો, જે રાજ્ય જગતનો પાયો નાખ્યા અગાઉ તમારે સારુ તૈયાર કરેલું છે તેનો વારસો લો."***

***વર્તુળ: હા અનિશ્ચિત***



## પાઠ ૧૨

## પૃથ્વીની તારાજી

**(૧)જેઓ અજાણતાં બાબીલોનના જુઠ્ઠા ઉપદેશોને અનુસરે છે તેઓને સ્વર્ગ કયો દયાનો સંદેશ જાહેર કરે છે?**

***પછી આકાશમાંથી મેં બીજી એક વાણી બોલતી સાંભળી, "ઓ મારા લોકો, તમે તેનાં પાપના ભાગીદાર ન થાઓ,***

*અને તેના પર આવનારા અનર્થોમાંનો કોઈ પણ તમારા પર ન આવે, માટે તેમાંથી નીકળી જાઓ. (પ્રકટીકરણ ૧૮:૪)*

**(૨) બાબીલોન પર અને તેના શિક્ષણોને વળગી રહેનારાઓ પર કયો ન્યાયચુકાદો આવી પડશે?**

*એ માટે એક જ દિવસમાં તેના પર અનર્થો, એટલે મરણ તથા રુદન તથા દુકાળ આવશે. અને તેને અગ્નિથી બાળી નાખવામાં આવશે, કેમ કે તેનો ન્યાય કરનાર પ્રભુ ઈશ્વર સમર્થ છે. (પ્રકટીકરણ ૧૮:૮)*

ઈશ્વરનો ક્રોધ ઉતરવાના દિવસોમાં બાબીલોનનો આવો ન્યાયચુકાદો થાય છે, તે તેના અન્યાયના માપથઈ ભરાઈ ચૂક્યું છે; તેનો સમય આવી ગયો છે; તે વિનાશને સારુ પાકી ગયું છે. જ્યારે ઈશ્વરનો અવાજ તેના લોકોનો બંદીવાસ ફેરવી નાખે છે, ત્યારે જેઓએ જીવનના મહાન સંઘર્ષમાં બધું ગુમાવી દીધું છે તેઓનું ઉત્થાન ભયાનક છે. જ્યારે અજમાયશ ચાલુ રખાઈ, તેઓ શેતાનની છેતરપિંડીથી આંધળા થયા હતા, અને તેઓએ તેમના પાપના કાર્યને યોગ્ય ઠરાવ્યું. જેઓ ઓછી તરફેણના હતા તેઓ પરની શ્રેષ્ઠતાને લીધે ધનવાનો ગર્વિષ્ઠ થયા; પણ તેઓએ ઈશ્વરના નિયમનું ઉલ્લંઘન કરીને પોતાની ધનદોલત મેળવી હતી.

**(૩) જેઓ નાશ પામે છે તેઓએ કયા મૂળ સિદ્ધાંતનું ઈરાદાપૂર્વક ઉલ્લંઘન કર્યું છે?**

*હું પારકો હતો, પણ તમે મને પરોણો રાખ્યો નહિ, નગ્ન હતો, પણ તમે મને વસ્ત્ર પહેરાવ્યાં નહિ, માંદો તથા કેદમાં હતો, પણ તમે મારી ખબર લીધી નહિ.' ત્યારે તેઓ પણ તેમને કહેશે, 'પ્રભુ, ક્યારે અમે તમને ભૂખ્યા કે, તરસ્યા કે, પારકા કે, નગ્ન કે, માંદા કે, કેદમાં જોઈને તમારી સેવા નહિ કરી?' ત્યારે તે તેઓને કહેશે, હું તમને ખચીત કહું છું કે, આ બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું નહિ, એટલે તે મને કર્યું નહિ.' (માથ્થી ૨૫:૪૩-૪૫)*

તેઓએ ભુખ્યાને ખવડાવવાનું, નાગાઓને કપડાં પહેરાવવાનું, ન્યાયીપૂર્ણ વ્યવહાર કરવાનું, દયાપૂર્વક પ્રેમ રાખવાનું અવગણ્યું હતું. તેઓએ પોતાને ઊંચા કરવાનું શોધ્યું, અને તેઓએ તેઓના સાથી સજીવોની તરફથી આદર-સન્માન મેળવવાનું શોધ્યું. જે બાબતે તેઓને મહાન બનાવ્યા હતા તે હવે તેઓની પાસેથી છીનવી લેવાય છે અને તેઓ નિરાધાર અને અસમર્થ થઈ જાય છે. તેઓ મૂર્તિઓના નાશ પર ત્રાસદાયક રીતે જુએ છે જે મૂર્તિઓને તેઓએ તેના બનાવનાર આગળ પોતાની પસંદગીથી બનાવડાવી હતી. તેઓએ દુન્યવી સંપત્તિ અને મોજશોખ માટે પોતાની જાત વેચી નાખી છે, અને ઈશ્વરની સમક્ષ શ્રીમંત થવાનું શોધ્યું નહિ. પરિણામ એ છે, તેઓનું જીવન નકામું છે, તેઓનો આનંદ ત્રાસમાં બદલાઈ ગયો, તેઓનો ખજાનો ભ્રષ્ટતામાં બદલાઈ ગયો. જીવનભરની કમાણી પળવારમાં સાફ થઈ ગઈ. શ્રીમંતોએ તેઓના ભવ્ય મકાનોના વિનાશ પર અને સોના ચાંદીના વેરવિખેર પર શોક કર્યો. પણ તેઓની વિલાપ એ ડરના કારણે શાંત છે કે તેઓને પણ તેઓની મૂર્તિ સાથે નાશ થવુ પડશે.

**(૪) જ્યારે દુષ્ટો ખરેખર પસ્તાવો કરે છે ત્યારે કયો બદલાવ આવે છે?**

***ત્યારે જો મરા લોક, જેઓ મારા નામથી ઓળખાય છે, તેઓ નમી જશે ને પ્રાર્થના કરીને મારું મુખ શોધશે ને પોતાના દુષ્ટ માર્ગોથી ફરશે; તો હું આકાશમાંથી તે સાંભળીને તેઓના પાપ માફ કરીશ, ને તેઓના દેશને સાજો કરીશ. (૨ કાળવૃત્તાંત ૭:૧૪)***

દુષ્ટો ખેદથી ભરપૂર છે, તેઓની ઈશ્વરની અને તેના લોકોની અવગણના ના લીધે નહિ, પરંતુ ઈશ્વર જીત્યા છે એટલા માટે. પરિણામ જે છે તેના લીધે તેઓ વિલાપ કરે છે; પરંતુ તેઓ તેમની દુષ્ટતા બદલ પશ્ચાતાપ કરતા નથી.તેઓ જીતી શકે તો એ માટે કોઈ પ્રયાસ બાકી રાખશે નહિ.

**(૫) વિશ્વાસુઓને કયો વાયદો પરિપૂર્ણ કરાય છે?**

***કેમ કે તે પારધીના પાશથી અને નાશકારક મરકીથી તને બચાવશે. તે પોતાનાં પીછાંથી તને ઢાંકશે, અને તેમની***

*પાંખો નીચે તને આશ્રય મળશે; તેમની સત્યતા ઢાલ તથા બખ્તર છે. (ગીતશાસ્ત્ર ૯૧:૩-૪)*

જગત એ લોકોને જુએ છે જેમની તેઓએ મજાક કરી, હાંસી ઉડાવી અને જડમૂળથી ઉખેડી નાખવાની ઈચ્છા રાખી, તેઓ રોગચાળો, વાવાઝોડું, ભૂકંપ સુધી સલામત પસાર થાય છે. તે તેના નિયમના ઉલ્લંઘન કરનારો માટે ભસ્મ કરનાર અગ્નિ, અને તેના લોકો માટે સલામત મંડપ છે.

**(૬) આત્મિક આગેવાનો કે જેઓ સત્યની અવગણના કરી અને તેમના ટોળાને ગેરમાર્ગે દોરી ગયા તેઓ પર કયો ન્યાયચુકાદો જાહેર થશે?**

***"જે પાળકો મારા બીડનાં ઘેટાંનો નાશ કરે છે, તથા તેઓને વિખેરી નાખે છે, તેઓને હાય હાય! એવું યહોવા કહે છે, તે માટે જે પાળકો મારા લોકનું પાલન કરે છે, તેઓ વિષે યહોવા, ઈઝરાયલના ઈશ્વર કહે છે કે, તમે મારું ટોળું વિખેરી નાખ્યું છે, ને હાંકી કાઢયું છે, અને તેઓની સંભાળ લીધી નથી. જુઓ, હું તમારાં દુષ્કર્મોનલે લીધે તમને જોઈ લઈશ, એમ યહોવા કહે છે. (યર્મિયા ૨૩:૧-૨)***

જે સેવકોએ લોકોની તરફેણ બદલ સત્યનું બલિદાન કર્યું છે, તેઓ હાલ તેના શિક્ષણના ચરિત્ર અને પ્રભાવ વિશે વિચાર કરે છે. તે સ્પષ્ટ છે કે સર્વજ્ઞ આંખ જ્યારે તે મેજ પર ઉભો હતો ત્યારે તેને જોતી હતી, જ્યારે તે શેરીઓમાં ચાલતો ત્યારે તેને જોતી હતી અને જ્યારે જીવનના વિવિધ દ્રશ્યોમાં લોકો સાથે ભળી ગયો ત્યારે તેને જોતી હતી. આત્માની દરેક લાગણી, લખાયેલી દરેક પંક્તિ, બોલાયેલા દરેક શબ્દો, દરેક કૃત્ય કે જે માણસને કપટના આશ્રયમાં રાખવા દોરી ગયું, જેણે બીજ ને વિરવિખેર કર્યા છે; અને હવે, કંગાળ અવસ્થામાં, તેની આસપાસ ખોવાયેલ આત્મા, તે ફસલને જુએ છે.

**(૭) આ અવિશ્વાસુ આગેવાનો શું સ્વીકારમાં નિષ્ફળ ગયા છે?**

*તમારું વચન અથથી તે ઈતિ સુધી સત્ય છે; તમારાં સર્વ ન્યાયવચનો સદાકાળ [ટકનારાં છે]. શીન (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૬૦)*

*તમારું ન્યાયીપણું તો અનંતકાળ ટકનારું ન્યાયીપણું છે, અને તમારો નિયમ સત્ય છે. (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૪૨)*

સેવકો અને લોકો જુએ છે કે તેઓએ ઈશ્વર સાથેના ખરા સંબંધને જાળવ્યો નથી. તેઓ જુએ છે કે તેઓએ ન્યાયી અને ધાર્મિક નિયમના લેખકની વિરુદ્ધ બળવો કર્યો છે. જ્યાં સુધી પૃથ્વી ઝઘડાનું વિશાળ ક્ષેત્ર, ભ્રષ્ટાચારની મોટી ખાઈ ના બની ત્યાં સુધી, ઈશ્વરીય ઉપદેશોને બાજુએ રાખવાની બાબતે દુષ્ટતા, વિખવાદ, ધિક્કાર અને અન્યાયના હજારો ઝરણાઓને ઉભા કર્યા છે. આ એક દૃશ્ય છે જે જેઓએ સત્ય ની અવગણના કરી અને ભૂલને વળગી રહેવાનું પસંદ કર્યું તેઓને નજરે આવ્યું છે. કોઈ ભાષા એ ઝંખનાને વ્યક્ત ન કરી શકે જેને આજ્ઞા ન પાળનાર અને નિષ્ઠાહીન લોકો અનુભવે છે અને એટલા માટે તેઓએ અનંતજીવનને હંમેશાને માટે ખોઈ નાખ્યું છે. એ લોકો કે જેઓની પ્રતિભા અને વાકછટા બદલ જગતે તેઓની આરાધના કરી છે, તેઓ હવે આ બાબતોને તેઓના સાચા પ્રકાશમાં જુએ છે. તેઓને ભાન થાય છે કે તેઓએ અપરાધ દ્વારા શું અમાન્ય ઠરાવ્યું છે, અને જેઓની વફાદારીને તેઓએ ધિક્કારી અને ઠેકડી ઉડાવી તે લોકોના પગે તેઓ પડે છે, અને સ્વીકારે છે કે ઈશ્વરે તેઓને પ્રેમ કર્યો છે.

**(૮) ખોવાયેલા લોકોને જેઓએ દગો આપ્યો તેઓ પ્રત્યે તેઓ કેવી પ્રતિક્રિયા આપશે?**

***તે દિવસે યહોવા તરફથી તેઓમાં મોટો ગભરાટ થઈ રહેશે. તેઓ એકબીજાના હાથ પકડશે, ને દરેક માણસન હાથ પોતાના પડોશીના હાથ સામે ઉઠાવવામાં આવશે. (ઝખાર્યા ૧૪:૧૩)***

લોકો જુએ છે કે તેઓ ભ્રમિત કરાયા છે. તેમને નાશ તરફ લઈ જવાના કારણરૂપે એકબીજા પર આરોપ લગાવે છે; પણ સેવકો પરની કડવી નિંદા નો ઢગલો

કરવામાં બધા સંગઠિત હોય છે. અવિશ્વાસુ પાદરીઓએ સુંવાળી બાબતો વિશેની ભવિષ્યવાણી કરી છે; તેઓ તેમના શ્રોતાઓને ઈશ્વરના નિયમને રદ્દબાતલ કરવા અને જેઓ તેને પવિત્ર માને તેઓની સતાવણી કરવા તરફ દોરી ગયા છે. હવે, તેઓની નિરાશામાં, આ ઉપદેશકો જગત સમક્ષ તેઓની છેતરપિંડીના કૃત્યો કબૂલે છે. લોકો પ્રકોપથી ભરાઈ જાય છે. "અમે ખોવાઈ ગયા!" તેઓ રડે છે, "અને તમે અમારા વિનાશનું કારણ છો;" અને તેઓ જુઠ્ઠા ઘેટાંપાળકો તરફ ફરે છે.

દરેક જેણે એકવાર તેઓની પ્રશંશા કરી હતી, તેઓ તેમના પર ધૃણાજનક શ્રાપો ઉચ્ચારશે. દરેક હાથ જેણે તેઓને ખ્યાતિ સહિત મુગટ પહેરાવ્યો હતો, તેઓ તેમના વિનાશને સારુ ઉઠશે. જે તલવાર ઈશ્વરના લોકોનો વધ કરવાની હતી તે હવે તેમના શત્રુને નાશ કરવા કાર્યરત છે. બધીબાજુ ઝગડો અને રક્તપાત છે.

**(૯) અજમાયશ સમાપ્ત થયા બાદ ખ્રિસ્ત અને શેતાન વચ્ચેનો વિવાદ કોનો સમાવેશ કરવા બદલ લંબાવાય છે?**

***પૃથ્વીના સર્વ છેડા સુધી ઘોંઘાટ પહોંચશે; કેમ કે વિદેશીઓની સાથે યહોવા વિવાદ કરે છે, તે સર્વ મનુષ્યજાતિનો ન્યાય કરશે; જે દુષ્ટ છે તેઓને તે તરવારને સ્વાધીન કરશે," એવુ યહોવા કહે છે. (યર્મિયા ૨૫:૩૧)***

છ હજાર વર્ષથી મહાન વિવાદ ચાલુ છે; માણસોના બાળકોને ચેતવવા, વાકેફ કરવા અને બચાવવવાને સારુ, ઈશ્વરનો પુત્ર અને તેના સ્વર્ગીય સંદેશવાહકો દુષ્ટની શક્તિ સાથેના સંઘર્ષમાં છે. હવે તમામે પોતાના નિર્ણયો લઈ લીધા છે; દુષ્ટો શેતાનના ઈશ્વર વિરુદ્ધ ના યુદ્ધમાં  તેની સાથે સંપૂર્ણપણે એક થયા છે. હવે સમય આવી ગયો છે કે ઈશ્વર તેના દબાયેલા કચડાયેલા નિયમને અધિકારનું સમર્થન આપે. હવે વિવાદ ફક્ત શેતાન સાથે જ નથી પરંતુ લોકો સાથે પણ. "રાષ્ટ્ર સાથે ઈશ્વરને વિવાદ છે;" "દુષ્ટોને ટ્રિવ તલવારને સોંપશે.

**(૧૦) જ્યારે દુષ્ટો ખ્રિસ્તને વાદળામાં આવતો જુએ છે ત્યારે તેઓને શું થશે?**

***ત્યાર પછી તે અધર્મી પ્રગટ થશે. પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે. (૨ થેસ્સાલોનિકીઓને પત્ર ૨:૮)***

***તેઓ પહાડોને તથા ખડકોને કહે છે, “અમારા પર પડો, અને રાજ્યાસન પર બેઠેલાની નજર આગળથી તથા હલવાનના કોપથી અમને સંતાડો. કેમ કે તેઓના કોપનો મોટો દિવસ આવ્યો છે; અને કોનાથી ઊભું રહેવાય?” (પ્રકટીકરણ ૬:૧૬-૧૭)***

ખ્રિસ્તના આગમન આખી પૃથ્વીના મ્હોં સમક્ષ દુષ્ટોના ચહેરા પર ડાઘ લાગે છે-તેના મુખના આત્માથી ભસ્મ થાય છે, અને તેના મહિમાના પ્રકાશથી નાશ પામે છે. ખ્રિસ્ત તેના લોકોને ઈશ્વરના શહેરમાં લઈ જાય છે. અને પૃથ્વી તેના રહેવાસીઓ વગર ખાલી થઈ જાય છે. “જુઓ, યહોવા પૃથ્વીને ખાલી કરીને તેને ઉજ્જડ કરે છે, ને તેને ઉઠલાવીને તેના રહેવાસીઓને વેરણખેરણ કરી નાખે છે.” “પૃથ્વી ખાલી કરાશે, ને લૂંટાશે જ લૂંટાશે; કેમ કે યહોવા એ વચન બોલ્યા છે.” યશાયા ૨૪:૧,૩.

**(૧૧) દુષ્ટોના વિનાશનું મૂળભૂત કારણ શું છે?**

***સૂકી જગામાંના તેડકાની જેમ તમે પરદેશીઓનો ગર્વ નરમ પાડશો. જેમ વાદળાની છાયાથી તડકો [ઓછો લાગે છે] તેમ જુલમીઓનું ગાયન મંદ કરવામાં આવશે. વળી સૈન્યોના ઈશ્વર યહોવા સર્વ લોકોને આ પર્વત પર મિષ્ટાન્નની, જૂના દ્રાક્ષારસની, મેદથી ભરેલા મિષ્ટાન્નની, અને નિતારેલા જૂના દ્રાક્ષારસની મિજબાની આપશે. (યશાયા ૨૫:૫-૬)***

“. . . . . . તેથી શાપે પૃથ્વીને ઉથલાવી નાખી છે, અને જેઓ તેમાં રહે છે તે ઉજ્જડ થાય છે: તેથી પૃથ્વી પરના રહેવાસીઓ બાળી મુકાય છે.” [સદાયનો કરાર જુઓ નિર્ગમન ૩૧:૧૬,૧૭; ૨૦:૮, ૧૧ હઝકીયેલ ૨૦:૧૨; યશાયા ૬૬:૨૨,૨૩].

**(૧૨) ઈશ્વરના આગમનની કઈ પ્રત્યક્ષ અસર પૃથ્વી પર પડશે?**

*પણ જેમ ચોર આવે છે, તેમ પ્રભુનો દિવસ આવશે. તે સમયે આકાશો મોટી ગર્જનાસહિત જતાં રહેશે, ને તત્ત્વો અગ્નિથી પીગળી જશે, અને પૃથ્વીને તથા તે પરનાં કામોને બાળી નાખવામાં આવશે. (૨ પિતરનો પત્ર ૩:૧૦)*

આખી પૃથ્વી સુમસામ રાન જેવી દેખાય છે. ભૂકંપ દ્વારા શહેરોનો અને ગામોનો વિનાશ થયો, વૃક્ષો ઉખેડી ફેંકાયા, સમુદ્ર દ્વારા ખડકો બહાર ફેંકાયા કે તેઓ જાતેજ પૃથ્વી બહાર ફાટી ગયા, જેઓ પૃથ્વી પર વેરવિખેર થઈ ગયા છ, જ્યારે વિશાળ ગુફાઓ સ્થળ પર નિશાન કરે છે, જ્યાં પર્વતો તેમના નિર્માણ વખતથી ભાડે રખાયા હતા.

**(૧૩) ખ્રિસ્તના બીજા આગમન પછીનું શેતાનનું ભાગ્ય શું હશે?**

***તેણે પેલા અજગરને, એટલે ઘરડો સર્પ, જે દોષ મૂકનાર તથા શેતાન છે, તેને પકડયો, અને હજાર વર્ષ સુધી તેને બાંધી રાખ્યો. તેણે તેને ઊંડાણમાં નાખી દઈને તેને બંધ કર્યું, અને તે પર મુદ્રા કરી, જેથી હજાર વર્ષ પૂરાં થતાં સુધી તે ફરી લોકોને ભુલાવે નહિ. ત્યાર પછી થોડીવાર સુધી તેને છૂટો કરવો પડશે. (પ્રકટીકરણ ૨૦:૨-૩)***

પૂર્વનિર્ધારીત પ્રાયશ્ચિત ના દિવસની છેલ્લી ગૌરવપૂર્ણ વિધિ થાય છે. જ્યારે પવિત્રોના પવિત્રની સેવા પૂર્ણ થાય છે, પાપાર્થાર્પણ ના લોહીના સદગુણ દ્વારા ઈઝરાયેલનું પાપ પવિત્રસ્થાનમાંથી દૂર કરાયું, પછી જીવતો બલીનો બકરો ઈશ્વર સમક્ષ રજૂ કરાયો; અમે સભાની ઉપસ્થિતિમાં મુખ્ય યાજક તેના પર કબૂલ કરે છે "ઈઝરાયેલના બાળકોના સર્વ અન્યાય, અને તેઓના સર્વ પાપોમાં સર્વ ઉલ્લંઘનો, બકરાના માથે મૂકે." લેવીય ૧૬:૨૧.

તે જ રીતે, જ્યારે સ્વર્ગીય સ્થાનમાં પ્રાયશ્ચિતનું કાર્ય પૂર્ણ થાય છે, પછી ઈશ્વર, સ્વર્ગીય દૂતો અને ઉદ્ધાર પામેલાઓના યજમાનોની ઉપસ્થિતિમાં ઈશ્વરના લોકોનું પાપ શેતાન પર મુકાશે; તેઓના તમામ દુષ્ટકૃત્યો નું કારણ

તે બન્યો તેના લીધે તે અપરાધી ઠરશે. અને જ્યારે બલીનો બકરો ખાલી જગ્યાએ મોકલી દેવાયો, તેવી જ રીતે શેતાનને પણ નિર્જન પૃથ્વી પર કાઢી મુકાશે, એકાંત અને ગમગીન અરણ્ય.

**(૧૪) શેતાનના ગુલામીના 1000 વર્ષો દરમ્યાન તેની પ્રવૃતિઓ પર ઈશ્વર કયા પ્રતિબંધો મૂકશે?**

***તેણે તેને ઊંડાણમાં નાખી દઈને તેને બંધ કર્યું, અને તે પર મુદ્રા કરી, જેથી હજાર વર્ષ પૂરાં થતાં સુધી તે ફરી લોકોને ભુલાવે નહિ. ત્યાર પછી થોડીવાર સુધી તેને છૂટો કરવો પડશે. (પ્રકટીકરણ ૨૦:૩)***

એક હજાર વર્ષો માટે શેતાન અને તેના દુષ્ટ દૂતો માટે અહીં ઘર થવાનું છે. પૃથ્વીને મર્યાદિત, જેઓ ક્યારેય પતિત નથી થયા તેઓને ઉશ્કેરવા કે ત્રાસ આપવા બીજી દુનિયામાં તેને પ્રવેશ નહિ હોય. તેનો અર્થ એ થાય છે કે તે ગુલામ છે. કોઈ જ બાકી રહતું નથી, કે જેના પર તે તેની શક્તિ અજમાવી શકે. છેતરપિંડીનું કાર્ય અને વિનાશનું કાર્ય જે ઘણા વર્ષોથી તેનો એકમાત્ર આનંદ રહ્યા છે તેનાથી તેને સંપૂર્ણપણે અટકાવાયો છે.

છ હજાર વર્ષોથી, શેતાનના બળવાના કાર્ય એ "પૃથ્વીને ધ્રુજાવી છે." તેણે "પૃથ્વીને એક અરણ્ય સમાન બનાવી હતી અને તેના શહેરોનો વિનાશ કર્યો હતો." અને તેણે "તેના કેદીઓને ઘર ખોલ્યા નહિ." કેમ કે છ હજાર વર્ષોથી તેના જેલ ઘરને ઈશ્વરના લોકોને મેળવ્યા છે, અને તેણે તેમને હંમેશાને માટે બંધક બનાવીને રાખ્યા હોત, પણ ખ્રિસ્તએ તેના બંધનો તોડી નાખ્યા અને કેદીઓને મુક્ત કર્યા.

અને હવે દુષ્ટ લોકો પણ શેતાનની શક્તિથી બહાર રખાય છે, અને તેને શ્રાપની અસર જે પાપ લાવી છે તેનું ભાન થાય માટે તેના દુષ્ટ દૂતો સાથે તેને એકલો રખાય છે. "દેશોના સર્વ રાજાઓ તો પોતપોતાના ઘરમાં(કબરમાં) માન સહિત સુતેલા છે, તુચ્છ ડાળીની પેઠે તને તો તારી પોતાની કબરથી દૂર ફેંકી દેવામાં આવ્યો છે. . . . તને તેમની સાથે દાટવામાં આવશે નહિ, કેમ કે તેં પોતાના

દેશનો નાશ કર્યો છે, પોતાના લોકને કતલ કર્યા છે.” યશાયા ૧૪:૧૮-૨૦.

હજારો વર્ષો માટે, ઈશ્વરના નિયમ વિરુદ્ધનું તેનું પરિણામ જોવા સારુ, નિર્જન પૃથ્વીમાં દૂર ભટકશે. આ સમય દરમ્યાન તેની પીડા તીવ્ર હોય છે. તેનું પતન થયું ત્યારથી તેના જીવનની નિરંતર પ્રવૃત્તિએ પ્રત્યાઘાત નાબૂદ કર્યો છે; પણ હાલ તે તેની શક્તિથી વંચિત થાય છે અને તેને એ ભાગનું ચિંતન કરવા રખાય છે જે જ્યારથી તેણે સ્વર્ગીય વહીવટ વિરુદ્ધ બળવો કર્યો ત્યારથી ભજવેલો ભાગ, અને તેણે કરેલા તમામ દુષ્ટકૃત્યો બદલ તેને સહન કરવું જ પડશે અને તેણે કરેલા તમામ પાપો બદલ તે શિક્ષા પામશે એવા ભયાનક ભવિષ્યને તે ધ્રુજારી અને ભય સાથે જોવે.

## (૧૫) ૧૦૦૦ વર્ષો દરમ્યાન ઉદ્ધાર પામેલાઓની પ્રવૃત્તિ શું હશે?

***પછી મેં રાજ્યાસનો જોયાં અને તેઓ ઉપર જે લોકો બેઠેલા હતા, તેઓને ન્યાય કરવાનું સોંપવામાં આવ્યું. અને ઈસુની સાક્ષીને લીધે તથા ઈશ્વરનાં વચનને લીધે જેઓનો શિરચ્છેદ થયો હતો, તથા જેઓએ શ્વાપદની તથા તેની મૂર્તિની પૂજા કરી નહોતી, અને પોતાના કપાળ પર અથવા પોતાના હાથ પર તેની છાપ લીધી નહોતી, તેઓના આત્માઓને [મેં જોયા]. તેઓ જીવતા થયા, ને ખ્રિસ્તની સાથે હજાર વર્ષ રાજ કર્યું. (પ્રકટીકરણ ૨૦:૪)***

પ્રથમ અને છેલ્લા પુનરુત્થાન વચ્ચેના હજાર વર્ષો દરમ્યાન દુષ્ટોનો ન્યાયચુકાદો થશે. પ્રેરિત પાઉલ આ ઘટના બીજા આગમનને અનુસરે છે એવો નિર્દેશ કરે છે. “માટે તમે સમયની અગાઉ, એટલે પ્રભુ આવે ત્યાં સુધી, કંઈ નિર્ણય ન કરો; કેમ કે તે અંધકારમાં રહેલી ગુપ્ત વાતોને જાહેરમાં લાવશે, અને હૃદયોની ધારણાઓ પણ પ્રગટ કરશે; અને તે વેળા દરેકનાં વખાણ દેવ તરફથી થશે.” ૧ કરનથી ૪:૫. દાનીએલ જાહેર કરે છે કે જ્યારે પ્રાચીનકાળના દિવસો આવ્યાં, “પરમઉચ્ચના સંતોને ન્યાયચુકાદો અપાયો હતો.” દાનીએલ ૭:૨૨.

તે સમયે ન્યાયીઓ ઈશ્વર માટે રાજાઓ અને યાજકો તરીકે રાજ કરે છે. . . . તે એ સમય છે જેના વિશે પાઉલે અગાઉથી કહ્યું હતું, “સંતો જગતનો ન્યાય કરશે.” ૧ કરનથી ૯:૨. ખ્રિસ્તના સંઘમાં તેઓ દુષ્ટોનો ન્યાય કરે છે તેઓના કાર્યોને નિયમના પુસ્તક, બાઈબલ સાથે સરખાવીને, અને શરીરમાં કરેલા તમામ કાર્યોને નક્કી કરીને. ત્યારપછી તેઓના કાર્યો પ્રમાણે જે હિસ્સો દુષ્ટોએ સહન કરવો જોઈએ તે અપાયો; અને તેઓના નામ મરણના પુસ્તકમાં નોંધાયા.

**(૧૬) આ ન્યાયચુકાદામાં કોનો સમાવેશ થશે?**

***સંતો જગતનો ન્યાય કરશે એ શું તમે જાણતા નથી? જો તમે જગતનો ન્યાય કરશો, તો શું તમે તદ્દન નજીવી તકરારોનો ચુકાદો કરવાને લાયક નથી? આપણે દૂતોનો ન્યાય કરીશું, એ શું તમે જાણતા નથી? તો આ જિંદગીને લગતી બાબતોનો [ન્યાય કરવાને] શું આપણે [લાયક નથી] છીએ? (૧કરિંથીઓને પત્ર ૬:૨-૩)***

પાઉલ કહે છે કે શેતાન પણ અને તેના દુષ્ટ દૂતોનો ખ્રિસ્ત અને તેના લોકો દ્વારા ન્યાય થાય છે: “આપણે દૂતોનો ન્યાય કરીશું, એ શુ તમે જાણતા નથી?” વચન ૩. અને યહૂદા જાહેર કરે છે કે “વળી જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું, તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાનાં સનાતન બંધનમાં રાખ્યા છે.” યહૂદા.૧:૬.

**(૧૭) ૧૦૦૦ વર્ષોની સમાપ્તિ પર શું થશે?**

***મૂએલાંમાંનાં જેઓ બાકી રહ્યાં તેઓ તો હજાર વર્ષ પૂરાં થતાં સુધી જીવતાં થયાં નહિ. એ જ પહેલું પુનરુત્થાન છે. (પ્રકટીકરણ ૨૦:૫)***

હજાર વર્ષોની સમાપ્તિ પર બીજું પુનરુત્થાન થશે. પછી દુષ્ટો મૃત્યુમાંથી ઉઠાડાશે અને “લખાયેલા ન્યાયકરણ” ના અમલ માટે ઈશ્વર સમક્ષ ઉપસ્થિત થશે. આમ જાહેર કરનાર, ન્યાયીઓના પુનરુત્થાનનું વર્ણન કરીને, કહે છે: “મુએલમાંના જેઓ બાકી રહ્યાં તેઓ તે હજાર વર્ષ પુરાં

થતાં સુધી જીવતાં થયાં નહિ, એ જ પહેલું પુનરુત્થાન છે.” પ્રકટીકરણ ૨૦:૫. અને દુષ્ટોને વિશે યશાયા જાહેર કરે છે: “જેમ કારાગૃહમાં બંદીવાનોને એકઠા કરવામાં આવે છે, તેમ તેઓને એકઠા કરવામાં આવશે, ને તેઓને બંદીખાનામાં બંધ કરવામાં આવશે, અને ઘણા દિવસ પછી તેઓનો ન્યાય કરવામાં આવશે.” યશાયા ૨૪:૨૨.

*શાસ્ત્રે મારી આગળ એ મહત્વની ઘટનાઓ પ્રકટ કરી છે જે આ મહાન વિવાદને સમાપ્ત કરશે. હું સમજુ છું કે આ સંઘર્ષ ખતમ થાય તે પહેલાં દરેક વ્યક્તિ એ નક્કી કરશે કે તેઓ કોને વફાદાર રહેશે.*

*વર્તુળ: હા અનિશ્ચિત*

*મને ખાતરી થાય છે કે મારા વિનાશ માટેની તેની શોધમાં મને છેતરવા શેતાન તેની શક્તિથી દરેક પદ્ધતિ અપનાવશે અને જ્યારે આ નિષ્ફળ જશે, સતાવણીઓ શરૂ થશે.*

*વર્તુળ: હા અનિશ્ચિત*

*હું આભારી છું કે ઈશ્વર તેના પ્રેમમાં અને દયામાં તેના લોકોને બાબીલોનના જુઠા શિક્ષણથી બહાર બોલાવે છે અને એ સત્યો પ્રકટ કરે છે જે છેતરપિંડીથી દૂર રાખે છે. ભૂલમાંથી સત્ય સમજવા સારુ હું પવિત્ર આત્માની દોરવણી માટે પ્રાર્થના કરું છું જેથી કરીને હું છેતરાયેલાઓ મધ્યે હોઈશ નહિ.*

*વર્તુળ: હા અનિશ્ચિત*

*મને ખાતરી થાય છે કે છેવટે માનવજાત નિષ્ઠા પસંદ કરે ત્યારબાદ ઈશ્વરનો ન્યાયચુકાદો પૃથ્વી પર વિનાશ લાવશે. કિંમત (બલિદાન) ને અનુલક્ષીને હું તેને વફાદાર રહેવાનું પસંદ કરું છું અને હું મારા છુટકારા માટેના તેના વાયદાને માટે આભારી છું.*

*વર્તુળ: હા અનિશ્ચિત*



## પાઠ ૧૩

## વિવાદનો અંત આવ્યો

હજાર વર્ષ પીર થયા બાદ, ખ્રિસ્ત ફરીવાર પૃથ્વીમાં પાછો આવે છે. તે ઉદ્ધાર પામેલના યજમાનો સાથે હશે અને અને દૂતોના રસાલા સાથે ઉપસ્થિત થશે. જ્યારે તે

ભયંકર મહિમા સાથે નીચે ઉતરે છે, ત્યારે તે મુએલા દુષ્ટોને તેઓનો વિનાશ મેળવવા ઉઠાડવાની માંગણી કરે છે. તેઓ આગળ આવે છે, એક શાંતિમાન યજમાન, સમુદ્રની રેતી જેટલા અસંખ્ય. જેઓ પ્રથમ પુનરુત્થાનમા ઉઠાડાયા હતા તેઓને કેવો વિરોધાભાસ! ન્યાયીઓ અવિનાશી જુવાની અને સુંદરતાથી પહેરેલા હતા. અને દુષ્ટો બીમારી અને મૃત્યુના નિશાનને સહન કરે છે.

**(૧) સત્યના સામર્થ દ્વારા નાખુશ હોઠોમાંથી કેવા શબ્દો નીકળી આવશે?**

***જુઓ, તમારું ઘર તમારે માટે [ઉજ્જડ કરી] મૂકવામાં આવ્યું છે; હું તમને કહું છું કે, તમે કહેશો કે, 'પ્રભુને નામે જે આવે છે તેને ધન્ય છે', ત્યાં સુધી તમે મને ફરી જોનાર નથી." (લૂક ૧૩:૩૫)***

તે વિશાળ સમુદાયમાં દરેક આંખ ઈશ્વર પુત્રની મહિમા જોવા તરફ ફરેલી છે. એક સાથે દુષ્ટ યજમાનો પોકારે છે: "જેઓ ઈશ્વરના નામથી આવે છે તેને ધન્ય હો!" ઈસુ પ્રત્યેના પ્રેમને લીધા આ શબ્દો નીકળતા નથી. સત્યનું દબાણ નાખુશ હોઠોમાંથી શબ્દો કાઢવા પ્રેરે છે. જે રીતે દુષ્ટો તેઓની કબરમાં ગયા, તેવી જ રીતે ખ્રિસ્ત સાથે એ જ દુશ્મનાવટ સાથે અને બળવાખોરની એ જ આત્મા સાથે પાછા ઉઠશે. તેઓને કોઈ અજમાયશ નથી કે જેમાં તેઓ ભૂતકાળ ના જીવનની ભૂલો માટે ઉપાય કરે. તેની દ્વારા કશુંજ પ્રાપ્ત ન થાય. જીવનભરના અપરાધે તેઓના હૃદયને કોમળ કર્યા નથી. એક બીજી અજમાયશ, તેને અપાઈ હતી, જેમ પહેલી અજમાયશ પર દેવની આવશ્યકતાઓમાંથી છટકી જઈને અને તેની વિરુદ્ધ બળવો ઉભો કરીને કબ્જો કર્યો તેવી જ રીતે બીજી અજમાયશ પર કબ્જો કરશે.

**(૨) જ્યારે "કન્યા તેના પતિ માટે તૈયાર હોય" ત્યારે સ્વર્ગમાંથી કોણ ઉતરે છે?**

***વળી મેં પવિત્ર નગર, નવું યરુશાલેમ, ઈશ્વરની પાસેથી આકાશમાંથી ઊતરતું જોયું, અને જેમ કન્યા પોતાના પતિને માટે શણગારવામાં આવેલી હોય તેમ તે તૈયાર કરેલું હતું. (પ્રકટીકરણ ૨૧:૨)***

ખ્રિસ્ત જૈતુન પહાડ પર ઉતરે છે, જ્યાંથી, તે તેના પુનરુત્થાન પછી ઉપર ચડ્યો હતો, અને જ્યાં દૂતોએ તેના આગમનનો વાયદો પુનરાવર્તિત કર્યો હતો. પ્રબોધક કહે છે: “અને મારો દેવ યહોવા પોતાની સાથે સર્વ પવિત્રોને લઈને આવશે.” “તે દિવસે તેના પગ યરૂશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઉભા રહેશે, ને જૈતુન પર્વત વચ્ચોવચ્ચથી પૂર્વ તરફ ને પશ્ચિમ તરફ ફાટશે,. . . . જેથી બહુ મોટી ખીણ થઈ જશે.” “યહોવા આખી પૃથ્વી ઉપર રાજા થશે; તે દિવસે યહોવા એક જ મનાશે, ને તેનું નામ એક જ હશે.” ઝખાર્યા ૧૪:૫,૪,૯. જ્યારે નવું યરૂશાલેમ તેની ચમકમા ગૌરવપૂર્ણ છે, સ્વર્ગમાંથી નીચે ઉતરે છે, તે શુદ્ધ અને તેને સ્વીકારવા તૈયાર કરેલ જગ્યાએ ઉતરે છે, અને ખ્રિસ્ત તેના લોકો અને દૂતો સાથે પવિત્ર શહેરમાં પ્રવેશે છે.

**(૩) જ્યારે 1000 વર્ષો પુરા થાય અને દુષ્ટોનું પુનરુત્થાન થાય તે પછી શેતાન કઈ પ્રવુતિ ફરી શરૂ કરશે?**

***જયારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે, એટલે તે પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને ભમાવીને લડાઈને માટે તેઓને એકત્ર કરવાને બહાર આવશે. તેઓની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે. (પ્રકટીકરણ ૨૦:૭-૮)***

હવે શેતાન સર્વોચ્ચતા માટેના એક અંતિમ સંઘર્ષને સારુ તૈયારી કરે છે. જ્યારે તે તેની શક્તિથી વંચિત કરાયો અને તેના છેતરામણીના કાર્યથી રોકવાયો, ત્યારે દુષ્ટનો રાજકુમાર કંગાળ અને નિરુત્સાહી હતો; પણ જ્યારે મુએલા દુષ્ટ ઉઠાડાય છે અને તે તેના પક્ષમાં વિશાળ સમુદાય જુએ છે ત્યારે તે ફરી સક્રીય થાય છે, અને તે મહાન વિવાદ બંધ ન કરવાનું નક્કી કરે છે. અને તે ખોવાયેલાઓના સૈન્યોને તેની ધ્વજા હેઠળ તૈયાર કરે છે અને તેઓ દ્વારા તેની યોજના અમલમાં મુકવાનો પ્રયાસ કરે છે. દુષ્ટો શેતાનના કેદીઓ છે. ખ્રિસ્તને નકારવામાં

તેઓએ બળવાખોર આગેવાનનો નિયમ સ્વીકાર્યો છે. તેઓ તેની સૂચના મેળવવા અને તેની આજ્ઞા પ્રમાણે કરવા તૈયાર છે.

હજુ પણ તેના શરૂઆતના કપટને સત્યનિષ્ઠ હોવા છતાં,તે પોતાને શેતાન તરીકે ઓળખાવતો નથી. તે રાજકુમાર હોવાનો દાવો કરે છે જે જગતનો હકદાર માલિક છે અને જેનો વારસો તેની પાસેથી ગેરકાયદેસર રીતે છીનવી લેવાયો છે. તે તેના ભ્રમિત ધોરણોને ઉદ્ધારક તરીકે પોતે રજૂ કરે છે, એ ખાતરી આપીને કે તેની શક્તિ તેઓને કબરમાંથી બહાર લાવી છે અને તે તેઓને ક્રૂર અત્યાચારથી છોડાવવાનો છે. ખ્રિસ્તની ઉપસ્થિતિ દૂર કરાઈ છે, શેતાન તેના દાવાને ટેકો આપવા ચમત્કારિક કૃત્યો કરે છે. તે નબળાને મજબૂત બનાવે છે અને તે તેની આત્મા અને શક્તિથી બધાને પ્રેરણા આપે છે. તે તેઓને સંતોની છાવણીની વિરુદ્ધ લઈ જવા અને ઈશ્વરના શહેરનો કબ્જો મેળવવા દરખાસ્ત મૂકે છે. પવિત્ર ઉમંગથી તે અસંખ્ય લાખો લોકો ને નિર્દેશ કરે છે કે જેઓ મુએલામાંથી ઉઠ્યા છે અને જાહેર કરે છે કે તેઓના આગેવાન તરીકે તે શહેરને ઉથલાવી નાખવા અને તેનું સિંહાસન અને રાજ્ય પાછું મેળવવા સારી રીતે સક્ષમ છે.

**(૪) ખોવાયેલા ટોળાને શાસ્ત્ર શેની સાથે સરખાવે છે?**

***એટલે તે પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને ભમાવીને લડાઈને માટે તેઓને એકત્ર કરવાને બહાર આવશે. તેઓની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે. (પ્રકટીકરણ ૨૦:૮)***

વિશાળ સમુદાયમાં લાંબુ જીવેલી જાતિના લોકો છે જે જળપ્રલય પહેલા અસ્તિત્વમાં હતા; ઉચ્ચ કદના અને વિશાળ બુદ્ધિના લોકો, જેઓ, પતિત દૂતોનો કબજો કરતા હતા, તેઓની અતિશયોક્તિમા તેઓની તમામ આવડત અને જ્ઞાનને સમર્પિત કર્યા; જેઓના અદ્ભૂત કલાના કાર્ય એ જગતને તેની પ્રતિભા મૂર્તિમંત કરવા તરફ દોરી ગયા, પણ જેઓની ક્રૂરતા અને દુષ્ટ શોધે, જગતને અપવિત્ર કરી અને ઈશ્વરની પ્રતિમાને ભૂંસી નાખી. તેના સર્જનના ચહેરાથી તેઓને કલંકિત કરવાનું કારણ તેના પર નાખ્યું. રાજાઓ અને સેનાપતિ છે જેઓએ રાષ્ટ્રને જીત્યું,

બહાદુર માણસો કે જેઓ ક્યારેય યુદ્ધ હર્યું નથી, અહંકારી અને કીર્તિલોભી યોદ્ધાઓ જેઓના અભિગમે રાજ્યોને ધ્રુજાવી દીધા. મૃત્યુમાં આ અનુભવો બદલાતા નથી. જેમ તેઓ કબરમાંથી બહાર આવે છે, તેમ તેઓ ફરી પોતાના બંધ થયેલા વિચારોને શરૂ કરે છે. જ્યારે તેઓ પતિત થયા તે વખતે જેણે તેમના પર રાજ કર્યું તેને જીતવાની એ જ ઈચ્છા સાથે તેઓ કાર્યરત થાય છે.

શેતાન તેના દૂતો પાસેથી સલાહ લે છે, અને પછી આ રાજાઓ સાથે, વિજેતાઓ સાથે અને શક્તિશાળી લોકો સાથે. અને તેઓ તેમની બીજી બાજુ સામર્થ્ય અને સંખ્યાઓ પર નજર નાખે છે, અને જાહેર કરે છે કે શહેરમાંનું સૈન્ય તેઓની સરખામણીમાં નાનું છે, અને તે જીતી શકાશે. અને તેઓ સંપત્તિનો કબજો અને નવા યરૂશાલેમની મહિમા લેવાની યોજના મૂકે છે. બધા તત્કાળ યુદ્ધ માટેની તૈયારી શરૂ કરે છે. કુશળ કારીગરો યુદ્ધનું અમલીકરણ ઉભું કરે છે. તેઓની સફળતા માટે પ્રખ્યાત એવા લશ્કરી આગેવાનો, લડાયક પુરુષોના ટોળાને ટુકડીઓ અને વિભાગોમાં ક્રમબદ્ધ કરે છે.

**(૫) શેતાનની આજ્ઞા પર આ વિશાળ સૈન્ય શાનો પ્રયાસ કરે છે?**

***તેઓ પૃથ્વીની આખી સપાટી પર ચાલતા ગયા, અને તેઓએ સંતોની છાવણીને તથા વહાલા શહેરને ઘેરો ઘાલ્યો. પણ આકાશમાંથી અગ્નિ ઊતર્યો, અને તેઓનો સંહાર કર્યો. (પ્રકટીકરણ ૨૦:૯)***

અંતે આગળ આવવાનો હુકમ અપાય છે, અને અગણિત યજમાનો આગળ વધે છે-એવું સૈન્ય  કે જે જગતના વિજેતાઓ દ્વારા કદી પણ એકત્ર ન કરાયું હોય, જ્યારથી જગત પર યુદ્ધ શરૂ થયું ત્યારથી આખા કાળમાં આવા સંયુક્ત લશ્કર સાથે કોઈની તુલના થઈ શકે નહી. યોદ્ધાઓનો શક્તિશાળી શેતાન સેનાની આગલી હરોળને દોરે છે અને તેના દૂતો આ અંતિમ સંઘર્ષને સારુ તેઓની શક્તિઓ એકત્રિત કરે છે. રાજાઓ અને યોદ્ધાઓ તેના લશ્કરમાં છે, અને લોકો વિશાળ ટુકડીને અનુસરે છે, દરેક પોતાના નિયુક્ત અગાવેનની હેઠળ. ઘટ્ટ સૈન્યનો ક્રમ લશ્કરી ચોકકસાઈથી ઈશ્વરના શહેર તરફ પૃથ્વીની તૂટેલી

અને અનિયમિત સપાટી પર આગળ વધે છે. ઈસુની આજ્ઞાથી નવા યરૂશાલેમના દરવાજા બંધ થાય છે, અને શેતાનનું સૈન્ય શહેરને ઘેરી લે છે અને આક્રમણ માટે તૈયાર રહે છે.

અને તેના શત્રુની નજરમાં ખ્રિસ્ત ફરીવાર દેખાય છે. શહેરથી ખૂબ ઉપર, ચળકતા સોનાના પાયા પર ઉચ્ચ અને ઉન્નત એક સિંહાસન છે. આ સિંહાસન પર ઈશ્વર પુત્ર બિરાજે છે, અને તેની આસપાસ તેના રાજ્યના વિષયો છે. ખ્રિસ્તની સત્તા અને મહિમાને કોઈ શબ્દ વર્ણવી શકે નહીં, કોઈ કલમ આલેખી શકે નહીં. અનંત પિતાની મહિમા તેના પુત્રને ઘેરી લે છે. તેની ઉપસ્થિતિનું તેજ ઈશ્વરના શહેરને ભરી દે છે, અને દરવાજાની પાર વહે છે, આખી પૃથ્વી પર તેના પ્રકશનું પુર રેલાવે છે.

**(૬) સિંહાસન આગળ ઉભો રહેલો વિશાળ સમુદાયનો ક્રમ કોણ છે?**

***તેને મેં કહ્યું, "મારા મુરબ્બી, તમે જાણો છો." તેણે મને કહ્યં, "જેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા તેઓ એ છે. તેઓએ પોતાનાં વસ્ત્ર ધોયાં, અને હલવાનના રક્તમાં ઊજળાં કર્યાં. (પ્રકટીકરણ ૭:૧૪)***

સિંહાસનની પાસે, જેઓ એકવાર શેતાનના કાર્યમાં ઉત્સાહિત હતા એ નહિ પરંતુ અગ્નિમાંથી નિશાન તરીકે ચૂંટી કઢાયેલા કે જેઓએ ગહન, તીવ્ર નિષ્ઠાથી તેમના ઉદ્ધારકનું અનુસરણ કર્યું તેઓ છે. તેમની બાજુમાં એ લોકો છે જેઓએ કપટ અને વ્યભિચાર મધ્યે પણ ખ્રિસ્તી ચરિત્ર સંપૂર્ણ કર્યું. જેઓએ ઈશ્વરના નિયમને માન આપ્યું, જ્યારે ખ્રિસ્તી જગતે તેને રદ્દબાતલ કર્યો અને તમામ કાળના લાખો લોકો કે જેઓ તેમના વિશ્વાસ બદલ શહીદ થયા. "અને તેના સિવાય તમામ રાષ્ટ્રોનો. કુટુંબોનો, લોકોનો અને ભાષાનો મોટો સમુદાય છે જેને કોઈ માણસ ગણી ન શકે. . . . તેઓ રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ ઉભેલા હતા; તેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા હતા, અને તેઓના હાથમાં ખજૂરીની ડાળીઓ હતી." પ્રકટીકરણ ૭:૯. તેઓનું યુદ્ધ સમાપ્ત થયું છે,

તેઓ જીત મેળવે છે. તેઓ દોડ દોડ્યા છે અને ઈનામ સુધી પહોંચ્યા છે. તેઓના હાથમાંની ખજૂરીની ડાળીઓ એ તેઓના વિજયની નિશાની છે, અને સફેદ ઝભ્ભો ખ્રિસ્તના નિષ્કલંક ન્યાયીપણાનું પ્રતીક છે જે હાલ તેઓનું છે.

**(૭) ઉદ્ધાર પામેલના હોઠોમાંથી આરાધનાના કેવા શબ્દો નીકળશે?**

***તેઓ મોટે સ્વરે પોકારીને કહે છે, "અમારા ઈશ્વર, જે રાજ્યાસન પર બેઠેલા છે, તેમને તથા હલવાનને તારણ [ને માટે] ધન્યવાદ હોજો." (પ્રકટીકરણ ૭:૧૦)***

ઉદ્ધાર પામેલ લોકો સ્તુતિનું ગીત ઉચ્ચારે છે જેના પડઘા સ્વર્ગના ગુંબજ સુધી પડે છે. . . . .દૂત અને સીરાફ
આરાધનામાં તેઓનો અવાજ એક કરે છે. અને જેમ ઉદ્ધાર પામેલા શેતાનની શક્તિ અને દુષ્ટતા જોયેલી છે તેઓએ પહેલાં કદી ન જોયેલ કે ખ્રિસ્ત ની શક્તિ સિવાય બીજી કોઈ શક્તિ તેઓને જીતી શકી હોય. તે તમામ ઝળહળતા લોકોમાં કોઈ પણ નહોતું કે જેઓ જેમ તેઓ તેમની પોતાની શક્તિ અને ભલાઈ દ્વારા પ્રબળ થયા હતા તેમ તે વડે ઉદ્ધારને પોતાના નામે કરી શકે. તેઓએ જે કંઈ કર્યું સહન કર્યું તેઓમાંનું કશું જ કહેવાયું નથી; પણ દરેક ગીતનો બોજ, દરેક સ્તુતિની લાગણી આ છે: આપણા ઈશ્વર અને હલવાનને સારુ ઉદ્ધાર.

**(૮) કઈ મોટી ઘટનાને સારુ મુએલા દુષ્ટોનું પુનરુત્થાન થાય છે?**

***પછી મેં મૂએલાંને, મોટાં તથા નાનાં સર્વને, ઈશ્વરની સમક્ષ ઊભાં રહેલાં જોયાં. અને પુસ્તકો ઉઘાડવામાં આવ્યાં, અને એક બીજું પુસ્તક જે જીવનનું [પુસ્તક] છે તે પણ ઉઘાડવામાં આવ્યું. તે પુસ્તકોમાં જે જે લખેલું હતું તે પરથી મૂએલાંઓનો તેઓની કરણીઓ પ્રમાણે ન્યાય કરવામાં આવ્યો. સમુદ્રે પોતાનામાં જેઓ મૂએલાં હતાં તેઓને પાછાં આપ્યાં, અને મરણે તથા હાડેસે [પણ] પોતાનામાં જેઓ મૂએલાં હતાં, તેઓને પાછાં આપ્યાં;***

***અને દરેકનો ન્યાય તેની કરણીઓ પ્રમાણે કરવામાં આવ્યો. (પ્રકટીકરણ ૨૦:૧૨-૧૩)***

એકત્ર થયેલા પૃથ્વીના અને સ્વર્ગના રહેવાસીઓની ઉપસ્થિતિમાં ઈશ્વરના પુત્રનો અંતિમ રાજ્યાભિષેક થાય છે. અને હવે, સર્વોપરી ગૌરવ અને સામર્થ્યમાં રોકાણ કરાય છે, રાજાઓનો રાજા તેના રાજ્યની વિરુદ્ધના બળવાખોરો પર એક વાક્ય ઉચ્ચારે છે અને જેઓએ તેના નિયમની અવગણના કરી અને તેના લોકોને પીડા આપી તેઓ પર ન્યાય ચલાવે છે. ઈશ્વરનો પ્રબોધક કહે છે: "મેં એક સફેદ સિંહાસન જોયું, અને તેના પર વિરાજમાનને જોયો, જેના ચહેરાથી પૃથ્વી અને સ્વર્ગ દૂર નાસી ગયા; અને ત્યાં તેઓ માટે કોઈ સ્થાન નહોતું. અને મેં નાના મોટા મુએલાઓને ઈશ્વર સમક્ષ ઉભા રહેલા જોયા; અને પુસ્તક ખુલ્લું હતું: અને બીજું પુસ્તક પણ ખુલ્લું હતું, જે જીવનનું પુસ્તક હતું: અને જે પુસ્તકમાં લખેલું હતું અને તેઓના કાર્યો પ્રમાણે તેઓનો ન્યાય થતો હતો."

**(૯) મહાન ન્યાયચુકાદાના સમયે શું પ્રકટ થશે?**

***કેમ કે દરેક શરીરમાં રહીને જે જે ભલું કે ખરાબ કર્યું હશે તે પ્રમાણે ફળ પામવાને આપણ સર્વને ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે. (૨ કરિંથીઓને પત્ર ૫:૧૦)***

જેવું નોંધનું પુસ્તક ખુલ્લું થયું, અને ઈસુની આંખ દુષ્ટો તરફ જુએ છે, તેઓએ જે જે પાપો કર્યા હતા તે વિશે તેઓને ભાન થાય છે. તેઓ જુએ છે કે પવિત્ર અને શુદ્ધતાના માર્ગ પર ક્યાં તેઓના પગ વળી ગયા,અને ઈશ્વરના નિયમની અહિંસામાં અભિમાન અને બળવો કેટલે દૂર સુધી તેઓને લઈ આવ્યા હતા. લલચાવનારું પરીક્ષણ જે પાપના વિલાસ દ્વારા પ્રોત્સાહિત થયું હતું, આશીર્વાદ ભ્રષ્ટ થયો, ઈશ્વરના સંદેશવાહક ધિક્કારાયા, ચેતવણીઓ નકારાઈ, દયાના મોજા જિદ્દી દ્વારા પાછા ધકેલાયા, અપરાધી હૃદય-જેમ અગ્નિ પત્રમાં લખાયેલું હતું બધું તેમજ દેખાય છે.

**(૧૦) ન્યાયના દિવસે આ વચનોમાં દર્શાવેલી કઈ હકીકતો ખોવાયેલ લોકોના હૃદયોમાં આતંક મચાવશે?**

*તે માણસોથી ધિક્કારાયેલો તથા તજાયેલો હતો; દુ:ખી પુરુષ ને દરદનો અનુભવી, ને જેને જોઈને આપણે મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો, ને આપણે તેની કદર બૂજી નહિ. પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે. (યશાયા ૫૩:૩, ૫)*

સિંહાસનની ઉપર વધસ્તંભ પ્રકટ થાય છે; એક મનોહર દૃષ્ટિની જેમ આદમનું પરીક્ષણ અને પતન અને ઉદ્ધારની મહાન યોજનામાં ક્રમિક પગથિયાં દેખાય છે. ઉદ્ધારકનો સાદો જન્મ; સરળતા અને અજ્ઞાપાલનનું તેનું અગાઉનું જીવન; યર્દનમાં તેનું બાપ્તિસ્મા; રાનમાં તેનો ઉપવાસ અને પરીક્ષણ; તેની જાહેર સેવકાઈ, સ્વર્ગનો કિંમતી આશીર્વાદ લોકો આગળ પ્રકટ કરતો, લોકોના ટોળામાં કરાયેલ પ્રેમ અને દયાના કૃત્યોના દિવસો, પર્વતોના એકાંતમાં પ્રાર્થનાની રાતો; શત્રુના કાવતરા, ધિક્કાર અને દ્વેષ કે જે તેનો ફાયદો પાછો આપ્યો; ગેથસેમ્માનેમાં ભયાનક અને રહસ્યમય પીડા આખા જગતના પાપના કચરતા વજન હેઠળ; દગા દ્વારા તેનું ખૂની લોકોના હાથમાં સોપાવું, તે બિહામણી રાતની ભયાનક ઘટનાઓ-એક નિષ્ક્રિય કેદી, તેના પ્રિય-વ્હાલા શિષ્ય દ્વારા ભુલાયેલો, યરૂશાલેમની શેરીમાં અસંસ્કારી ઉતાવળ, ઈશ્વરના પુત્રને અન્નાસની સમક્ષ આનંદિત રીતે પ્રદર્શિત,મુખ્ય યાજકના મહેલમાં અપરાધી, પિલાતના ફેંસલાના ઓરડામાં,કાયર અને ક્રૂર હેરોદની સમક્ષ, હાંસીપાત્ર, અપમાનિત, ત્રાસ અપાયેલો, મરણનો દોષી- તમામ આબેહૂબ રીતે ચિતરાયેલ.

અને હવે ડૂબતા લોકો આગળ અંતિમ દ્રશ્યો રજૂ થાય છે-ધૈર્યવાન પીડિત કલવરીના માર્ગે ચાલે છે; વધસ્તંભ પર લટકતો સ્વર્ગનો રાજકુમાર; અભિમાની યાજકો અને અને મજાક ઉડાવતું ટોળું તેના પુરી થતી વેદનાનું

મનોરંજન માણે છે; અલૌકિક અંધકાર; ભારે પૃથ્વી,ભાડા પર લીધેલ ખડકો, ખુલ્લી કબર, જ્યારે જગતનો ઉદ્ધારક તેનું જીવન મેળવે છે તે ક્ષણને નિશાની કરે છે.

ભયાનક ભવ્યતા તે જેમ હતી તેવી જ દેખાય છે. શેતાન, તેના દૂતો, અને તેના ધોરણોને તેઓના પોતાના કૃત્યોના ચિત્રમાંથી ફરવાની શક્તિ નથી. દરેક નટ તેણે કરેલા અભિનયને યાદ કરે છે. હેરોદ, કે જેણે બેથલેહેમના બાળકોનો વધ કર્યો કે જેથી તે ઈઝરાયેલના રાજાની હત્યા કરી શકે; હેરોદિયાનો પાયો, કે જેના અપરાધી આત્મા પર યોહાન બાપ્તિસ્માનું રક્ત છે; નબળું, સમયબચાવ પિલાત; મજાક કરતા સૈનિકો; યાજકો અને શાસકો અને ગાંડું ટોળું જે પોકારતું, “તેનું રક્ત અમારા પર અને અમારા છોકરાઓ પર!”-બધા તેઓના અપરાધની અધમતા જુએ છે,તેઓ તેના ઈશ્વરીય ગૌરવપૂર્ણ ચહેરો જે સૂર્ય તેજ જેવો પ્રકાશિત તેનાથી છુપવાનો નિર્રથક પ્રયાસ કરે છે, જ્યારે ઉદ્ધાર પામેલા તેઓના મુગટ તેના ચરણોમાં મૂકે છે, આશ્ચર્ય પામીને: “તે મારા માટે મૃત્યુ પામ્યો!”

**(૧૧) દુષ્ટોનું અંતિમ નસીબ શું છે?**

***જો કોઈ જીવનપુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો. (પ્રકટીકરણ ૨૦:૧૫)***

***કેમ કે જે પોતાના દેહને અર્થે વાવે તે દેહથી વિનાશ લણશે. પણ જે આત્માને અર્થે વાવે તે આત્માથી અનંતજીવન લણશે. (ગલાતીઓને પત્ર ૬:૮)***

તમામ દુષ્ટ જગત ઈશ્વરના કઠેડા સમક્ષ અપરાધી ઉભા છે ઈશ્વરના રાજ્ય વિરુદ્ધ ના રાજદ્રોહના આરોપમાં. તેઓના બદલે વિનંતી કરનાર કોઈ નથી; તેઓ બહાના વગરના છે; અનંત મૃત્યુનો ફેંસલો તેઓની વિરુદ્ધ સંભળાવ્યો છે.

તે હવે તમામને સાબિત થઈ ચૂક્યું છે કે પાપનો મુસારો ઉમદા સ્વતંત્રતા અને અનંતજીવન નથી પરંતુ ગુલામી, વિનાશ અને મૃત્યુ છે. દુષ્ટો જુએ છે કે તેઓના વિદ્રોહી જીવન દ્વારા તેઓ અમાન્ય ઠરાવાયા છે. જ્યારે

તેઓને મહિમાનો ખુબજ ચડિયાતો અને અનંત ભાર રજૂ કરાયો તેઓએ તેને ધિક્કાર્યો; પણ હાલ તે કેટલું ઇચ્છનીય તે દેખાય છે. "આ તમામ", ખોવાયેલ આત્માઓ રડે છે, "મારી પાસે હોત: પણ મેં આ બાબતો મારાથી ઘણી દૂર રાખવાનું પસંદ કર્યું. અરે, વિચિત્ર મોહ! મેં દુઃખ, બદનામી, નિરાશાને બદલે શાંતિ, ખુશી, સન્માન સ્વીકાર્યા." બધા જુએ છે કે તેમને સ્વર્ગમાંથી બાકાત રાખવા એ ન્યાયોચિત છે. તેઓના જીવન દ્વારા તેઓએ જાહેર કર્યું છે કે: "આ માણસ (ઈસુ) અમારા પર રાજ કરે એ એવું અમે ચાહીશું નહિ"

**(૧૨) ઉદ્ધાર પામેલા લોકો સ્તુતિનું કેવું ગીત જાહેર કરશે?**

***તેઓ ઈશ્વરના સેવક મૂસાનું કીર્તન તથા હલવાનનું કીર્તન ગાઈને કહે છે, "હે સર્વશક્તિમાન પ્રભુ ઈશ્વર, તમારાં કામો મહાન તથા અદભુત છે. હે યુગોના રાજા, તમારા માર્ગ ન્યાયી તથા સત્ય છે. (પ્રકટીકરણ ૧૫:૩)***

પ્રવેશ કરતા જ, દુષ્ટોનું ધ્યાન ઈશ્વરના પુત્રના રાજ્યાભિષેક પર ગયું. તેઓ તેના હાથમાં ઈશ્વરીય નિયમનું કોષ્ટક જુએ છે, એ નિયમ કે જેને તેઓએ તેને ધિક્કાર્યો અને અપરાધી ઠરાવ્યો. તેઓ ઉદ્ધારક પાસેથી અજાયબી, અત્યાનંદ, અને આરાધનાના સાક્ષી છે; અને જેમ સંગીતની લહેર શહેર વગરના લોકો પર ફરી વળે છે, બધા લોકો એક અવાજે પોકારી ઉઠે છે, "મહાન અને અજાયબ તારા કૃત્યો છે, સર્વશક્તિમાન પ્રભુ પરમેશ્વર: ન્યાયી અને સત્ય તારા માર્ગો છે, સંતો ના રાજા"; અને દંડવંત પ્રણામ કરીને, તેઓ જીવનના રાજકુમારની આરાધના કરે છે.

**(૧૩) શેતાનના ચરિત્રની કઈ લાક્ષણિકતા છેવટે પૃથ્વીને પ્રકટ કરાશે?**

***તારી ઉત્પત્તિના દિવસથી, તારામાં પુરાચાર માલૂમ પડ્યો ત્યાં સુધી, તારાં આચરણ સંપૂર્ણ હતાં. તારા પુષ્કળ વેપારને લીધે તારું અંતઃકરણ અન્યાયથી ભરપૂર થયું, ને તેં પાપ કર્યું***

*છે; માટે મેં તને ભ્રષ્ટ ગણીને ઈશ્વરના પર્વત પરથી ફેંકી દીધો છે. અને, હે આચ્છાદાન કરનાર કરુબ, અગ્નિના પથ્થરોમાંથી મેં તારો વિનાશ કર્યો છે. તારા સૌદર્યને લીધે તારું મન ગર્વિષ્ઠ થયું, તારા વૈભવને લીધે તેં તારી બુદ્દિધ ભ્રષ્ટ કરી છે. મેં તને જમીનદોસ્ત કર્યો છે, રાજાઓ તને જુએ માટે મેં તેઓની આગળ તને ખડો કર્યો છે. (હઝકિયેલ ૨૮:૧૫-૧૭)*

તેની જાતને યોગ્ય ઠરાવવા અને બળવા માટે ઈશ્વરીય વહીવટને જવાબદાર સાબિત કરવા માટેનો મહાન બળવાનો હેતુ હંમેશા રહ્યો છે. આ તેના રાક્ષસી અક્કલની તમામ શક્તિ અંતે અહીં નમી જાય છે. તેણે જાણીબૂઝીને અને વ્યવસ્થિત રીતે કાર્ય કર્યું છે અને અદ્દ્ભૂત સફળતા સાથે વિશાળ સમુદાયને તેના મહાન વિવાદ કે જે લાંબા સમયથી પ્રગતિમાં છે સ્વીકારવા દોરી જાય છે. હજારો વર્ષો માટે કાવતરાના આ આગેવાને સત્યને માટે જુઠ્ઠાણા થી દગો કર્યો છે.

પરંતુ સમય આવી ગયો છે કે બળવાખોર અંતે હાર પામે અને શેતાનનો ઈતિહાસ અને ચરિત્ર છતું થાય. ખ્રિસ્તને પદભ્રષ્ટ કરવાના, તેના લોકોના નાશ કરવાના અને ઈશ્વરના શહેરનો કબ્જો મેળવવાના તેના અંતિમ મહાન પ્રયાસમાં કમાન છેતરનારો સંપૂર્ણપણે ખુલ્લો કરાય છે. જેઓ તેની સાથે સંગઠિત હતા તેઓ તેના ઝઘડાનું સંપૂર્ણ ભંગાણ જુએ છે. ખ્રિસ્તના અનુયાયીઓ અને વફાદાર દૂતો ઈશ્વરના વહીવટ વિરુદ્દ્ધના તેના કાવતરાનો સંપૂર્ણ ઘેરાવો જુએ છે. તે સાર્વત્રિક તિરસ્કારનો પદાર્થ છે.

**(૧૪) દરેક સર્જિત અસ્તિત્વનો પ્રતિભાવ શું હશે?**

*આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ નીચેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે. અને ઈશ્વર પિતાના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે. (ફિલિપીઓને પત્ર ૨:૧૦-૧૧)*

શેતાન જુએ છે કે તેનો સ્વૈચ્છિક બળવાએ તેને સ્વર્ગ માટે અયોગ્ય ઠરાવ્યો છે. તેણે ઈશ્વર વિરુદ્દ્ધ યુદ્દ્ધ માટે પોતાની શક્તિઓને તાલીમબદ્દ્ધ કરી છે; શુદ્દ્ધતા, શાંતિ અને સ્વર્ગની સંવાદીતતા તેને સર્વોપરી ત્રાસરૂપ છે.

ઈશ્વરની દયા નાએ ન્યાય વિરુદ્ધના તેના આક્ષેપો હાલ શાંત છે. તેણે યહોવા પર જે ઠપકો નાખવાનો પ્રયાસ કર્યો તે સંપૂર્ણ તેના પર આવ્યો છે. અને હવે શેતાન નમી જાય છે અને તેના ચુકાદાનો ન્યાય કબૂલે છે.

**(૧૫) ઈશ્વરના વહીવટ અને ચરિત્ર વિશેનું કયું સત્ય સમગ્ર બ્રહ્માંડને દેખીતું થશે?**

***મેઘો તથા અંધકાર તેમની આસપાસ છે; ન્યાયીપણું તથા ઈનસાફ તેમના રાજ્યાસનનો પાયો છે. (ગીતશાસ્ત્ર ૯૭:૨)***

લાંબાસમયથી ઉભેલા વિવાદમાં સત્યનો અને ભૂલનો દરેક સવાલ હવે સ્પષ્ટ થયો છે. બળવાનું પરિણામ, ઈશ્વરના નિયમને બાજુએ રાખવાનું ફળ, દરેક સર્જિત બુદ્ધિની આગળ ખુલ્લા કરાયા છે. શેતાનના નિયમના પરિણામોનો ઈશ્વરના વહીવટ સાથેનો તફાવત સંપૂર્ણ બ્રહ્માંડ સમક્ષ પ્રસ્તુત કરાયો છે. શેતાનના પોતાના કાર્ય એ તેને અપરાધી ઠરાવ્યો છે. ઈશ્વરનું ડહાપણ, તેનો ન્યાય, તેની ભલાઈ સંપૂર્ણ સમર્થન સાથે ઉભેલા છે. તે જોવામાં આવે છે કે મહાન વિવાદમાં તેનો તમામ વ્યવહાર તેના લોકોની અનંત ભલાઈના અને આખું જગત જે તેણે બનાવ્યું તેની ભલાઈના આદર સાથે આયોજિત થયેલ છે. “હે યહોવા, તારાં સર્વ કામ તારો આભાર માનશે; અને તારા ભક્તો તને સ્તુત્ય માનશે.” ગી.શા.૧૪૫:૧૦.

પાપનો ઈતિહાસ અનંતકાળ સુધી એક સાક્ષી તરીકે ઉભો રહશે  કે જેની સાથે ઈશ્વરના નિયમનું અસ્તિત્વ તેના સર્જિત તમામ લોકોના સુખને બાંધે છે. મહાન વિવાદની તમામ હકીકત સાથેના દૃશ્યમાં, સંપૂર્ણ બ્રહ્માંડ, વફાદાર અને બળવાખોર બન્ને, એકસાથે જાહેર કરે છે: “તારા માર્ગો ન્યાયી અને સત્ય છે, સંતોનો રાજા”

**(૧૬) શેતાનનું ચરિત્ર અને ખરો હેતુ તેના છેતરાયેલા લોકો સમક્ષ પ્રકટ થાય છે ત્યારે તેઓનો પ્રતિભાવ શું હોય છે?**

***જે પ્રજાઓ તને ઓળખે છે તે સર્વ તારે વિષે વિસ્મય પામશે. તું ત્રાસરૂપ થયો છે. તું સદાને માટે નષ્ટ થશે.” (હઝકિયેલ ૨૮:૧૯)***

શેતાન ઈશ્વરનો ન્યાય સ્વીકારવા અને ખ્રિસ્તની સર્વોપરિતાને નમવા અસ્વસ્થ થયો હોવા છતાં પણ, તેનું ચરિત્ર બદલાતું જ નથી. બળવાની આત્મા શક્તિશાળી વાવઝોડા જેવી ફરીવાર ફાટી નીકળી છે. ક્રોધાવેશથી ભરપૂર તે મહાન વિવાદને ન ઉપજાવવાનું નક્કી કરે છે.

સ્વર્ગના રાજા વિરુદ્ધ અંતિમ ગંભીર સંઘર્ષ માટેનો સમય આવી ગયો છે. તે તેના ધોરણોની વચ્ચે આગળ ધસે છે અને તેઓને પોતાના પ્રકોપથી પ્રેરિત કરવાનો પ્રયાસ કરે છે અને તત્કાળ યુદ્ધ માટે તેઓને ઉભા કરે છે. પણ તમામ અસંખ્ય લાખો લોકો કે જેઓને તેણે બળવા માટે લલચાવ્યા છે, હવે તેની સર્વોપરિતા સ્વીકારવા એકપણ નથી.

તેની શક્તિ હવે અંત થવા પર છે. દુષ્ટો ઈશ્વર પ્રત્યેની ધૃણાથી ભરપૂર છે જે શેતાનને પ્રેરિત કરે છે; પણ તેઓ જુએ છે કે તેઓનો મામલો નિરાશાજનક છે, કે તેઓ યહોવા વિરુદ્ધ જોર કરી શકશે નહીં. તેઓનો ક્રોધાવેશ શેતાન વિરુદ્ધ સળગી ઉઠે છે અને જેઓ તેની છેતરપિંડીમાં તેના કાર્યકર્તા છે, અને શેતાનોના પ્રકોપથી તેઓ તેમની ઉપર ફરે છે.

**(૧૭) શેતાનનું અંતિમ ભાગ્ય પ્રકટ કરતા ઈશ્વર દ્વારા કયું ન્યાયી વાક્ય અપાય છે?**

***તારા પુષ્કળ અન્યાયથી, તારા વેપારમાં દગો કરીને, તેં તારાં શુદ્ધસ્થાનોને ભ્રષ્ટ કર્યાં છે. એ માટે મેં તારામાં અગ્નિ પ્રગટાવ્યો છે, તેણે તને ભસ્મ કર્યો છે, ને તારા સર્વ પ્રેક્ષકોની નજરમાં મેં પૃથ્વી પર તને ભસ્મ કરી નાખ્યો છે. જે પ્રજાઓ તને ઓળખે છે તે સર્વ તારે વિષે વિસ્મય પામશે. તું ત્રાસરૂપ થયો છે. તું સદાને માટે નષ્ટ થશે." (હઝકિયેલ ૨૮:૧૮-૧૯)***

**(૧૮) જેઓના નામ જીવનના પુસ્તકમાં લખાયેલા નથી તેઓને શું ચુકાદો અપાય છે?**

***જો કોઈ જીવનપુસ્તકમાં નોંધેલો માલૂમ પડયો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો. (પ્રકટીકરણ ૨૦:૧૫)***

"સૈનિકોના ધબકારા કરતા જોડા, ને રક્તમાં બોળેલાં વસ્ત્ર, તે સર્વ બળતણની પેઠે અગ્નિમાં બાળી નાખવામાં આવશે." "કેમ કે સર્વ પ્રજાઓ પર ને તેનાં સર્વ સર્વ સૈન્યો પર યહોવાનો ક્રોધ ચઢ્યો છે; તેણે તેઓને વિનાશ પામવા નિર્માણ કર્યાં છે, તેઓને સંહારને આધીન કર્યાં છે." "તે દુષ્ટો પર ફાંદાનો વરસાદ વરસાવશે; અગ્નિ, ગંધક, અને ભયંકર લૂ, એ તેઓના પ્યાલાનો ભાગ થશે." હાંસિયો. ઈશ્વર પાસેથી સ્વર્ગમાંથી આગ નીચે આવે છે. પૃથ્વી ભાંગી ગઈ છે. તેના ઊંડાણમાં છુપાયેલા શસ્ત્રો બહાર કઢાય છે. દરેક ઊંડી ખીણના બગાસા માંથી ઉડતી જ્વાળાઓ ફાટે છે. ખડકો માં અગ્નિ છે. ભઠ્ઠી સમન બધાને બાળતો દિવસ આવ્યો છે. ઉષ્ણ તાપથી તત્વો પીગળી જાય છે, અને પૃથ્વી પણ તેનામાં રહેલા કાર્યો સાથે બાળી મુકાય છે. માલાખી ૪:૧; ૨ પિતર ૩:૧૦. પૃથ્વીની સપાટી સળગેલા ઢગલા જેવી છે-ખદબદી રહેલું આગનું વિશાળ સરોવર. તે ન્યાય ચુકાદાનો અને દુષ્ટ માણસના વિનાશનો સમય છે. "કેમ કે તે યહોવાનો વૈર વાળવાનો દિવસ છે, સિયોન સાથેની તકરારનો બદલો લેવાનું વર્ષ છે." યશાયા ૩૪:૮.

**(૧૯) ઈશ્વરના ફેંસલાનો અને ન્યાયના અંતિમ છૂટકારાનો આધાર શું હશે?**

***તે દરેકને પોતપોતાની કરણી પ્રમાણે ફળ આપશે: (રોમનોને પત્ર ૨:૬)***

દુષ્ટને પૃથ્વી પર તેના પાપનો બદલો મળે છે. નીતિવચન ૧૧:૩૧. "તેઓ ખૂંપરારૂપ થશે: અને જે દિવસ આવે છે તે તેમને બાળી નાખશે એવું સૈન્યોનો દેવ યહોવા કહે છે." માલાખી ૪:૧. કેટલાક લોકો ક્ષણમાં બળી જશે, જ્યારે બીજા લોકો ઘણા દિવસો સુધી પીડા સહન કરશે. દરેક ને "તેઓના કાર્ય પ્રમાણે" શિક્ષા થાય છે. ન્યાયીના પાપો શેતાન પર આવી ગયા છે, તેને માત્ર પોતાના બળવા માટે જ સહન નહિ કરવું પડે, પરંતુ તે દરેક પાપ માટે જે તેણે ઈશ્વરના લોકો પાસે કરાવ્યા હતા. જેઓને તેણે છેતર્યા તેઓની શિક્ષા કરતા ઘણી મોટી શિક્ષા

તેને થશે. તેના છેતરાયેલાઓના વિનાશ બાદ પણ, તેને પીડા સહન કરવા જીવવું પડશે.

**(૨૦) જ્યારે સળગતી આગ બંધ થશે ત્યારે શેતાન અને દરેક દુષ્ટોનું શુ બાકી રહેશે?**

***તારા પુષ્કળ અન્યાયથી, તારા વેપારમાં દગો કરીને, તેં તારાં શુદ્ધસ્થાનોને ભ્રષ્ટ કર્યાં છે. એ માટે મેં તારામાં અગ્નિ પ્રગટાવ્યો છે, તેણે તને ભસ્મ કર્યો છે, ને તારા સર્વ પ્રેક્ષકોની નજરમાં મેં પૃથ્વી પર તને ભસ્મ કરી નાખ્યો છે. (હઝકિયેલ ૨૮:૧૮)***

સળગતી આગમાં અંતે દુષ્ટોનો નાશ થાય છે, મૂળ અને ડાળીઓ-આ મૂળ શેતાન, તેના અનુયાયીઓ ડાળીઓ. નિયમની સંપૂર્ણ શિક્ષા થઈ ચૂકી છે; ન્યાયની માંગણી પુરી કરાઈ છે; અને સ્વર્ગ અને પૃથ્વી, યહોવાના ન્યાયીપણાને જાહેર થતા જોઈ રહ્યા છે.

**(૨૧) શાસ્ત્ર દુષ્ટોના અંતિમ ભાગ્યનું વર્ણન કઈ રીતે કરે છે?**

***પૃથ્વીમાંથી પાપીઓનો નાશ થાઓ, અને દુષ્ટોનો અંત આવો. હે મારા આત્મા, યહોવાને સ્તુત્ય માન. તમે યહોવાની સ્તુતિ કરો. (ગીતશાસ્ત્ર ૧૦૪:૩૫)***

**(૨૨)જેઓએ પાપના વિનાશનો અનુભવ કર્યો છે તે તમામ લોકો કયા વાયદાનો રાજીખુશીથી દાવો કરશે?**

***યહોવાની વિરુદ્ધ તમે શું તરકટ કરો છો? તે સંપૂર્ણ અંત લાવશે, બીજી વાર વિપત્તિ ઊભી થશે નહિ. (નાહૂમ ૧:૯)***

શેતાનનું વિનાશનું કાર્ય હંમેશા માટે સમાપ્ત થાય છે, છ હજાર વર્ષોથી તેણે તેની ઈચ્છા ઘડી છે, પૃથ્વીને અફસોસથી ભરીને, સમગ્ર બ્રહ્માંડમાં શોક ઉત્પન્ન કરીને. આખા સર્જને નિસાસો નાખ્યો છે અને પીડા એકસાથે સહન કરી છે. હવે ઈશ્વરના સજીવો તેની ઉપસ્થિતિ અને પરિક્ષણથી સદાયને માટે છોડાવાયા છે. “આખી પૃથ્વી વિશ્રામ પામીને શાંત થયેલી છે; તેઓ હર્ષનાદ કરવા માંડે છે.” યશાયા ૧૪:૭. અને સ્તુતિ અને વિજયનો પોકાર

સંપૂર્ણ વફાદાર પૃથ્વીથી ઉપર ચઢે છે. “મોટા જનસમૂહના જેવી તથા ઘણાં પાણીના પ્રવાહ જેવી તથા ભારે ગર્જનાઓના જેવી વાણીને એમ બોલતી મેં સાંભળી, “હાલેલુયા; કેમ કે હવે સર્વશક્તિમાન પ્રભુ આપણા ઈશ્વર રાજ કરે છે.” પ્રકટીકરણ19:6

**(૨૩) શું જતું રહે છે અને નવા દ્વારા બદલવામાં આવે છે?**

***પછી મેં નવું આકાશ તથા નવી પૃથ્વી જોયાં: કેમ કે પહેલું આકાશ તથા પહેલી પૃથ્વી જતાં રહેલાં છે! અને સમુદ્ર હવે છે જ નહિ. (પ્રકટીકરણ ૨૧:૧)***

જે અગ્નિ દુષ્ટોને બાળીને ભસ્મ કરે છે તે પૃથ્વીને શુદ્ધ કરે છે. શ્રાપનો દરેક ડાઘ દૂર કરાયો છે. કોઈ અનંત નરક ની આગ ખંડણી દ્વારા છોડાયેલા લોકો આગળ પાપનું ભયાનક પરિણામ રાખશે નહિ.

**(૨૪) પાપની કઈ એક સ્મૃતિ ખ્રિસ્ત હંમેશા સહન કરશે?**

***તેથી બીજા શિષ્યોએ તેને કહ્યું, “અમે પ્રભુને જોયા છે.” પણ તેણે તેઓને કહ્યું, “તેમના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મૂક્યા વિના તથા તેમની કૂખમાં મારો હાથ ઘાલ્યા વિના હું વિશ્વાસ કરવાનો જ નથી.” (યોહાન ૨૦:૨૫)***

એક સ્મૃતિ એકલી યાદ રહે છે: આપણો ઉદ્ધારક ક્રૂસારોહણના નિશાનો હંમેશા યાદ સહન કરશે. તેના ઈજાગ્રસ્ત મસ્તક પર, તેની બાજુ પર, તના હાથ અને પગ, ક્રૂર કાર્યના એકમાત્ર ડાઘા છે જે પાપે ઘડ્યા. પ્રબોધક કહે છે, “તેમનો પ્રકાશ સૂર્યના જેવો છે. તેમની બાજુએથી કિરણો [ફૂટે] છે; અને તેમનુમ સામર્થ્ય ગુપ્ત રહેલું છે. હબાકુક ૩:૪”, હાંસિયો. તે વીંધેલી બાજુ કે જ્યાંથી રક્તવર્ણ પ્રવાહ વહયો જેણે માણસનું ઈશ્વર સાથે સમાધાન કર્યું–ત્યાં ઈશ્વરની મહિમા છે, “ત્યાં તેની શક્તિને છુપાવવાનું સ્થાન છે.” “બચાવવાને સર્વશક્તિમાન” તેના ઉદ્ધારના બલિદાન દ્વારા, તેથી જેઓએ ઈશ્વરની દયાને અવગણી તેમના ન્યાય ચલાવવા તે મજબૂત હતો. અને તેના અપમાનનું પ્રતીક તેનું ઉચ્ચ સન્માન છે; અનંત યુગો

સુધી કલવરીના જખમો તેની સ્તુતિ આગળ દેખાડશે અને તેની શક્તિ પ્રકટ કરશે.

**(૨૫) વિશ્વાસુ લોકો માટે ખ્રિસ્ત શું તૈયાર કરી રહ્યો છે?**

***મારા પિતાના ઘરમાં રહેવાનાં ખંડ ઘણા છે, નહિ તો હું તમને કહેત; કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. (યોહાન ૧૪:૨)***

ભવિષ્યના વારસને અત્યંત સામગ્રી જેવો બનાવવાનો એક ડર જે ઘણા લોકોને આ સત્ય દૂર કરવા તરફ દોરી ગયો, જે આપણને તેને આપણા ઘર તરીકે જોવા તરફ દોરી જાય છે. ખ્રિસ્તએ તેના શિષ્યોને ખાતરી આપી કે તે તેઓને સારુ તેના પિતાના ઘરે જગા તૈયાર કરવા જાય છે. જેઓ ઈશ્વરના વચનનું શિક્ષણ સ્વીકારે છે તેઓ સ્વર્ગીય ઘર વિશે અજ્ઞાની રહેશે નહિ. અને એમ છતાં , "આંખે જોયું નથી, કાને સાંભળ્યું નથી, માણસના હૃદયમાં ક્યારેય પ્રવેશ્યું નથી, એ વાના જે ઈશ્વરે તેને પ્રેમ કરનાર લોકોને સારુ તૈયાર કર્યા છે." ૧ કરનથી ૨:૯. માનવીય ભાષા ન્યાયીઓના ઈનામનું વર્ણન કરવા અપર્યાપ્ત છે. જેઓ જુએ છે તેઓને જ તે સમજાશે. સીમિત મન ઈશ્વરના સ્વર્ગની મહિમા સમજી ન શકે.

**(૨૬) વારસાની જમીનને કોની સાથે સરખાવાય છે?**

***કેમ કે એવી વાતો કરનારા સાફ દેખાડે છે કે, તેઓ સ્વદેશનો શોધ કરે છે. (હિબ્રૂઓને પત્ર ૧૧:૧૪)***

***જે જીતે છે તેને હું મારા ઈશ્વરના મંદિરમાં સ્તંભ કરીશ, ને તે ફરી ત્યાંથી બહાર જશે નહિ, અને તેના પર ઈશ્વરનું નામ તથા મારા ઈશ્વરના શહેરનું નામ, એટલે જે નવું યરુશાલેમ મારા ઈશ્વરની પાસેથી આકાશમાંથી ઊતરે છે તેનું, તથા મારું પોતાનું નવું નામ લખીશ. (પ્રકટીકરણ ૩:૧૨)***

બાઈબલમાં ઉદ્ધાર પામેલના વારસાને "દેશ" કહેવાય છે. . . . ત્યાં સ્વર્ગીય ઘેટાંપાળક તેના ટોળાને જીવતા પાણીના ઝરાઓ પાસે દોરી જાય છે. જીવનનું વૃક્ષ દરેક મહિને તેનું ફળ ઉપજાવે છે તેના પાંદડા રાષ્ટ્રોની સેવા માટે છે, સ્ફટિક જેવા ચોખ્ખા, અને તેમની બાજુમાં

ડોલતા વૃક્ષો ઈશ્વરના ઉદ્ધાર પામેલાઓને સારુ તૈયાર કરેલ રસ્તાઓ પર છાંયડો પાથરે છે. ત્યાં પહોળા ફેલાયેલા મેદાનો ટેકરીઓની સુંદરતા વધારે છે, અને ઈશ્વરના પર્વતો તેમના ઉચ્ચ શીખરોને ઉછેરે છે. તે શાંતિપૂર્ણ મેદાનો પર, જીવતાં ઝરણાઓની બાજુમાં, ઈશ્વરના લોકો, ઘણા દૂરના મુસાફરો અને ભટકેલાઓ, ઘર શોધી કાઢશે.

**(૨૭) નવા યરૂશાલેમનો દેખાવ કેવો હશે?**

***તેનું તેજ યાસપિસ જેવા અતિ મૂલ્યવાન રત્ન જેવું, એટલે સ્ફટિકના જેવું નિર્મળ હતું! (પ્રકટીકરણ ૨૧:૧૧)***

**(૨૮) જે જગ્યાએ આપણે રહેતા હોઈશું ત્યાનું વાતાવરણ કેવું હશે?**

***મારા લોકો શાંતિના સ્થાનમાં, નિર્ભય આવાસોમાં તથા સ્વસ્થ વિશ્રામસ્થાનોમાં રહેશે. (યશાયા ૩૨:૧૮)***

ત્યાં "અરણ્ય તથા સૂકી ભૂમિ હરખાશે; વન આનંદ કરશે ને ગુલાબની જેમ ખીલશે." "કાંટાના ઝાડને સ્થાને દેવદાર, અને રાની ગુલાબને સ્થાને મેંદી ઊગશે. તે યહોવાની નામના તરીકે, કદી નાશ પામશે નહિ એવું અનંતકાળ માટેનું સ્મારક થશે." "તે વખતે વરુ તથા હલવાન સાથે રહેશે, ચિત્તો લવારા પાસે સૂશે; વાછરડું, સિંહ તથા માતેલાં ઢોર એકઠાં રહેશે; અને નાનું છોકરું તેઓને દોરશે. મારા આખા પવિત્ર પર્વતમાં કોઈ પણ ઉપદ્રવ કરશે નહિ, તેમ વિનાશ કરશે નહિ; કેમ કે જેમ સમુદ્ર પાણીથી ભરપૂર છે, તે પ્રમાણે પૃથ્વી યહોવાના જ્ઞાનથી ભરપૂર થશે." ઈશ્વર કહે છે યશાયા ૩૫:૧; ૫૫:૧૩; ૧૧:૬, ૯.

**(૨૯) ઉદ્ધાર પામેલાઓ નવી પૃથ્વીમાં કઈ અદ્દભૂત પ્રવુતિ કરવામાં આનંદ માનશે?**

*વળી તેઓ ઘરો બાંધીને તેઓમાં રહેશે, ને દ્રાક્ષાવાડીઓ રોપીને તેમનાં ફળ ખાશે. (યશાયા ૬૫:૨૧)*

**(૩૦) પાપના કયા ચાર પુરાવાઓ ક્યારેય અસ્તિત્વમાં રહેશે નહીં?**

***તે તેઓની આંખોમાંનું દરેક આંસુ લૂછી નાખશે. મરણ ફરીથી થનાર નથી; તેમ જ શોક કે રુદન કે દુ:ખ ફરીથી થનાર નથી. પ્રથમની વાતો જતી રહેલી છે." (પ્રકટીકરણ ૨૧:૪)***

સ્વર્ગના વાતાવરણમાં પીડાનું અસ્તિત્વ રહી શકતું નથી. ત્યાં હવે કોઈ આંસુ નહિ હોય, અંતિમસંસ્કારનો જનાવો નહિ હોય, વિલાપનો કોઈ બિલ્લો નહિ હોય. . . કેમ જૂની વસ્તુ જતી રહી છે." "રહેવાસીઓ કહેશે નહિ, હું બિમાર છું: તેમાં રહેતા લોકોના અન્યાયો માફ કરાશે."

**(૩૧) ઈશ્વરના શહેરમાં પ્રકાશનો સ્રોત શું હશે?**

***ફરીથી રાત પડશે નહિ! તેઓને દીવાના અથવા સૂર્યના પ્રકાશની જરૂર નથી, કેમ કે પ્રભુ પરમેશ્વર તેઓ પર પ્રકાશ પાડશે! અને તેઓ સદાસર્વકાળ રાજ કરશે. (પ્રકટીકરણ ૨૨:૫)***

ઈશ્વરના શહેરમાં "ત્યાં કદી રાત પડશે નહિ." કોઈને આરામની જરૂર નહીં પડે કે ઈચ્છા નહિ થાય. ઈશ્વરની ઈચ્છા મુજબ કરવામાં અને તેને સ્તુત્યાર્પણ ચડાવવામાં કોઈ થાક હશે નહિ. આપણે હંમેશા સવારની તાજગી મેહસુસ કરશું અને તેના બંધ થવાથી આપણે ખૂબ દૂર રહીશું. . .સૂર્યનો પ્રકાશ સ્થાનાંતરીત કરાશે કે જેથી પીડાદાયક રીતે તાપ ફેંકે નહિ, છતાં આપણા બપોરનું તેજ અતિશય ચડિયાતું હશે. ઈશ્વરની અને હલવાનની મહિમા પવિત્ર શહેરને અનંત પ્રકાશથી ભરી દે છે. ઉદ્ધાર પામેલ અનંત દિવસની સૂર્યહીન મહિમા પર ચાલે છે.

**(૩૨) કોની ઈશ્વરીય ઉપસ્થિતિ હવે પછી દુન્યવી મંદિરના પડદાને સહન કરશે નહીં?**

*તેમાં મેં મંદિર જોયું નહિ, કેમ કે સર્વ શક્તિમાન પ્રભુ ઈશ્વર તથા હલવાન એ જ તેનું મંદિર છે. (પ્રકટીકરણ ૨૧:૨૨)*

ઈશ્વરના લોકોને પિતા અને પુત્ર સાથે ખુલ્લો વ્યવહાર કરવાનો વિશેષાધિકાર પ્રાપ્ત થાય છે, "કેમ કે હમણાં આપણે જાણે કે દર્પણમાં ઝાંખું ઝાંખું જોઈએ છીએ." આપણે ઈશ્વરની પ્રતિમા પ્રતિબિંબિત જોઈએ છીએ, પ્રકૃતિના કાર્યમાં અને માણસ સાથેના તેના વ્યવહારમાં; પણ ત્યારબાદ આપણે તેને મોઢામોઢ જોઈશું, વચ્ચેના ધૂંધળા પડદા વગર. આપણે તેની ઉપસ્થિતિમાં ઉભા રહીશું અને તેના ચહેરાની મહિમા જોઈશું.

ત્યારે ઉદ્ધાર પામેલા જાણશે, અમે તેઓ પોતે પણ જણાશે. પ્રેમ અને સહાનુભૂતિ જે ઈશ્વરે પોતે આત્માઓમાં ઉગાવ્યા છે તેઓ ત્યાં સાચા અને મધુર અમલ તરીકે હશે. પવિત્ર સજીવો શુદ્ધ વ્યવહાર, આશીર્વાદિત દૂતો સાથે સાથે અને તમામ યુગના વિશ્વાસુ લોકો કે જેઓએ પોતાના ઝભ્ભા ધોયા છે અને હલવાનના રક્તમાં સફેદ કર્યા છે તેઓ સાથે કલ્યાણકારી સામાજિક જીવન. પવિત્ર બંધન જે એક સાથે બાંધે છે. "સ્વર્ગ અને પૃથ્વીમાં સંપૂર્ણ પરિવાર" (એફેસી.૩:૧૫)-ઉદ્ધાર પામેલાની ખુશીના નિર્માણમાં આ મદદરૂપ થાય છે.

ત્યાં, અવિનાશી મન ક્યારેય નિષ્ફળ નહીં થતા આનંદ સાથે સર્જનાત્મક શક્તિની અજાયબીઓનું, તારણના પ્રેમના રહસ્યનું ચિંતન કરશે. ઈશ્વરની વિસ્મૃતિને ભુલાવવાના પરીક્ષણમાં પાડવા ત્યાં કોઈ ક્રૂર, કપટી દુશ્મન નથી. દરેક માનસિક શક્તિ વિકસિત થશે, દરેક ક્ષમતા વધારાશે. જ્ઞાનનું સંપાદન મનને થકવશે નહિ કે ઉર્જાઓને નિર્ગત નહિ કરે. ભવ્ય સાહસો આગળ લવાશે, સૌથી વધુ આકાંક્ષાઓ આવી પહોંચશે, સર્વોચ્ચ મહત્વાકાંક્ષાનું ભાન થશે; અને હજુ પણ સર્વોચ્ચતાની નવી ઊંચાઈ ઉભી થશે, વખાણવા માટે નવી અજાયબીઓ, સંપૂર્ણપણે મનમાં ઉતારવા માટે સત્ય, મન આત્મા અને શરીરની શક્તિને આગળ લાવવા માટેના તાજા પદાર્થો.

**(૩૩) ઉદ્ધાર પામેલા પાસેથી અનંતકાળ સુધી કઈ સાક્ષીનો અવાજ ગુંજશે?**

***તેઓએ મોટે સ્વરે પોકારીને કહ્યું, "જે હલવાનને મારી નાખવામાં આવ્યું હતું તે પરાક્રમ, સંપત્તિ, જ્ઞાન, સામર્થ્ય, માન, મહિમા તથા સ્તુતિ પામવાને યોગ્ય છે." (પ્રકટીકરણ ૫:૧૨)***

ઈશ્વરના ઉદ્ધાર પામેલ લોકોના અભ્યાસમાં બ્રહ્માંડનો તમામ ખજાનો ખુલ્લો કરાશે. પુષ્કળ અનંતતા, તેઓ દુનિયામાં બહુ દૂર તેમની થાક વગરની ઉડાન ભરે છે-માનવ સંકટોની ભવ્યતાએ દુનિયા જે દુ:ખથી રોમાંચિત થઈ, અને બલિદાન થયેલાના આત્માના શુભ સમાચાર પર આનંદના ગીતો સાથે ગુંજી ઉઠી. અવર્ણીય આનંદ સાથે પૃથ્વીના બાળકો અપતિત સજીવોના આનંદ અને ડહાપણમાં પ્રવેશ પામે છે. ઈશ્વરના હસ્તકૃત્યોના ચિંતનમાં યુગો યોગ મેળવાયેલ જ્ઞાન અને સમજશક્તિનો ખજાનો તેઓ વહેંચે છે. અસંદિગ્ધ દ્રષ્ટિથી તેઓ સર્જનની મહિમાને એકીટશે જોઈ રહે છે-સૂર્યો અને તારાઓ અને ગોઠવણ, ઈશ્વરના સિંહાસનની તેઓના નિયુક્ત ક્રમમાં પ્રદક્ષિણા કરે છે. સર્વે ઉપર, નિમ્નથી મહાન સુધી, સર્જનહાર નું નામ લખેલું છે, અને તેઓમાં તેના સામર્થ્યની સંપત્તિ પ્રદર્શિત કરાય છે.

**(૩૪) ઈશ્વરના ઉદ્ધાર પામેલાઓ મહાન વિવાદના પરિણામ પર જ્યારે પ્રકાશ પાડે છે ત્યારે તેઓના હોઠોમાંથી કયું ગીત નીકળે છે?**

***વળી ઉત્પન્ન થયેલું [પ્રાણી] જે આકાશમાં, પૃથ્વી પર તથા પૃથ્વીની નીચે તથા સમુદ્ર પર છે, તેઓમાંનાં સર્વને મેં એમ કહેતાં સાંભળ્યાં, "રાજ્યાસન પર જે બેઠેલા છે તેમને તથા હલવાનને સ્તુતિ, માન, મહિમા તથા સત્તા સદાસર્વકાળ હો." (પ્રકટીકરણ ૫:૧૩)***

અને અનંતકાળના વર્ષો, જેમ જેમ ફરશે, તેમ તેમ ઈશ્વરનું અને ખ્રિસ્તનું સમૃદ્ધ અને વધુ મહિમાવંત પ્રકટિકરણ લાવશે. જેમ જ્ઞાન પ્રગતિશીલ છે, તેમ જ પ્રેમ, આદર, અને ખુશી, પણ વધે છે. લોકો જેટલું ઈશ્વર વિશે

શીખે છે, તેટલી વધુ તેના ચરિત્રની તેઓની પ્રશંસા હશે. જ્યારે ઈસુ ઉદ્ધારની પુષ્કળતા અને શેતાનની સાથેના મહાન વિવાદમાં અજાયબ સફળતા તેઓની સમક્ષ ખુલ્લી કરે છે, ત્યારે ઉદ્ધાર પામેલાઓના હૃદયો વધુ તેજસ્વી ભક્તિભાવ સાથે રોમાંચિત થાય છે, અને વધુ ઉલ્લાસિત આનંદથી તેઓ સોનાની વીણા વગાડે છે; લાખો લાખો અને હજારો હજાર અવાજો સ્તુતિનું શક્તિશાળી સમૂહગાન મોટેથી ગાવા સારુ એક થશે.

મહાન વિવાદનો અંત આવે છે. પાપ અને પાપીઓ હવે છે જ નહીં. સમગ્ર બ્રહ્માંડ ચોખ્ખું છે. સંવાદીતતા અને આનંદનો એક ધબકારો વિશાળ સર્જનમાં ધબકે છે. જેણે બધું સર્જ્યું છે તેનામાંથી જીવન, પ્રકાશ અને આનંદ અંતરીક્ષની અગમ્ય હદ સુધી વહે છે. ન્યૂનતમ પરમાણુથી મહાન દુનિયા સુધી, તમામ વસ્તુઓ, સજીવ અને નિર્જીવ, તેઓની ડાઘ વિનાની સુંદરતા, અને સંપૂર્ણ આનંદમાં, જાહેર કરે છે કે ઈશ્વર પ્રેમ છે.

*હું આભારી છું કે, પ્રેમમાં, ઈશ્વરે શાસ્ત્ર દ્વારા મહાન વિવાદનું જીવન આપનારું જ્ઞાન પ્રકટ કર્યું છે. મને ખ્યાલ છે કે આ સંઘર્ષનું અંતિમ યુદ્ધમેદાન મારુ હૃદય છે અને આ વિવાદનો અંતિમ મુદ્દો મારી વફાદારી છે.*

*વર્તુળ　　　　હા　　　　અનિશ્ચિત*

*હું હવે સમજુ છું કઈ રીતે વિવાદની શરૂઆત થઈ,સિદ્ધાંતો સમાવિષ્ટ થયા, કેટલું લાબું તે ચાલશે, અને તે કેવી રીતે સમાપ્ત થશે. હું આભારી છું કે હું હવે શેતાનની છેતરપિંડીથી સચેત છું અને જે મારુ અનંત ભાગ્ય નક્કી કરશે તેવા જટિલ નિર્ણયો બનાવવાને હું સારી રીતે તૈયાર થાઉં.*

*વર્તુળ　　　　હા　　　　અનિશ્ચિત*

*હું અનંતકાળના વર્ષોને સારુ આગળ જોઈ રહ્યો છું કે જે ઈશ્વર અને ખ્રિસ્તના જ્ઞાનમાં સમૃદ્ધ અને વધુ મહિમાવંત પ્રકટીકરણ લાવશે.*

*વર્તુળ　　　　હા　　　　અનિશ્ચિત*

મારી નિષ્ઠાપૂર્વકની પ્રાર્થના આ છે, “વ્હાલા ઈશ્વર, હું મારું જીવન નમ્ર અર્પણ તરીકે આપું છું. તારી કૃપાથી મને તારી પ્રતિમામાં બદલ. કૃપા કરીને બીજાઓ સાથે આ જીવન આપનાર સંદેશને જણાવવા માટે મને આત્મવિશ્વાસ આપ. તારા પવિત્ર નિયમોના આજ્ઞાપાલનમાં રહેવા સારુ ડહાપણ અને કૃપા મને આપ. આ મહત્વની પ્રતીતિને કોઈ પણ કિંમતે વિશ્વાસુ રહેવા મને સામર્થ આપ. કૃપા કરીને જલ્દી આવ વ્હાલા ઈસુ!

વર્તુળ હા અનિશ્ચિત